Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી

## ભાગ-૧



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

શ્રી પંચપરમેષ્ઠીને નમઃ
શ્રી નિજ શુદ્ધાત્માને નમઃ
શ્રી સદગુરુદેવાય નમઃ

# આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી

## ભાગ-૧

અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કહાન ગુરુદેવના,
અનન્ય શિષ્યરત્ન, આત્મજ્ઞ,
પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈની
પ્રશ્નોત્તરી રૂપે જ્ઞાનગોષ્ઠી

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
"સ્વીટ હોમ" જાગનાથ પ્લોટ શેરી નં-૬,
જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૪ | ૨૫૪૦ | ૨૦૭૦ | ૨૦૧૪ |

: પ્રકાશન :

પૂ. ''ભાઈશ્રી'' લાલચંદભાઈ મોદીના ૧૦૫ માં જન્મદિન પ્રસંગે

તા. ૭-૬-૨૦૧૪, શનિવાર, જેઠ સુદ-૯

પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦ પડતર કિંમત - રૂા. ૭૫/- (અંદાજીત) મૂલ્ય - સ્વાધ્યાય

## 'આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી ભાગ-૧' નું પ્રાપ્તિ સ્થાન

**રાજકોટ** : શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ,
'સ્વીટ હોમ' જાગનાથ પ્લોટ શેરી નં. ૬, જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

**રાજકોટ** : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩

**મુંબઈ** : શ્રી શાંતિભાઈ સી. ઝવેરી
૮૧-નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬.
ટેલી નં. ૨૩૫૧૬૬૩૬ / ૨૩૫૨૪૨૮૨

**થાણા** : શ્રી ચીનુભાઈ બાલચંદભાઈ શાહ
વર્ષા સોસાયટી, સંગીતા બિલ્ડીંગ, બીજે માળે, વંદના સોસાયટી સામે,
હાઈ-વે; ૯ પાડા, થાણા વેસ્ટ. ટેલી નં. ૨૫૪૦૭૦૭૮, મોબાઈલ : ૯૩૨૩૦૪૧૯૪૪

**કલકત્તા** : શ્રી પ્રકાશભાઈ શાહ
૨૩/૧ બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર,
કલકત્તા - ૨૦. ટેલી નં. ૦૩૩-૨૪૮૬૮૫૧૮

**બોરીવલી** : શ્રી ભરતભાઈ સી. શાહ
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી વેસ્ટ, મુંબઈ - ૯૨.
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૮૨૧૬૬

**સોનગઢ** : ડૉ. મધુરીબેન એસ. નંદુ ''ધ્રુવધામ'', રાજકોટ-ભાવનગર મેઈન રોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર. ટે.નં. ૦૨૮૪૬/૨૪૪૧૩૨

: લેસર ટાઈપ સેટીંગ અને જેકેટ :
**DESIGN SCOPE**
**Rajkot.**
**Cell :** 98250 76007, 94280 11274
**E-mail :** designscope1@gmail.com

: મુદ્રક :
શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
ફોન : ૨૪૬૮૪૬૧, મોબાઈલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫
Email: sharpoffset@hotmail.com

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This electronic shastra has been donated Shree KundKund KahanAmrut Prabhavna Mandir Trust, Sweet Home, Jagnath Plot, Sheri Number 6, Gymknana Road, Rajkot, India, 360 001, Phone: 0281-2231073.

Our request to you:

1) This electronic version of Adhyatmik Gyan Gosthi Part 1 is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 13 August 2014 | First electronic version |

# પ્રકાશકીય કલમે....

**અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.**

વર્તમાન શાસન નાયક મહાવીર ભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ વર્તમાન મહાવિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની સુખાનંદથી વહેતી દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત મૂર્તિમંત કરીને ભરતક્ષેત્રમાં લાવીને દ્વિતીય શ્રુતસ્કંધમાંના સમયસાર આદિ પંચપરમાગમોની રચના કરી.

ત્યારબાદ એક હજાર વર્ષ પૂર્વે આ કાળના હાલતા ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા. તેમણે સમયસાર આદિ અનેક શાસ્ત્રોની ટીકા કરી.

આ પરંપરામાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ જેવો જ થઈ ગયેલો. મિથ્યાત્વ ગળાડૂબ થઈને તેનું એક છત્ર રાજ શરૂ થયેલું, તેવામાં જ જૈનશાસનમાં એક આધ્યાત્મિક મહાપુરુષ, આત્મજ્ઞસંત, નિષ્કારણ કરુણાના સાગર ને ભાવિ તિર્થાધિરાજ એવા નિર્ભય-નિડર ને નિશંક સિંહપુરુષ પ.પૂ.શ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તે પુરુષે આચાર્યોના હૃદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને, પરમાગમના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત્ કરીને, ભવ્યજીવોના શ્રેયાર્થે ૪૫ વર્ષ સુધી અતૂટ ધારાથી દેશનાની શૃંખલા વરસાવીને, અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા. ઘણાં જીવોએ પૂ.ગુરુદેવશ્રીના નિમિત્તે પોતાના આત્મસ્વરૂપને સમજી ને આત્મસાત્ કર્યું.

પૂ.ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના સોનગઢના સુવર્ણકાળ દરમ્યાન અનેક શિષ્યરત્નો થયા. તેમાંના એક પ્રમુખ શિષ્યરત્ન એવા આદરણીય પૂ.'ભાઈશ્રી' લાલચંદભાઈ થયા. તેમણે ઘણો સમય સોનગઢ પૂ.ગુરુદેવશ્રીની નિશ્રામાં રહી, આચાર્ય ભગવંતોના મૂળ તાત્ત્વિક રહસ્યોને પોતાના જ્ઞાનસરોવરના પ્રકાશ સાથે મેળવી ને આચાર્ય ભગવાન તથા પૂ.ગુરુદેવશ્રીએ જે રીતે શુદ્ધાત્માનું રહસ્ય ચારે પડખેથી વિસ્તૃત કરેલ છે તેને બરાબર અવધારીને છઠ્ઠી ગાથાના નિમિત્તે પોતાના શુદ્ધાત્માનો સ્પર્શ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખી લીધો.

''આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી ભાગ-૧'' જે આ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે તે બાબતે આ પ્રકાશનનો હેતુ શું છે? તથા આ પ્રકાશિત પુસ્તકમાં કયો વિષય મુખ્યપણે ચર્ચવામાં આવેલો છે? તે બાબતે જણાવતાં આનંદ અને હર્ષ થાય છે કે આ પુસ્તકમાં મુખ્યપણે જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ - જ્ઞાનમાં થતો સ્વપરનો પ્રતિભાસ, તથા સામાન્ય ઉપયોગની વ્યવસ્થા તથા જ્ઞાનમાં જાણવું કેવી રીતે થાય છે અને કોનું થાય છે તેનું મુખ્યપણે સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે.

પૂજ્ય 'ભાઈશ્રી'ની પ્રથમથી જ લક્ષપ્રધાન શૈલી રહી છે તેઓ હંમેશા કહેતા કે 'પ્રતિભાસ બે ના અને લક્ષ એકનું' આ વાક્યમાંથી જૈનદર્શનના ઘણાં જ વિષયોનું સ્પષ્ટીકરણ થઈ શકે છે. જ્ઞાનના સ્વપરપ્રકાશક સ્વભાવ વિષે પણ આ એક જ વાક્યથી ખૂબ જ ગહન, અતિ સૂક્ષ્મ અને ઊંડાણવાળું રહસ્ય પૂજ્ય ભાઈશ્રીએ એકદમ સરળ કરી સ્પષ્ટ કરેલ છે. જે વિષય સૂક્ષ્મ અભ્યાસી મુમુક્ષુ સમાજ તથા પંડિત વિદ્વત વર્ગને પણ સમજવો કઠિન પડે છે તેનું રહસ્ય એકદમ સાદી ભાષામાં અને ટૂંકાણથી પ્રયોજનની સિદ્ધિ કેવી રીતે થાય તે આ 'જ્ઞાનગોષ્ઠી'માં સ્પષ્ટ કરેલ છે.

પૂજ્ય ભાઈશ્રી લાલચંદભાઈ પોતાના સ્વરૂપની ગુપ્તતા અર્થે લગભગ બે વર્ષ મૌન રહ્યા હતા એટલે કે તેમનો જે શાસ્ત્ર સ્વાધ્યાય જાહેરમાં તથા અંતરંગ સૂક્ષ્મ તત્ત્વચર્ચાઓ ચાલતી હતી તે પણ તેમણે ઘણે ભાગે બંધ રાખેલી હતી. ત્યારબાદ જ્યારે તેમણે તત્ત્વચર્ચાઓનો દૌર ચાલુ કર્યો, તે વખતે તેમને સર્વપ્રથમ પૂછાયેલા ઘણાં પ્રશ્નોના ઉત્તરોની તેમણે ખૂબ જ છણાવટપૂર્વક ચારે પડખેથી સ્પષ્ટતા કરી. સમાજ માટે ઘણો જ કપરો બની ગયેલો 'ઉપયોગ' સંબંધી વિષય તેના વિશે ઘણી જ મુમુક્ષુ સમાજને મૂંઝવણ પ્રવર્તતી હતી ત્યારે આ વિષય ઉપર ખૂબ જ અપૂર્વ સ્પષ્ટીકરણ આ પ્રશ્નોત્તરીરૂપ 'જ્ઞાનગોષ્ઠી ભાગ-૧'માં આવેલ છે.

આ પુસ્તક નવ ઓડિયો કેસેટમાંથી અક્ષરશઃ પ્રવચનો ઉતારી અને બહાર પાડવામાં આવેલ છે. આ પુસ્તકના પ્રશ્નોત્તરીરૂપે પૂછાયેલા પ્રશ્નો મુખ્યપણે **'બા.બ્ર. શોભનાબેન છેડા'** દ્વારા પૂજ્ય 'ભાઈશ્રી'ને પૂછવામાં આવેલા. જે મુમુક્ષુઓને પ્રશ્નો ઉદ્ભવિત થતાં હતા તે પ્રશ્નો **'બા.બ્ર. શોભનાબેન'**ને આપતા અને તેમણે બધા પ્રશ્નો સળંગતા કરી આખો વિષય ખૂબ જ સરસ રીતે પૂજ્ય ભાઈશ્રી પાસે સ્પષ્ટીકરણ કરાવ્યો છે.આ પ્રવચનો લગભગ ૧૩ થી ૧૪ વર્ષ અગાઉ **'પ્રજ્ઞાબેન લાખાણી'** દ્વારા કેસેટ ઉપરથી અક્ષરશઃ ઉતારવામાં આવેલા. આ કાર્ય બદલ સંસ્થા બંને બહેનોનો

હૃદયપૂર્વક આભાર માને છે. આ પ્રવચનોનું પ્રુફ રીડીંગ ભાઈશ્રી 'ચેતનભાઈ મહેતા - રાજકોટ' દ્વારા કરવામાં આવેલ છે. સંસ્થા આ કાર્ય બદલ તેમનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તક પ્રકાશન અર્થે દાનરાશિ રૂા.૫૧,૦૦૦/- સ્વ. ભગવાનદાસ પીતાંબરદાસ શાહ - મુંબઈના સ્મરણઅર્થે ભાઈશ્રી હેમાંગભાઈ શાહ - મુંબઈ દ્વારા આપવામાં આવેલ છે તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તકનું ડીઝાઈન વર્ક **Design Scope** ''અમરભાઈ પોપટ'' દ્વારા થયું હોય તથા પ્રિન્ટીંગ તથા બાઈન્ડીંગનું કાર્ય ''શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ''વાળા ધર્મેશભાઈ શાહ -અમદાવાદ દ્વારા થયું હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

અમારા ટ્રસ્ટનું આ ૧૪ મું પુસ્તક છે. આ પુસ્તકમાં અજાણતા કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

અંતમાં આ 'જ્ઞાનગોષ્ઠી' સૌ કોઈ મુમુક્ષુઓ પોતાના જ્ઞાનમાં ધારણ કરી પૂ.'ભાઈશ્રી'નો કહેવાનો આશય સમજીને ત્વરિત મોક્ષમાર્ગમાં પ્રયાણ કરી મોક્ષમાર્ગને વરે તેવી મંગલ ભાવના...

**લી. ટ્રસ્ટી શ્રી,**
**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
**રાજકોટ**

## અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|
| ૧ | ૨૮/૬/૯૪ | ૧ |
| ૨ | ૨૯/૬/૯૪ | ૨૨ |
| ૩ | ૩૦/૬/૯૪ | ૪૩ |
| ૪ | ૧/૭/૯૪ | ૬૩ |
| ૫ | ૨/૭/૯૪ | ૮૦ |
| ૬ | ૩/૭/૯૪ | ૯૮ |
| ૭ | ૪/૭/૯૪ | ૧૧૭ |
| ૮ | ૫/૭/૯૪ | ૧૩૪ |
| ૯ | ૬/૭/૯૪ | ૧૫૧ |

## : પૂ. ભાઈશ્રીની નિશ્રામાં થયેલા પ્રકાશનો :

ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી

દ્રવ્યસ્વભાવ - પર્યાય સ્વભાવ

ભેદજ્ઞાન ભજનાવલી

## : શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો :

- જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન
- દ્રવ્યસ્વભાવ - પર્યાયસ્વભાવની ચર્ચા
- જાણનારો જણાય છે
- ચૈતન્ય વિલાસ
- આત્મજ્યોતિ
- શુદ્ધ અંતઃતત્ત્વ
- મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧
- જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન
- અનેકાંત અમૃત
- જ્ઞાનનું જ્ઞાનત્વ
- બુંદ બુંદમાં અમૃત
- લંડનના પ્રવચનો ભાગ-૧
- નયચક્ર તત્ત્વચર્ચા
- આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી ભાગ-૧

## આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી ભાગ-૧ પુસ્તકમાં આવેલ દાનરાશિ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. ભગવાનદાસ પી. શાહના સ્મરણાર્થે<br>હ. હેમાંગભાઈ શાહ | મુંબઈ | રૂા.૫૧,૦૦૦/- |
| ૨. | ચેતનભાઈ મહેતા | રાજકોટ | રૂા.૨,૫૦૧/- |
| ૩. | સ્વ. કનુભાઈ મણિલાલ પુનાતર<br>હ. ચંદનબેન પુનાતર | રાજકોટ | રૂા.૧,૦૦૧/- |
| ૪. | સ્વ. બકુલભાઈ વિનયકાંત લાખાણી<br>હ. પ્રજ્ઞાબેન લાખાણી | રાજકોટ | રૂા. ૧,૦૦૧/- |
| ૫. | શાંતાબેન નગીનદાસ વારીયા | બરોડા | રૂા.૧,૦૦૧/- |
| ૬. | મંજુલાબેન હરકિશનભાઈ વારીયા | જામનગર | રૂા.૧,૦૦૧/- |
| ૭. | બા.બ્ર. દર્શનાબેન હરકિશનભાઈ વારીયા | જામનગર | રૂા.૧,૦૦૧/- |
| ૮. | ભાવિક અમિતભાઈ શેઠ<br>હ. નિર્મળાબેન શેઠ | રાજકોટ | રૂા.૫૦૧/- |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રથમ તું આત્માને જાણ



## ભગવત્ શ્રી કુંદકુંદાચાર્યદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમુ હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**ક્રમબદ્ધપર્યાયમાં મહા રહસ્ય છે. કેમ કે તેમાં જૈનદર્શનનું રહસ્ય છે. જૈનદર્શન અકર્તાવાદી છે અને તેમાં અકર્તાની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે.**



**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે તેમ દર્શાવનાર, તેમ જ પરિણામોનો કર્તા પરિણામ છે તેવી કર્તાકર્મની પરાકાષ્ઠા પ્રકાશનાર**

(અધ્યાત્મ યુગ પ્રવર્તક પૂ. શ્રી કાનજીસ્વામી)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# જિનજીની વાણી

(રાગ-આશાભર્યા અમે આવિયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.


**સ્વને જાણવાનું છોડીને,**
**પરને જાણવું તે ભાવબંધની પરાકાષ્ઠા છે.**




**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે અને તે જ જાણવામાં આવી રહ્યો છે તે જ્ઞાનની પરાકાષ્ઠા છે. વિધિ સંબંધી સરળતાની પરાકાષ્ઠા સમયસાર ગાથા ૧૭-૧૮ માં બતાવી છે.**

(શ્રી કહાનગુરુનાં લઘુનંદન સ્વાનુભવવિભૂષિત પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈ)

# સ્મરણાંજલિ



જન્મ : ૧૯૩૦ દેહ પરિવર્તન : ૨૦૧૩

**સ્વ. ભગવાનદાસ પીતાંબરદાસ શાહ**

આપનું જીવન નાનપણથી જ ખૂબ ધર્મમય હતું અને જૈન ધર્મના સંસ્કાર આપને જાણે કે પારણામાં જ મળેલા હોય તેવું લાગતું હતું. ઘણાં વર્ષો સુધી જૈન દર્શનનો અભ્યાસ આપ ખૂબ જ પુરુષાર્થપૂર્વક કરવા માટે તત્પરતા રાખતા હતા અને આપના સંતાનોને એ જ માર્ગમાં ચાલવા માટેનો બોધ હંમેશા આપતા રહેતા હતા. આપ ખૂબ જ સરળ સ્વભાવી અને જાણે કે, પરિણામ પ્રત્યેની એકદમ નિશ્ચિંતતા ખ્યાલમાં હોય એવા જૈનદર્શનના અપૂર્વ સિદ્ધાંત 'ક્રમબદ્ધ પર્યાય' ને નિરંતર અનુસરનારા હતા. કદી પણ કોઈ પણ પરિણામની ફીકર, ચિંતા નહીં કરીને તેને ફેરવવાનો પ્રયાસ ન કરતા.

આપના નિમિત્તે અમોને પાયાના જૈનદર્શનના સિદ્ધાંતો ગળથૂથીમાં મળેલા છે તે સંસ્કારો અમોને રોજિંદા જીવનમાં પ્રયોગ રૂપે ઘણાં જ કાર્યકારી થઈ રહ્યા છે.

બસ, અમારી એ જ ભાવના છે કે આપશ્રી આપના શુદ્ધાત્માનું નિરંતર ગ્રહણ કરી મોક્ષમાર્ગમાં પ્રયાણ કરી અને મોક્ષલક્ષ્મીને વરો એવી મંગલમય ભાવના.

**આપના સ્વજનો**

**ગૌરાંગભાઈ - સોનાબેન**
**દેવાંગભાઈ - સોનલબેન**
**હેમાંગભાઈ - રીનાબેન**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ.ભાઈશ્રીની ઉપયોગ પરની ચર્ચા

## તારીખ : ૨૮/૬/૯૪, મંગળવાર, રાત્રે ૮ થી ૯

**પ્રશ્ન :-** આત્મા જ્ઞપ્તિક્રિયા એટલે કે જાણનક્રિયારૂપ પરિણમતો નથી. આમાં ભેદનો નિષેધ છે કે પરિણામનો નિષેધ છે?

**ઉત્તર :-** આમાં દૃષ્ટિનો વિષય આપવો છે. નિષેધ એટલા માટે કર્યો છે કે જ્ઞાન ક્રિયા-જ્ઞપ્તિની ક્રિયા, જે છે એ પર્યાયમાં થાય છે. દ્રવ્ય તો નિષ્ક્રિય છે એટલે જ્ઞપ્તિક્રિયાનો એમાં નિષેધ કર્યો છે. ઈ એમાં નથી, એટલે પરિણામ જ એમાં નથી. સમજી ગયા! એવો હું છું. જ્યારે દૃષ્ટિના વિષયની વાત આવે-ધ્યેયની વાત આવે, ત્યારે એમાં ઉપયોગ ન હોય. સમજી ગયા! અને જ્ઞેયની વાત પછી આવશે, જ્ઞાનક્રિયા ઈ જ્ઞેયની વાત આવશે. ઈ પણ જવાબ આવશે. આમાં તો એટલો જ જવાબ છે કે, જ્ઞપ્તિ ક્રિયા પર્યાયમાં છે પણ દ્રવ્યમાં નથી. ઈ દૃષ્ટિનો વિષય છે માટે એમાં નથી. બસ એટલું જ.

**પ્રશ્ન :-** જ્ઞપ્તિક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી તો ત્યાં ધ્યેયરૂપ આત્મા બતાવવો છે કે જ્ઞેયરૂપતા સિદ્ધ કરવી છે?

**ઉત્તર :-** ત્યાં જ્ઞેયની સિદ્ધિ કરવી છે. કેમકે જ્ઞાન ક્રિયા છે તે નિષેધવામાં આવી નથી પણ ક્રોધાદિ ક્રિયા નિષેધવામાં આવી છે. ક્રોધની ક્રિયાના નિષેધ માટે એને જ્ઞાનનીક્રિયા સ્વભાવભૂત છે, કે જે જ્ઞાનમાં આત્મા જણાય છે તે સ્વભાવભૂત ક્રિયા છે, માટે એનો નિષેધ ન હોય અને જ્યારે પર્યાયથી સહિતની વાત આવે, ક્રિયાથી સહિતની વાત આવે ત્યાં જ્ઞેયની વાત છે એમ સમજવું. અને જ્ઞપ્તિથી રહિત છે એમ આવે ત્યાં ધ્યેયની વાત સમજવી.

જો ધ્યેય અને જ્ઞેય ઈ બેયના વિભાગ જુદા છે. ધ્યેયમાં ઉપયોગ નથી, કેવળજ્ઞાન પણ નથી ધ્યેયમાં અને જ્ઞેયમાં અતીન્દ્રિયજ્ઞાન જે પ્રગટ થાય છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી ક્રિયા છે. તે જ્ઞેય છે. અને જો જ્ઞેય ન હોય તો મોક્ષમાર્ગ ન હોય અને ધ્યેય સિદ્ધ ન થાય તો મોક્ષમાર્ગ પ્રગટ જ નહીં થાય. એટલે બેય અરસ-પરસ સમજવા જેવું છે. જ્ઞાનની ક્રિયા છે. જ્ઞાનક્રિયા સ્વભાવભૂત છે તેનો નિષેધ ન હોય. ક્રોધાદિનો નિષેધ હોય.

**પ્રશ્ન :-** તે નિશ્ચયનયનું કથન છે કે વ્યવહારનયનું? કે જે જ્ઞપ્તિક્રિયા સ્વભાવભૂત છે તે...

**ઉત્તર :-** ક્રોધની ક્રિયા નથી અને જ્ઞાનની ક્રિયા છે, તો તે અપેક્ષાએ તે નિશ્ચયનયનું કથન છે. સમજી ગયા! હવે એને ને એને તમે ઈ જ્ઞપ્તિક્રિયાથી રહિત છે તો ઈ દૃષ્ટિનો વિષય થઈ ગયો. ઈ નિશ્ચયનય થઈ ગયો. સમજી ગયા! એમ. આને પણ નિશ્ચય કહેવાય, જ્ઞાનક્રિયા આત્મામાં થાય છે અભેદપણે છે ક્ષણિક અભેદ તો એ નિશ્ચય. રાગ નથી, રાગનો નિષેધ કર્યો માટે (આત્મિકજ્ઞાન ક્રિયા) એ નિશ્ચય થઈ ગયું.

**પ્રશ્ન :-** જ્ઞપ્તિક્રિયાનો નિષેધ કરીએ ત્યારે આત્મા જ્ઞાન વિનાનો તો નથી થતો ને?

**ઉત્તર :-** ના. જ્યારે જ્ઞપ્તિક્રિયાનો નિષેધ કરો ત્યારે જ જ્ઞાનક્રિયાથી સહિત થાય છે. (વિધિ નિષેધથી સ્યાદ્‌વાદની સિદ્ધિ થાય છે) જેમ છે તેમ સમજવું જોઈએ.

**પ્રશ્ન :** અને ઉપયોગલક્ષણ એ તો અસાધારણ છે. તેને દ્રવ્યને જાણવાનું સાધન કીધું છે તો પછી સાધનનો નિષેધ કરતા સાધ્ય એટલે દ્રવ્યસ્વભાવ તેની પ્રાપ્તિ કેવી રીતે થાય?

**ઉત્તર :-** બરાબર છે ઈ. સાધન છે તે વાત સાચી છે. એ સાધનનો પહેલા નિષેધ કરે ત્યારે સાધન પ્રગટ થાય. ઉપયોગ જ મારામાં નથી, એવો સામાન્ય સ્વભાવમાત્ર ટંકોત્કીર્ણ હું છું. એમ જ્યાં આનું (દ્રવ્યનું વલણ) આમ આવવા મંડે જ્ઞાનમાં, ત્યાં જે બહિર્મુખ જ્ઞાન હતું તે અંતર્મુખ થઈ જાય અને એ સાધન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જાય. એ અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય. નય તો અભેદ છે. નય સાધન કહેવાય. કોઈ વાંધો નથી.

**પ્રશ્ન** :- સાધનનો નિષેધ કરતા સાધ્યનો પણ નિષેધ નથી થતો ને? કેમકે વસ્તુવૃત્તિએ આત્મા અખંડ છે.

**ઉત્તર** :- હા, બરાબર છે. હવે વસ્તુવૃત્તિએ અખંડ છે એ દ્રવ્ય-પર્યાયથી અખંડની વાત કરે છે સમજી ગયા! અને શ્રદ્ધાની અપેક્ષાએ, દૃષ્ટિની અપેક્ષાએ એ ઉપયોગ જે છે ઈ-ખંડખંડ છે તેનાથી ભિન્ન અખંડ છે. અનંતગુણનો પિંડ અખંડ છે. પર્યાયથી સહિત નથી દ્રવ્ય. પર્યાય પોતે ખંડજ્ઞાનવાળી છે.

એટલે જ આ વાત એવી છે કે આ ધ્યેયની વાત ચાલે છે કે જ્ઞેયની વાત, બસ એટલું જ બીજું કંઈ નહિ. તમે એટલું શીખી લ્યો તો શાસ્ત્ર સહેલું થઈ જશે સાવ. શાસ્ત્ર તમે સમજી શકશો. શાસ્ત્રનો મર્મ તમને સમજાશે. કેમકે ઠેકઠેકાણે એમ ન કહે કે આ ધ્યેયનું કથન છે ને આ જ્ઞેયનું કથન. એમ કહે તો ઈ ચાલે જ નહિ. તમારે પ્રસંગ અનુસાર સમજવું જોઈએ. ધ્યેયની સિદ્ધિ કરે ત્યારે કોઈ પર્યાય આત્મામાં નથી. કેવળજ્ઞાન પણ નથી ને સામાન્ય ઉપયોગ પણ નથી. શુદ્ધોપયોગેય નથી, મતિશ્રુતેય નથી, કેવળજ્ઞાનનેય નથી એવો ટંકોત્કીર્ણ પરમાત્મા હું છું બસ. એ નિષેધ કરે ને ત્યાં મતિશ્રુત સમ્યક્ પ્રગટ થઈને જ્ઞેય થઈ જાય અભેદ ત્યારે તેને સાધન કહેવાય.

**પ્રશ્ન** :- સામાન્ય ઉપયોગમાં સ્વપરનો માત્ર પ્રતિભાસ થાય છે ત્યારે ઈન્દ્રિયજ્ઞાન પરને લક્ષપૂર્વક જાણે છે અને અતીન્દ્રિયજ્ઞાન સ્વને લક્ષપૂર્વક જાણે છે. એટલે સામાન્ય ઉપયોગ લક્ષણ તે તો બંધમોક્ષનું કારણ ન થયું તો એમ સિદ્ધ થાય છે કે ઉપયોગ પરનું પણ લક્ષ કરતો નથી અને સ્વનું પણ ઉપયોગ લક્ષ કરતો નથી. તો શું ઉપયોગ લક્ષ વિનાનો અલક્ષ છે? કે ઉપયોગ લક્ષવાળો છે કે ઉપયોગમાં ઉપરનાં બંને ધર્મો લક્ષરૂપતા અને અલક્ષરૂપતા બંને રહેલા છે?

**ઉ.**: બહુ લાંબુ થયું. હવે એના ટુકડા કરવા પડશે આપણે. એના ટુકડા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને આપણે સમજીએ. પેલા એક એક લીટી વાંચો.

**પ્રશ્ન :** સામાન્ય ઉપયોગમાં સ્વપરનો માત્ર પ્રતિભાસ થાય છે.

**ઉત્તર :-** પ્રતિભાસ છે બસ. ઈ બરાબર છે. જો હવે મિથ્યાદૃષ્ટિ છે એની પાસે સામાન્ય ઉપયોગ છે એની પાસે એકલું ઈન્દ્રિયજ્ઞાન છે. એને અતીન્દ્રિયજ્ઞાન એની પાસે પ્રગટ થયું જ નથી એટલે ઈ ખાસ ખ્યાલ રાખવો. બેય ભેગા પ્રશ્ન કર્યા છે. અતીન્દ્રિયજ્ઞાન ભેગું કર્યું છે.

**પ્રશ્ન :-** કેમ કે ઉપયોગની બે સ્થિતિ ભજે છે ને કાં સ્વસન્મુખ થાય અને કાં પરસન્મુખ થાય.

**ઉત્તર :-** પણ ઈ તો ક્રમ પડે છે અક્રમ નથી. અક્રમે તો ઉપયોગ સ્વપર પ્રકાશક છે. હવે જ્યારે ક્રમ પડે છે તો કાં મિથ્યાદૃષ્ટિ હોય અને કાં સાધક હોય. મિથ્યાદૃષ્ટિ થાય છે ત્યારે એકલું ઈન્દ્રિયજ્ઞાન હોય છે. સમજી ગયા! અને સમ્યક્દૃષ્ટિ થાય ત્યારે અતીન્દ્રિયજ્ઞાનમાં આત્મા જણાય અને ઈન્દ્રિયજ્ઞાન પણ થોડું રહી જાય તો એ જ્ઞાનની પર્યાયમાં બે ભેદ પડે છે. સાધકની વાત જુદી અને મિથ્યાદૃષ્ટિની વાત જુદી છે. મિથ્યાદૃષ્ટિને શું છે અને સાધક થયા પછી શું છે ઉપયોગની સ્થિતિ તેમ પૂછવું જોઈએ.

મિથ્યાદૃષ્ટિની સ્થિતિ એવી છે કે એની પાસે ઉપયોગ છે. એમાં સ્વપર બેયનો પ્રતિભાસ થાય છે, ઈ હકીકત છે. સમજી ગયા! હવે એ સામાન્ય ઉપયોગ છે ઈ તો નિરપેક્ષ છે. બરાબર! હવે એ ઉપયોગમાં જો એને પર પદાર્થ તરફ ઉપયોગ જાય છે - લક્ષ જાય છે, તો જ્ઞાનનું અજ્ઞાનત્વ થઈ જાય છે એટલે સમ્યક્જ્ઞાન પ્રગટ થતું નથી. સમજી ગયા! અને પછી સામાન્ય ઉપયોગ ન રહ્યો. વિશેષ થઈ ગયો. સામાન્ય પણ રહે છે અને વિશેષ થાય છે એમ નથી. સામાન્ય પોતે કન્વર્ટ થઈ જાય છે વિશેષમાં. અજ્ઞાનરૂપે પરિણમી જાય છે તો ઈ એકલું ઈન્દ્રિયજ્ઞાન છે બરાબર.

હવે એનો એ જીવ પોતાની યોગ્યતા અને ગુરુની કૃપા. એમ દેશના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મળી તો ઈ પરસન્મુખ ઉપયોગ હતો એને અંદરમાં વાળે છે, તો આત્માનો અનુભવ પણ થાય છે, તો એને અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે. અને ઈન્દ્રિયજ્ઞાનનો ક્ષય થતો નથી પણ ઈન્દ્રિયજ્ઞાન એ વખતે લબ્ધરૂપ રહે છે. વ્યાપારરૂપ નથી. સમજી ગયા!

હવે ઈ પછી બહાર આવે છે જ્યારે સમ્યક્‌દૃષ્ટિ નિર્વિકલ્પ ધ્યાનમાંથી ત્યારે અતીન્દ્રિયજ્ઞાનની પરિણતિ તો રહી અને ઈન્દ્રિયજ્ઞાન પણ રહ્યું. એવી મિશ્ર અવસ્થા થાય છે. એટલે મિથ્યાદૃષ્ટિને શું? મિથ્યાદૃષ્ટિને સમ્યક્‌દર્શન થવા માટે શું? સમ્યગ્દર્શન થાય પછી શું? પછી અતીન્દ્રિય જ્ઞાનની શું સ્થિતિ, ઈન્દ્રિયજ્ઞાનની શું સ્થિતિ? કેમકે ઈન્દ્રિયજ્ઞાનનો નાશ તો થતો નથી રહે છે સંયોગરૂપ, રાગ પણ રહી જાય છે થોડોક. બરાબર! સમાધાન ન થાય તો ત્રણવાર પૂછવું હોં! હા, જરાય સંકોચ ન રાખવો. ત્રણવાર પૂછવું. દસ વાર પૂછવું. પણ પૂછીને નિર્ણય કરવાનો કાળ આવી ગયો છે એમ જાણવું. કોઈ કાળ એવો આવે કે મૂંઝવણ થાય અને પૂછવાનું ઠેકાણુંય ન હોય એમેય બને. માટે અત્યારે ચોખવટ બધી કરી લેવી. પૂછો ખુશીથી.

**પ્રશ્ન :-** સામાન્ય ઉપયોગમાં સ્વપરનો માત્ર પ્રતિભાસ થાય છે.

**ઉત્તર :-** હા ઈ બરાબર છે.

**પ્રશ્ન :** હવે ઈન્દ્રિયજ્ઞાન જ્યારે પરને લક્ષપૂર્વક જાણે છે તો પરને લક્ષપૂર્વક જાણે છે ત્યારે તો ઈન્દ્રિયજ્ઞાન થઈ ગયું.

**ઉત્તર :-** હા, એટલે અતીન્દ્રિયજ્ઞાન છે જ નહિ ઈ ધ્યાન રાખવું બસ.

**પ્રશ્ન :-** અને કાં તો ઈન્દ્રિયજ્ઞાન લક્ષપૂર્વક સ્વને જાણે છે ત્યારે ઈ જ ઉપયોગ અતીન્દ્રિયજ્ઞાનરૂપ થઈ ગયો.

**ઉત્તર :-** ઈન્દ્રિયજ્ઞાન પરનું લક્ષ છોડીને એ ઉપયોગ અંદરમાં આવે ત્યારે અતીન્દ્રિયજ્ઞાન થઈને સ્વનું લક્ષ થયું તો અનુભવ થાય. બસ.

**પ્રશ્ન :-** એટલે હવે પ્રશ્ન એમ આવે છે કે સામાન્ય ઉપયોગ લક્ષણ એ તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બંધ મોક્ષનું કારણ નથી.

**ઉત્તર :-** હા, નથી બરાબર છે. સામાન્ય ઉપયોગ બંધ મોક્ષનું કારણ નથી પણ વિશેષ ઉપયોગ કોઈ બંધનું કારણ છે અને કોઈ વિશેષ મોક્ષનું.

**પ્રશ્ન :-** તો હવે બીજો પ્રશ્ન એમ થાય છે કે, તો એમ સિદ્ધ થાય છે કે ઉપયોગ પરનું પણ લક્ષ કરતો નથી અને ઉપયોગ સ્વનું પણ લક્ષ કરતો નથી.

**ઉત્તર :-** હવે જુઓ કે જે સામાન્ય ઉપયોગ છે તે પરનું લક્ષ પણ કરતો નથી અને સ્વનું લક્ષ પણ કરતો નથી. લક્ષ વિનાનો છે. તેથી તો તે સ્વપર ઉપયોગ જ્ઞપ્તિ કહેવાય. સ્વપરપ્રકાશક, સ્વપરનો પ્રતિભાસ થાય છે એ જે સામાન્ય ઉપયોગ છે તે કોઈનું લક્ષ ન કરે. સમજી ગયા! પણ એ જ્યારે વિશેષમાં કન્વર્ટ થાય ત્યારે કાં સ્વનું લક્ષ કરે અને કાં પરનું લક્ષ કરે એટલું જ. ઓલો સામાન્ય ઉપયોગ તો કોઈનું લક્ષ કરતો જ નથી.

**પ્રશ્ન** :- એમાં પ્રતિભાસ થાય પણ જાણવાની ક્રિયા ન થાય.

**ઉત્તર :-** જાણવાની ક્રિયા થાય છે. સામાન્ય ઉપયોગમાં જાણનક્રિયા છે. જાણવું અને પરિણમવું એવી બે ક્રિયા જેને હોય તેને સમય કહેવામાં આવે છે. આ સમયની વ્યાખ્યામાં સામાન્ય ઉપયોગ લીધો છે. નિરપેક્ષ ઉપયોગ. સમજી ગયા! પણ ઈ ક્રિયા થાય છે જ્ઞાનની. પણ એ જ્ઞાનની ક્રિયામાં જ્યારે વિશેષ ગૌણ કરો, વિશેષ ગૌણ કરીને સામાન્યને જુઓ ત્યારે એમાં કોઈનું લક્ષ એને નથી. કોઈનું લક્ષ નથી. જો કોઈ એકનું લક્ષ હોય તો બંધમોક્ષનું કારણ થઈ જાય. સામાન્ય ઉપયોગ બંધ-મોક્ષનું કારણ નથી. વિશેષ ઉપયોગ બંધ-મોક્ષનું કારણ છે.

**પ્રશ્ન** :- તો જાણનક્રિયા થાય છે છતાં તેમાં ઉત્પાદ-વ્યય નથી.

**ઉત્તર :-** જાણનક્રિયા થાય છે તેમાં ઉત્પાદ-વ્યય છે.

**પ્રશ્ન** :- નહીં, આ જે સામાન્ય ઉપયોગ છે એમાં?

**ઉત્તર :-** એમાં ઉત્પાદ-વ્યય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન** :- ઉત્પાદ વ્યય સહિત જાણનક્રિયા થાય છે?

**ઉત્તર :-** હા, ઉત્પાદ-વ્યય સહિત જાણનક્રિયા થાય છે.

**પ્રશ્ન** :- અને છતાં લક્ષ નથી.

**ઉત્તર :-** લક્ષ નથી ક્યાંય એનું નામ સમય છે, પદાર્થનું એ સ્વરૂપ છે. એ નિરપેક્ષ છે. પ્રમાણજ્ઞાનનો વિષય હોવા છતાં પણ નિરપેક્ષ છે. પ્રમાણજ્ઞાનનો વિષય કેમકે એમાં સાત ભેદ પાડીને સમજાવ્યું છે. પદાર્થની સિદ્ધિ કરવી છે એમાં. એમ કહ્યું કે જ્ઞાન છે ને ઈ અનેકાકાર હોવા છતાં એક છે. અનેકાકાર એટલે કે બીજા આકારો સ્વ અને પરનાં પ્રતિભાસે છે ને માટે અનેકાકાર. અનેકાકાર હોવા છતાં પર્યાય તો એક છે. એમાં ક્રિયા છે.ઉત્પાદ-વ્યય છે એમાં. પણ ઈ જાણવાના સમયે ભૂલે છે બસ.

ઉત્પાદ થાય છે સમયે સમયે, ક્રિયા થાય છે જાણવાની પણ જાણવાના સમયે ઈ ભૂલે છે. ઉપયોગ બહાર જ્યાં નીકળે છે ત્યાં અનાદિનું જે અજ્ઞાન છે એને કારણે દેહ મારો, રાગ મારો, જે જણાય એમાં મારાપણું કરે છે. અને પછી એનો જીવનો જ્યારે કાળ પાકે છે ત્યારે કુદરતી એને મંથન આવે છે. સમજવાનો પ્રયોગ કરે છે કે આ શું? સામાન્ય ઉપયોગ શું? અને વિશેષ ઉપયોગ શું? સમજી ગયા!

કેમકે ઓલું નિરપેક્ષ છે. જે ઉપયોગ છે ને ઈ નિરપેક્ષ છે અને વિશેષ ઉપયોગ બે પ્રગટ થાય છે, તે સાપેક્ષ થઈ ગયા. તો એ જે ઉપયોગ છે અંતર્મુખ થઈને આત્માનો અનુભવ કરે છે તેને ક્ષયોપશમ જ્ઞાન કહેવાય અને કાં ક્ષાયિક થઈ જાય એના બે ભેદ છે બસ.

**પ્રશ્ન** :- પૂર્ણ થઈ જાય. ક્ષાયિક થઈ જાય

**ઉત્તર :-** ક્ષાયિક થઈ જાય, થઈ જાય. પણ ઈ સાપેક્ષ થઈ ગયું. વિશેષમાં સાપેક્ષતા છે. સામાન્યમાં નિરપેક્ષતા છે.

**પ્રશ્ન** :- સામાન્ય ઉપયોગ તરત જ વિશેષ ઉપયોગમાં કન્વર્ટ થઈ જાય છે?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :-** તરત જ. એક સમય માત્રમાં. એ જ સમયે બે સમય નથી એને. કાં તો એનું મુખ પર તરફ હોય અને કાં તો એનું મુખ નીકળતાવેંત સ્વ તરફ હોય. (શ્રોતા :- એ વિશેષ ઉપયોગ થયો.) એ વિશેષ ઉપયોગ. વિષયના ભેદથી ઉપયોગના બે ભેદ પડી જાય છે. સમ્યક્જ્ઞાન કાં મિથ્યાજ્ઞાન. બસ.

કોઈ કહે કે સામાન્ય જ્ઞાન રહે અને એનું આ વિશેષ છે, એમ નથી. એટલે ચોખવટ કરું છું. એમ. (શ્રોતા :- પ્રગટ થતાં પલટાય છે) હા. પ્રગટ થતાં કાં જ્ઞાનનું અજ્ઞાન અને કાં જ્ઞાનનું જ્ઞાન. આ અમૃતચંદ્રાચાર્ય છે ને એનો ઉઘાડ અને એની વિદ્વતા કોઈ અસાધારણ દેખાય છે, અસાધારણ. શબ્દોનો પણ કોઈ એવો ભંડોળ છે એની પાસે. પ્રતિભાસ શબ્દનો ઉપયોગ બહુ કરે છે. અજ્ઞાની જીવ એમ માને છે કે આ રાગને હું કરું છું. માને છે કે હું કરું છું. એ તો એની માન્યતા પ્રમાણે કરે છે ત્યારે આચાર્ય ભગવાન એમ કહે છે કે ઈ અજ્ઞાનીને એમ ભાસે છે, કર્તા ભાસે છે. ભગવાન આત્મા છે તો અકર્તા પણ તેને કર્તા ભાસે છે ઈ એનું અજ્ઞાન છે. કરે છે માટે અજ્ઞાન છે એમ નહિ.

(શ્રોતા :- કરે છે એમ તો આવતું જ નથી) ક્યાંથી આવે? તો તો અકર્તા રહ્યો નહિ. નાશ થઈ ગયો અકર્તાનો. આમાં કર્તા પ્રતિભાસે છે એમાં અકર્તા સુરક્ષિત રહી ગયો એ વાક્યમાં.

પછી કહે છે કે સમ્યક્જ્ઞાન થાય ત્યારે અકર્તા પ્રતિભાસે છે એમ. અકર્તા પ્રતિભાસે છે. જ્ઞાનનો કર્તા છું એમ નહિ. એની વિદ્વતા તો એની વિદ્વતા...! (શ્રોતા :- જ્ઞાનનો કર્તા થાય તો અકર્તા રહે નહીં) કેમકે આ આત્મા એને બતાવવો છે. હવે અકર્તા પ્રતિભાસે છે. દૃષ્ટિ અંદરમાં ગઈ. અહીંયા (અંદરમાં) જોવું ત્યાં (બહારમાં) ન જોવો તમે. અહીંની વાત કહે છે કે કર્તા પ્રતિભાસે છે એટલે અકર્તા જ છે. અને અકર્તા પ્રતિભાસે છે તો ય અકર્તા રહ્યો. એને દેવું છે દ્રવ્ય. પર્યાયના માધ્યમથી બતાવવો છે સ્વભાવ ત્રિકાળ. કર્તા પ્રતિભાસે છે. આહાહા! ઈ અજ્ઞાનીનો આત્મા પણ આત્મા હો. એક સમય જો કર્તા થાય તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સૌ સમય કર્તા થાય તો કોઈ કાળે અકર્તા ન થઈ શકે. કર્તા છું એમ એને લાગે છે, ભાસે છે. આહાહા! ઈ એનો પ્રતિભાસ છે ઈ અજ્ઞાન છે.

**પ્રશ્ન :-** સામાન્ય ઉપયોગ લક્ષ એ તો બંધ મોક્ષનું કારણ નથી. તો એમ સિદ્ધ થાય છે કે ઉપયોગ પરનું પણ લક્ષ કરતો નથી અને સ્વનું પણ લક્ષ કરતો નથી.

**ઉત્તર :-** ઈ સામાન્ય ઉપયોગ પરનું કે સ્વનું લક્ષ કરતો નથી. એમ બરાબર.

**પ્રશ્ન** :- તો શું ઉપયોગ લક્ષ વિનાનો અલક્ષ છે ?

**ઉત્તર :-** ઈ જે ઉપયોગ છે તે લક્ષ વિનાનો છે. કેમકે એને કોઈનું લક્ષ ન હોય. લક્ષ હોય તો ઈ સામાન્ય ઉપયોગ ન કહેવાય. તો ઈ બંધાય ને કાં મુકાય એમાં ઈ નથી. એમાં કાંઈ નથી. એકલો સામાન્ય ઉપયોગ બસ. લક્ષ વિનાનો છે એને સ્વનું કે પરનું લક્ષ હોય તો ઈ સામાન્ય ઉપયોગ ન કહેવાય. તો મિથ્યાજ્ઞાન થઈ ગયું. વિશેષ થઈ ગયું. તો તો વિશેષ થઈ ગયું. વિશેષ થતું નથી અને સામાન્યનું આ લક્ષ નથી. વિશેષ થાય ત્યારે નામ ફરી જાય છે કાં સમ્યક્જ્ઞાન કાં મિથ્યાજ્ઞાન. પણ ઈ વિશેષ થઈ જ જાય છે. અનાદિનું એ સામાન્ય ઉપયોગ છે ઈ વિશેષ થઈ જ જાય છે. સામાન્ય, સામાન્યપણે રહેતું નથી. એક સમય જો સામાન્ય, સામાન્યપણે રહે તો કોઈને બંધેય ન થાય ને મોક્ષેય ન થાય.

ઈ બીજી ગાથામાં એવી ખૂબી મૂકી છે સ્વપરપ્રકાશક કહીને એમાં એને ખૂબી મૂકી છે. તે જ્ઞાન-દર્શનમાં જે સ્થિત છે તે સ્વસમય છે અને પુદ્ગલના પ્રદેશે જે સ્થિત છે તે પરસમય છે. છે સામાન્યની વાત એના બે વિશેષ ભેદ એણે પોતે જ કરી નાંખ્યા. આખા સમયસારનો સાર એને બીજી ગાથામાં મૂકી દીધો. આખા સમયસારનો સાર. વાંચવું ન પડે આખું સમયસાર. બાર ગાથા સુધીમાં બધો માલ ભર્યો છે. વિદ્વતા એટલે ખલાસ. મસ્તક નમી જાય. નહિંતર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્યભગવાને તો એટલું જ કહ્યું કે જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સ્થિત છે તે સ્વસમય છે બાકી પરસમય છે. મૂળ ગાથામાં એટલું લઈ લીધું.

એમાંથી એણે સામાન્ય કાઢ્યું અને સામાન્ય કાઢીને મૂળ ગાથામાં જે છે એનું જ સ્પષ્ટીકરણ કર્યું સ્વસમય અને પરસમય. ઈ સ્વસમય કેમ થાય છે એ પણ લખ્યું અને પરસમય કેમ થઈ જાય છે એ પણ લખ્યું. ઓમાં તો સ્વસમય અને પરસમય હતું નહિ મૂળમાં તો. મૂળમાં ક્યાંય નથી. કુંદકુંદભગવાનની ગાથામાં ક્યાંય નથી. એ તો એક જ કહે છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર મોક્ષમાર્ગ બસ. પણ ઈ મોક્ષમાર્ગ ને બંધમાર્ગ ઈ નીકળ્યું કેમ? કે સામાન્ય ઉપયોગ છે. વિષયના ભેદે ભેદ પડી જાય છે. એટલે કેટલાંક કહે છે ને કે આ પંચાધ્યાયી છે ને ઈ અમૃતચંદ્રાચાર્યનું હોવાનો સંભવ છે. એમ વિદ્વાનો કહે છે. આ બધું સંધી કરીને, બનવા જોગ છે.

**પ્રશ્ન :-** તો શું ઉપયોગ લક્ષ વિનાનો અલક્ષ છે? કે ઉપયોગ લક્ષવાળો છે. કે ઉપયોગમાં ઉપરના બંને ધર્મો લક્ષરૂપતા અને અલક્ષરૂપતા બંને રહેલાં છે.

**ઉત્તર :-** બંને રહેલા છે. લક્ષ વિનાનો છે સામાન્ય ઉપયોગ અને જે ઉપયોગ લક્ષણ છે તત્વાર્થ સૂત્રમાં જે કહ્યું કે 'ઉપયોગો લક્ષણમ્' એ ઉપયોગ સામાન્ય ઉપયોગની વાત કરી છે. સમજી ગયા!

ક્ષયોપશમજ્ઞાન અને ક્ષાયિકજ્ઞાનની વાત નથી. બરાબર! હવે એ જે ઉપયોગ કહ્યો એ ઉપયોગનો ભેદ અનેકાકાર હોવા છતાં એકાકાર છે, ઈ સ્વપરની એણે જ્ઞપ્તિ લઈ લીધી બીજી ગાથામાં. સમજી ગયા! અને પંચાસ્તિકાયમાં પણ લીધું કે જીવનું લક્ષણ ઉપયોગ અને ઉપયોગનું લક્ષણ શું? કે જાણવું એમ નહિ? સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જે જ્ઞાન. સ્વ અને પર જેમાં જણાય છે એવું એક જ્ઞાન એને ઉપયોગ કહેવામાં આવે છે.

હવે જો સ્વપર જણાય છે એટલે કાં સ્વમાં આત્મબુદ્ધિ થાય કાં પરમાં આત્મબુદ્ધિ થાય. સ્વપર ન જણાતું હોત તો બંધ મોક્ષ થાત જ નહિ. અને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વનો પ્રતિભાસ થાય છે એટલે આબાળ-ગોપાળ સૌને ભગવાનઆત્મા અનુભવમાં આવે છે. અને પ્રતિભાસ થાય છે એટલે અનુભવ સહેલો પડી જાય (તાદાત્મ્યપણે જણાય) તાદાત્મ્ય છે, તાદાત્મ્ય છે.

જેમ જ્ઞાનની પર્યાયમાં સ્વપરનો પ્રતિભાસ કહ્યો'ને તો સ્વનો જે પ્રતિભાસ થાય છે, ઈ તો તન્મય છે અને પરનો પ્રતિભાસ થાય છે ઈ તો ભિન્ન છે. પરપદાર્થ તો ભિન્ન છે એનો માત્ર પ્રતિભાસ છે, ઈ પ્રતિભાસ છે ઈ પણ જ્ઞાનની પર્યાય છે. ઈ જ્ઞેયની પર્યાય નથી.

૭૫ ગાથામાં એ વાત લીધી છે કે જ્ઞાની થયા પછી કર્મ નોકર્મનો કર્તા નથી પણ માત્ર કર્મ નોકર્મને જાણે છે. તે જ્ઞાની છે. એમ ગાથા છે. ટીકાકારે કહ્યું કે આ બધા પુદ્‌ગલના પરિણામ છે ને રાગાદિ, તો પુદ્‌ગલના જે પરિણામ છે રાગાદિ, તે જ્ઞાનમાં પ્રતિભાસે તો છે. બરાબર! તો રાગનો કર્તા તો નથી જ્ઞાની. હવે તો શું છે? કે પુદ્‌ગલના પરિણામ જેમાં જણાય છે એવું જે જ્ઞાન, કે જે જ્ઞાન આત્માને અભેદપણે જાણે છે તેથી એ જ્ઞાન આત્માનું કર્મ છે, રાગાદિ કર્મ નથી.

ઈ જણાય છે માટે કર્મ થાય? કોઈ દિ' ન થાય. તો તો જ્ઞેયકૃત અશુદ્ધતા આવી જાય. કોઈ કહે જણાતું જ નથી, તો હું એનો જ્ઞાતા છું ને રાગી તો પુદ્‌ગલ છે ઈ સિદ્ધ ન થાય. જાણે છે પણ એનાથી વિમુખ રહીને જાણે છે. રાગથી વિમુખ થઈને જ્ઞાન જાણે છે. જ્ઞાન કોઈ દિ' રાગની સન્મુખ થાય જ નહિ. આહાહા!

એ નિયમસારે બહુ સારી વાત કરી છે કે જ્ઞાત તત્ત્વોનો જે સમૂહ તેને પરદ્રવ્ય કહ્યું. એનાથી પરાન્મુખ થઈને જ્ઞાન આત્માને જાણે છે. ભેદની સન્મુખ જ્ઞાન થાય જ નહિ, પરની સન્મુખની વાત તો ક્યાંયની ક્યાંય રહી ગઈ. પર્યાયનો જે ભેદ પડે છે રાગ અને વીતરાગભાવ બે અંશ ઉત્પન્ન થાય છે, એની સન્મુખ જ્ઞાન છે જ નહિ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકાલોક જણાય કેવળજ્ઞાનમાં પણ કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકની સન્મુખ ન થાય. એમ સાધકની પર્યાય થાતી નથી. પર લક્ષ અભાવાત પરનું લક્ષ જ્ઞાનને હોય જ નહીં. પણ ઈન્દ્રિયજ્ઞાન છે ઈ જ્ઞાન છે, ઈ શલ્ય મારી નાંખે છે. ભાઈ નવા માણસો પકડવા મંડ્યા કે આ ઈન્દ્રિયજ્ઞાન જ છેતરે છે આપણને. ચેતનભાઈ આવ્યા હતા સવારે ઈ કહેતા હતા. ઈ જ છેતરે છે. એમાં ઠગાણા બધાય.

(શ્રોતા :- કારણ શુદ્ધ પર્યાયનું જે પુસ્તક પડ્યું છે ને બહાર એમાં ૮૪ નંબરના પાના ઉપર ગુરુદેવના પ્રવચન ૧૦, ૧૧, ૧૨ ગાથા ઉપર છે. એમાં એક તો આ વાત આવી કે જયધવલામાં વીરસેન સ્વામીએ એમ કીધું છે કે ઈન્દ્રિયજ્ઞાનથી જ્ઞાન છે એમ માનવામાં આવે તો આત્માનો નાશ થઈ જાય છે.) હા. સાચી વાત છે નાશ જ થાય. ઈન્દ્રિયજ્ઞાન તો પરને જાણે છે તો હું પરને જાણું છું એમ આવ્યું ને! તો આત્માનો નાશ થાય ઈ વાત સેટીકાની ગાથામાં લખી છે. આત્માનો નાશ થાય ઈ સેટીકામાં છે, અજ્ઞાન થાય છે એમ ન લખ્યું. આત્માનું અસ્તિત્વ રહેતું નથી. આહાહા!

પણ ભાઈ આની પાછળ પડે તો થાય. અમૃત છે અમૃત. આત્માના દર્શન કરવા માટે જેટલા સાધન જોઈએ એટલા બધા બહાર આવી ગયા છે, ગુરુદેવના પ્રતાપે ચોખવટ ઘણી થઈ ગઈ છે. આત્માનો નાશ થાય. ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માને, વીરસેન સ્વામીએ કહ્યું, બોલો. (શ્રોતા - ધવલમાં લખ્યું છે) ધવલ, ધવલમાં લખ્યું છે એમ જોવાનું છે. વ્યવહારનાં શાસ્ત્રમાં લખ્યું છે ને કે એને જ્ઞાન માને તો આત્માનો નાશ થાય. અજ્ઞાન થાય એમ નહિ. આત્માના અસ્તિત્વને ઉડાડ્યું. ઈન્દ્રિયજ્ઞાનના અસ્તિત્વને આત્મા માન્યો. એટલે આત્માનું અસ્તિત્વ ક્યાં રહ્યું! એની દૃષ્ટિમાં આવ્યું નહિ. (અસ્વીકાર આવી ગયો) નાશ થઈ ગયો. સાચી વાત છે.

**પ્રશ્ન :-** ત્રિકાળ જ્ઞાનગુણ છે તેના બે સ્વભાવ છે, એક નિર્વિકલ્પ સ્વભાવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને બીજો સવિકલ્પ સ્વભાવ. આ જ્ઞાનગુણ છે તે શક્તિરૂપ છે અને સામાન્ય ઉપયોગ લક્ષણ તે શક્તિની વ્યક્તિ હોવાથી તે તેના જેવું જ છે અને તે પર્યાયાર્થિકનયનો પારિણામિકભાવરૂપે છે તો તેમાં પણ બે સ્વભાવ છે તો તેનો નિર્વિકલ્પ સ્વભાવ કેવો છે? અને ઉપયોગ લક્ષણનો સવિકલ્પ સ્વભાવ કેવો છે?

**ઉત્તર :-** તેનો નિર્વિકલ્પ સ્વભાવ ઈ છે કે સ્વપરનો પ્રતિભાસ થાય છે અને આ સ્વ અને આ પર એવો ભેદ કરતો નથી માટે નિર્વિકલ્પ છે. અને ભેદથી જાણે કે આ સ્વનો પ્રતિભાસ અને પરનો પ્રતિભાસ તો ઈ સવિકલ્પ થઈ ગયું. બાકી નિર્વિકલ્પ જ છે. ''સ્વપરપ્રકાશક શક્તિ હમારી'' જ્યાં ભેદ કર્યો ત્યાં ખોટું થઈ ગયું. અભેદ વસ્તુ એક જ છે પર્યાય, એમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે. ત્યાં ભેદ ન કરો તો નિર્વિકલ્પ પર્યાય છે. ભેદ કરો એમાં ને એમાં તો સવિકલ્પ છે. જેમ ૨૫૨ કળશમાં સ્વદ્રવ્ય ને પરદ્રવ્ય કહ્યું તો ભેદ કરો તો પરદ્રવ્ય છે તે રીતે.

**પ્રશ્ન :-** જીવની પર્યાય જીવને જાણવારૂપે પરિણમી રહી છે અને જ્ઞેયની પર્યાય એટલે ઈન્દ્રિયજ્ઞાનની પર્યાય જ્ઞેયને જાણવારૂપે પરિણમી રહી છે. બંને પરિણમન એક સાથે છે? બંને પરિણમન એક જ પર્યાયમાં છે કે ક્રમિક છે?

**ઉત્તર :-** જો બેન! મિથ્યાદૃષ્ટિને જ્ઞાનની એક પર્યાય પ્રગટ થઈ. બરાબર! હવે ઈન્દ્રિયજ્ઞાનનું અજ્ઞાનત્વ કરીને ઈન્દ્રિયજ્ઞાન પરનું લક્ષ કરીને પરિણમે છે. હવે એ જ જ્ઞાનની પર્યાયમાં સ્વનો પ્રતિભાસ છે. બરાબર! પણ સમ્યક્જ્ઞાન નથી હજી. એટલે એમાં પ્રતિભાસ છે એટલે બાળગોપાળ સૌને એમાં અનુભવમાં આવી રહ્યો છે. ઈ અપેક્ષાએ જાણે ને જણાય એવું ફંકશન ચાલુ છે અંદર, ઈ ફંકશન ચાલુ છે પણ એને ઉપયોગાત્મક નથી કરતો, તેથી હજી સમ્યક્જ્ઞાન ન પ્રગટ થાય.

''જાણનાર જ જણાય છે ને પર જણાતું નથી'' પર જણાતું નથીમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈન્દ્રિયજ્ઞાનનો નિષેધ થાય ત્યારે 'જાણનાર જણાય છે' એમ એને આવિર્ભાવ થઈ જાય અને અનુભવ થઈ જાય છે. ત્યારે ઓલું જે ફંકશન હતું પરોપક્ષણે તે પ્રત્યક્ષ થઈ જાય છે. જો એમાં આબાળ-ગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાનઆત્મા સદાકાળ અનુભવમાં આવે છે. સમજી ગયા!

એનો ખુલાસો ૮ માં કળશમાં કળશ ટીકાકારે બહુ સારો કર્યો છે. કે જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે એ (ઉન્નીયમાનં) એવું અનુમાન પણ છે. એવું અનુમાન થાય છે. એવું અનુમાન જીવને થાય છે, વિચાર કરે તો. કે જીવવસ્તુ ચેતના લક્ષણથી એટલે ઉપયોગ લક્ષણથી જીવને જાણે છે, જાણશે નહિ. જાણે છે ઈ ફંકશન ચાલુ છે. જણાય એવું જ્ઞેયત્વ જ્ઞાયકમાં છે અને જાણે એવું જ્ઞાનત્વ જ્ઞાનમાં છે અને બેય અભેદ છે. અને અભેદ છે એટલે જાણ્યા વગર રહે જ નહિ.

ઈન્દ્રિયજ્ઞાન ભિન્ન છે એટલે નથી જાણતું. સામાન્ય જ્ઞાન અને સામાન્ય જે જ્ઞાયક એ અભેદ છે એટલે જણાયા કરે છે ને જાણે છે પણ એનું ફળ નથી મળતું. એને એનો આનંદ નથી આવતો. કેમકે એને એમ છે કે હું આને (પરને) જાણું છું એને પક્ષ પડી ગયો છે ઈન્દ્રિયજ્ઞાનનો, નિષેધ નથી આવતો. બાકી બધાંને જણાય છે. બાળગોપાળ સૌને એવું અનુમાન પણ થાય છે પછી પ્રત્યક્ષ તો જ્ઞાનગોચર છે. પરોક્ષ અને પ્રત્યક્ષ. આ પરોક્ષ અનુભૂતિ છે. ઓલું ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે ઈ પરોક્ષ જુદું. અને આ તો (વેદન નથી થયું જ્યાં સુધી ત્યાં સુધી પરોક્ષ રહે છે) પરોક્ષ જ છે.

જણાય તો રહ્યો છે બાળગોપાળ સૌને. પણ પરોક્ષ છે એટલે જ પ્રત્યક્ષ થઈ જાય છે. પરોક્ષ રહેવું એ તો એનો સ્વભાવ છે. જણાય ને જાણે ઈ ફંકશન ચાલું જ છે પણ પ્રતિભાસરૂપ છે અત્યારે બસ. પછી એમાંથી અંદર જાય તો અનુભવ થઈ જાય અંતર્મુખ. જો જણાતું જ ન હોય તો તો એની આપણે એપોઈન્ટમેન્ટ લેવી પડે કે મારે તારા દર્શન કરવા છે. હે ભગવાન! પરમાત્મા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે હું થાક્યો છું સંસારથી મને તું ક્યારે દર્શન આપીશ? મારે તારા દર્શન કરવા છે. ૮ દિવસ પંદર દિવસ અને ટાઈમ દે કંઈ વાંધો નહિ. તો કહે મૂરખ છે! હું તો તારા જ્ઞાનમાં જણાયા કરું છું પણ તે મારી સામે જોયું નહિ અત્યાર સુધી. તારી ભૂલ છે. મારી તો કંઈ ભૂલ નથી. હું તો જણાયા કરું છું તને અને તું નકાર કરે છે મને આ નથી જણાતું, આ જણાય છે બસ. (જ્ઞાયકને જાણવાની પ્રક્રિયા નથી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે એનો સ્વીકાર કરવાનો છે) બસ. સ્વીકાર કરવાનો છે એટલું જ બસ. બીજું કંઈ નહિ.

આ ચંપકભાઈએ મને પ્રશ્ન પૂછ્યો હતો મુંબઈમાં, ચંપકભાઈ ડગલીએ. મેં કહ્યું જણાય તો રહ્યો છે સ્વીકાર કરે એટલી વાર. સ્વીકાર નથી આવતો. (સ્વીકાર આવે) એને મોટો લાભ છે. ના શું કામ પાડવી જોઈએ. આ ભેદજ્ઞાન છે. સમજી ગયા! પર જણાતું નથી ને જાણનાર જણાય છે તે ભેદજ્ઞાન છે. અનુમાન ગોચર પણ છે એવો શબ્દ છે. અનુમાન ગોચર પણ છે, પણ એટલે બિલકુલ અનુમાનમાં આત્મા આવતો જ નથી એમ નથી. ઈ અલિંગગ્રહણના બોલમાં અનુમાનનો વિષય નથી એ જુદું. ત્યાં પ્રત્યક્ષની મુખ્યતા છે. અહીંયા અત્યારે પરોક્ષપણે અનુભવ, બાળગોપાળ સૌને એ જુદું છે. (અનુભવાય તો રહ્યો છે પણ અનુમાન ગોચર પણ છે) હા, અનુમાન ગોચર છે. જણાય રહ્યો છે મને. જણાય રહ્યો છે અને અનુમાન ગોચર છે. મનમાં જણાય છે એના મનમાં, ભાવમનમાં જણાય છે જ્ઞાયક આત્મા. વર્તમાન વર્તતા જ્ઞાનમાં પણ અખંડનો પ્રતિભાસ છે એમ શબ્દ છે. ''જ્ઞાન કળામાં અખંડનો પ્રતિભાસ'' મથાળું, વર્તમાન વર્તતી અજ્ઞાનીની જ્ઞાનની પર્યાયમાં પણ અખંડનો પ્રતિભાસ થઈ રહ્યો છે પણ માનતો નથી. પર્યાયદષ્ટિ છે. અમને રાગ જણાય છે, રાગમાં એકાકાર થઈ જાય છે. ''જાણનાર જ જણાય છે'' ''જ'' લખ્યું એમાં. ગુરુદેવે ઘણું આપ્યું છે એમ કે મને પ્રત્યક્ષ થાય ત્યારે જ હું હા પાડું. (પરોક્ષની હા કહે તો પ્રત્યક્ષ થઈ જાય) મને આનંદ આવે ને જ્યારે ત્યારે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માને હું માનું. (તો નહિ આવે)– આહાહા! ચમત્કારીક વાત છે.

આ બાળગોપાળ સૌને સદાકાળ અનુભૂતિ સ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે. પરમ સત્ય છે. અનુમાન ગોચર પણ છે પ્રત્યક્ષ તો જ્ઞાનગોચર છે. અનુમાન એટલે માનસિક જ્ઞાન, પછી એક પ્રશ્ન આવશે કે આ સ્વપર પ્રકાશકમાં જે સામાન્ય જ્ઞાન છે એ જાણવામાં આવે કે નહિ? આવશે ઈ પ્રશ્ન ત્યારે ખુલાશો કરશું. (શ્રોતા :- બધાને ક્લીયર થઈ જાય ને?) અરે! તમને કહું છું કે ચોખ્ખું કરી જ લેવું. આ મોઢું ખોલ્યું છે મેં. સમજી ગયા! પૂછી લેવું.

**પ્રશ્ન :-** જ્ઞપ્તિ ક્રિયા સામાન્ય છે. તેના વિશેષ આઠ પર્યાય છે.

**ઉત્તર :-** હા. સામાન્ય ઉપયોગ છે તેના વિશેષ આઠ પ્રકાર પડી જાય છે ત્રણ ને પાંચ. બરાબર છે.

**પ્રશ્ન :-** તે આઠેય પર્યાયની વિશેષતાને ન જુએ એટલે કે જે સમયે મતિશ્રુત છે તે મતિશ્રુત વગેરે વિશેષતાને બાદ કરીને જુએ તો તે જ્ઞપ્તિ ક્રિયારૂપ જ જણાય છે કે વિશેષતા વખતે વિશેષતારૂપ જણાય છે?

**ઉત્તર :-** જો તમે એ ઉપાધિ બાદ કરો આઠની અને તમે જ્ઞાનને લ્યો તો અનુભવ થઈ જાય. ઈ સામાન્ય ઉપયોગમાં ન જ આવે એનો ઉપયોગ. તમે જો એ જ્ઞાનની પર્યાય છે એ સાપેક્ષથી જુઓ તો મતિશ્રુત, અવધિ. હવે એ ઉપાધિ તમે બાદ કરી નાખો તો અનુભવ થઈ જાય. ઓલો ઉપયોગ (સામાન્ય) ન આવે ખ્યાલમાં. (સામાન્ય ઉપયોગ ન આવે) ન આવે. સામાન્ય દ્રવ્ય આવે. સામાન્ય દ્રવ્ય આવી જાય ખ્યાલમાં. આ વિશેષમાં સામાન્ય દ્રવ્ય આવી જાય. ઓલું સામાન્ય ન આવે. (પર્યાયાર્થિક ચક્ષુ તો બંધ કરી દીધી છે) પછી શું છે. લઈ આવો પ્રશ્ન પચાસ, સો, પાંચસો ગમે એટલા લઈ આવો બસ. (શ્રોતા :- એનો અર્થ એવો થાય કે વિશેષ ઉપયોગને બંધ કરી દો) ઉપાધિ બાદ કરવી. એક એક શબ્દની કિંમત છે. વિશેષ ઉપયોગને બંધ નથી કરવો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાં એની ઉપાધિ બંધ કરો ત્યાં એનો ઉપયોગ અભિમુખ થઈ જાય છે. (ઉપાધિ બાદ કરો તો એકલું જ્ઞાન જ રહેશે) જ્ઞાન રહે. બીજું કંઈ રહેતું નથી. (આઠ ઉપાધિ છે ને?) બાકી પ્રવચનસારમાં લીધું છે કે શ્રુતની ઉપાધિ બાદ કરો તો અનુભવ થશે. લીધું છે. ઉપાધિ, ઉપાધિ એટલે વધારાની ચીજ, વિપરીતતા નહિ પણ વધારાની ચીજ.

**પ્રશ્ન :-** સર્વથા ઉપયોગ લક્ષણથી રહિત તે દ્રવ્ય સ્વભાવનો ધર્મ છે, અને કથંચિત્ ઉપયોગથી સહિત તે જ્ઞેયનો સ્વભાવ, એટલે પરિણામી આત્માનો સ્વભાવ છે, હવે પરિણામથી સર્વથા અભિન્ન લ્યે તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય.

**ઉત્તર :-** હા, ઉપયોગ લક્ષણથી રહિત એ ત્રિકાળી દ્રવ્યનો સ્વભાવ છે. પરિણામથી સર્વથા અભિન્ન લ્યે તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય. પરિણામથી સર્વથા અભિન્ન લ્યે તો પેલા મિથ્યાત્વનો દોષ આવે એમ લ્યો. પરિણામથી અભેદ, શરૂઆત ત્યાંથી કરે તો દૃષ્ટિનો વિષય ક્યાં રહ્યો? એમ. પછી આગળ, એ પર્યાયથી કથંચિત્ અભિન્ન હોવા છતાં નિર્મળ પર્યાય ઉપયોગ છે ને તેનાથી કથંચિત્ અભિન્ન છે. પણ સર્વથા અભિન્ન લ્યે તો તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય એમ છે પણ પહેલું તો પર્યાયથી સહિત માને તો મિથ્યાત્વનો દોષ આવે એ પહેલું લઈ લેવું. ઓલી જાણવાના વિષયની વાત કરી. આ અનુભવની મુખ્યતાથી મેં જવાબ દીધો. આ પાયાની વાત ભૂલવા જેવી નથી. પર્યાયથી રહિત જ છે આત્મા. ત્રણેકાળ!

એક આપણા મુમુક્ષુને એક મુમુક્ષુએ પ્રશ્ન કર્યો કે પર્યાય સર્વથા ભિન્ન છે? તો ઈ મુમુક્ષુએ જવાબ આપ્યો. હા. સર્વથા ભિન્ન છે એનું કારણ શું કે સર્વથા અભિન્ન માન્યું છે માટે સર્વથા ભિન્ન કીધા વિના એકતા તૂટતી નથી. એવો જવાબ આપ્યો. પ્રશ્ન વિદ્વાને કર્યો. સમજી ગયા! હવે આવું ચાલે છે.

(શ્રોતા :- શ્રદ્ધામાં તો સર્વથા અભિન્ન માન્યું છે એણે ક્યાં કથંચિત્



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન અભિન્ન માન્યું છે.) એટલે સર્વથા અભિન્ન માન્યું છે તેથી સર્વથા ભિન્નનો પાઠ આપ્યો અને સર્વથા ભિન્નમાં અનુભવ થતાં કથંચિત્ ભિન્ન અભિન્નનું જ્ઞાન પ્રગટ થાય. ઈ ચાર દિ' પહેલાં આપણે વાત થઈ હતી અહીંયા. થઈ હતી ખબર છે ને! મુમુક્ષુ પણ તૈયાર થઈ ગયા. હું ખુશી થયો.

ખરેખર ગુરુદેવ કહેતા હતા કે ભાઈ સત્ સાંભળવા મળતું નથી. નહિંતર સત્‌ને અપનાવનારા તો હોય છે. સર્વથા ભિન્ન ઘણાંને ખટકે છે. જગતને ખટકે છે. બીજા ભાષી તો ઠીક પણ હિંદી ભાષીને ખટકે છે. સર્વથા ભિન્ન કહેશો તો એકાંત થઈ જશે. અનેક પ્રકારના જીવો હોય. (શ્રોતા :- પ્રશ્ન એ છે કે પરિણામથી સર્વથા ભિન્ન-રહિત માનીએ તો પરિણામી દ્રવ્યની સિદ્ધિ કેવી રીતે થાય?)

**ઉત્તર** :- પરિણામી દ્રવ્યની સિદ્ધિ એમાં જ થાય. હવે પરિણામથી રહિત કોને જાણ્યું કે જેણે દ્રવ્યદૃષ્ટિ કરી એને જાણ્યું ત્યાં દ્રવ્યદૃષ્ટિ થઈ ગઈ. પરિણામથી મારો આત્મા રહિત છે. એવા આત્માને જાણ્યો કે ન જાણ્યો એણે. તો એ અનુભવ થયો કે નહિ. (જાણ્યો અને ત્યારે જ સ્યાદ્‌વાદની સિદ્ધિ થઈ એ જ સમયે) એ જ સમયે. આમ આમ (હા, જ) થાય એવું જ છે. આમ આમ (ના) થાય એવું નથી.

**પ્રશ્ન** :- કથંચિત્ ભિન્ન અભિન્નનું જ્ઞાન તો અનુભવના કાળે થાય છે!)

**ઉત્તર** :- હા, બરાબર છે.

**પ્રશ્ન** :- અપ્રતિબુદ્ધ જીવે સૌ પ્રથમ જીવ તત્ત્વનો નિર્ણય કરવા માટે ઉપયોગ લક્ષણથી કથંચિત્ ભિન્ન લેવું કે કથંચિત્ અભિન્ન લેવું કે સર્વથા ભિન્ન લેવું?

**ઉત્તર** :- સર્વથા ભિન્ન લેવું. શરૂઆત સર્વથા ભિન્નથી લેવી. સર્વથા જ્યાં ભિન્ન કહ્યું, જે સર્વથા ભિન્ન છે આત્માથી પરિણામ, એવા આત્માને જોયો ત્યાં જ અનુભવ થયો તો કથંચિત્ થઈ ગયું. કથંચિત્ ભિન્ન અભિન્ન પછી હોય. સમ્યક્ એકાંત પછી અનેકાંતનો જન્મ થાય છે. કંઈ વાંધો નહીં.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સારું ! ચોખવટ થાય છે.

**પ્રશ્ન :-** જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તેથી તેમાં અક્રમે એક સાથે બધા જ્ઞેયોનું જ્ઞાન વર્તી રહ્યું છે. તો એક એક જ્ઞેયની સન્મુખ થઈને હું જ્ઞેયને શા માટે જાણું? અને જ્ઞેયોના જ્ઞાનમાં તો જ્ઞાયક જ જણાય છે. તો આમ લેતાં અનુભવ થાય કે હું એક અભેદ જાણનાર છું અને મને ખરેખર જાણનારો જ જણાય છે. હું પરજ્ઞેયને જાણતો જ નથી એમ લેવાથી અનુભવ થાય છે.

**ઉત્તર :-** એમ જ લેવું. ખરેખર પરને જાણતો નથી. પહેલાં લીધું ઈ બરાબર છે. પહેલું લીધું કે પ્રક્રિયા, અક્રમે લોકાલોક સ્વ ને પર બધું અક્રમે જ જણાય છે. પ્રતિભાસ છે ને. બેયનો સ્વપરનો પ્રતિભાસ છે તેમાં ક્રમ ન હોય. અક્રમે બધું જણાય છે. પ્રતિભાસ થાય. સમજી ગયા! પછી પ્રક્રિયામાં ઉતરે કે આખી પ્રક્રિયા તમે લખી ઈ. પછી તો પરને હું જાણતો નથી અને જાણનાર જણાય છે તો તેમાં અનુભવ થઈ જાય એટલે ઓલું રાખ્યું ને પછી નિષેધ કર્યો. સ્થાપ્યું ને ઉથાપ્યું. (શ્રોતા - પ્રતિભાસ રાખીને તેનું લક્ષ છોડ્યું) હા. પ્રતિભાસ રહી જાય છે ને તેનું લક્ષ છૂટી જાય છે. લોકાલોકનો પ્રતિભાસ થાય છે એમાં શું? બોલો. (શ્રોતા - પૂરા થઈ ગયા પ્રશ્ન) ઓલો ઉપયોગનો પ્રશ્ન ન આવ્યો.

**પ્રશ્ન :-** સ્વપરપ્રકાશક ઉપયોગ સામાન્ય છે તેનું જ્ઞાન અજ્ઞાનીને થાય કે નહીં? અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ છે, તેને સામાન્ય ઉપયોગનું જ્ઞાન થાય કે નહીં? અતીન્દ્રિયજ્ઞાન તો નથી.

હવે જુઓ! એમાં એક આધાર આપું કે દરેકની પાસે સામાન્ય ઉપયોગ છે. જાણવાની ક્રિયા જેમાં થાય છે એ સમય નામનો જે પદાર્થ છે એમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય. એ સામાન્ય ઉપયોગ સ્વપરનો પ્રતિભાસ થાય એવો પ્રગટ થાય છે. એને સમય કહેવામાં આવે છે. એ સમય નામનો પદાર્થ છે, તેને અનુભવ પહેલા મન વડે કળી લ્યે છે. સમય નામનો પદાર્થ છે એ સમય નામના પદાર્થને દ્રવ્ય, ગુણ ને પર્યાય. પર્યાયમાં ઉપયોગ ને ઉપયોગમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપરનો પ્રતિભાસ બધું સમયમાં આવી ગયું. ઉત્પાદવ્યયધ્રુવ-યુક્તં સત્ બધું આવી ગયું. એ પહેલા મન વડે કળી લ્યે છે અને પછી પ્રોસેસમાં આવે છે.

એ આ પ્રવચનસારની ૮૦ ગાથામાં છે એમાં પ્રથમ સમયને કળી લ્યે છે અને પછી પર્યાયના ભેદને પણ દ્રવ્યમાં સંક્ષેપે છે. ગુણભેદને પણ સંક્ષેપે છે. વિધિ ઉપર, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય ત્યારે (અનુભવ થાય) એમ કે આમ પણ થાય ને આમ પણ થાય એમ નથી. ત્યાં પણ એ લીધું છે કે ચિદ્‌વિવર્તનને પણ દ્રવ્યમાં લીન કરવું અને ગુણભેદને પણ દ્રવ્યમાં લીન કરવા. દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં પર્યાયનું લક્ષ છૂટે અને ગુણભેદનું પણ લક્ષ છૂટીને અનુભવ થાય. એટલે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને પોતાના આત્માને જાણે. અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં પર્યાય ત્યાં કઈ લેવી અને અહીં કઈ લેવી. એ પ્રશ્ન થાય છે. સમજી ગયા! ત્યાં પણ સામાન્ય ઉપયોગ લેવો સમય લેવો અને અહીંયા પણ સમય લેવો ઉપયોગ. પછી સંકેલવું. જેમ બીજી ગાથામાં સમય સ્થાપીને પછી સંકેલ્યું તેમ પ્રવચનસારની ૮૦ ગાથામાં પછી સંકેલી લીધું.

ત્યાં તમે કેવળજ્ઞાન લ્યો ને અહીં મતિશ્રુત લ્યો તો ક્યાંથી મળે. દ્રવ્યત્વપણે, ગુણપણે ને પર્યાયપણે ત્યાં જેવું છે તેવું જ અહીંયા છે. તે તો સમયથી મળે. સમયથી મેળવીને પછી અનુભવમાં ચાલ્યો જાય. પદાર્થની સિદ્ધિ કરીને પછી એમાં ભેદજ્ઞાન કરીને ભેદને ઓળંગે છે. પર્યાયના ભેદને ઓળંગે છે ને અભેદમાં ચાલ્યો જાય છે. હજી આનો આધાર આપ્યો. (શ્રોતા - ખજાનો કાઢ્યો) કારણ શું છે કે આ વિષય જ એવો છે કે પ્રશ્ન કરે ત્યારે સ્પષ્ટ થઈ જાય ચોખ્ખું. કરવો જોઈ પ્રશ્ન અત્યારે.

**પ્રશ્ન :-** સામાન્ય ઉપયોગ છે તે પર્યાયાર્થિકનયનો પારિણામિક-ભાવ છે તો પરને લક્ષપૂર્વક જાણે છે ત્યારે પર્યાયાર્થિકનયના પારિણામિક-ભાવની શું સ્થિતિ છે?

**ઉત્તર :-** ત્યારે પારિણામિક ભાવ રહેતો નથી તે ક્ષયોપશમ થાય ને કાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષાયિક થાય. ઈ સામાન્ય છે પછી વિશેષ થઈ જાય. ઈ પારિણામિક ભાવપણે રહે નહિ. પલટો ખાઈ જાય. કાં ક્ષયોપશમ પલ્ટો ને કાં ક્ષાયિક કેવળજ્ઞાન થાય તો ક્ષાયિક થાય. (નિરપેક્ષ નથી રહેતો સાપેક્ષ થઈ જાય છે) હા. સાપેક્ષ થઈ જાય. આ નિરપેક્ષ છે પર્યાયાર્થિકનયનો પારિણામિક, પારિણામિક કીધું ને ઉપયોગ સ્વભાવ છે.

શુદ્ધોપયોગ અને અશુદ્ધોપયોગ વિભાવ છે. ઉપયોગ છે ઈ સ્વભાવ છે. ઈ શુદ્ધોપયોગ થાય કાં અશુદ્ધોપયોગ થાય એ વિભાવ છે, એ વિશેષભાવ છે. સાપેક્ષ થઈ ગયું. ઉપયોગ નિરપેક્ષ છે. સાપેક્ષ છે એટલો વ્યવહાર. નિરપેક્ષ છે એટલો નિશ્ચય. આટલું બે લખી રાખવું. સાપેક્ષ કથન વ્યવહાર. નિરપેક્ષ કથન નિશ્ચય વર્ષો પહેલા ૪૦ વર્ષ પહેલા પ્રશ્ન પૂછ્યો તો શરણારામ પાસે ભણતા. અગાસીમાં બેઠા હતા ત્યારે પૂછ્યું. પંડિતજી! આત્મા સાપેક્ષ છે કે નિરપેક્ષ? જવાબ ન દીધો. ન સમજ્યા. તેમણે કહ્યું મેં વિચાર્યું નથી. પછી આપણે કાંઈ છંછેડ્યું નહીં. ત્યારે મારો પણ એટલો અભ્યાસ નહીં. બિચારા કાંઈ બોલ્યા નહીં. સરળતા હતી. વ્યાજબી છે. આ વિષય ગહન છે. ખ્યાલમાં ન આવે તો કહે હું નથી જાણતો. ખ્યાલમાં કથન સાપેક્ષનાં હોય અને સાપેક્ષથી બીજાને સમજાવવા માટે સાપેક્ષથી કહ્યું હોય, વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે.

સમજનાર સાપેક્ષથી સમજીને સાપેક્ષનો નિષેધ કરી નિરપેક્ષમાં ચાલ્યો જાય. કર્મથી બંધાયેલો છે એમ શાસ્ત્રમાં આવે. સાપેક્ષ કથન છે. સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો બંધાયેલો છે નહિ. નિરપેક્ષ કથન કોઈકાળે બંધાતો નથી. અવસ્થાથી જોતા વસ્તુ દેખાતી નથી. તિરોભૂત થઈ જાય છે. સ્વભાવથી જુઓ. ટેવ પાડો. આ ભેદજ્ઞાન છે. પર્યાય ધર્મથી જોતા ભલે દ્રવ્ય સુધી ન પહોંચે ત્યાં સુધી પર્યાય ધર્મથી જુએ પણ ત્યાં અટકવાનું નહીં. તેને સીધો દ્રવ્ય તરફ ઉપયોગ લઈ જવો. એમ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ.ભાઈશ્રીની ઉપયોગ પરની તત્ત્વચર્ચા
## તારીખ : ૨૯/૬/૯૪, બુધવાર

**પ્રશ્ન :-** સ્વપરનો પ્રતિભાસ થાય છે તે જ તેનું નિરપેક્ષપણું છે?

**ઉત્તર :-** સ્વપરનો પ્રતિભાસ એ નિરપેક્ષ કરતાં, ઉપયોગ જે પ્રગટ થાય છે તે નિરપેક્ષ છે. અને એનો સ્વભાવ સ્વપરનો પ્રતિભાસ છે. ઉપયોગ લક્ષણ છે અને લક્ષણમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે. હવે સ્વપરનો પ્રતિભાસ થાય છે એમ ઉપયોગને જોવો તો ઉપયોગ સાપેક્ષ થઈ ગયો. ઉપયોગ તો ઉપયોગ છે.

**પ્રશ્ન :-** ઉપયોગ પ્રગટ થાય છે એ નિરપેક્ષ છે?

**ઉત્તર :-** નિરપેક્ષ છે અને પછી એના વિશેષણ લગાડ્યા કે ઉપયોગનું લક્ષણ શું? કે સ્વપરનો પ્રતિભાસ. તો ઈ સાપેક્ષ થઈ ગયું પછી એનું વિશેષ થાય. અત્યારે એ વિશેષણ આપશે.

**પ્રશ્ન :-** સ્વલક્ષે પરિણમન તે સમ્યક્જ્ઞાન અને પરલક્ષે પરિણમન એ મિથ્યાજ્ઞાન.

**ઉત્તર :-** હા. એ સાપેક્ષ થઈ ગયું, ઓલું નિરપેક્ષ. ઓલામાં સ્વપરનો પ્રતિભાસ હતો ભલે પણ એમાં લક્ષ ન હતું ક્યાંય. એમાં શુદ્ધ અશુદ્ધ એવું કંઈ ન હતું. સમ્યક્જ્ઞાન, મિથ્યાજ્ઞાન એવું કંઈ ન હતું. આ તો પ્રગટ થતી વખતે અનાદિકાળથી એનું લક્ષ પર ઉપર છે. અને લક્ષ પર ઉપર હોવાથી અભ્યાસ છે અને અધ્યાસ એ જ જાતનો છે અને અધ્યાસ તેને ખ્યાલ નથી આવતો કે આ જ્ઞાન આત્માનું હોવાથી આત્માને જાણે એમ પણ નથી આવતું.

આ જ્ઞાન જ્ઞેયનું નથી પણ જ્ઞાન છે એ તો આત્માનું જ હોય. જ્ઞેયનું તો જ્ઞાન હોય નહિ. એમ વિચાર કરે તો એને ખ્યાલ આવે કે ચૈતન્ય અનુવિધાયી પરિણામ શક્તિની વ્યક્તિ છે. તો આ જ્ઞાન તો આત્માનું હોવું જોઈએ. સમજી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયા! એમ પણ એને થતું નથી. અનાદિકાળથી એની મૂઢતા છે અને ઈન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે અને ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માને છે. ઈન્દ્રિયજ્ઞાન જેને જાણે એને પોતાનું માને છે. આખો સંસાર ઊભો થઈ ગયો.

**પ્રશ્ન :-** નિરપેક્ષ ઉપયોગ એટલે ઉપયોગની પ્રગટતા જ નથી.

**ઉત્તર :-** એ નિરપેક્ષ અને સ્વપરનો પ્રતિભાસ થાય છે એ સાપેક્ષ. એનું વિશેષણ આવ્યું ને સમજાવવા માટે. એ ઉપયોગનો અર્થ શું? ઉપયોગ કોને કહેવાય? કે એમાં સ્વ ને પર પ્રતિભાસ, જણાય વગેરે એમ.

**પ્રશ્ન :-** મતિશ્રુત જ્ઞાનની આઠ ઉપાધિ ગૌણ કરતાં તત્કાળ અનુભવ થાય છે આ જ્ઞાન સામાન્ય ઉપયોગ નથી?

**ઉત્તર :-** વિશેષ છે અતીન્દ્રિયજ્ઞાન. ઈ અતીન્દ્રિયજ્ઞાન મતિશ્રુત છે તે ગૌણ કરો તમે તો એકલું અતીન્દ્રિયજ્ઞાન રહે. (ત્રણ અજ્ઞાનને પણ ગૌણ કરવા જેવા છે) હા. ઈ તો છે જ નહિ એમાં. ઈ તો તમે કાઢી નાખો. મતિશ્રુત તો સમ્યક્ છે. ઈ મતિશ્રુતને પણ બાદ કરો. ઓલું તો અજ્ઞાનમાં જાય છે ત્રણ જ્ઞાન. આ તો સાચું જ્ઞાન છે. શ્રુતજ્ઞાન વડે શુદ્ધાત્મા જણાય છે. શ્રુતજ્ઞાન દ્વારા શુદ્ધાત્મા જણાય છે. સમજી ગયા! પણ પછી પ્રવચનસારમાં તો એમ લીધું કે તમે શ્રુતને ગૌણ કરો, બાદ કરો, તો એ જ્ઞાન જ છે બસ. એ જ છે એમ. અને એમ જ્યાં કરવા જાય ત્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય.

**પ્રશ્ન :-** સામાન્ય ઉપયોગ નહિ પણ વિશેષ એટલે સાપેક્ષ ઉપયોગ કહી શકાય?

**ઉત્તર :-** એ સાપેક્ષ જ છે ને. કેમ કે આત્માનું એને લક્ષ કર્યું તો સાપેક્ષ થઈ ગયું. ઈન્દ્રિયજ્ઞાનને સાપેક્ષ કહેવાય એ પરનું લક્ષ કરે છે માટે સાપેક્ષ.

બાકી એક વિષય એવો છે કે એ જ્ઞાન જે પ્રગટ થાય છે ને આત્માના લક્ષે એ તો સાપેક્ષ છે. પણ જ્ઞાન આત્માનું લક્ષ કરે છે માટે તે જ્ઞાન સમ્યક્ છે એમ પણ નથી. ઈ જ્ઞાનને જ્ઞાયકનું અવલંબન નથી એવું જ્ઞાન સત્ અહેતુક છે, એ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિરપેક્ષ છે. આ સહેતુક થઈ ગયું.

એ જ્ઞાને આત્માનું અવલંબન કરી આત્માને પ્રસિદ્ધ કર્યો એ સહેતુક થઈ ગયું. સાપેક્ષ થઈ ગયું. ઈન્દ્રિયજ્ઞાન નથી માટે નિરપેક્ષ પણ આમ જોઈએ તો સાપેક્ષ. પણ એને સત્ જુઓ તમે જ્ઞાનની પર્યાયમાં, હવે જ્ઞાનની પર્યાયને જ્યારે તમે સત્ જોશો ત્યારે દ્રવ્ય સત્ત જણાય જશે.

હું જ્ઞાનની પર્યાયને અંદરમાં વાળું ને મને અનુભવ થાય તે ઉપદેશનું કથન છે. ઉપદેશ બોધમાં બધું આવે. પણ તમે ઉંડાણમાં જાવ તો તમને ખબર પડે એનો સ્વકાળ જ્યારે પાકે છે ત્યારે એનું લક્ષ સ્વ ઉપર જ હોય. રાગની પર્યાયનો સ્વકાળ પાકે છે ત્યારે તેનું લક્ષ પર ઉપર જ હોય. સ્વ ઉપર હોય જ નહિ એમ. (કથનશૈલી એ સાપેક્ષ છે પણ સમજવું નિરપેક્ષ) હા. સાપેક્ષથી સમજાવવું પડે પણ સમજવાનું તો નિરપેક્ષ છે. સમજાવવું સાપેક્ષથી સમજવું નિરપેક્ષ. સાપેક્ષ તે વ્યવહાર છે અને વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અપાય છે કાંઈ? નિરપેક્ષ સમજે તો એની કર્તાબુદ્ધિ ચાલી જાય અને પરની જ્ઞાતાબુદ્ધિ પણ જાય.

જ્ઞાનમાં આત્માનો આશ્રય થાય ત્યારે જ્ઞાન પ્રગટ થાય છે એમ પણ નહિ. સત્ અહેતુક પર્યાય છે. દ્રવ્ય સત, ગુણ સત્ અને પર્યાય સત્. આ જે પુસ્તક બહાર પડશે ને એમાં બહુ સારું આવશે. પ્રવચનસારનું પુસ્તક બહાર પડવાનું છે. ૯૩ ગાથાથી ૧૧૪ ગાથા સુધી સત્‌નો વિસ્તાર આવશે. બહુ સારો આવશે. ઉત્પાદ, ઉત્પાદથી છે ને વ્યયથી નથી. બધું સત્ છે. હવે જો બધું સત્ તમને દેખાય તો આને હું કરું તો થાય અને દેશનાલબ્ધિ સાંભળું તો સમ્યક્‌દર્શન થાય! અરે સ્વાધીનતા થાય તો કર્તા મટી જાય. એકદમ સ્વાધીનતાની વાત ચાલે છે હોં. નિમિત્ત-નિમિત્તના સ્થાને રહેશે એનાથી આગળની વાત છે.

તમારી પાસે પરમાત્મા બિરાજમાન છે. સબ બાતે પૂરા કોઈ વાતે અધૂરો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી આત્મા. ભરચક જ્ઞાન ને આનંદથી ભરેલો છે એની પાસે માંગો એટલું મળે. અખૂટ ખજાનો ખૂટે નહિ કોઈ દિ'. તે ગુરુ પાસે માંગવા જાય તો ગુરુ કહે હું કંઈ આપું નહિ તમને. હું ક્યાંથી આપું. તમારી પાસે છે બતાવે એટલું સાપેક્ષમાં અટકવા જેવું નથી. સાપેક્ષના કથનો બહુ આવે છે શાસ્ત્રમાં. આ સ્વપરપ્રકાશક છે ને એ સાપેક્ષ છે. એના દ્વારા જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય સમજાવ્યું છે. જ્ઞેયોને જાણે છે માટે આત્માને જ્ઞાયક જાણનાર એમ કહેવામાં આવે છે. સમજાવવા માટે બીજો ઉપાય નથી.

**પ્રશ્ન :-** નિગોદથી માંડીને સિદ્ધ સુધી બધાં જ જીવોને ઉપયોગ લક્ષણ છે. હવે નિગોદના જીવનું લક્ષ પર ઉપર હોવાથી એ ઉપયોગ ઈન્દ્રિયજ્ઞાનમાં કન્વર્ટ થઈ જાય છે. અને સિદ્ધ ભગવાન તો કાર્યમાં પૂર્ણ પરમાત્મા થઈ ગયા. હવે તેમને તો લક્ષ કરવાનું બાકી રહ્યું નહિ તો સિદ્ધ ભગવાનના સામાન્ય ઉપયોગની શું સ્થિતિ છે?

**ઉત્તર :-** સામાન્ય ઉપયોગ ક્ષાયિકભાવમાં કન્વર્ટ થઈ જાય છે. સમયે, સમયે ક્ષાયિકમાં કન્વર્ટ થયો એ થયો. હવે એને ક્ષાયિક છે એ પહેલા સમયે કર્મના ક્ષયથી ક્ષાયિક થયો એમ કહેવાણું. બીજા સમયે કર્મનો ક્ષય નથી એને. સમજી ગયા! ઈ જરા વિચારવા જેવું છે. એટલા માટે પહેલા સમયે કહેવાય. ક્ષાયિકભાવ પ્રગટ થયો કર્મના ક્ષયથી પણ બીજા સમયે તો કર્મ રહ્યાં નથી. પણ એને ઉપચારથી ભૂતનૈગમનયની અપેક્ષાએ કહેવાય કે ક્ષાયિક જ્ઞાન થયું. કેવળજ્ઞાન કેવું? તો કહે ક્ષાયિક.

અત્યારે સીમંધર ભગવાનને ક્ષાયિક જ્ઞાન છે. તો કહે હા, છે એમ. ઈ નિયમસારમાં લીધું છે કે કેવળજ્ઞાનમાં ક્ષાયિકની પરિણતિ તન્મય છે, કેવળજ્ઞાનમાં લીધું છે. એ સાપેક્ષ કથન છે. કર્મના અભાવની અપેક્ષા એમાં આવે છે. કારણ કે અહીં વસ્તુ સ્વરૂપ નિરપેક્ષ છે. હવે નિરપેક્ષને તો ખરેખર કહી શકાતું નથી. વચનથી અગોચર છે. એટલે સાપેક્ષથી સમજાવાય છે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજો કોઈ ઉપાય નથી. કેવળજ્ઞાન કોને કહેવું? કે કર્મનો ક્ષય થાય એને કહેવું. પછી કેવળજ્ઞાન કોને કહેવું કે લોકાલોકને એક સમયમાં જાણે એને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. એમ સાપેક્ષ દ્વારા સમજાવવામાં આવે છે અને સાપેક્ષને સત્યાર્થ માની લીધું ઈ ભૂલ છે. વ્યવહારનય વડે જે નિરૂપણ કરવામાં આવ્યું હોય એને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું. સમજાવવામાં તો વ્યવહાર આવ્યા કરે. ઉપાય નથી બીજો.

છઠ્ઠી ગાથામાં જ્ઞાયક નામ આપ્યું. હવે જ્ઞાયક એટલે શું? તો શિષ્યને સમજાવવા માટે એમ કહ્યું કે જ્ઞેયને જાણે છે માટે એ ભાવને જ્ઞાયક નામ પ્રસિદ્ધ છે. આત્મા જાણનાર છે પણ પરને જાણે છે માટે જાણનાર છે. અગ્નિને દહન કહેવાય છે. કેમ દહન કહેવાય છે? કે લાકડા, છાણાને બાળે માટે દહન કહેવાય છે. હવે દહન તો એના સ્વભાવથી દહન છે. લાકડા-છાણાને તો બાળતીય નથી અડતીય નથી અગ્નિ લાકડાને, એ વખતે આ નિમિત્ત છે ને ઓલું લાકડું એની મેળે અગ્નિરૂપે પરિણમે છે. બસ બેય પરસ્પર નિરપેક્ષ છે પણ સાપેક્ષથી સમજાવે છે.

નિરપેક્ષ સુધી પહોંચવું મુશ્કેલ છે. રાગ પણ નિરપેક્ષ છે એમ જ્યારે ગુરુદેવે કહ્યું વિદ્વાનોને ત્યાગીઓની સભામાં, તેમને ન બેઠું. ઈ જાતનું ભાઈ! સત્ બહાર નથી આવ્યું. સાપેક્ષ એટલે વ્યવહાર, વ્યવહારથી સમજાવી શકાય. સમજાવી શકાય વ્યવહારથી પણ વ્યવહાર પકડવા યોગ્ય નથી. પકડી લીધો બધાએ. વ્યવહાર અનુસરવા યોગ્ય નથી પણ પકડી લીધો બધાએ.

હવે રાગ તો વિભાવ છે એને નિરપેક્ષ કેમ કહેવાય? રાગ તો કર્મના ઉદય વિના થતો નથી, કર્મના ઉદયના આશ્રય વિના થતો નથી. સમજી ગયા! કર્મના ઉદય વિના જ થાય છે. કર્મના ઉદયના આશ્રય વિના જ થાય છે. રાગની પર્યાયને એનું અવલંબન જ નથી. ઈ સત્ અહેતુક છે ઈ પણ. વિકાર, અવિકાર બેય સત્ છે, એમ હમણાં આત્મધર્મમાં આવ્યું'તું. એના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બોલો છે ને બધા એમાં. આમાં આપણે કયો બોલ છે ખબર છે? વિકાર, અવિકાર પણ ૫૮ મો, ૫૮માં વાંચી લેજો. (શ્રોતા - આત્મધર્મ વિશેષાંક) આત્મધર્મ, એમાં વિકાર-અવિકાર બેય નિરપેક્ષ છે.

એનું કારણ છે ભાઈ. કર્તાબુદ્ધિવાળાને પર્યાય સત્ બેસે જ નહિ. લખી રાખજો. કર્તાબુદ્ધિ છે જેને પર્યાયની હું કરું છું એમ, કાં મારાથી થાય ને કાં કર્મથી થાય. દ્રવ્યદૃષ્ટિની વાત આવે ત્યારે કર્મકૃત કહે અને અજ્ઞાન સિદ્ધ કરવું હોય તો જીવકૃત છે એમ કહે, એ બે ય વ્યવહાર છે. એ બે ય અભૂતાર્થ છે. પર્યાયકૃત છે રાગ, રાગ એની યોગ્યતાએ તે સમયે પ્રગટ થાય છે. એટલે આ જે પુસ્તક બહાર પડશે ને એમાં આવશે.

પુસ્તક બહાર પાડવાનું કારણ તે બે વર્ષ ઉપરાઉપરી સોનગઢ ગયા અને બપોરની ચર્ચામાં ચાલુ વાંચનમાં ચર્ચા બહુ થઈ. પછી એને એમ થયું કે હવે આ આમ તો નહિ માને, એટલે મેં કહ્યું ઓમેય નહિ માને આ વાત. યોગ્યતા એ રીતે. ભાઈ! આહાહા! સત્ બેસવું કઠણ છે. સત્ બેસે તેની દૃષ્ટિ કર્તાબુદ્ધિમાંથી છૂટી જાય. બધું સત્ત છે. થવાયોગ્ય થાય છે. આહાહા! પરિણામ થવા યોગ્ય થાય છે ને આત્મા જાણનારો જણાય છે. અરે! એ સમયે જાણનારો જણાય છે એટલે એ થવાયોગ્ય થાય છે એવું જ્ઞાન પર્યાયનું થાય. જાણનારો જ્યારે જણાય ત્યારે, ઓહોહો! આ તો થવા યોગ્ય થાય છે મફતનું મને હું કરું ઈ લાકડું ઘરી ગયું હતું...

**પ્રશ્ન :-** મિથ્યાત્વના પરિણામ પણ થવા યોગ્ય થાય છે.

**ઉત્તર :-** ભૂતાર્થનયે જો તમે મિથ્યાત્વને જાણો તો સમ્યક્દર્શન થઈ જાય. ભૂતાર્થનયે મિથ્યાત્વને, આસ્રવને જાણો તો સમ્યક્દર્શન થાય અને અભૂતાર્થનયે સંવર, નિર્જરા, મોક્ષને જાણો તો મિથ્યાત્વનો દોષ લાગે.

આ તો એક કુંદકુંદ ભગવાનની દેન છે બાકી કોઈ શાસ્ત્રમાં નથી કે ભૂતાર્થનયે નવને જાણતા સમ્યક્દર્શન થાય, નિયમ પાછો. તત્ત્વનો અભ્યાસ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓછો થઈ ગયો. એ જાતની ફૂરસદેય નહિ માણસને. કમાવું ન પડે તો ય કમાવામાં ચોંટી જાય. પાંચ કરોડ, દસ કરોડ, એક ફેક્ટરી હોય તો બીજી ફેક્ટરી. આહાહા! એક રજકણ હારે ન આવે હો. સત્‌નો વિસ્તાર છે બધો. બસ સત્ છે જગત આખું. જડ ચેતન સત્ છે. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્ અહેતુક.

**પ્રશ્ન :-** જ્ઞેયથી જ્ઞાન થતું નથી અને જ્ઞેયનું જ્ઞાન થતું નથી, તો તેમાં સંબધનો નિષેધ કે જ્ઞાન શક્તિનો નિષેધ છે.

**ઉત્તર :-** સંબંધનો નિષેધ છે. જ્ઞાતા, જ્ઞેયનો જે સંબંધ પરની સાથે છે એ વ્યવહાર છે. ઈ વ્યવહારનો નિષેધ આવશે ત્યારે શું થશે? જ્ઞાતા જ્ઞેય તો રહેશે પણ અહીંયા ને અહીંયા. હું જ જ્ઞાતા ને હું જ જ્ઞેય એક થઈ જશે. જ્ઞાતા-જ્ઞેયના વ્યવહારનો નિષેધ કરતાં જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયનું અભેદપણું અહીંયા પ્રગટ થશે. ઓલું જ્ઞેય થતું હતું રાગાદિ ને દેહાદિ, એ જ્ઞાતા જ્ઞેયનો વ્યવહાર હતો પણ એ વ્યવહાર તૂટી જાય, છૂટી જાય છે. અને અહીંયા (પોતામાં) જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેયનો અભેદ અનુભવ થાય છે પછી સવિકલ્પદશામાં આવતા રાગને જાણે તે વ્યવહાર કહેવાય. પહેલા એકતા હતી પછી વ્યવહાર કહેવાય.

**પ્રશ્ન :-** સામાન્ય ઉપયોગ લક્ષણમાં શક્તિ, સ્વભાવ અને સામર્થ્યનું સ્વરૂપ શું છે?

**ઉત્તર :-** શક્તિ, સ્વભાવ ને સામર્થ્ય. જ્ઞાન જ્ઞાનરૂપે રહે એ જ એનો સ્વભાવ, એ જ એનું સામર્થ્ય, જ્ઞાનનું અજ્ઞાન કદીય થાય જ નહિ. જ્ઞાન છે ને, એનું કોઈ કાળે અજ્ઞાન ન થાય એવું એનું સામર્થ્ય પણ છે. અજ્ઞાન ન થાય, જ્ઞાન જ રહે એવો એનો સ્વભાવ પણ છે ત્રીજો બોલ શું? શક્તિ પણ જ્ઞાનની જાણવાની બસ. (શ્રોતા-જાણનારને જાણ્યા કરે) નહિ ઈ અત્યારે નહિ. ઈ જુદી વાત છે. આ ઉપયોગની વાત છે. હા, આ ઉપયોગની વાત છે. ઉપયોગ તો ઉપયોગ જ છે બસ. એને હવે આપણે જ્ઞાયકનો સંબંધ રહેવા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દયો. સત્. એનું સામર્થ્ય સ્વભાવ, શક્તિ જાણવું, જાણવું, જાણવું, જાણવું ઈ શક્તિ છે. એમાં કોઈ દિ' કરવું, કરવું, કરવું નહિ આવે જ્ઞાનમાં. આવે? ઠીક, જ્ઞાન અશુદ્ધ થાય એવું આવે? (ના) નહિ, જ્ઞાન વિકૃત થાય એવું આવે? જ્ઞાન અપૂર્ણ રહે એવું આવે? કંઈ ન આવે, ઉપયોગ તો ઉપયોગ જ છે. ઉપયોગની વાત છે પૂછી'તીને તમે (સામાન્ય ઉપયોગની) હા, ઉપયોગ, સામાન્ય ઉપયોગની વાત.

**પ્રશ્ન :-** હવે આવા સ્વરૂપને સમજતાં ઓટોમેટીક જ્ઞેયથી જ્ઞાન વ્યાવૃત થાય કે નહિ?

**ઉત્તર :-** હા, જો એકલો સ્વપરપ્રકાશકમાં અટકે તો વ્યાવૃત ન થાય. કેમકે સ્વપરનો પ્રતિભાસ તો બધામાં છે. નિગોદમાં છે ને વિદ્વાનોને છે ને બધાને છે. હવે એને પ્રયોગ કરવાનો છે સ્વપરપ્રકાશકમાંથી. સ્વપરપ્રકાશક જે પર્યાયનો ધર્મ છે તે પ્રમાણજ્ઞાનનો વિષય છે. એ બેને ગ્રહણ કર્યો એણે સ્વપર બેયને, એમાંથી 'જાણનારો જણાય છે ને ખરેખર પર જણાતું નથી.' પ્રતિભાસ રહી જાય, લક્ષ છૂટી જાય ને અનુભવ થઈ જાય. એ પ્રયોગ કરવો જોઈએ. સ્વપરપ્રકાશકવાળાએ પ્રયોગ જ કરવાનો છે. સ્વપરપ્રકાશક જાણીને એના પક્ષમાં નથી રોકાવાનું. એટલે સ્વપરપ્રકાશક તો બધાની પાસે છે છતાં સમ્યક્જ્ઞાન નામ પામતું નથી. એ જ્ઞાનનું નામ સમ્યક નથી તો પછી એમાં આનંદ આવતો નથી.

સામાન્ય જ્ઞાનમાં આનંદ આવે કોઈ દિ'. (ન આવે)– વિશેષ શું છે? દુઃખરૂપ. તો એ વિશેષ પાછું કન્વર્ટ થઈ ને આમ થઈ જાય. દુઃખ જાય ને એની જગ્યાએ આનંદ આવે. આ બધા બંધ મોક્ષ થાય છે સુખ-દુઃખ, એ બધા વિશેષમાં થાય છે સામાન્ય જ્ઞાન તો સામાન્યરૂપ જ છે. એમાં કંઈ ફેરફાર નથી થતો.

પછી એ ઉપયોગમાં ઉપયોગ છે એમ જ્યારે ખ્યાલ આવે ત્યારે સંવર થઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય. પહેલા જ્યારે ઉપયોગમાં ક્રોધાદિ ને દુઃખ છે એમ હતું, ત્યાં સુધી આસ્રવ. હવે એ ઉપયોગમાં ઉપયોગ છે એટલે કે એ તો છે જ અંદર. ઉપયોગમાં જ્ઞાયક બિરાજમાન જ છે. પણ ખ્યાલ આવ્યો એને કે, ઓહો! મારા ઉપયોગમાં તો આત્મા જણાય રહ્યો છે. કેમકે ઉપયોગમાં આત્મા કેમ જણાય છે ને રાગ કેમ જણાતો નથી. (ઉપયોગમાં ઉપયોગ છે ને રાગ નથી) હા, રાગ નથી એટલે રાગ જણાતો નથી. જ્ઞાયકમાં તો રાગ નથી. ભાઈ! પણ ઉપયોગ જે પ્રગટ થાય છે સામાન્ય ઉપયોગ એમાં પણ રાગ નથી. પણ એ ઉપયોગ સામાન્ય ઉપયોગમાં જ્ઞાયક તો છે, જ્ઞાયક છે એટલે જાણનાર જ્યારે જણાય છે, એટલે જ્ઞાયકમાં તો રાગ નથી માટે રાગ જણાતો નથી અને ઉપયોગ જે છે પ્રગટ થાય છે એમાંય રાગ નથી, ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગમાં ક્રોધાદિ નથી. 'ઉપયોગમાં ઉપયોગ કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં' એવું આવે છે ને ગાથામાં. આવડે છે બોલો.

ઉપયોગમાં ઉપયોગ કો, ઉપયોગ નહિ ક્રોધાદિમાં
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં.

હવે દુઃખ ઉપયોગમાં નથી. જ્ઞાયકમાં તો નથી આવતું પણ ઉપયોગ જે પ્રગટ થાય છે એમાંય દુઃખ નથી આવતું. પછી તો આગળ વધીને દુઃખ જણાતું નથી. પણ જે છે એ જણાય છે. નથી એ ક્યાંથી જણાય?

આમ તો સામાન્ય વિચાર કરે ને, જે છે એ જણાય છે. આ પ્રકાશમાં દિપક છે તો પ્રકાશમાં શું જણાય છે તો કહે દિપક, તો પ્રકાશમાં (બીજી વસ્તુ) નથી જણાતી? તો કહે ના. કેમ કે એ ભિન્ન છે. કેમ કે પ્રકાશમાં એ નથી. પ્રકાશકમાં પણ નથી અને પ્રકાશમાં પણ એ નથી, તો પ્રકાશમાં જે હોય એ જણાય છે. દિપક છે એ જણાય છે, પરપદાર્થ તો ભિન્ન જ છે પણ ઉપયોગમાં ઉપયોગ તો છે અનાદિ અનંત. એ તાદાત્મ્ય છે, ઉપયોગને આત્મા જુદા નથી. એક સત્તા છે. સંવર અધિકારની આબેહૂબ ગાથા છે. સંવર પ્રગટ કરવાની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિધિ, ઉપયોગમાં ઉપયોગ છે ને ઉપયોગમાં રાગાદિ નથી માટે એની સાથે આધાર-આધેય સંબંધ નથી, કર્તા-કર્મ સંબધ નથી એમ કરીને બહુ સારી ગાથા આવી છે.

**પ્રશ્ન :-** ઉપયોગમાં ઉપયોગ છે એમાં સામાન્ય ઉપયોગ લેવો?

**ઉત્તર :-** સામાન્ય ઉપયોગમાં ઉપયોગ છે એમ તમને લાગે કે 'જાણનાર જણાય છે' તો શુદ્ધોપયોગ થઈ જાય. એવું ક્યાં કર્યું છે. ઉપયોગમાં તો ઉપયોગ અનાદિ અનંત છે બધાની પાસે. ઉપયોગમાં ઉપયોગ છે એ તો અનાદિ અનંત છે. (એ તો સ્થિતિ છે બધાની) સ્થિતિ છે. બસ પણ ઉપયોગમાં ઉપયોગ છે અને રાગાદિ નથી એવું ભેદજ્ઞાન જ્યાં કર્યું, ત્યાં ઉપયોગ શુદ્ધોપયોગ થઈ ગયો. તેમાં ભેદજ્ઞાન છે. ક્રોધાદિ નથી મારા ઉપયોગમાં. ક્રોધ ક્રોધમાં છે. ઉપયોગમાં તો ઉપયોગ જ છે. પહેલો ઉપયોગ પર્યાય, બીજો ઉપયોગ દ્રવ્ય. (અસ્તિ-નાસ્તિ અનેકાંત વડે એક પદાર્થની સિદ્ધિ થાય) થાય બસ.

**પ્રશ્ન :-** સ્વપરપ્રકાશક એવી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકાર ધર્મ તેમજ જ્ઞાનાકાર ધર્મ સ્વાભાવિક છે. તો જ્ઞેયાકાર ધર્મને સ્વીકારવાથી અનુભવ થાય કે જ્ઞેયાકાર ધર્મને નિષેધવાની અનુભવ થાય?

**ઉત્તર :-** એ જ્ઞેયાકાર જ્ઞાન જ્યારે થાય છે ત્યારે જ્ઞેયાકાર જ્ઞાન વખતે જો એમ આવી જાય કે આ જ્ઞેય છે આ તો જ્ઞેય છે. જ્ઞેયાકાર જ્ઞાન એટલે આનો (જ્ઞેયનો) જે પ્રતિભાસ થયો તેનું નામ જ્ઞેયાકાર જ્ઞાન, ઈ જ્ઞાનની પર્યાય. સમજી ગયા! એ આત્માની પર્યાય છે. આ (જ્ઞેય) તો નિમિત્ત માત્ર છે.

હવે એ વખતે એમ કહે છે કે, જો જ્ઞેયાકાર જ્ઞાન પ્રગટ થાય છે સમયે સમયે બધાને, સમયે સમયે બધાને પ્રગટ થાય છે, તે સમયે તે જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે એટલે જ્ઞેયાકારના સદ્‌ભાવમાંય જ્ઞાયક જણાય છે. અને જ્ઞેયાકારના અસદ્‌ભાવમાં પણ જ્ઞાયક જ જણાય છે.

એમ લખે છે જ્ઞાતઃ તે તો તે જ છે. જે જ્ઞાયકપણે જણાયો, એ ક્યારે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાયકપણે જણાયો? કે જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞેયાકાર અવસ્થામાં જો જ્ઞાયકપણે છું જો એમ જણાય જાય તો સમ્યક્જ્ઞાન અને જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાય તો મિથ્યાજ્ઞાન. છઠ્ઠીના લેખ છે ને. કુંદકુંદ ભગવાને તો એટલું જ ચોથા ચરણમાં લખ્યું કે જ્ઞાતઃ તે તો તે જ છે. સમજી ગયા! જ્ઞાતઃ તે તો તે જ છે. હવે તે તો તે જ છે.

એટલે જણાયો જ્ઞેયાકાર અવસ્થામાં એ પણ સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં એવો ને એવો જ જણાયો. કાંઈ એમાં ફેરફાર ન થયો. જે પરોક્ષ અનુભૂતિ થઈ એવો જ પ્રત્યક્ષ અનુભવમાં જણાય જાય છે. પણ તમે જો એ વખતે એમ લ્યો કે જ્ઞેયાકાર, જ્ઞેયાકાર અવસ્થા થઈ ત્યારે તો જ્ઞેય જણાય એમ નથી. જ્ઞેય જણાય ને એનો નિષેધ કરો એ તો બધું છે પણ મૂળ સૂક્ષ્મ વાત તો આ છે. સમજી ગયા!

એ તો વિધિ નિષેધથી સમજાવવું પડે કે પરને જાણતો નથી. કેમ કે એ જ્ઞેયમાં અટક્યો છે. જ્ઞેયાકાર જ્ઞાન વખતે મને જ્ઞેય જણાય છે, રાગ જણાય છે, દુઃખ જણાય છે. એમાં અટકી ગયું છે જ્ઞાન એટલે નિષેધ કરવો પડે. એ સમયે પણ તને ઈ નથી જણાતું દુઃખ કે રાગ, તને જાણનાર જણાય છે એમ લેને, તો તને જાણનાર જણાય જશે. કેમ કે એ દુઃખના વખતે જ જ્ઞાયક જણાય છે. આ ક્યાંય નથી કે દુઃખના કાળે જ્ઞાયક જણાય છે. જ્ઞાયક જણાય છે એનું કારણ શું? કે સ્વપરપ્રકાશક શક્તિ છે એમાં, એટલે જણાય છે. સ્વપરનો પ્રતિભાસ છે કે નહિ? પ્રતિભાસ છે માટે આવિર્ભાવ થાય છે. પ્રતિભાસ છે માટે આવિર્ભાવ થાય છે. પ્રતિભાસ જ ન થતો હોય તો આવિર્ભાવની વાત પણ ક્યાં રહી?

(જ્ઞેયાકાર જ્ઞાનનો નિષેધ કરવા માટે કથન કર્યું છે) બાકી જ્ઞેયાકાર જ્ઞાન વખતે જ્ઞાયક જ જણાય રહ્યો છે બધાને પણ એ માનતો નથી. બસ એટલું જ. એ એમ જાણે છે કે આ રાગ જણાય છે, શરીર જણાય છે, મકાન જણાય છે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ પંકજ જણાય છે, થઈ રહ્યું. સૌ સૌએ લગાડી દેવું. એટલે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે ને એટલે જ્ઞેયકૃત અશુદ્ધતા આવતી નથી, અજ્ઞાન થતું નથી. જો જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાય છે અને એ વખતે જ્ઞાયક નથી જણાતો તો અજ્ઞાન થઈ ગયું. અને એ ધંધો અનંતકાળથી કર્યો છે કે જ્ઞેયાકાર અવસ્થા વખતે જ્ઞેય જણાય છે.

પાછો એવો હોંશિયાર ને પંડિત ને મોટો થઈ ગયો છે તર્કબાજ કે ઉપયોગ તો એક સમયે એક જ હોય એટલે જ્ઞેય જ જણાય એ વખતે જ્ઞાયક ન જણાય એવા પણ તર્ક ઊઠે છે. શું કહ્યું કે આ જ્ઞેયને જાણવાનું જ્ઞાન જ્યારે પ્રગટ થયું ત્યારે ઉપયોગ તો એક સમયે આને જ જાણે. એ સમયે જ્ઞાયક જણાય છે. તમે કહો છો. શાસ્ત્રમાં લખ્યું છે અમને તો બેસતું નથી. સમજી ગયા! એમ તર્ક ઊઠે ને ઉપયોગ તો એક સમયે એક જ હોય. સમજી ગયા!

પણ એક સમયે જ્ઞેયાકાર છે, એનો વ્યય થઈને જ્ઞાનાકાર થવામાં શું વાંધો. ઉત્પાદ-વ્યય થાય કે નહિ પર્યાયમાં? ન થાય? થાય. તો બસ અંદરમાં વહ્યો જાઈશ. પેલા સમયે આના ઉપર (જ્ઞેય ઉપર) લક્ષ છે એટલે એ જણાય છે. હવે એને ખ્યાલ આવ્યો કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે. એ શું? જ્ઞેયો જ્યારે નિમિત્ત છે જ્ઞાનમાં, પ્રતિભાસે છે એ વખતે જાણનાર જણાય છે. એ શું? એમ વિચાર કરવા જ્યાં જાય છે, ત્યાં પર્યાય તો સમય સમયની છે. પૂર્વ પર્યાયનો વ્યય થઈ ઉત્તર પર્યાયમાં સંવર પ્રગટ થાય છે. ઉપયોગ તો પલટે કે ન પલટે. એક સમયે એને જાણે છે એ બરાબર છે પણ બીજા સમયે એને જ જાણે એવો કંઈ નિયમ છે? (નહિ) તો તો સમ્યક્‌દર્શન ન થાય કોઈને.

પહેલા સમયે જ્ઞેયને જાણે બીજા સમયે જ્ઞેયને જાણે એમ અનાદિ અનંત જ્ઞેયને જાણ્યા કરે તો તો ઈન્દ્રિયજ્ઞાન ઊભું થાય ને કોઈને સમ્યક્‌દર્શન ન થાય. (શ્રોતા : ઈ ખરેખર તો જ્ઞાનાકાર જ છે ને?) એ જ્ઞેયાકાર છે. એમાં જ્ઞેયાકારના કાળમાં ઈ જ્યારે જ્ઞેય જણાય છે ત્યારે તમને તમારો આત્મા જણાય છે એમ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યું. આમાં જ્ઞેયાકાર રાખ્યું અને અંદરમાં તમને લઈ ગયા. આપણને અંદરમાં લઈ જાય તો આપણને શું વાંધો. ત્યાં ઈ તો કામ કરવાનું છે બધાને.

આચાર્ય ભગવાનની ખૂબી છે. (પ્રતિભાસ રાખ્યો ને લક્ષ છોડાવ્યું) પ્રતિભાસ ભલે રહ્યો જ્ઞેયનો, એની કોણ ના પાડે છે. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે એટલે જ્ઞેયકૃત અશુદ્ધતા આવતી નથી. જ્ઞેયથી જ્ઞાન થયું એવી અશુદ્ધતા ન આવી અને જ્ઞેયનું જ્ઞાન થયું એવી અશુદ્ધતા ન આવી. જ્ઞાયકનું જ્ઞાન થઈ ગયું. ઈ તો આપણે કળશ લીધો હતો કે અંતર્મુખ દૃષ્ટિથી જોતાં એકલો ચૈતન્ય ચમત્કાર પરમાત્મા દેખાય છે. ''ભિન્ના ભાવા નો દૃષ્ટા'' કોઈ દેખાતું નથી. એ સ્વપરપ્રકાશકમાંથી એણે સ્વપ્રકાશક કાઢ્યું કે નહિ.

એ વર્ણાદિથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો, રાગદ્વેષ ભાવો એ આ પુરુષથી ભિન્ન છે. એનાથી, આ પુરુષથી એટલે આત્માથી ભિન્ન છે. પુરુષ એટલે આત્મા. અંતર્દૃષ્ટિ વડે જોનારને એકલો ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મા દેખાય છે. માત્ર શબ્દ વાપર્યો છે. અને 'ભિન્ના ભાવા નો દૃષ્ટા' જે ભાવો ભિન્ન છે એ દેખાતા નથી. તો કહે કે ભિન્નપણે દેખાય છે? (શ્રોતા :- દેખાતા જ નથી. હવે તો ઓળખી ગયા પહેલા નહોતા ઓળખતા) કાંઈ વાંધો નહીં. બધાને શલ્ય રહી જાય ઘણાં પ્રકારના શલ્ય છે આ. (શ્રોતા :- દેખાતા નથી તે જ તેની પર્યાય ભિન્નતા છે) ત્યારે તો આ એક દેખાણો, ઓલો દેખાય તો આ ન દેખાય. ઓલું દેખવાનું બંધ થાય ત્યારે આ દેખાય. ઉપયોગ એ સમયે અંદર હોય. એમાં અંદર ઉપયોગ લ્યો ને બહારમાં શા માટે લ્યો છો. 'ભિન્ના ભાવા નો દૃષ્ટા'. એ ભાવો બધા મારાથી ભિન્ન છે એટલે મને દેખાતા નથી. અનુભવી એમ કહે છે. તો એક જ દેખાય છે તો મારો પ્રશ્ન છે કે સ્વપરપ્રકાશકનો ઘાત થઈ જશે. બોલો એનો શું જવાબ છે તમારી પાસે.

(શ્રોતા :- સ્વપરપ્રકાશકનો ઘાત ન થાય. પ્રતિભાસ તો પરનો થઈ રહ્યો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ને) પછી તો પ્રતિભાસ વહ્યો ગયો ને. અંદર ઉપયોગ ગયો પછી ક્યાં ત્યાં પ્રતિભાસ છે. પ્રતિભાસ તો ચાલુ જ રહે છે. (શ્રોતા :- પ્રતિભાસ તિરોભૂત થઈ ગયો ને જ્ઞાયક આવિર્ભૂત થઈ ગયો) સ્વપરપ્રકાશક તો અનાદિ અનંત છે. એનો નિષેધ કોણ કરી શકે ? જુઓ તો ખરા. ૩૭ મો શ્લોક વાંચો તો ખરા. આહાહા! લખનારને તો ગુણસ્થાન ને માર્ગણાસ્થાન જ્ઞાનમાં તો જણાણા કે નહીં? જણાયા વિના લખ્યું? આ છે. ગુણસ્થાન, માર્ગણાસ્થાન, રાગદ્વેષ મોહ તેને જણાણા. પણ કહે છે કે અંતર્દષ્ટિ વડે જોતાં તે કોઈ ભાવો દેખાતા નથી. દેખાતા નથી તેનું કારણ આપ્યું કે ભિન્ન છે માટે દેખાતા નથી. આહાહા! આખી અનુભવની તેમાં વિધિ દેખાડી છે. સ્વપ્રકાશક નિશ્ચયથી પછી નિશ્ચયથી સ્વપરપ્રકાશક અંદરનું થાય. બે. પછી પોતાના આત્માને જાણે સવિકલ્પદશામાં અને આ જણાય છે (રાગાદિ) તે વ્યવહાર છે. પોતાને જાણે છે ને લોકાલોકને જાણે છે તે વ્યવહાર સ્વપરપ્રકાશક ત્રીજું છે. ઈ ૧, ૨, ૩ છે. આ રીતે આત્મા જણાય. જે જ્ઞાનમાં જ્ઞાયક જણાય બીજું કાંઈ ન જણાય તેનું નામ સ્વપ્રકાશક. (અસ્તિનાસ્તિ) જ્ઞાન તે સ્વ ને આનંદાદિ તે પર અંદર અંદર ગુણોમાં. સ્વપરને નિશ્ચયથી સ્વપરપ્રકાશક બીજા નંબરનું. તે નિર્વિકલ્પ ધ્યાનમાં જ એ પ્રકારે સ્થિતિ હોય છે. પછી સાધક સવિકલ્પદશામાં આવે ત્યારે આત્મા પણ જણાય ને રાગાદિ, દેહાદિ પર જણાય તે સ્વપરપ્રકાશક તે વ્યવહાર છે. આ બધું નિયમસારમાં છે.

**પ્રશ્ન :-** ઉપયોગ લક્ષણનો બીજો સવિકલ્પ પણ સ્વભાવ હોવાથી તેમાં સ્વનું સ્વરૂપ ને પરનું પરરૂપ વિભાગપૂર્વક જ જાણતું જ્ઞાન પ્રગટ થાય છે તો પછી તેમાં ભેદજ્ઞાનનો પ્રશ્ન કેવી રીતે ઉદ્ભવે છે?

**ઉત્તર :-** એ જ્ઞાનનો પ્રશ્ન એવો છે કે તેણે એકતા કરી છે તો હવે તેણે ભિન્નતા કરવી જોઈએ. કે સ્વને સ્વ ને પરને પરરૂપે જાણે છે. ઈ જ્ઞાન ઉપયોગનો સવિકલ્પ સ્વભાવ છે. દર્શન નિર્વિકલ્પ છે. જ્ઞાન સવિકલ્પ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે સ્વપરનો વિભાગપૂર્વક એને જ્ઞાન થાય છે. વિભાગપૂર્વક અટેલે સ્વને સ્વપણે ને પરનું પરપણે જ્ઞાન થાય છે. પણ પરની સન્મુખ નથી. પરને પરપણે જાણે પણ પરની સન્મુખ જ્ઞાન ન થાય. નાસ્તિપણે જાણે, લોકાલોકની નાસ્તિ છે. આ શાંતિભાઈના બ્લોકમાં અમેરિકાના બ્લોકની નાસ્તિ છે બોલો. અમેરિકાનો બ્લોક તો તમે જોયો નથી. રશિયાનો બ્લોક તો તમે જોયો નથી. ચીનના ઘરની તો નાસ્તિ તમારામાં. એક અસ્તિ આત્માની ને લોકાલોકની મારામાં નાસ્તિ છે. એટલે લોકાલોક પ્રત્યે મમતા છૂટી જાય છે. એનું નામ ગ્રહણપૂર્વક ત્યાગ છે, આ સ્યાદવાદ્ છે. આત્માનું ગ્રહણ થયું અને આત્મા મારો છે એમ જ્યાં ગ્રહણ થયું, ત્યાં દેહાદિ મારા નથી. એટલે ત્યાગ થઈ ગયો, દેહ રહી ગયો અને ત્યાગ થયો. બોલો. મમતા છૂટી ગઈ. ત્યાગ અને વૈરાગ્ય બે શક્તિ કીધી ને. તે. જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ. આત્માનું જ્ઞાન અને પર પ્રત્યે ઉદાસ છે, મારું કાંઈ નથી બસ.

**પ્રશ્ન :-** સામાન્ય ઉપયોગ લક્ષણનો સ્વભાવ નિર્વિકલ્પ સવિકલ્પ છે તેમાં નિશ્ચય, વ્યવહાર, પ્રમાણ, નય, નિક્ષેપ વગેરે છે કે નથી? નથી તો કઈ રીતે નથી?

**ઉત્તર :-** સામાન્ય ઉપયોગમાં બિલકુલ કાંઈ નથી. એ જે નય, નિક્ષેપ અને પ્રમાણ એ બધું વિશેષમાં છે. ઉપયોગમાં તો ઉપયોગ જ છે બસ. કેમ કે એ ખરેખર તો નિર્વિકલ્પ જ છે. સવિકલ્પ કહેવાય ભલે જ્ઞાનના સ્વભાવની અપેક્ષાએ બાકી જેમાં ફેરફાર થાય છે એ વિશેષ છે. બંધમોક્ષ થાય છે તે વિશેષમાં થાય છે. અને આ હેય છે અને ઉપાદેય છે એ બધું વિશેષમાં થાય છે.

નિશ્ચયનયથી આવો છે અને વ્યવહારનયથી આવો છે એ બધા શ્રુતજ્ઞાનના જે બધા વિકલ્પો છે તે વિશેષમાં થાય છે. સામાન્યમાં નય, નિક્ષેપ અને પ્રમાણ કાંઈ નથી. એ ઉપયોગ પછી કન્વર્ટ થઈ જાય છે વિશેષમાં. સામાન્ય શુદ્ધમ્ વિશેષ અશુદ્ધમ્. જો સામાન્ય ઉપર તેનું લક્ષ જાય છે તો શુદ્ધ થઈ જાય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. વિશેષ એટલે કે પર્યાય ઉપર લક્ષ જાય છે તો પર્યાય અશુદ્ધ થઈ જાય છે. એટલે પર્યાયાર્થિક ચક્ષુને બંધ કરવાનું કહ્યું.

આચાર્ય ભગવાને અનુક્રમ બતાવ્યો છે. જીવે ક્રમભંગ કર્યો છે. જીવ પહેલા પર્યાયને જોવા ગયો, એને બદલે આચાર્ય ભગવાને કહ્યું, પહેલા દ્રવ્યને જાણ પછી પર્યાયને જાણ. અને પછી બેયને જાણ. એવો અનુક્રમ છે. તેને બદલે ક્રમભંગ કર્યો છે. આત્માને જાણવાનું છોડી દીધું અને પરને અને પર્યાયને જાણવા રોકાણો. એટલે હવે અનુક્રમમાં આવે છે.

હવે નક્કી કરે છે કે પ્રભુ આજ સુધી મેં ક્રમભંગ કર્યો અને ઘણાં દોષો આવી ગયા અને એનું દુઃખ મે વેદ્યું. હવે હું અનુક્રમમાં આવું છું. પહેલા દ્રવ્યને જાણીશ પછી પર્યાયને અને પછી બેયને. પરને જાણવાની વાત તો આમાં ક્યાંય છે જ નહીં. પરને જાણવાની કોઈ ચક્ષુ જ નથી. ચક્ષુ નથી ને માટે નયાભાસ છે. નયાભાસનું પણ કારણ છે. ત્રીજી ચક્ષુ જ નથી. બે ચક્ષુ છે. કાં દ્રવ્યને જાણે અને કાં પર્યાયને જાણે. બેને જાણે તો પ્રમાણજ્ઞાન પણ એ બધું અંદર અંદર. પ્રમાણની બહાર કાંઈ નથી. પરને જાણવું એ અસદ્‌ભૂત લક્ષણ છે અસદ્‌ભૂત જ છે બહારની વાત તો, પણ પંચાધ્યાયી કર્તાએ અસત્ લક્ષણ કહ્યું છે. એનું કારણ આપણે શોધ્યું કે ત્રીજી આંખ જ નથી. ત્રીજી આંખ હોય તો પરને જાણે. કાં દ્રવ્યને જાણે અને કાં પર્યાયને જાણે પણ પરને જાણવાની તો કોઈ ચક્ષુ જ એટલે કે જ્ઞાન જ નથી.

એમાંથી આપણને વિચાર આવ્યો કે ઈ બરાબર છે. જો એ જ્ઞાન જ નથી તો પરને જાણે છે તેમ કહેવું તે નયાભાસ છે. નય ન રહી. એટલે તમારે આમાં મોટો ફાયદો છે, કે પરને જાણવાનું તો પહેલું બંધ કરો. આણે શું કર્યું? આ ક્યાં ગયો હતો? આ મારી વાત તો નહીં કરતો હોય ને? આ એમ કરીને આખી જિંદગી કાઢી નાખી.

અહીંયા કહે છે કે તારી પાસે જ્ઞાન જ નથી પરને જાણવાનું કે સાંભળવાનું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શબ્દ કહેતો નથી કે તું મને જાણ અને આ આત્મા શબ્દને જાણવા જતો નથી. નિંદા પ્રશંસાના કોઈ શબ્દો કહે, મને કાંઈ થતું નથી. કારણ કે હું તો તેને શબ્દને જાણતો જ નથી. મને કહ્યું એવું ક્યાં છે. કેને કહ્યું? આત્માને તો એ શબ્દ જાણતો જ નથી. આ દેહને કહે તો દેહ તો મારો છે નહિ. શાંતિનો માર્ગ છે.

પ્રશ્ન :- પંચાધ્યાયી કર્તાએ ગાથા ૫૮૫, ૫૮૬ માં જ્ઞાન પરને જાણે છે તેને નયાભાસ કહ્યું. જ્ઞેય જ્ઞાયક સંબંધને લઈને જ્ઞાનને જ્ઞેયગત કહ્યું તે નયાભાસ છે. તો પ્રશ્ન છે કે ઉપયોગની અંદર સ્વપરપ્રકાશકની જ્ઞપ્તિ ક્રિયામાં એકલા જ્ઞેયાકાર જ્ઞાનને જ જાણે તો તેને પણ નયાભાસ કહી શકાય?

**ઉત્તર :-** પરને જાણે છે તે નયાભાસ છે. જ્ઞેયાકાર જ્ઞાન તો પોતાની પર્યાય છે. જેમાં જ્ઞેયો પ્રતિભાસે છે, એવી જે જ્ઞાનની પર્યાય છે એને જાણે છે. રાગ જેમાં જણાય તેને જાણે છે. રાગને જાણે છે તે ઉપચરિત સદ્ભૂત વ્યવહાર છે. પોતાની પર્યાયને જાણે છે. આ તો પોતાના દ્રવ્ય અને પર્યાય તેને જાણવાનું છોડી અને પ્રમાણની બહાર નીકળી ગયો. ''પ્રમાણની બહાર જવું નહિ અને પ્રમાણમાં અટકવું નહિ.'' આ તો અંદરની વાતો છે બધી. બહારની વાત, બહારને જાણવાની ચક્ષુ જ નથી મારી પાસે. આ સારું પ્રશ્ન થાય ને તો ચર્ચા થાય ને તો પાકું થાય. જે જાણતા હોય તેને દ્રઢતા થાય અને જે ન જાણતાં હોય તેને નવું જાણવા મળે.

**પ્રશ્ન :-** ઉપયોગ લક્ષણમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે. સ્વનો પ્રતિભાસ તે સ્વજ્ઞેયાકાર અને પરનો પ્રતિભાસ તે પરજ્ઞેયાકાર તેવું સાપેક્ષપણું તો ઉપયોગમાં નથી. તો પછી ઉપયોગનો નિરપેક્ષ પ્રતિભાસિત સ્વભાવ કેવો છે? ઉપયોગના કારણ નિરપેક્ષ પ્રતિભાસિત સ્વભાવને જાણતા પર્યાયદૃષ્ટિ છૂટે કે પર્યાયદૃષ્ટિ થાય?

**ઉત્તર :-** ઉપયોગમાં ઉપયોગ છે તેમ જાણતાં પર્યાયદૃષ્ટિ છૂટી જાય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગમાં જણાણું શું? ઉપયોગ. વિશેષમાં શું જણાણું? સામાન્ય. આ પ્રકાશ છે એ આને (પરને) પ્રસિદ્ધ નથી કરતો. એ હમણાં નયાભાસમાં કહ્યું ને એમ પંચાધ્યાયી કર્તા કહે છે.

સાંજે સૂર્ય ડૂબી જતાં બાળકે કહ્યું, પિતાજી આ મકાનો જણાતાં નથી. દિવસે તો જણાતાં'તા. અત્યારે તો જણાતાં નથી. બાપુજીએ કહ્યું સૂર્યનો ઉદય થાય ત્યારે જણાય. સવાર પડ્યું, તેણે કહ્યું, બાપુજી! હવે મકાન જણાય છે. મકાન જણાય છે કે બીજું કાંઈ જણાય છે? મકાન જ જણાય છે. આ પ્રકાશ છે એ સૂર્યનો છે કે મકાનનો? પ્રકાશ તો સૂર્યનો જ હોય. તો આમ જો તો સૂર્ય તને દેખાશે. ત્યારે આમાં મર્મ શું છે? દિવસના જણાય અને રાત્રે ન જણાય. તે શું?

તો કહે છે કે મકાનની જે પર્યાય હતી એ નિમિત્તનો અભાવ થતાં અંધારારૂપે પરિણમી. છે તો નિરપેક્ષ. નિમિત્તના અભાવમાં મકાનની જે સફેદ પર્યાય હતી તે સફેદ પર્યાયનો વ્યય અને કાળી પર્યાયનો ઉત્પાદ, મકાનમાં ને મકાનમાં જ. એટલે કાળી પર્યાય થઈ રાત્રે.

હવે સવારે સૂર્ય ઉગ્યો, તો નિમિત્તના સદ્ભાવમાં ઈ જે કાળી પર્યાય છે તેનો વ્યય થઈને તેમાં ને તેમાં જ સફેદ પર્યાય પ્રગટ થઈ. એટલે મકાન તને હવે અત્યારે દેખાય છે. સૂર્યને કારણે નહિ. સૂર્યનો સદ્ભાવ હો કે અભાવ હો. (શ્રોતા :- સૂર્યના નિમિત્તને પણ કાઢી નાખ્યું) નિમિત્ત છે જ નહિ. નિમિત્તનું લાકડું ઘૂસી ગયું છે. નિમિત્તના સદ્ભાવમાં ઉપાદાન જણાય છે. નિમિત્તના સદ્ભાવમાં કે નિમિત્તના અભાવમાં ઉપાદાન જ જણાય છે. બાળ-ગોપાળ સૌને જણાય છે.

એમાં લખ્યું નથી કે નિમિત્તના સદ્ભાવમાં ન જણાય અને નિમિત્તના અભાવમાં જણાય, એમ લખ્યું છે કાંઈ એમાં? સદાકાળ, ત્રણેકાળ, સમયે-સમયે બાળ-ગોપાળ સૌને ભગવાનઆત્મા જણાય છે. તો કહે ના. સોનગઢ જાય તો જણાય. રાજકોટમાં ન જણાય. એવું ક્યાં લખ્યું છે? દ્રવ્ય, ગુણ અને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયની શક્તિ કોઈ જુદી જાતની છે.

**પ્રશ્ન :-** ઉપયોગ લક્ષણનું સવિકલ્પપણું તે સ્વભાવિક છે કે વૈભાવિક છે?

**ઉત્તર :-** સ્વભાવિક છે. જ્ઞાન સવિકલ્પ છે ને તે સ્વભાવ છે. સવિકલ્પ એટલે ભેદ પાડીને જાણવું. તે એનો સ્વભાવ છે જ્ઞાનનો. જડને જડ, ચેતનને ચેતન એમ જાણે.

**પ્રશ્ન :-** હવે સ્વલક્ષીજ્ઞાનમાં પણ સ્વપરપ્રકાશકપણું છે તો તે પણ સ્વભાવિક છે?

**ઉત્તર :-** તે સ્વભાવિક છે. સ્વપરપ્રકાશપણું તે તો એનો પર્યાયનો સ્વભાવ જ છે. પછી પરને જાણતો હોય, સ્વને જાણતો હોય, નિર્વિકલ્પ ધ્યાનમાં હોય, સવિકલ્પમાં હોય તે જ્ઞાનની પર્યાયનો સ્વતઃસિદ્ધ સ્વભાવ છે. તેમાં સ્વપરનો પ્રતિભાસ થાય, થાય ને થાય જ. ચાલુ જ છે. કોઈ દિ' અસ્ત ન થાય. સિદ્ધમાં પણ છે. નિગોદ અવસ્થામાં પણ છે.

**પ્રશ્ન :-** જ્ઞપ્તિ ક્રિયા સ્વપરપ્રકાશક છે હવે તેમાં ઉપયોગલક્ષણ એકાંત સ્વપ્રકાશક જ છે તો તેમાં દોષ આવે કે ન આવે?

**ઉત્તર :-** દોષ આવી જાય. જ્ઞપ્તિ ક્રિયાથી વાત ઉપાડીને તો તે તો સ્વપરપ્રકાશક છે. ઉપયોગ લક્ષણ છે અને ઉપયોગનું લક્ષણ સ્વપરની જ્ઞપ્તિરૂપ પ્રકાશતું જ્ઞાન. સ્વ અને પર બેય જણાય એવી જ્ઞાનની ક્રિયા સમયે સમયે થાય છે, એ જીવનું લક્ષણ છે. એકન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય વગેરે જીવનું લક્ષણ નથી. લક્ષણ બાંધ્યું છે એનું પરપદાર્થથી જુદું પાડવા માટે.

સ્વભાવ છે સ્વપરપ્રકાશક તો તે સ્વભાવ જ છે, વિભાવ નથી. સ્વપરપ્રકાશકનો પક્ષ છે તે વિભાવ છે. કેમકે સ્વપરપ્રકાશક સ્વભાવ છે તેથી પરથી વ્યાવૃત થવાનો પ્રશ્ન રહે છે. પરને હું જાણું છું, સ્વને જાણું છું અને પરને જાણું છું. પરને જાણતાં તો અનંતકાળ ગયો, સુખ આવ્યું? જો પરને જાણવું ખરેખર સ્વભાવ હોય તો તો સમ્યગ્દર્શન પરને જાણતાં થવું જોઈએ. તો તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપદેશ નકામો જાય કે પરનું લક્ષ છોડો અને સ્વનું લક્ષ કરો. પરથી ખસો અને સ્વમાં વસો. એ ઉપદેશ નકામો જાય. ઈ તો એનું સ્વપરપ્રકાશક સામર્થ્ય બતાવ્યું છે.

૩૭ મો શ્લોક વારંવાર વાંચવા જેવો છે અને સોનેથી મઢાવવા જેવો છે. અંતર્મુખ દૃષ્ટિ કરતાં એક આત્મા જ જણાય છે. તેમાં જતીન (પર) જણાતો નથી એમ કહે છે. જતીન જણાતો નથી એટલે જતીનનું કાંઈ અસ્તિત્વ નથી? અસ્તિતવ તો છે તેનું. એનું અસ્તિત્વ એનામાં અને હું મારામાં.

**પ્રશ્ન :-** ઉપયોગ લક્ષણ તે પરમાં કે રાગાદિમાં તન્મય થતું નથી માટે તે કર્તા તો નથી. પરંતુ ઉપયોગ પરને જાણે તેમાં શું દોષ આવે?

**ઉત્તર :-** ઉપયોગ પરને જાણે તેમાં એ દોષ આવ્યો કે, ઉપયોગ કેનો હતો? કે આત્માનો. હવે આત્માને જાણવાનું છોડી દીધું. પરને જાણે છે એ દોષ નહિ પણ ઉપયોગે આત્માને જાણવાનું છોડ્યું તે દોષ કહેવાય. પરને જાણવાનો વ્યવહાર સાધકને હોય છે. એ દોષ નહિ. પણ સ્વને જાણવાનું જ્ઞાન છોડે છે એટલે અજ્ઞાન ઊભું થઈ ગયું. સ્વભાવથી ચ્યુત થયો.

એક શ્લોક આવે છે ને 'શુદ્ધનયને ત્યજે તો બંધ અને શુદ્ધનયને ગ્રહે તો મોક્ષ' જ્ઞાન આત્માને જાણે તો મોક્ષ. આત્માને જાણવાનું છોડી અને શુદ્ધનયને ત્યજે તો બંધ. ઉપયોગ આત્માનો છે અને આત્માને જાણવાનું છોડી દે? આ પ્રકાશ છે તે દિપકનો છે અને તે કહે કે દિપક મને જણાતો નથી. એક બીજો દીવો લઈ આવો તો મને જણાય. આ પ્રકાશમાં આ દીવો જણાતો નથી. જ્યારે બીજો દીવો લઈ આવો તો જણાય. પ્રકાશનો દીવો તને જણાતો નથી? એમ ઉપયોગમાં આત્મા જણાય છે બાળ-ગોપાળ સૌને. તને જણાતો નથી? દોષ થઈ જાય છે. પોતાને છોડીને પરને જાણવા જાય તે અધ્યવસાન છે. પોતાને જાણતાં પરને જાણે તો મિથ્યાત્વનો દોષ લાગતો નથી. દોષ તો ખરો જ. એમાં રાગ ઉત્પન્ન થાય. મિથ્યાત્વ ઉત્પન્ન ન થાય. સાધકને પણ જ્ઞાન,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શન, ચારિત્રનું જઘન્ય પરિણમન એ કર્મબંધનું કારણ છે જઘન્યપણે. એ ઈન્દ્રિયજ્ઞાન છે. કેવળજ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તેવું પરિણમન રહે.

**પ્રશ્ન :-** ઉપયોગ પરને જાણે તેમાં શું દોષ આવે. કારણ કે જ્ઞાન પરને કારણે પરને જાણતું નથી. એ તો પોતાના ક્ષણિક નિજ ઉપાદાન કારણથી જ જાણે છે. જાણવું તે તો ધર્મ છે, પરની સન્મુખ થઈને તો પરને જાણવાનો નિષેધ જ છે પરંતુ પોતાના ને પોતાના જ્ઞેયાકારને જાણવામાં શું દોષ? કેમકે જ્ઞેયોનું જ્ઞાન તે તો જ્ઞાયક છે.

**ઉત્તર :-** એમાં પોતાને જાણવાનું છોડી દીધું. જ્ઞાયક જણાય છે એ વાત જ આવી નહિ. જ્ઞાયકને જાણતાં જાણતાં એને જાણે તો વ્યવહાર કહેવાય. જ્ઞાયકને જાણવાનું છોડી અને પરને જાણે તો અધ્યવસાનનો દોષ આવે. વ્યવહાર નથી તે. પોતાને જાણતાં સાધક પરને જાણે તે વ્યવહાર છે. એ પણ એને દોષ માને છે, ગુણ નથી માનતા. વ્યવહારનો પક્ષ બહુ ચીકણો છે.

બોલો પરમ ઉપકારી શ્રી ગુરુદેવનો જય હો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ.ભાઈશ્રીની ઉપયોગ પરની તત્ત્વચર્ચા

## તારીખ : ૩૦/૬/૯૪, ગુરુવાર

**પ્રશ્ન :-** સૌ પ્રથમ નિર્ણય કરવાનો કાળ હોય ત્યારે શુદ્ધનયથી ધ્યેયરૂપતાની સિદ્ધિ કરી અને તેનો યથાર્થ નિર્ણય થયા બાદ જ્ઞેયની સિદ્ધિ માટે તેને અભેદનયનો નિર્ણય પણ જરૂરી છે?

**ઉત્તર :-** હા, જરૂરી છે. જ્યારે ધ્યેયનું ધ્યાન થાય છે, ધ્યેય જે ઉપાદેયભૂત વસ્તુ છે ધ્રુવ, જ્ઞાયક, સામાન્ય તેમાં અહં થાય છે, જ્યારે એનું ધ્યાન થાય છે, ત્યારે ધ્યાન તો પર્યાય છે અને ધ્યેય તો દ્રવ્ય છે. બરાબર છે. હવે બેય જ્યાં સુધી અભિન્ન ન થાય, અભેદ ન થાય, ત્યાં સુધી ધ્યેયનો પક્ષ કહેવાય. પણ સમ્યક્દર્શન થયું એમ ન કહેવાય.

જ્યારે જે બીજો બોલ છે એનો વિચાર કરે છે કે ધ્યેયનું ધ્યાન કરતાં ધ્યેય અને ધ્યાન એ બે વચ્ચે જો ભેદ રહે, તો તો વિકલ્પ ઉત્પન્ન થાય. પક્ષ તો ધ્યેયનો છે. ધ્યાનનો તો પક્ષેય નથી. એ ધ્યેયનો પક્ષ છે કે ધ્યેય છે તે હું છું. પણ ધ્યેયમાં હું પણું સ્થાપે છે એ ધ્યાન સ્થાપે છે. ધ્યાન પર્યાય છે અંતર્મુખ થયેલી. એ પર્યાયમાં હું ધ્યેય છું એમ લેતાં-લેતાં એને વિચાર આવે છે કે, ધ્યેય અને ધ્યાન એ બે ભેદ પડ્યા. તો તેમાં કાંઈ સાધ્યની સિદ્ધિ ન થાય. તો કાંઈક મારે વિચારવાનું બાકી છે, હજી એમાં એમ લાગે છે. તો વિચાર કરતાં એને ને એને ખ્યાલ આવે છે.

કેમ કે એ ધ્યેયનો નિર્ણય કરી ચૂક્યો છે એટલે નિર્ણયવાળાને બીજું પડખું ઓટોમેટીક આવી જાય છે. કેવી રીતે આવે છે કે ધ્યેયનું ધ્યાન. આ ધ્યેય છે તે જ હું છું. એનો આશ્રય કરતાં જ ધર્મની શરૂઆત થાય એ તો બધું એને કરી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીધું છે, ત્યારે ધ્યાન ને ધ્યેય જુદા પડે છે ત્યાં સુધી તો એને આનંદ નથી આવતો. અને મારો વિચાર તો સાચો છે. મારા વિચારમાં તો કાંઈ મને ખોટું લાગતું નથી. હું ધ્યેય છું. નિત્યનો નિર્ણય અનિત્ય કરે છે. બરાબર! અને નિત્યનો અનુભવ પણ અનિત્યમાં થાય છે. નિત્યનો અનુભવ નિત્યમાં થતો નથી.

હવે ધ્યેય તો જ્ઞાયકભાવ આવી ગયો. દૃષ્ટિમાં શ્રદ્ધા જ્ઞાનમાં સવિકલ્પદશામાં અને એનું જ ધ્યાન, રાગનું નહિ, નિમિત્તનું નહિ, પરનું નહિ, પંચ-પરમેષ્ઠીનું નહિ, કોઈનું નહિ, ભેદનું નહિ. ધ્યાન જો કરવા લાયક હોય તો અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય મારું નિજ પરમાત્મ દ્રવ્ય જ છે. તે ધ્યાનનો વિષય છે અને ધ્યેય જેમાં જણાય એ ધ્યાન છે. ધ્યાન ધ્યેયની તરફ વળે છે તો હવે ધ્યેય અને ધ્યાન જ્યાં સુધી ભેદ છે ત્યાં સુધી હજી સવિકલ્પદશા છે પછી એને પોતાને જ પોતાની મેળે ખ્યાલ આવે છે. સમજી ગયા!

કે ધ્યેય અને ધ્યાન એ તો ભેદ થયો તો પછી ધ્યેય અને ધ્યાન અનુભવના કાળે તો ભેદ રહે નહિ. ભેદ ન રહે તો અભેદતા થઈ જાય. અભેદતા થઈ જાય તો હું ધ્યાતા થઈ ગયો, બસ એમ. જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય કહો કે ધ્યાતા, ધ્યાન ને ધ્યેય કહો એક જ વાત છે.

હવે કોઈ જીવ એમ વિચાર કરે કે ધ્યેય મારા ખ્યાલમાં આવી ગયું. હવે જો ધ્યાતા ધ્યાન અને ધ્યેયને અભેદ કરું તો મારો દૃષ્ટિનો વિષય રહેશે નહિ. માટે ધ્યેય તો બરાબર છે પણ ધ્યાન તો અભેદ થાય જ નહિ. એ તો સર્વથા ભિન્ન છે. એ તો અભેદ થાય નહિ ને અભેદ થાય તો દૃષ્ટિનો વિષય રહેશે નહિ. માંડ માંડ દૃષ્ટિના વિષય સુધી પહોંચ્યા અમે અને હવે તમે એમ કહો છો કે એ ધ્યાન જુદું નહિ રહે આત્મા થઈ જશે. જો આત્મા થઈ જાય, પર્યાય દ્રવ્ય થઈ જાય તો અમારો દૃષ્ટિનો વિષય વહ્યો જશે હાથમાંથી. એને ભય લાગે છે એટલે બીજા પડખામાં એ આવી શકતો નથી. બીજા પડખામાં ન આવે ત્યાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સુધી અનુભવ થતો નથી.

પર્યાય દ્રવ્યને અડે છે. અડતી નથી એ વાતેય સાચી છે. પણ અડે છે, અડે છે શું એ પર્યાય દ્રવ્ય થઈ જાય છે પોતે પોતાનું વિસ્મરણ કરે છે. 'આ હું છું', 'સામાન્ય તે હું', હું પણું સ્થાપ્યું એટલે અભેદ થાય જ. આ બે વાત બહુ જરૂરની છે. હા, પછી કથંચિત્ લાગુ પડે ને, પહેલા તો સર્વથા ભિન્ન પર્યાય છે એમાં ધ્યેયનો નિર્ણય થયો. જુઓ! પહેલી વાત એ લીધી. મોદી સાહેબ! વાંચો.

(શ્રોતા - સૌ પ્રથમ નિર્ણયાત્મક ભૂમિકામાં) સૌપ્રથમ આત્માનો નિર્ણય કરવાની ભૂમિકા આવે છે ત્યારે શુદ્ધનયથી ધ્યેયની સિદ્ધિ કરી. શુદ્ધનયનો વિષય જે છે ધ્યેય એની સિદ્ધિ કરી. (અને તેનો યથાર્થ નિર્ણય થયા બાદ) એમાં યથાર્થ ઉપર વજન છે એટલે સમ્યગ્દર્શન એને આવ્યું જ સમજો, હમણાં જ. (જ્ઞેયની સિદ્ધિ માટે તેને અભેદ નયનો પણ નિર્ણય જરૂરી છે?) બહુ જરૂરી છે, ઘણો જરૂરી છે. નહિંતર એકાંત થઈ જશે. અનેકાંત સિદ્ધ નહિ થાય. સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત થાય છે. સમય એક છે.

ધ્યેય અને ધ્યાનના ભેદમાં રોકાણો તો અનુભવ ન થાય. અને અનુભવ થાય ત્યારે ભેદ દેખાતો નથી, અભેદ. એ કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન. અનુભવ જ્ઞાનમાં સ્યાદ્વાદ છે. અનુભવના વિષયમાં સ્યાદ્વાદ નથી. અનુભવનો વિષય જે શુદ્ધાત્મા છે એમાં તો સ્યાદ્વાદનો અભાવ જ છે. એમાં કથંચિત્ લાગુ પડતું જ નથી. કથંચિત્થી ઉપડે છે એ નહિ પહોંચી શકે.

સર્વથા ભિન્નથી ઉપડશે અને યથાર્થ નિર્ણય કરશે તો એને સ્યાદ્વાદ આવ્યો સમજો. આખી પ્રોસેસ તમને બતાવી હમણાં. ભેદ હોય ત્યાં સુધી અનુભવ ન થાય અને એ અભેદ થાય તો દૃષ્ટિનો વિષય સુરક્ષિત રહ્યો, ત્યારે જ ખરેખર દૃષ્ટિનો વિષય સમ્યક્ થયો. પર્યાય અભેદ થઈ ત્યારે જ ધ્યેયપૂર્વક જ્ઞેય થાય. દ્રવ્યગુણ પર્યાયથી આખો આત્મા જ્ઞેય થાય. ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ્



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્ જ્ઞેય થાય. સમયસાર અને પ્રવચનસારનો જન્મ એક સમયમાં થાય.

પહેલામાં સમયસારનો જન્મ થયો એમાં નિયમસાર આવી ગયું અને બીજામાં પ્રવચનસાર જોઈ લીધું આખું વાંચી લીધું, પણ તમે પ્રવચનસાર વાંચ્યું છે કે ભાઈ, પ્રવચનસાર ક્યાંક ક્યાંક વાંચ્યું છે, સાંભળ્યું છે પણ મને બહુ યાદ નથી ભાઈ, તો પણ આ કેવી રીતે જ્ઞેય થાય તો કહે તમે એ પ્રવચનસારમાં જોઈ લેજો. એ પ્રવચનસારમાં છે.

છે તો છઠ્ઠી ગાથામા બધુંય પ્રવચનસાર અને સમયસાર બેય પહેલો પારો ધ્યેયનો છે. બીજો પારો જ્ઞેયનો છે. (શ્રોતા : બદામનો મેસુબ આપી દીધો આજે. વચ્ચે બોલવાની મનાઈ છે પણ ભાવ આવી જાય છે કે બદામનો મેસુબ આપી દીધો) પ્રશ્ન સારો છે. યથાર્થ નિર્ણય થયો શુદ્ધનયથી શુદ્ધાત્માનો પછી જ્ઞેયનો નિર્ણય કરવાની આવશ્યકતા છે, જરૂરત છે. કહે હા. (શ્રોતા :- સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત કરવાનું છે) થાય જ. નહિંતર ઓલું સમ્યક્ એકાંત નામ નહિ પામે.

અહીંયા અનેકાંત થાય ત્યારે સમ્યક્ એકાંત નામ પામશે. હા, બહુ જરૂરી છે. સ્યાદ્‌વાદને ઉડાડો તમે તો સમ્યક્ એકાંત નહિ મિથ્યા એકાંતમાં ચાલ્યો જશે. એ તો અન્યમતિ માને છે દ્રવ્યમાં પર્યાય છે જ નહીં. એ સાંખ્યમત થઈ ગયું. કાંઈ એવું નથી. પ્રશ્ન સારો છે બધાને સમજવા લાયક છે. ક્રીમ છે ક્રીમ. પર્યાયથી ભિન્નમાં આવ્યો શું અને પર્યાય અભિન્ન થઈ શું. ભિન્ન, ભિન્ન કહેતા કહેતા અભિન્ન થઈ ગઈ પર્યાય. આહાહા! આ શું ચમત્કાર!

અમારે એક પ્રશ્ન થયો હતો હિંમતનગરમાં. એક મુમુક્ષુભાઈએ કર્યો હતો કે માંડ માંડ ધ્યેય સુધી પહોંચ્યા અને તમે કહો છો કે જો અભેદ જ્ઞેય ન થાય તો ધ્યેય ખોટું તારું. તો પર્યાયથી અભેદ થાય એમ અમે લઈએ તો તો દૃષ્ટિનો વિષય રહેતો નથી. મેં કીધું દૃષ્ટિનો વિષય ત્યારે જ સાચો થાય એટલે કોક જ પામે છે એનું કારણ શું કે પરસ્પર વિરુદ્ધ થયું ને આ વાત. પર્યાયથી રહિત અને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયથી સહિત સમય એક.

આ સીત્તેર મુમુક્ષુની એક ટોળી થઈ એના સરદાર હતા બાબુભાઈ ઝવેરી - ઘાટકોપર. સમજી ગયા! પર્યાયની વાત કરોમાં. પર્યાયને તો અલોકાકાશમાં મોકલી દીધી છે. એકલો દૃષ્ટિનો વિષય. આહાહા! એકલો આત્મા, આત્મા. સમજી ગયા! પછી તો એ ધ્યાનમાં બેસી જાય બધાય હોં! હા, ધ્યાનમાં. સીત્તેર જણા, ધ્યાનમાં બેસી જાય. પર્યાયનું નામ લ્યોમાં. પર્યાયને તો અલોકાકાશમાં મોકલી દીધી. ઠીક, પછી વાત ફેલાતા ફેલાતા છેક સોનગઢ સુધી આવી. સોનગઢ સુધી વાત આવી. ગુરુદેવને કાંઈ આ વાતની ખબર નહિ. પછી ધીમે ધીમે ખબર પડી કે આમ ચાલે છે અત્યારે. 'દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ' વાંચીને આ લોકો આમ માનતા થઈ ગયા છે. ગુરુદેવ તરત જ સમજી ગયા!

પછી ગુરુદેવે વાત ઉપાડી કે જુઓને આ ઘાટકોપરવાળા પણ સાહેબ પર્યાય એને અડતી નથી તો એ બરાબર છે. ઘાટકોપરવાળા બરાબર કહે છે. સાહેબ! જરા ખુલાસો કરાવવા. સમજી ગયા! શું બરાબર છે, કહે, કોણે કહ્યું? સર્વથા ભિન્ન પછી કથંચિત્ ભિન્ન અભિન્ન નથી! ઉડાડો છો એને. દ્રવ્ય વિના પર્યાય નહિ ને પર્યાય વિના દ્રવ્ય નહિ. એ બધું ચાલતું હતું. સમજી ગયા!

એમાં મારા કારણે મારે જવાનું થયું મુંબઈ. બાપુજી સાથે ચર્ચા થઈ બાપુજીને કહ્યું, ત્યાં હમણાં આમ ચાલે છે જબરજસ્ત. તો કહે ભલે ચાલે. એમાં શું? આપણે તો જેવું વસ્તુનું સ્વરૂપ છે ભાસ્યું છે એવું કહેવું. હું તો કહીશ કે જો તેઓ આવતા થશે તો લાભ થશે. જો આવશે જ નહિં તો લાચાર. પણ આવ્યા વિના રહે જ નહિ. કેમકે મારો દૃષ્ટિનો વિષય છે એવી છાપ પડી ગઈ હતી એટલે બીજાના વાંચનમાં જાય નહિ. લાલુભાઈ આવ્યા છે. એની તો દૃષ્ટિના વિષયની માસ્ટરી છે એટલે આપણે જાવું જોઈએ. સમજી ગયા!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ બેય જણાએ ભેગા થઈને એ પુસ્તક ''દ્રવ્યદષ્ટિ પ્રકાશ' છાપ્યું હતું. આવતા થયા. બધાંય આવ્યા. થોડા દિ તો બે-ચાર દિ' તો હલાવ્યું. પછી કહ્યું. ધ્યેયપૂર્વક જ્ઞેય થાય ત્યારે જ સમ્યક્દર્શન થશે. એકલા ધ્યેયમાં કોઈ કાળે સમ્યક્દર્શન નહિ થાય. આ શું? લાલુભાઈ ફરી ગયા. પર્યાય સહિત બોલવા માંડ્યા. આ શું? જ્ઞેયમાં તો પર્યાય સહિત જ હોય ને, સ્વજ્ઞેય. ગણગણ થવા માંડ્યું. પણ આવતા રહ્યા બંધ ન કર્યું એ લોકોએ. એમાં બાબુભાઈ ઝવેરીએ મને જમવાનું કહ્યું એના ઘરે. ત્યાં નહોતા રહેતા સાયનમાં. તેના ઘરે જમવાનું કહે એટલે એના ગ્રુપના પાંચ-સાત-આઠ મુખ્ય હોય એને તો જમવાનું કહે ને સાથે, જમવાને વાર હતી અર્ધી કલાક, પોણો કલાક ત્યાં ચર્ચા થઈ.

મેં કહ્યું કે, એક માણસને હથેળીમાં બહુ તાપ લાગતો હતો. અગન થતી હતી હથેળીમાં. તે ગયો વૈદ પાસે કે સાહેબ, આ હથેળીમાં બહુ અગન થાય છે સહન થતું નથી. કહે કે સરળ ઉપાય શું છે ? કે બરફની પાટ લઈને તેના ઉપર હાથ મુકી દેજો. બરફની પાટ લઈને હાથ મુકી દેજો, હાથ ઠંડો થઈ જશે. પ્રયોગ કર્યો તો પ્રયોગ સફળ થયો. એમ.

મેં કહ્યું કે તમે બધાં એમ કહો છો દ્રવ્ય, પણ દ્રવ્યને જ્યારે પર્યાય અડે ત્યારે પર્યાયમાં શાંતિ થાય અને દ્રવ્યનું ભાન થાય. ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે એ બરાબર છે. હથિયાર હેઠા મુકી દીધા. એટલે ઓપરેશન સકસેશ. મનમાં મેં કહ્યું ઓપરેશન સકસેશ થઈ ગયું. એ વાત ફરતાં ફરતાં ગઈ વાં. (સોનગઢ). એમાં બાબુભાઈ ગયા હશે. ગુરુદેવે ખખડાવ્યા. શું બાબુભાઈ હાલે છે ત્યાં. કહે ના ના સાહેબ હવે કાંઈ વાંધો નથી. કહે લાલભાઈ આવ્યા ને. કહે શું કર્યું લાલભાઈએ. શું કહ્યું? પછી આખી વાત એને કરી. પછી એના ખંભા પર હાથ મૂકી, એમ લાલભાઈએ આમ કહ્યું. બરાબર છે.

એટલે કાચો પારો છે. ચડી જાય રવાડે. કહે ના સાહેબ હવે નહિ. ઓલું એકાંત છે જ્ઞેય પણ એકાંત છે અને ધ્યેય પણ એકાંત છે. એક સમયમાં બે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ભેગા) થાય, વિકલ્પ તૂટે અનુભવ થાય ત્યારે આનંદ આવે ત્યારે સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંતની સિદ્ધિ થાય. એ અતીન્દ્રિય જ્ઞાનમાં જ થાય. ઈન્દ્રિયજ્ઞાનમાં થતું જ નથી. ઈન્દ્રિયજ્ઞાનમાં ક્રમ પડે છે. કાં ધ્યેય અને ધ્યાનનો ક્રમ પડી જાય ભેદ અને કાં આ ધ્યેય અને આ જ્ઞેય એનો ભેદ પડે તો ય અનુભવ ન થાય. વિચાર કરે ત્યારે થાય ક્રમ. બાકી અનુભવના કાળે નહીં. એટલે બીજો જ્ઞેયનો પ્રશ્ન છે. બહુ જરૂરનું છે આ.

આ વાત ૧૨ વર્ષ પહેલા મેં સંધ્યાબેનને કહી હતી ફિરોઝાબાદમાં. એમાં જ એને આકર્ષણ થયું અહીંયા આવવાનું. આ પોઈન્ટ ઉપર જ. ચાલો તમને સમાધાન થયું ને. કેમ કે આ વિષય એવો છે કે હા એ હા પાડવા જેવું જરાય નથી. ન સમજાય તો કહેવું કે ફરીથી કહો. ધ્યેય શું? જ્ઞેય શું? ધ્યેયમાં શું આવે? જ્ઞેયમાં શું શું આવે? ધ્યેયમાં શું આવે બોલ્યો અને જ્ઞેયમાં શું શું આવે એમ બોલ્યો. ધ્યેયમાં એકલા ગુણો આવે અને જ્ઞેયમાં ગુણ ઉપરાંત એની પર્યાય પણ આવે. જ્ઞાનની પર્યાય પણ એમાં આવે ત્યારે જ્ઞેય સાચું.

**પ્રશ્ન :-** સ્વપ્રકાશક લક્ષણથી આત્મા લક્ષિત થાય છે તેમ કહો અગર સ્વપરપ્રકાશક લક્ષણથી આત્મા લક્ષિત થાય છે તેમ કહો અથવા જ્ઞાન લક્ષણથી આત્મા લક્ષિત થાય છે, એ બધું એકાર્થ વાચક છે કે અલગ છે?

**ઉત્તર :-** બધું અલગ અલગ જ છે. ઘણું અલગ અલગ છે. જો સ્વપર-પ્રકાશક છે ને એ સ્વપરપ્રકાશકમાં જ્ઞાનની પર્યાયમાં એક સમયમાં બે જણાય છે પર પણ જણાય છે ને પોતાનો શુદ્ધાત્મા પણ એમાં પ્રતિભાસે છે-જણાય છે.

હવે સ્વપરપ્રકાશકમાંથી એને સ્વપરપ્રકાશકનો દુરુપયોગ કર્યો છે અત્યાર સુધી. સ્વપરપ્રકાશકમાં આવીને એને સ્વપરપ્રકાશકમાંથી દુરુપયોગ કર્યો છે કે હું પરને જાણું છું, જાણું છું, જાણું છું, જાણું છું, જાણું છું. એ દુરુપયોગ કર્યો છે. એ સંસાર છે.

હવે કાં પોતાની મેળે કાં શાસ્ત્ર વાંચીને કાં ગુરુગમે ઉપદેશથી એને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખ્યાલ આવે જ્યારે કે તારું જ્ઞાન પર લક્ષ તરફ જાય છે એ જ્ઞાનને અંદરમાં વાળી દેને, બસ એટલું જ છે. જે પરની પ્રસિદ્ધિ કરે છે તારું જ્ઞાન એને સ્વમાં વાળી દેને, આત્માને જાણી લે ને, બસ એ સદ્‌ઉપયોગ કર્યો. સ્વપરપ્રકાશકમાંથી જ સદ્‌ઉપયોગ કર્યો. દુરુપયોગ કરનારો પણ એ જ અને સદ્‌ઉપયોગ કરનારો પણ એ જ. અનુભવ થઈ જાય છે. એટલે આમાં સ્વપરપ્રકાશકમાંથી સ્વપ્રકાશક કાઢે ત્યારે અનુભવ થાય.

સ્વપરપ્રકાશકના પક્ષમાં અનુભવ ન થાય. પછી અનુભવ થયા પછી સ્વપરપ્રકાશકને વ્યવહાર કહેવાય. અનુભવ થયા પછી સ્વપરપ્રકાશકને વ્યવહાર કહેવાય. પહેલું અજ્ઞાન ને પછી વ્યવહાર, અજ્ઞાન પછી નિશ્ચય અને નિશ્ચયપૂર્વક વ્યવહાર એમ. નયપૂર્વક પ્રમાણ. ઓલું તો અનંતકાળથી એકાંત પરને જાણે છે એમાં શું એને ફાયદો છે. અધ્યવસાન થયું. મિથ્યાત્વ થયું.

**પ્રશ્ન** :- જેવી રીતે દ્રવ્ય સ્વભાવ અવેદનરૂપ છે સાપેક્ષ પર્યાયમાં તેવી રીતે વર્તમાન વર્તતો તેનો અંશ એટલે કે ઉપયોગ લક્ષણ વેદનરૂપ છે કે અવેદનરૂપ છે?

**ઉત્તર** :- અવેદનરૂપ છે. વેદનરૂપ નથી. જાણવાલાયક છે. 'વેડ ટુ નો' એ જુદી વાત. પણ ભોક્તાપણું એમાં નથી. એ વિશેષમાં ભોક્તાપણું છે. કાં દુઃખને ભોગવે ને કાં અતીન્દ્રિય સુખને ભોગવે એ વિશેષમાં છે.

સામાન્ય દ્રવ્યમાં જેમ ભોક્તાપણું નથી એમ જે ઉપયોગ લક્ષણ છે જે એનું અનાદિ અનંત એમાં ભોગવવાપણું નથી. કેમ કે એમાં શુદ્ધ કે અશુદ્ધ, જ્ઞાન કે અજ્ઞાન નામ પામતું નથી. એ તો સમય નામનો પદાર્થ છે. પદાર્થની સિદ્ધિ કરી છે. પ્રયોજનની સિદ્ધિ નથી એમાં. પછી સ્વસમય અને પર સમય જે થાય છે ત્યારે એમાં ભોગવવાપણું વિશેષમાં આવે છે. કાં દુઃખને ભોગવે કાં સુખને ભોગવે બસ. એમાં ભોગવવાપણું નથી. જો ભોગવવાપણું હોય તો સ્વયં શું ભોગવે એ કહો મને. તો એ તો છે નહીં. છે બધું વિશેષમાં છે. એ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આખું કન્વર્ટ થાય છે. સામાન્ય વિશેષમાં કન્વર્ટ થાય છે.

**પ્રશ્ન :-** સામાન્ય ઉપયોગમાં સતત જાણપણું ચાલ્યા કરે છે વેદન નથી.

**ઉત્તર :-** હા. સતત. વેદન નથી. વેદન નથી કેમ? કે એમાં રાગદ્વેષ નથી ને રાગદ્વેષના અભાવપૂર્વક વીતરાગતા પણ નથી એમાં. નિરપેક્ષ તત્ત્વ છે એ. વિશેષમાં સંસાર અને વિશેષમાં મોક્ષ. કાં બંધમાં ને કાં મોક્ષમાં. પણ સ્વપર-પ્રકાશકમાંથી જે દુરુપયોગ કર્યો છે ને એણે, એ જીવ સમજે તો શુદ્ધોપયોગ થઈ જાય, તો કામ થઈ જાય. સ્વપરપ્રકાશક રહી જાય ને દુરુપયોગ મટી જાય. સદ્‌ઉપયોગ થઈ જાય અને અનુભવ થાય.

હવે છે આત્માનું જ્ઞાન ને એને જાણવાનું છોડીને આને (પરને) જાણવા રોકાણો એ તો દુરુપયોગ છે પણ એમાં ફાયદોય નથી કાંઈ, નુકસાન છે એકાંતે. ફાયદો નથી નુકસાન છે એકાંતે. 'પર દવ્વાઓ દુગઈ'' માઠી ગતિ થઈ દુઃખની, દ્રવ્યલિંગી મુનિ આવા કોઈ ભાવમાં સલવાઈ જાય છે. દ્રવ્યલિંગી મુનિની ભૂલ છે. સમ્યક્‌જ્ઞાન માટે. મોક્ષમાર્ગ પ્રકાશક કર્તાએ લીધું છે. કે સમ્યક્‌જ્ઞાન અર્થે જ એ શાસ્ત્ર ભણે છે. ભણતાં ભણતાં એણે નિચોડ કાઢ્યો કે આ છ દ્રવ્યને જે જાણનારો છે તે હું છું. સ્વપર-પ્રકાશકમાંથી એમ તો વ્યાવૃત થયો. કે પરને જાણનારો તે હું નહિ. પર મારું જ્ઞેય એમ નહિ. પણ છ દ્રવ્યનો જાણનારો તે હું. જે છ દ્રવ્યને જાણે એ જ્ઞાન મારું એમ છ દ્રવ્યને જાણનારો તે હું પણ હું જ્ઞાનસ્વરૂપ છું એ રહી ગયું. સાપેક્ષમાં અટકી ગયો. પછી આમાં શું થાય કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બાંધ્યો. છ દ્રવ્ય નિમિત્ત છે જ્ઞેયરૂપ અને એનું અહીંયા જ્ઞાન થાય છે એ નૈમિત્તિક છે, એ વ્યવહાર છે. વ્યવહાર કહો, નિમિત્ત-નૈમિત્તિક કહો.

એ વ્યવહારને જ્યારે છોડે છે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને ત્યારે કર્તાકર્મ અહીંયા પ્રગટ થાય છે અને એ નિમિત્ત-નૈમિત્તિકના સંબંધના નામે પણ કર્તા-કર્મમાં જ જાય છે એ, જ્ઞેયથી જ્ઞાન થયું ને કાં જ્ઞેયનું જ્ઞાન થયું એ બેય એકતા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરી એને. એમાં કાંઈ છે નહિ. અહીંયા પોતામાં કર્તા-કર્મ સંબંધ આવે તો ત્યારે જ્ઞેય થાય. જાણનારો માટે કર્તા અને પોતાને જ જાણ્યો. એ પોતાને જાણ્યો એમ આવ્યું. આ જ્ઞેયને જાણ્યું મેં એમ ન આવ્યું. જ્ઞેયને જાણે તો જ્ઞેય કર્મ થઈ જાય છે. અને જાણનારને જાણે તો જ્ઞાન કર્મ થાય, અભેદની અપેક્ષાએ આત્મા કર્મ થાય છે. એને સ્વપર-પ્રકાશકમાં જ સદ્ઉપયોગ કરવાનો છે. સ્વપરપ્રકાશક સારી વાત છે એ કાંઈ બૂરી વાત નથી. સ્વપરપ્રકાશક સારું છે.

(જેમ છે એમ વાત છે) હા, જેમ છે એમ વાત છે પણ સ્વપરપ્રકાશક છે એટલે પરને જાણવા રોકાણો ને? હવે સ્વપરપ્રકાશક છે તો પરને જાણવાનું બંધ કરીને અંદર આવી શકે ને, તો આવી શકે છે, થઈ શકે છે. કોઈ રોકતું નથી એને. કર્મ નડતાં નથી એને.

અમારા આ ચેતનભાઈ છે ને એ નવા છે. બે ત્રણ વરસ થયા આવે છે, તો આજે મને કહે કે ભાઈ! સવારે મોટરમાં લેવા આવે ને...મને કહે કે ભાઈ! આ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે, એ તો બહુ ઊંચી વાત આવી ગઈ. મેં કહ્યું, એમ. તમને ખ્યાલ આવી ગયો. હા, આવી ગયો ખ્યાલ. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે એમ કહ્યું ને. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાય છે એમ નહોતું આવ્યું. જ્ઞેય સંબંધીનું જ્ઞાન જણાય છે એમ નહોતું આવ્યું, જ્ઞેયાકાર અવસ્થાના કાળમાં, જાણનાર જણાય છે. ઓહો! મને કહે કે આ તો ઊંચી વાત આવી ગઈ. મેં કહ્યું એટલું જ છે, એને પકડી રાખજો. છે એટલું જ. સાવ નવા છે, કાંઈ અભ્યાસ નથી તેને. (યોગ્યતા હોય ને) પોતાની વાત છે ભાઈ, આ કાંઈ પારકી વિકથા ક્યાં છે? પોતાનું સ્વરૂપ છે.

જ્ઞેયના લક્ષે જ્ઞેયમાં રોકાણો છે. તે જ્ઞેયાકાર અવસ્થા વખતે આ જ્ઞેય જણાય છે કે જાણનાર જણાય છે? પછી એમાં વિભાગ કરે તો ઘણું થાય. પણ જ્ઞાયક જ જણાય છે એમ લઈ લેવાનું. બસ. એમાં એમ છે શાસ્ત્રમાં કે જ્ઞાયકપણે જણાયો, જ્ઞાનની પર્યાયપણે જણાયો એમ નથી ત્યાં. કેમ કે જ્યાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરજ્ઞેય તરફથી લક્ષ છૂટ્યું તો સ્વજ્ઞેયમાં આવ્યો પછી તો સમજાવવા માટે પર્યાય લ્યે છે. બાકી તો જ્ઞાયક જ જણાય છે. અને તે એ જ્ઞાયક જણાય છે તેમાં એમ છે કે જાણનારો માટે પોતે કર્તા અને જણાયો પણ પોતે જ. પર જણાય છે એમ નહિ. પર સબંધીનું જ્ઞાન જણાય છે એમ નહિ. સ્વસંબંધીની જ્ઞાનની પર્યાય જણાણી એમ પણ નહિ.

આત્મા જ કર્તા અને આત્મા જ કર્મ છે, અનન્યપણું છે. એક સત્તા છે. જ્ઞેય સિદ્ધ કરવું છે. પહેલા પારામાં ધ્યેય સિદ્ધ કર્યું. બીજા પારામાં જ્ઞેય સિદ્ધ કરે છે. જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયક જ છે.

હવે આ પ્રકાશકભાઈનો દિકરો છે તે નિશાળે જાય. તારું નામ શું? સુરીલ! હવે એ સ્કુલે જાય ત્યારે તો સુરીલ, અને ઘરે આવે ત્યારે (સુરીલ) સુરીલ, કાંઈ ફેરફાર નહિ.અને અહીંયા આવે ત્યારે સુરીલ, મંદિરમાં દર્શન કરવા જા ત્યારે પણ સુરીલ. આ લ્યો આવું છે. જ્યારે જુઓ ત્યારે સુરીલ. કાંઈ ફેરફાર નથી. ના હું તો સુરીલ જ છું.

એમ આમાં છે કે જ્ઞેયાકાર અવસ્થામાં તને જાણનાર જણાય છે. આબાળ-ગોપાળ સૌને જણાય છે પણ તું જો. તને જણાય રહ્યો છે એમ અમે જાણીએ છીએ તો તું શું કામ ના પાડશ. તને ખબર નથી પણ અમને તારી ખબર છે તને તારા જ્ઞાનમાં તારો આત્મા જણાય છે એમ અત્યારે અમે જોઈ રહ્યા છીએ. (અમારી ઉપર વિશ્વાસ લાવ તારું કામ થઈ જાશે) વિશ્વાસ લાવ. પક્ષમાં પડી ગયો છે. રાગ નથી મારતો, રાગનો પક્ષ મારે છે. ઈન્દ્રિયજ્ઞાન નથી મારતું, ઈન્દ્રિયજ્ઞાન, જ્ઞાન છે એવો પક્ષ પડી ગયો છે.

છૂટવું મુશ્કેલ છે, બહુ મુશ્કેલ છે. છતાં મુશ્કેલ જરાય નથી સહેલું છે. આમ ઝૂકી જા. આ સુરીલનો દાખલો એની મોઢે કહેવડાવ્યો આપણે કે કાંઈ ફેરફાર નહિ સુરીલ જ. તને કોઈ વખતે શંકા ન પડે કે હું નિશાળે જાવ ત્યારે બીજો ને દુકાને, ઘરે જાવ ત્યારે કાંઈ શંકા ન પડે તને?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અરે! અવસર છે હોં! અવસર આવ્યો છે. આ ગુરુદેવે કમાલ કરી છે. આ તો અમારા વિરુદ્ધ પંડિતોએ બહુ ઉહાપોહ કર્યો, છાપામાં છપાવ્યું. 'સ્વપરપ્રકાશક'. પરને એમ કે જાણતો જ નથી. એકાંત કરે છે. કેવળી ભગવાનને ઉડાડ્યા. વગેરે. એના પછી વધારે સ્પષ્ટ થયું. વિરોધ થાય એમ વધારે સ્પષ્ટતા આવે. એમ સ્પષ્ટીકરણ થવા માંડ્યું વધારે. દિલ્હીના છાપામાં આવ્યું હતું કે જ્ઞાન આત્માને જ જાણે છે, પરને જાણતું નથી એમ કોઈ કહે તે એકાંત મિથ્યાદષ્ટિ છે. બોલો! આખી દુનિયા આના પક્ષમાં છે.

આ સ્વપરપ્રકાશકનાં પક્ષમાં તો ઓછા પણ પરને જાણે જ છે જ્ઞાન એકાંત એમાં વધારે. પછી સ્વપરપ્રકાશકમાં આવે તો ઓના કરતાં જરાક અંદર આવ્યો. બે તો લીધું. ઓમાં તો એક જ લીધું હતું. (પ્રમાણમાં આવ્યો) પ્રમાણમાં આવ્યો પણ પ્રમાણમાં જ શુદ્ધનયનો વિષય છૂપાયેલો છે એમાંથી જ કાઢવાનો છે બસ.

(કાંઈ વિષય સમજવો હોય તો પત્ર લખીને પૂછાવતા હોય ને તો ચોખવટ થાય. શાસ્ત્રથી વિરુદ્ધ થઈ જાય છે તેમાં આપને શું કહેવું છે? જગતને-સમાજને લાભ થઈ જાય. એને તો લાભ થાય જ સ્વીકારે તો.) પછી એને જડબાતોડ જવાબ યુગલજીએ આપ્યો. જડબાતોબ! ચૂપ થઈ ગયા ચૂપ. એણે પત્ર લખ્યો અને અમે વ્યાખ્યાન આપ્યા. એની ટેપને ઘણું વંચાવ્યું.

પંડિત થાય એટલે જ્ઞાની થઈ જાય એવું થોડું છે. પંડિત થાય એ જ જ્ઞાની થાય? બાકી બધાય રહી જાય. હેં! બીજા જ્ઞાની ન થાય. પંડિત રહી જાય અને બીજા પામી જાય. મારે એની તલવાર છે. એક માણસે એને રાગની વાત કરી હતી શું રાગની વાત કરી હતી. રાગ. (કોઈ એમ કહે છે ખાંડ મોળી છે તો એ મૂરખ કહેવાય જગતમાં. એમ કોઈ કહે કે જીવ રાગવાળો છે તો એ તો અતિ મૂરખ કહેવાય) અતિ મુરખ. (જે આત્મામાં નથી એને જીવનું સ્વરૂપ કહેવું) ખરી વાત છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હજી લાકડું નીકળતું નથી. રાગથી સહિત માનતા અનંતકાળ ગયો. ઈ મૂરખ છે કે દિ' છૂટે ઈ. રાગથી સહિત માને. ઈ છે રહિત. અસંયુક્ત હોવા છતાં અજ્ઞાનીને સંયુક્ત જેવો પ્રતિભાસે છે. એ માને તોય એનાથી સહિત થતો નથી. (એને ભ્રમણા થાય છે એ જ સંસારનું બીજ છે) બીજ છે.

**પ્રશ્ન :-** સામાન્યને અવલોકતો અને વિશેષને નહિ અવલોકતો, તો તેમાં જ્યારે પર્યાયાર્થિક ચક્ષુ બંધ થાય છે ત્યારે સામાન્યજ્ઞાનમાં જ્ઞાયકનાં દર્શન થાય છે. ત્યારે જે ઉપયોગ લક્ષણનું સ્વાભાવિક સવિકલ્પપણું છે તે તો બંધ નથી થતું? તો પર્યાયાર્થિક ચક્ષુને બંધ કરો એનો અર્થ કેવી રીતે સમજવો?

**ઉત્તર :-** પર્યાયનું લક્ષ છોડી દ્યો. પર્યાયનું લક્ષ છોડી દ્યો. ઉપયોગનો સ્વભાવ તો સવિકલ્પ છે. સવિકલ્પ એટલે ઉપયોગ જે અંદર ગયો, તે જ્ઞાન દ્રવ્યને જાણશે અને ઉપયોગ આનંદને જાણશે. એ સવિકલ્પપણું છે. એનો એ સંબંધ ન જાય. એનો સ્વભાવ ન છૂટે એનો. પણ પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરો એનો અર્થ પર્યાયનું લક્ષ છોડી દો. બસ પર્યાયનું લક્ષ છોડાવવું છે. પર્યાયમાં, ઉપયોગમાં સવિકલ્પતા છે એ છોડાવવું નથી. એ તો સ્વભાવ છે.

જો સવિકલ્પપણું ન હોત તો કોઈને સમ્યક્દર્શન થયું, એ ખબર જ ન પડત. સવિકલ્પ છે એટલે જ ખબર પડે છે એને કે હવે ભવનો અંત આવી ગયો. ખલાસ! પોતાને ખબર પડે છે.

**પ્રશ્ન :-** અનુભવ વખતે આનંદની પર્યાયને જાણે તે સવિકલ્પ કહેવાય ?

**ઉત્તર :-** એમ પ્રશ્ન એવો છે કે, એ તો નિર્વિકલ્પ ધ્યાનમાં આવ્યો છે ત્યારે શુદ્ધોપયોગ થયો છે. ત્યારે એવો પ્રશ્ન આવ્યો કે ઉપયોગનો જે સ્વભાવ છે એ તો સવિકલ્પ છે તો સવિકલ્પપણું રહે કે નહિ? મેં કીધું રહે. માત્ર પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરો એટલે પર્યાયનું લક્ષ છૂટી ગયું. ઉપયોગ અંદર આવી ગયો, શુદ્ધોપયોગ થઈ ગયો. આનંદનો અનુભવ થઈ ગયો પણ જ્ઞાનની પર્યાય જે પ્રગટ થઈ છે તે તો સવિકલ્પપણું છૂટતું નથી, તો ત્યાં નિર્વિકલ્પ ધ્યાનમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સવિકલ્પ શું? ધ્યાન તો નિર્વિકલ્પ છે અને ઉપયોગને સવિકલ્પ કહેવું બે ય બરાબર છે.

નિર્વિકલ્પમાં રાગનો અભાવ છે. બુદ્ધિપૂર્વકનો રાગ છે નહિ માટે નિર્વિકલ્પદશા થઈ અને ઉપયોગનો સ્વભાવ સવિકલ્પ છે. જ્ઞાન સવિકલ્પ, દર્શન નિર્વિકલ્પ. જ્ઞાન સવિકલ્પ એટલે ભેદ પાડીને જેમ છે તેમ જાણે. સમજી ગયા! એમ. નિર્વિકલ્પમાં સવિકલ્પ છે. તો કહે નિર્વિકલ્પમાં સવિકલ્પ? અરે નિર્વિકલ્પમાં નિર્વિકલ્પ જ છે. એમાં રાગ છે જ નહિ. પહેલી વાત કરી એ. પણ સવિકલ્પનો અર્થ બીજો છે, એવો પ્રશ્ન હતો. પ્રશ્ન એવા આવે છે.

**પ્રશ્ન :-** આનંદનો અનુભવ એ સવિકલ્પ એમ લેવું?

**ઉત્તર :-** આનંદને જાણ્યું અને આનંદમૂર્તિને જાણ્યું. પર્યાયને પર્યાયરૂપે જાણ્યું અને દ્રવ્યને દ્રવ્યરૂપે જાણ્યું. દ્રવ્યને પર્યાયરૂપ જાણતું નથી જ્ઞાન અને પર્યાયને દ્રવ્યરૂપ જાણતું નથી જ્ઞાન. એટલે સવિકલ્પ છે એ હાં.

પ્રશ્ન - ઉપયોગની પર્યાયનું લક્ષ પણ છૂટે છે, તેનું નામ પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરી તેમ કહેવાય?

હા, બરાબર! ઉપયોગ જે છે, એ ઉપયોગ, ઉપયોગને જાણતો નથી એ દ્રવ્યને જાણે છે એમ. આશ્રય તો એકનો જ હોય ને, પર્યાયનો આશ્રય ન હોય. આપણે વચ્ચે મૂકી ન દેવું. સમજી ગયા! ત્રણ વાર પૂછવું. કેમ કે અત્યારે સ્પષ્ટીકરણ કરવાનો કાળ દેખાય છે.

**પ્રશ્ન :-** સામાન્ય ઉપયોગ લક્ષણમાં જેમ લોકાલોક જ્ઞેય તરીકે પ્રતિભાસે છે તેમ સાપેક્ષ પર્યાયો પણ જ્ઞેય તરીકે જ પ્રતિભાસે છે?)

**ઉત્તર :-** એ સામાન્ય ઉપયોગ છે એ ઉપયોગ તો ઉપયોગ જ છે. તેમાં જાણવાની ક્રિયા તો થાય છે. અને એ સામાન્ય ઉપયોગ પણ સ્વપરપ્રકાશક છે એટલે સ્વનો જેમ પ્રતિભાસ થાય છે એમ લોકાલોકનો પણ પ્રતિભાસ સામાન્ય ઉપયોગમાં થાય છે. એમાં બધું જણાય છે, કાંઈ બાકી ન રહે. પોતાનો આત્માય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય અને લોકાલોક પણ એમાં જણાય છે.

હવે જ્યારે ઉપયોગ તમે લ્યો સામાન્ય, તો તો એ નિરપેક્ષ થઈ ગયો. પણ એમાં સ્વપરનો બેયનો પ્રતિભાસ થાય છે તો એ સાપેક્ષ થઈ ગયો એમ. હજી છે સામાન્ય. તો પણ સાપેક્ષ છે, અપેક્ષા લીધી ને. સ્વપરના પ્રતિભાસની અપેક્ષા આવી ગઈ કે ઉપયોગનું સામર્થ્ય શું? કે સ્વપરનો પ્રતિભાસ જણાય છે એમાં. બસ! તો એ સાપેક્ષ થઈ ગયું.

**શ્રોતા :-** પ્રશ્ન એમ છે કે સામાન્ય ઉપયોગ લક્ષણમાં જેમ લોકાલોક જ્ઞેય તરીકે પ્રતિભાસે છે તેમ બંધ-મોક્ષની સાપેક્ષ પર્યાયો પણ જ્ઞેય તરીકે જ પ્રતિભાસે છે? તો બંને પ્રકારના જ્ઞેયની કોટિ સમાન છે?

**ઉત્તર :-** નહિ. જુદી જ છે. કેમ કે આખા વિશ્વનો જે બંધ મોક્ષ થાય છે, એનો પ્રતિભાસ થાય છે. પોતાના બંધ-મોક્ષની વાત નથી એમાં. કેમ કે બંધ-મોક્ષ થયો જ નથી તો ક્યાંથી જાણે. એ તો વિશેષને તમે ભેળવો ત્યારે જુદી વાત છે.

શું પ્રશ્ન આવ્યો? પ્રશ્ન એવો આવ્યો કે ઉપયોગ જે સામાન્ય છે એ બંધ-મોક્ષનું કારણ નથી. ઉપયોગ તો ઉપયોગ જ છે. હવે એમાં સામાન્ય ઉપયોગમાં પણ સ્વપરનો પ્રતિભાસ થાય છે. સ્વ એટલે પોતાનો શુદ્ધાત્મા. સમજી ગયા! સામાન્ય શુદ્ધાત્મા. એ ઉપયોગ છે એ ઉપયોગને તો જાણે જ છે અને સામાન્યને પણ એ જાણે છે, પછી લોકાલોક પણ એમાં જણાય છે તો લોકાલોકમાં બંધ-મોક્ષ જેના થતાં હોય એ પણ એમાં જણાય જાય. લોકાલોક આખું એમાં જણાય જાય છે. સમજી ગયા!

હવે પ્રશ્ન એમ છે કે પોતાનામાં જે બંધ થવાનો છે, હજી બંધ થયો નથી તેમ મોક્ષ પણ થયો નથી. એ જણાય છે કે નહિ એ જણાવાનો પ્રશ્ન જ નથી. એ બધું વિશેષમાં જાશે. (ત્યારે સામાન્યરૂપ નહિ રહે) નહિ રહે. વિશેષ થઈ જશે. બાકી સ્વપરનો પ્રતિભાસ થાય છે. (સામાન્યમાં સામાન્યનો જ પ્રતિભાસ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામાન્યરૂપે જ થાય છે, વિશેષ નહિ) વિશેષ નહિ. વિશેષ તો જ્યારે થાય ત્યારે. આહાહા! એ દ્રવ્યમાં બંધ મોક્ષ નથી એના જ્ઞાનગુણમાં બંધ-મોક્ષ નથી. એના સામાન્ય ઉપયોગમાં બંધ-મોક્ષ નથી. બંધ-મોક્ષ છે એ એના વિશેષમાં છે. વિશેષ છે એ એનું નથી.

**પ્રશ્ન :-** સાપેક્ષ પર્યાયો છે જે સમ્યક્દર્શન સમ્યક્જ્ઞાન, સંવર, મોક્ષ વગેરેની ગૌણતાની વાત તો સમજાય છે. પરંતુ સહજદર્શન, સહજજ્ઞાન ઉપયોગ તેને ગૌણ કેવી રીતે કરી શકાય?

**ઉત્તર :-** સહજ દર્શન અને સહજ જ્ઞાન એ ઉપયોગ છે કે ગુણ છે પહેલા ઉપયોગ પર્યાયરૂપ બરાબર છે. એને તો ચોક્કસ ગૌણ કરવી એને ગૌણ ન કરવી એને અભાવમાં નાખવી. એ પર્યાય છે. ગુણને ગૌણ કરવા. પર્યાયને અભાવમાં નાખી દેવી. ગુણને ગૌણ કરવા. ગુણનો અભાવ ન થાય. પર્યાય તો એમાં છે જ નહિ. સહજ દર્શન અને સહજ જ્ઞાન એ પર્યાય છે. સામાન્ય અવલોકન, વિશેષ અવલોકન એ તો દ્રવ્યમાં છે જ નહિ. ધ્રુવને અડતી નથી પર્યાય. એનો તો અભાવ જ સમજવો. અને ગુણો છે ભેદ તેને ગૌણ કરવા. તેનો અભાવ ન થાય.

ધ્રુવમાં ગુણ છે એને ગૌણ કહેવાય અને ધ્રુવની સાથે અધ્રુવ પર્યાય પ્રગટ થાય છે એનો અભાવ. આ પ્રશ્ન મને નવલભાઈએ પૂછ્યો હતો. કલકત્તાવાળા નવલભાઈ! અત્યારે ગુજરી ગયા. એણે પ્રશ્ન કર્યો ગુરુદેવની હાજરીમાં. કહે કે પર્યાયને ગૌણ કરવી કે અભાવ કરવો. જવાબ આપો. ઘણા વરસની વાત છે.

**પ્રશ્ન :-** એવો કયો સ્વભાવ છે કે જ્યાં કોઈ વિધિ ન હોય. જ્યાં કોઈ નિષેધ ન હોય. જ્યાં સદા સામ્યભાવ, અવિરોધભાવ, મધ્યસ્થભાવ સદા વર્તતો હોય એવો કયો સ્વભાવ છે?

**ઉત્તર :-** મધ્યસ્થભાવ વર્તતો હોય તો એ તો અમધ્યસ્થ હતો ત્યારે મધ્યસ્થ થાય. એ સ્વભાવ છે જે ત્રિકાળ છે એમાં તો મધ્યસ્થ કે અમધ્યસ્થ કાંઈ છે જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ. સમય નામનો જે પદાર્થ છે તેમાં કાંઈ નથી. વિધિ નથી, નિષેધ નથી, હેય નથી, ઉપાદેય નથી. એ તો પદાર્થ છે, દ્રવ્ય ગુણ અને પર્યાય સ્વરૂપ આખો પદાર્થ છે. એમાં કાંઈ છે જ નહિ. એ તો દ્રવ્યસ્વભાવ જ છે. દ્રવ્યસ્વભાવ તો છે એ છે. એમ લઈને પછી જે વિશેષમાં આવો તમે પછી બધા ભેદો પડે છે. હેય, ઉપાદેય, નય, નિક્ષેપ એ બધું પછી. સામાન્યમાં તો કાંઈ ન લેવું. કેમ કે સામાન્ય નિરપેક્ષ છે વિશેષ સાપેક્ષ છે. તો પછી એને તમે મધ્યસ્થ કેવી રીતે કહો.

એ વીતરાગી પ્રતિમા છે નહિ. એ સ્વભાવ જ વીતરાગમય છે. વીતરાગ થવું એમાં નથી. એ તો વીતરાગની મૂર્તિ છે. નિરપેક્ષ છે. પર્યાયમાં રાગના અભાવપૂર્વક વૈરાગ્ય ને વીતરાગ થાય એ વિશેષમાં થાય છે. સામાન્યમાં નથી. સામાન્ય શુદ્ધ જ છે અનાદિ અનંત. આ બધી વાત છે ને એ દ્રવ્યસ્વભાવ અને પર્યાય સ્વભાવ એક નાનું પુસ્તક બહાર પડ્યું છે, એમાં છે. આ બધું એમાં લીધું છે. શાંતિભાઈના ઘરે ચર્ચા થઈ હતી. તેમાં દ્રવ્યસ્વભાવને સ્વભાવથી જ ક્યાંય કોઈને ટચ નથી કરવા દીધો અને પર્યાયને પણ ક્યાંય ટચ કરવા ન દીધી. સ્વભાવ. મૂળ સ્વભાવ.

હા. આ અનાદિકાળથી પોતાના સ્વભાવને ભૂલીને બહાર ઉપયોગ ભટક્યો છે એ જ સંસાર છે. એ જ ઉપયોગને બહાર ભટકતા ઉપયોગને અંદરમાં વાળવાનો છે. બસ! એ પણ એક કથન છે. બાકી જે ઉપયોગ પ્રગટ થઈ ગયો છે એ વળતો નથી. સમજી ગયા! એનો તો વ્યય થાય છે અને અંતર્મુહૂર્તમાં અતીન્દ્રિયજ્ઞાનનો પર્યાય પ્રગટ થાય છે એમાં આત્મા જણાય છે. પણ ઉપદેશમાં તો બીજું શું થાય કે પર તરફ તારું લક્ષ છે તે ઉપયોગને અંદરમાં વાળ એમ જ કહેવાય.

**પ્રશ્ન :-** એ અંદર વળતો જ પ્રગટ થાય છે.

**ઉત્તર :-** હા. એટલે બહિર્મુખતા છૂટીને અંતર્મુખતા થાય, એવી જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનો સ્વકાળ આવે છે. એ જ્ઞાયકને પ્રસિદ્ધ કરે છે સ્વભાવ તન્મય થઈને. આનંદ લેતો જ એ પર્યાય પ્રગટ થાય. પર્યાય પ્રગટ થઈ એ ભેગો આનંદ આવે. પર્યાય પ્રગટ થઈ ઉત્પાદ સ્વસન્મુખે, તો એની અંદર આનંદ અને અતીન્દ્રિયજ્ઞાન બધું સાથે પ્રગટ થાય. એટલે ઓનો થાય વ્યય અને આનો થાય ઉત્પાદ, સમય એક. આશ્રય છે ધ્રુવનો. અજ્ઞાનનો વ્યય અને સમ્યક્જ્ઞાનનો ઉત્પાદ. એક સમયમાં.

**પ્રશ્ન** :- પરનું લક્ષ છોડીને સ્વનું લક્ષ કરે તો શુદ્ધોપયોગ થયો તો એને કોઈ અપેક્ષાથી પરદ્રવ્ય કહેવાય ને?

**ઉત્તર** :- હા, દ્રવ્ય સામાન્યને ઉપાદેય તત્ત્વને સ્વ કહીએ ત્યારે આ ઉપયોગને પરદ્રવ્ય કહેવાય. ચારેય ભાવને, કેવળજ્ઞાનને પરદ્રવ્ય કહેવાય એમાં કાંઈ વાંધો નથી. દૃષ્ટિના વિષયથી લ્યો ત્યારે, બાકી તો ખરેખર એ આત્મા જ છે. શુદ્ધોપયોગ છે એમાં આનંદ આવે છે એ આત્મા છે. સાધ્યની સિદ્ધિ એમાં છે. દૃષ્ટિના વિષયનું ફળ આવ્યું. દૃષ્ટિના વિષય ઉપર દૃષ્ટિ દે છે એનું કારણ શું છે? કે દુઃખ જાય અને સુખ આવે એ તો પ્રયોજન છે. એ સિદ્ધ થઈ ગયું બસ. પછી ત્રિકાળી દ્રવ્ય, ગુણ, પર્યાય સામાન્ય જેવું હોય એવું મારું કામ થઈ ગયું.

**પ્રશ્ન** :- પ્રયોજનની સિદ્ધિ એમાં થાય છે.

**ઉત્તર** :- પ્રયોજનની સિદ્ધિ કરવાની છે ને હવે જાણવું શું? એકલા જાણવામાં કાંઈ નથી. સમજી ગયા! જાણવાની સાથે સાથે ઉર્ધ્વતા જ્ઞાયકની રાખવી.

વર્તમાન વર્તતી જ્ઞાનની પર્યાયમાં અખંડનો પ્રતિભાસ થાય છે, એમ ગુરુદેવે કહ્યું અને બાળ-ગોપાળ સૌને ભગવાનઆત્મા અનુભવમાં આવે છે. પણ એની નજર રાગ અને ભેદ ઉપર પડી છે એટલે જાણનાર જણાય છે તે એને ખ્યાલમાં આવતું નથી. જણાય છે તો જાણનાર જ. જણાય છે તો સ્વ આ (પર) તો જણાતું જ નથી. જો આ જણાય તો જ્ઞાન અને આ જ્ઞેય બેય એક થઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય. જણાતું જ નથી. આહાહા!

અમારે આ ચેતનભાઈ કહે કે જ્ઞેયાકાર જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. એ આ તો બહુ સરસ વાત આવી. (જાગે અંદરવાળો જાગે) અંદર જાગે ને પોતાની વાત છે ને, પોતાની વાત મીઠી લાગે. સમજી ગયા!

ગુરુદેવ કહે છોકરાને સૂવડાવે ઘોડિયામાં અને કહે કે મારા રોયા, પીટીયા સૂઈ જા, તો નહિ સૂવે એ. પણ એના વખાણ કરશે તો સૂઈ જશે. સમજી ગયા! એમ આ તો આત્માના પોતાના વખાણ છે ને. હેં! કે તું આવો છો, તું તને જણાય રહ્યો છો એમ. (શ્રોતા - પોતાની વાતનો સ્વીકાર આવે જ.) આવે. આત્મા છે.

અને ઓમેય એક અપેક્ષાએ અનંતકાળથી એને ઘણાં ભવો મનુષ્યના કર્યા છે, અનંત કર્યા છે. એમાં એને દેશનાલબ્ધિ સાંભળેલી પણ છે. નથી સાંભળી એમ નહિ. એટલે કોઈ ઊંડા સંસ્કાર પણ પાડ્યા હોય એમ પણ બને અને આ ગુરુદેવની સભામાં, આ ગુરુદેવની સભામાં જે સાંભળતા હતા, એમાં જે સાંભળનારા જીવો છે તેમાં બે પ્રકારના ભવ્ય હતા. બે પ્રકારના.

એક સાદી મિથ્યાદૃષ્ટિ પણ એની સભામાં હતા અને એક ઊંડા સંસ્કારવાળા પણ હતા. અને ત્રીજો એક એવો ક્લાસ હતો કે ઊંડા સંસ્કાર કે સાદી મિથ્યાદૃષ્ટિ ન હોય તો નવા સંસ્કાર પડી જાય. એવી લાયકાતવાળા પણ દાખલ થઈ ગયા હતા. એ તો કેવળીગમ્ય છે. પણ કેના સંસ્કારને ક્યાંથી આવ્યા એ તો કેવળીગમ્ય. આ સમુચ્ચય. મને તો શરૂઆતથી આ વિચાર આવે છે. (શ્રોતા :- તો પણ શ્રુતજ્ઞાન ઘણું જાણે છે) આ તો અચંબો થઈ ગયો છે. ખરેખર આવા પંચમકાળમા આવો યોગ અનંતો ઉપકાર છે. બચાવી લીધા એણે.

ગુરુદેવે સભામાં કહ્યું કે આ બધી મોક્ષની મંડળી બેઠી છે. જાહેરમાં કહ્યું હતું. ખબર છે? સાંભળ્યું છે? (બહેનશ્રી બેનની જન્મજયંતિ ઉપર) આ બધી મોક્ષની મંડળી બેઠી છે. ભગવાન છો ને ભગવાન થાવ. આશીર્વાદ આપ્યા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ આશીર્વાદ અમસ્તા નહોતા આપતા. એને શ્રુતની લબ્ધિ હતી. ઘણાં જીવોનો મોક્ષ એણે જોઈ લીધો હતો.

શ્રીમદ્દે કહ્યું છે કે, ભૂત અને ભવિષ્ય શ્રુતજ્ઞાન વડે જાણી શકાય છે. એમ લખ્યું છે. એટલે કહું છું કે આપણે મહાભાગ્યશાળી બસ. બીજું કાંઈ નહિ. આવી આત્માની વાત, શુદ્ધાત્માની વાત. નિરપેક્ષ તત્ત્વની વાત. સાપેક્ષ તે વ્યવહાર, નિરપેક્ષ તે નિશ્ચય. પણ એટલું ખરું કે એણે જે કહ્યું તે વારંવાર વાગોળવા જેવું છે. એના વિશ્વાસે રહેવા જેવું નથી કે આપણને ગુરુ મળ્યા માટે મારો મોક્ષ થઈ જશે. પ્રયોગ કરવો પડશે. એમ તો પુરુષાર્થ કરવો પડશે.

પોતે તીર્થંકરની સભામાં ગયો, રખડ્યો. આ તો એ કહે છે એ અપનાવવું જોઈએ. બેસાડવું જોઈએ. વારંવાર વિચાર કરવો જોઈએ. બાકી ભેદજ્ઞાનનો વિચાર. તે ભેદજ્ઞાનના વિચારથી કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર સંવર પ્રગટ થાય છે, ભેદજ્ઞાનથી. ભેદજ્ઞાનથી આત્માનો અનુભવ થાય છે અને આત્માના અનુભવથી રાગ, દ્વેષ, મોહ રોકાય જાય છે એવો સંવર પ્રગટ થાય છે. ભેદવિજ્ઞાનથી બસ. ઉપયોગમાં ઉપયોગ છે અને ઉપયોગમાં રાગાદિ નથી બસ.

પરમ ઉપકારી શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ.ભાઈશ્રીની સૂક્ષ્મ તત્ત્વ ચર્ચા

## તારીખ : ૧/૭/૯૪, રાત્રે ૮ થી ૯, શુક્રવાર

**પ્રશ્ન-૧** સામાન્ય જ્ઞાન ઉપયોગને પર્યાય કહો અથવા લક્ષણ કહો તો શું ફરક પડે છે? જે અપેક્ષાથી ઉપયોગ અભિન્ન દેખાણો તે અપેક્ષાએ તેનું નામ લક્ષણ અને જે અપેક્ષાએ ઉપયોગ ભિન્ન દેખાય તે અપેક્ષાએ તેનું નામ પર્યાય આવી રીતે ઉપયોગનું કથંચિત્ ભિન્ન અભિન્નપણું છે?

**ઉ.** એને પર્યાય કહો, એને ઉપયોગ કહો, સામાન્ય ઉપયોગ કહો એને જીવ પદાર્થનું લક્ષણ કહો. જીવ નામનો પદાર્થ છે સમય. છ એ દ્રવ્યને સમય કહેવાય. એમ આ જીવ પદાર્થ છે તે સમય છે. સમય એટલે દ્રવ્ય, ગુણ ને પર્યાય જેમાં હોય, એને સમય કહેવાય. એનું લક્ષણ ઉપયોગ છે એ ઉપયોગને પર્યાય કહો, લક્ષણ કહો, ઉપયોગ કહો બધું એકાર્થ છે.

અને બીજું કથંચિત્ અભિન્ન છે. ગુણ, ગુણીને કથંચિત્ અભેદ ગણીને એને જીવ પદાર્થનું લક્ષણ કહ્યું છે. પણ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચારેન્દ્રિય કે નર, નારકાદિ અવસ્થા તે જીવનું લક્ષણ નથી. એટલો ભેદ પડી ગયો છે. જીવ પદાર્થનું લક્ષણ ઉપયોગ છે ને ઉપયોગનું લક્ષણ સ્વપરની જ્ઞપ્તિ. પછી તમારા પ્રશ્નનો જવાબ એટલો એ પર્યાય છે, ઉપયોગ છે, લક્ષણ છે.

જીવ નામના પદાર્થનું સામાન્ય જીવનું લક્ષણ એ નથી. એ ઉપાદેયભૂત તત્ત્વ જે જીવ છે તેનું લક્ષણ તો પરમપારિણામિકભાવ છે. એટલે આ ડીફરન્સ ખ્યાલમાં ન આવે તો ઉપયોગ લક્ષણ જ ખ્યાલમાં આવી જાય. ઓલું ખ્યાલમાં ન આવે. કેમકે ઉપયોગ લક્ષણ છે એ બહુ પ્રચલિત છે. આખા દિગંબર સમાજમાં. કેમકે તત્ત્વાર્થસૂત્ર બહુ પ્રચલિત છે. એટલે તત્ત્વાર્થ સૂત્રમાં જીવ નામના પદાર્થને ઉપયોગો લક્ષણમ્. ઉપયોગ તે જીવનું લક્ષણ છે, એમ એ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રચલિત છે અને આ જે છે દ્રવ્યાનુયોગ! ઓલું જ્ઞાનપ્રધાન કથન છે. આખું તત્ત્વાર્થ સૂત્ર પદાર્થનું સ્વરૂપ છે. તેમાં પાંચેય ભાવને જીવના ભાવ કહ્યા છે. મિથ્યાત્વ આવી ગયું એમાં. એટલે આ છે વાત એ કોઈ સમયસારની તુલનામાં, એટલે જે કુંદકુંદાચાર્યનું ત્રીજું નામ છે એનું એ યથાર્થ છે કુંદકુંદનું. જુઓ! સમયસાર, નિયમસાર, પ્રવચનસાર નહોય તો એકલા તત્ત્વાર્થ સૂત્રમાં પામવું મુશ્કેલ થઈ જાત. અને પ્રમાણનું દ્રવ્ય એ જ જીવ છે એ શ્રદ્ધાના વિષયમાં મનાઈ જાત, તો કામ ન થાત.

આ બરાબર છે. ઉપયોગ લક્ષણ છે એ બરાબર છે. કથંચિત્ અભેદ છે એ પણ બરાબર છે પણ તે આખા પદાર્થની વાત છે. સામાન્ય અને વિશેષ બે થઈને આખો પદાર્થ થાય છે. આત્મા એક છે એના પડખા બે. એક સામાન્ય પડખું ટકતું, ટકતું, ટકતું અને બીજું ટળતું વિશેષ એટલે પર્યાય ક્ષણવર્તી અને દ્રવ્યસ્વભાવ ત્રિકાળવર્તી છે. બે થઈને આખો પદાર્થ છે અને એનું લક્ષણ ઉપયોગ છે, ઉપયોગ લક્ષણથી પરદ્રવ્યથી જુદો પડી જાય છે. રાગથી પણ જુદો પડી જાય છે. સમજી ગયા! પણ એમાં કાર્યસિદ્ધિ થતી નથી. ન થાય.

**પ્રશ્ન :-** સામાન્ય ઉપયોગ લક્ષણને લક્ષનાં લક્ષણ તરીકે જોઈએ તો તે નિરંતર લક્ષને જ પ્રસિદ્ધ કરે છે. માટે અનુભૂતિ સ્વરૂપ આત્મા અનુભવમાં આવે છે. એટલે તે ઉપયોગને સામાન્ય સ્વભાવે જોઈએ તો તે નિરંતર અંતર્મુખાકાર જ છે. જે કદી બહિર્મુખ થયો નથી અને જેને કદી અંતર્મુખ થવું નથી. હવે આ જ ઉપયોગ લક્ષણને તેના વિશેષ સ્વભાવથી જોઈએ તો તે જ ઉપયોગ બહિર્મુખ થયો છે અને વિશેષ અપેક્ષાએ અંતર્મુખ થઈ પણ જાય છે. આવા એક જ ઉપયોગના બે સ્વભાવ છે?

**ઉત્તર :-** હા, બે સ્વભાવ એક ઉપયોગનાં બે સ્વભાવ છે. જે સામાન્ય ઉપયોગ છે જે સામાન્ય લક્ષણ કહ્યું એ બહિર્મુખેય નથી ને અંતર્મુખેય નથી. ઉપયોગ એટલે દ્રવ્ય, ગુણ ને પર્યાય સ્વરૂપ આખો પદાર્થ. હવે એમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વપરપ્રકાશક છે. સ્વપરની જ્ઞપ્તિ એટલે જે સ્વપરનો પ્રતિભાસ થાય છે એ ઉપયોગમાં કાં તો દુરુપયોગ કરે જીવ ને કાં તો સદુપયોગ કરે જીવ, સદુપયોગ કરે તો સમ્યક્‌દર્શન. દુરુપયોગ કરે પરનું લક્ષ કરવા જાય તો મિથ્યાત્વ થાય છે.

સામાન્ય વિશેષમાંથી જ સામાન્ય કાઢવાનું છે એમ સ્વપરપ્રકાશકમાંથી જ સ્વપ્રકાશક કાઢવાનું છે એટલે સ્વપ્રકાશક તો છે જ પણ સ્વપ્રકાશક ઉપર વજન નથી ગયું. પરને હું જાણું છું, પરને હું જાણું છું, એટલે બહિર્મુખતા રહી. એ સામાન્ય ઉપયોગ છે અનાદિ અનંતનો એ તો બહિર્મુખ કે અંતર્મુખ છે જ નહિ. બહિર્મુખેય નથી અંતર્મુખેય નથી એ તો છે એ છે. બહિર્મુખ ને અંતર્મુખ તો વિશેષમાં છે. ઓલું બંધ મોક્ષનું કારણ નથી.

**પ્રશ્ન :-** ઉપયોગમાં ઉપયોગ છે તે તાદાત્મ્ય હોવાથી એક સત્તા છે. તો એક સત્તામાં પણ ત્રણ સત ભિન્ન ભિન્નપણે રહેલા છે તેવું એક સત્‌ છે કે અભિન્ન છે એવું એક સત્‌ છે?

**ઉત્તર :-** કથંચિત્‌ ભિન્ન ને કથંચિત્‌ અભિન્ન એવું એક સત્‌ છે. ત્રણ જ્યારે લ્યો તમે દ્રવ્યસત્‌, ગુણસત્‌ ને પર્યાયસત્‌ તો એમાં પ્રદેશ ભેદ નથી. એક સત્તા છે, એક સત્તા હોવા છતાં તેમાં અતદ્‌ભાવ છે. દ્રવ્ય તે ગુણ નથી, ગુણ તે દ્રવ્ય નથી. એમ ગુણ તે પર્યાય નથી ને પર્યાય તે ગુણ નથી. અતદ્‌ભાવ એવાં ત્રણ સત્‌ રહેલા છે.

ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ્‌ સત્‌ એમાં છેલ્લો સત્‌ આવ્યો ને તેને અંતઃદિપક કહેવાય. છેલ્લો શબ્દ છે સત્‌ એ અંતઃદિપક એટલે એ સત્‌ ત્રણેયમાં લાગુ પડે. દ્રવ્યસત્‌, ગુણસત્‌ ને પર્યાયસત્‌, સત્‌ એટલે હોવાપણું, હોવાપણું એટલે કોઈની અપેક્ષા વિના અનાદિ અનંત છે, છે ને છે એમ. એ જે છે ને ઈ કથંચિત્‌ ભિન્ન ને કથંચિત્‌ અભિન્ન છે. સર્વથા અભિન્ન પણ નહિ ને સર્વથા ભિન્ન પણ નહિ.

**પ્રશ્ન :-** હવે દ્રવ્યસત્‌, ગુણસત્‌ ને પર્યાયસત્‌ એમ ત્રણ સત્‌ને સમજવાથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપનો નિર્ણય થાય કે અભિન્ન સત્‌ને સમજવાથી આત્માનો નિર્ણય થાય?

**ઉત્તર :-** અભિન્ન સત્ એટલે દ્રવ્યગુણ પર્યાયવાળો એમ નહિ. પહેલા એને ભિન્ન ભિન્ન સત્‌નો વિચાર કરીને જો પર્યાય સત્ છે તો હું એનો કર્તા નથી. અને પર્યાયના લક્ષે કદી પણ સમ્યક્‌દર્શન થતું નથી તો એને પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્યનું લક્ષ કરવું જોઈએ. તો ઈ અભેદ સામાન્ય. દ્રવ્ય, ગુણ, પર્યાયવાળું અભેદ નહિ. ત્રિકાળી પારિણામિક ભાવવાળો અનંતગુણનો પિંડ અભેદ એમ એ લેવું જોઈએ અભેદમાં.

ઓલું એમ કે દ્રવ્ય ગુણ પર્યાયવાળું અભેદ જે આપણે લીધું એ નહિ. એ દૃષ્ટિનો વિષય નથી, જ્ઞાનનો વિષય છે. એ તો પરિણામી દ્રવ્ય થઈ ગયું. પરિણામી દ્રવ્ય દૃષ્ટિનો વિષય નથી. (એમાં નિર્ણય ન થાય ને?) ક્યાંથી થાય નિર્ણય, નિર્ણય થાય ખોટો. શ્રદ્ધા વિપરીત રહે એમાં શ્રદ્ધાનો વિષય જ નથી. શ્રદ્ધાનો વિષય તો ગુરુ પ્રતાપે બહુ ચોખ્ખો થઈ ગયો છે. કોઈને કાંઈ શંકા ન રહે એવો ખુલાસો છે. શાસ્ત્રમાંય છે ને ગુરુદેવના વ્યાખ્યાનમાં. પર્યાય અડતી નથી દ્રવ્યને તે દ્રવ્ય ઉપાદેય છે.

આ વિષય આખો એક પ્રવચનસારમાં ૮૦ નંબરની ગાથામાં બહુ સારો વિષય લીધો છે. એમાં અરિહંતના દ્રવ્ય, ગુણ ને પર્યાયપણે જાણીને પોતાના આત્માને પણ એવો જ અરિહંતના દ્રવ્ય જેવું દ્રવ્ય, અરિહંતના ગુણ જેવા ગુણ અને અરિહંતની પર્યાય જેવી જ પર્યાય એમ જે જાણે છે એનો મોહ ક્ષય થઈ જાય છે. એમ છે બોલ એના ટીકાકારે બહુ સારો ખુલાસો કર્યો છે.

વિશેષપણે તો ત્યાં કેવળજ્ઞાન છે અને અહીંયા મતિશ્રુત એટલે ઈ કાંઈ મળે નહિ. દ્રવ્ય ગુણ તો સરખા જ છે પણ પર્યાયથી કેમ મેળવવું કે સામાન્ય ઉપયોગથી મળે છે. જ્યાં સામાન્ય ઉપયોગ ત્યાં ઉપાધિ બધી કાઢી નાંખો. આઠ ભેદ. તો ન્યાં ઈ સામાન્ય ઉપયોગ રહ્યો ને અહીંયા સામાન્ય ઉપયોગ છે.

હવે ઈ લખે છે ટીકાકાર કે આવો જે સમય નામનો આત્મા છે તેને પ્રથમ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મન વડે જીવ કળી લ્યે છે. દ્રવ્ય, ગુણ ને પર્યાય. પર્યાયમાં રાગવાળી પર્યાય ન લેવી. બંધ મોક્ષની પર્યાય ન લેવી. સામાન્ય ઉપયોગ લેવો. હવે મૂળમાં તો એમ આવ્યું કે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણીને એવો જ હું છું એમ જાણે તો મોહ ક્ષય થાય, તો તો ઈ તો દૃષ્ટિનો વિષય થઈ ગયો. એક અપેક્ષાએ વિચાર કરે તો ન્યાંય દ્રવ્ય, ગુણ, પર્યાય લીધા ને, અહીંયા દ્રવ્ય, ગુણ, પર્યાય લીધા. એના જેવો હું છું તો તો દૃષ્ટિનો વિષય થઈ ગયો એમ નથી. દૃષ્ટિનો વિષય ન થાય. ત્યારે શું કરવું?

એના માટે બહુ ટીકાકારે આબેહૂબ ટીકાની રચના કરી છે. બેસ્ટ ટીકા કરી છે કે પ્રથમ તે સમયને મન વડે કળી લ્યે છે, જાણી લ્યે છે. દ્રવ્ય, ગુણ ને પર્યાયવાળો આત્મા હો, એ કળી લ્યે છે અને પછી એમાં ને એમાં એ પ્રોસેસ કરે છે કે દ્રવ્યનું લક્ષ કરીને ચિદ્‌વિવર્તન પર્યાય છે. તેનું લક્ષ છૂટી જાય છે. દ્રવ્યનું લક્ષ કરતાં ગુણભેદનું લક્ષ છૂટી જાય છે અને ત્રિકાળીકને મન વડે કળી લ્યે છે ને આ રીતે પ્રોસેસ કરીને અનુભવ થાય છે એટલે ક્યાંય પરસ્પર વિરોધ વાત છે જ નહિ. નહિંતર આમ વિરોધ લાગે ઉપર ટપકે જુઓ તો.

એ તો જ્ઞેય છે ને સામે ને આ પણ જ્ઞેય. તો જ્ઞેય છે તે દૃષ્ટિનો વિષય છે? નથી. તો પછી દૃષ્ટિનો વિષય કેવી રીતે કાઢવો. એમાંથી કાઢ્યો છે એણે પોતે. પછી દૃષ્ટિના વિષયને કાઢીને પછી પાછું જ્ઞાનનો વિષય લીધો છે. ધ્યાન કરતાં નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે. રાગ રહિતને પામી જાય છે.

દ્રવ્ય, ગુણ, પર્યાયવાળો હારના દૃષ્ટાંતથી હારનાં દૃષ્ટાંતે. હારમાં દોરો છે, સફેદાશ છે મોતીની અને મોતી પણ છે. ત્રણ છે એમાં. દ્રવ્ય, ગુણ, પર્યાય. પછી લખે છે કે એ મોતીને પણ સંક્ષેપવું હારમાં, ને સફેદાઈને પણ સંક્ષેપવું તો તને હાર પહેરવામાં આવશે. ઈ ધ્યેયપૂર્વક જ્ઞેયની વાત થઈ. ૮૦ ગાથા બહુ ઊંચી છે. ટીકા વાંચે તો વધારે ખ્યાલ આવે. બાકી ઈ તો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્યાં અને અહીંયાં પણ દ્રવ્ય, ગુણ, પર્યાય એમ નથી. એક જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્ય એમ લખે કારણ કે એ ય કુંદકુંદ ભગવાનનું શાસ્ત્ર છે. પ્રવચનસાર, સમયસાર, નિયમસાર. દ્રવ્ય, ગુણ, પર્યાય સમય નામનો પદાર્થ ઉપાધિ વગરનો, પરનો સંબંધ વિનાનો એમ ઈ પદાર્થ છે પદાર્થ, સમય નામનો પદાર્થ.

૪૧૫ મી ગાથામાં લખ્યું કે આ રીતે સમયસારને અર્થ ને તત્ત્વથી જાણીને અર્થમાં ઠરશે તો ઉત્તમ સુખ થશે. તત્ત્વમાં ઠરવાનું નથી કહ્યું. અર્થમાં એટલે ત્રિકાળી દ્રવ્ય, ગુણનો પિંડ, પહેલેથી જે હાલ્યું આવે છે ઈ જ્ઞાયકભાવ. એ જ્ઞાયકભાવ અર્થ છે અને એનો પારિણામિકભાવ ભેદ, જ્ઞાન દર્શન ભેદ, ઉપયોગ ભેદ ઈ તત્ત્વ છે એનું સ્વરૂપ છે, ભાવ છે. તત્ત્વ એટલે ભાવ, સ્વરૂપ. (બહુ સરસ! અદ્ભૂત! અર્થ અને તત્ત્વની વ્યાખ્યા)

અર્થ અને તત્ત્વથી જાણીને, જાણે છે બે ને પણ ઠરે છે ક્યાં? ગુણ ભેદમાં ઠરે છે કે પારિણામિકભાવના ભેદમાં ઠરે છે કે ઉત્પાદ વ્યય ઉપયોગ છે સામાન્ય ઉપયોગ એમાં ઠરે છે? કે નહિ. અર્થમાં ઠરે છે. અર્થ ને તત્ત્વથી જાણીને, અર્થમાં ઠરશે તે ઉત્તમ સુખને પામશે. છેલ્લે આખી કલોસીંગની એ ગાથા છે.

આવી ચર્ચાઓ તો બસો-અઢીસો વર્ષ પહેલાં ટોડરમલજીના વખતમાં થાતી હતી. પાંચ, આઠ, દસ વિદ્વાનો બેસે. ગંભીર ચર્ચાઓ. અમારા પિતાજીને તો ઘણીવાર ખટકે એટલે બોલી નાખે. આ બધાં સોનગઢમાં સાંભળે છે પણ ભેગા થઈને કાંઈ ચર્ચા કરતા નથી કે આજે શું આવ્યું, શું આપણું હિત થયું. ગુરુદેવે શું કીધું એમ તો કોઈ ચર્ચા કરતું નથી. અરસ-પરસ સમવિચારના જીવોએ તત્ત્વચર્ચા કરવી જોઈએ. પણ એમાં કેવળ આત્મહિતનું લક્ષ રાખીને. હું સાચો ને તમે ખોટા એમ નહિ. એનું નામ ચર્ચા ન કહેવાય. તે તો વાદ-વિવાદ થઈ ગયો. મને આમ ભાસે છે. પંડિતજી! તમને શું ભાસે છે આમાં. એમ વિવેકપૂર્વક ચર્ચા થવી જોઈએ.

**પ્રશ્ન** :- સમયસાર ગાથા ૬ ની ટીકાના બીજા પારામાં એમ લીધું છે કે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે.

**ઉત્તર** :- એટલે તેમાં એટલાનો અર્થ કે આખા જગતને આત્મા જાણનાર છે એ પ્રસિદ્ધ છે તો ઈ એની પ્રસિદ્ધિ એને શેના વડે થઈ છે. આ એ ભાવને જ્ઞાયક પ્રસિદ્ધ છે જ્ઞેયાકાર થવાથી, કેમકે પેલા દૃષ્ટાંત આપ્યો કે દાહ્ય આકારે થવાથી અગ્નિને દહન કહેવામાં આવે છે. એટલે કે લાકડા-છાણાને બાળે તેનું નામ અગ્નિ. એમ કહેવામાં સાપેક્ષથી એમ સમજાવે છે. એમ આ જ્ઞાયક જે જાણનાર છે જગતને એ પ્રસિદ્ધ છે, શેના ઉપરથી એ પ્રસિદ્ધ છે? કે આ બધાને જાણે છે, જે જાણે એને આત્મા કહેવાય. સમજી ગયા! વ્યવહાર દ્વારા પરમાર્થ સમજાવવામાં આવે છે. અસદ્ભૂત વ્યવહારથી ઉપડ્યા પછી સદ્ભૂત વ્યવહારમાં લાવે છે, પછી સદ્ભૂત વ્યવહારને ઓળંગીને અંદર ચાલ્યો જશે.

ઈ આ લીટી બહુ સારી છે. (જ્ઞેયાકાર થવાથી, હોવાથી નહિ) જ્ઞેયાકાર થવાથી, થાય છે જ્ઞેયાકાર, એટલે સામે નિમિત્ત છે જ્ઞેય નિમિત્ત છે, અને આ જ્ઞાનની પર્યાય અહીંયાં થાય છે એ નૈમિત્તિક છે એમ. જ્ઞેયાકાર કહેવાય, જ્ઞેયની સાપેક્ષતાની જ્ઞાનની પર્યાયને જ્ઞેયાકાર કહેવાય. અત્યારે પરજ્ઞેયની વાત છે. જ્ઞેયાકાર થવાથી, જ્ઞેયો જ્ઞાનમાં ઝલકે છે ને જણાય છે ને એટલે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયક નામ પ્રસિદ્ધ છે એમ.

જાણનાર છે, જાણનાર છે, પણ જાણનાર છે એટલે શું કે પરને જાણે છે માટે જાણનાર કહેવાય એમ. કરવું કાઢી નાખ્યું, એમાંથી કરવું કાઢી નાખ્યું. જાણવું રાખ્યું. કેમ કે આ બીજો પારો છે. કરવું પહેલા પારામાં કાઢ્યું. પહેલા પારામાં કરવાનું ભૂત કાઢી નાંખ્યું. કર્તા છું કાઢી નાંખ્યું. કેમ કર્તા નથી કે પરિણામ ભિન્ન છે મારાથી જે ભિન્ન હોય એને કેમ કરું? એમાં ય પરિણામ લીધા, બીજું કાંઈ લીધું નહિ. પુદ્ગલ કે બીજા પદાર્થો, જીવની અવસ્થા નહિ. પોતામાં ઉત્પન્ન થતાં જે પરિણામ તેનો આત્મા કર્તા નથી કેમ કે એ ભિન્ન છે એટલે આત્મા કર્તા નથી એમ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલા પારામાં કર્તાબુદ્ધિ ઉડાડી. હવે બીજા પારામાં એને અનુભવ કેમ થાય એ વાત બીજા પારામાં છે. કે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે જગતને. એ તો જાણનાર, જાણનાર છે આત્મા. બસ! કરવાનું ભૂતડું પહેલામાં કાઢ્યું ને એટલે એટલું મિથ્યાત્વ એને ગળ્યું છે સમજી ગયા! હજી મિથ્યાત્વ એને છૂટ્યું નથી. અનુભવ નથી થયો. એ અનુભવની પ્રોસેસ બીજા પારામાં છે. પછી વાંચો.

**પ્રશ્ન :-** તો તેમાં સામાન્ય ઉપયોગ લક્ષણની વાત છે કે વિશેષ શુદ્ધોપયોગની વાત છે ?

**ઉત્તર :-** એ વિશેષની જ વાત ચાલે છે અત્યારે. હવે જ્ઞેયાકાર થાય છે એ પણ વિશેષ છે. સામાન્યને તો હવે ટચ નહીં કરવાનું. હવે તો સામાન્યમાંથી વિશેષમાં આવી ગયું છે. અને વિશેષમાં જ્ઞેયો જણાય છે. વિશેષમાં એટલે જ્ઞેયાકાર કહેવાય. સમજી ગયા! જે સામાન્ય ઉપયોગ છે એ જ્ઞેયાકાર કે જ્ઞાનાકાર કાંઈ નથી. ઉપયોગ, ઉપયોગ, ઉપયોગ બસ. આ વિશેષમાં પ્રોસેસ ચાલે છે. (ઈ હોય છે ને આ થાય છે) ઓલું તો અનાદિ અનંત છે.

આ તો જ્ઞેયાકાર અવસ્થા વખતે જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયક એવું નામ પ્રસિદ્ધ છે. આખું અસદ્ભૂત વ્યવહારથી સમજાવે છે. જ્ઞેયને જાણે જ્ઞાન એ અસદ્ભૂત વ્યવહાર છે. પણ જગતને જે પ્રસિદ્ધ હોય એના દ્વારા એને સમજાવે છે અને એમ સમજાવતા, સમજાવતા, સમજાવતા અંદર લઈ જાશે હમણાં, હમણાં અંદર લઈ જાશે. આમાં પ્રોસેસ બતાવી છે એટલે કહું છું, કે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે એટલે લોકને આ પ્રસિદ્ધ વાત છે કે આત્મા જાણનાર છે. કેમ કે પરને જાણે છે માટે જાણનાર, એમાં પૂછવાનું શું હોય? એમ કરીને ઈ જાણનાર સ્થાપ્યો.

હવે કહે છે એમાં બીજું વાક્ય શું છે? (હવે આપ જ લઈ લ્યો. એમાં નથી લીધું આટલું જ પૂછવાનું હતું કે એમાં સામાન્ય ઉપયોગની વાત નથી ને?)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ, વિશેષની છે. હવે વિશેષની પ્રોસેસ ચાલે છે. કેમ કે વિશેષમાં જ અજ્ઞાન હતું અને વિશેષમાં જ જ્ઞાન થાય છે. પછી બીજું વાક્ય શું છે? લખેલું છે. જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને લાગુ પડતી નથી. કેમ લાગુ પડતી નથી. કારણ કે જાણનાર છે બસ ત્યાં આવ્યો.

હવે આગળ (તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી) કેમકે જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. કેમ કે જ્ઞેયથી જ્ઞાન થતું નથી અને જ્ઞેયનું જ્ઞાન અમે તને કહ્યું છે. હમણાં તને આગળ લઈ જઈશું. જ્ઞેયનું જ્ઞાન અમારે કહેવું પડ્યું છે. સમજી ગયા! અમારું મન નથી પણ તને સમજાવવા માટે બીજો ઉપાય નથી. વ્યવહાર વિના પરમાર્થ સમજાવી શકાતો નથી પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. કે જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયક છે ત્યાં અટકવા જેવું નથી. ત્યાં જીવો અટકી ગયા છે. બસ!

જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયક પ્રસિદ્ધ છે, તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. એ જે જ્ઞાન પ્રગટ થાય છે જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે એ જ્ઞેયથી જો થાય જ્ઞેય કર્તા ને જ્ઞાનની પર્યાય કર્મ તો તો અશુદ્ધતા લાગુ પડી ગઈ. તો તો કર્તા-કર્મ થઈ ગયું. ન્યાં તો નિમિત્ત-નૈમિત્તિકની વાત કરી છે. કર્તા-કર્મની વાત ક્યાં કરી છે. એને શરૂઆત નિમિત્ત-નૈમિત્તિકની કરી છે. ઈ નિમિત્ત છે ને અહીંયા નૈમિત્તિક છે જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય. હવે જે નિમિત્ત-નૈમિત્તિક પરની સાથે છે એ આત્માની સાથે કર્તા-કર્મ થઈ જશે હમણાં. ઈ કર્તા કર્મ હમણાં થશે જો. (કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ) હવે એ છેલ્લું વાક્ય હમણા નહિ વાંચો પેલા વાંચો.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે એટલે શું કહે છે કે આ સામે જ્ઞેય છે જ્ઞેય, જ્ઞાનમાં જણાય પણ છે તેથી તેને જ્ઞેયાકાર અવસ્થા પણ કહી. સમજી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયા! હજી અનુભવ થયો નથી. હજી અહીંથી વ્યાવૃત થઈને ઉપયોગ અંદરમાં ગયો નથી પણ આ પ્રોસેસ છે. આ જ્ઞેયાકાર થવાથી આત્માને જ્ઞાયક પ્રસિદ્ધ છે.

હવે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો, જ્ઞેયાકાર અવસ્થામાં હું રાગી છું એમ ન જણાણું. રાગ નિમિત્ત છે, રાગ જ્ઞેય છે, જ્ઞાનની પર્યાય નૈમિત્તિક છે. ઈ નૈમિત્તિક પર્યાય આની અપેક્ષાએ આ નિમિત્તને આ નૈમિત્તિક હતું. હવે કહે છે કે રાગ છે ઈ જ્ઞેય છે અને અહીંયા જે અવસ્થા થઈ જ્ઞેયાકાર અવસ્થા ઈ સમયે, ઈ કાળે, જ્ઞેયાકાર અવસ્થાને કાળે જ્ઞાયક જણાય છે. જ્યાં જ્ઞાયક જણાય છે એમ આવ્યું ત્યાં પરથી સંધિ છૂટી જાય. અનાદિની હતી એ ઈન્દ્રિયજ્ઞાનનો વ્યય થઈ ગયો. પ્રતિભાસ રહી ગયો પણ લક્ષ છૂટી ગયું. જ્ઞેય ઉપરનું લક્ષ હતું એ છૂટી ગયું અને જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાણું કે જ્ઞેયાકાર અવસ્થા જણાણી, કે જ્ઞાયકની પર્યાય જણાણી કે જ્ઞાયક જણાયો (જ્ઞાયક જ જણાયો ને બીજું કાંઈ ન જણાણું)

આ જામનગરથી એટલા માટે આવ્યા છે ચર્ચાની વાત સાંભળી એટલે બે ય. વ્યવહારથી વાત સમજાવે પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી, ત્યાં અટકવા યોગ્ય નથી. પછી ત્યાંથી જ્ઞાયક જણાણો. હવે એમ કહે છે કે જ્ઞાયક જે જણાણો ત્યાં સુધી અનુભવ નથી હોં. (જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાયો) જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાયો એટલે છે એવો જણાણો, છે એવો જણાણો પણ હજી કર્તા-કર્મનું અનન્યપણું થયું નથી. જણાણો તો જ્ઞાયક, જે અનુભવમાં આવવાનો છે એ પૂર્વે એવો જ જણાણો. જણાણો એવો જ પણ ઈ માનસિક જ્ઞાનમાં જણાણો. પરોક્ષ અનુભૂતિ થઈ. પ્રત્યક્ષ અનુભૂતિ ન થઈ.

પછી લખે છે કે જે જણાણો, જ્ઞેયાકાર અવસ્થામાં જે જણાણો, જ્ઞાયકપણે જણાણો, જાણનારપણે જણાણો, ઈ અંદરમાં સ્વરૂપમાં ગયો તો તો ઈ એવો ને એવો જણાણો. ઓહોહો! આહાહા! મારી પૂર્વભૂમિકામાં જે આવ્યું હતું ને એ જ ઉત્તર ભૂમિકામાં આવ્યું. એમાં કાંઈ ફેરફાર નથી. જઘન્ય અંતર્મુહૂર્તમાં તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ કામ થઈ જાય. આમાં કાંઈ લાંબો ટાઈમ ન લાગે. લખતા વાર લાગે.

આ નેપકીન સામે છે, નેપકીન ભલે રહ્યું સામે. સમજી ગયા! ને આંખ પણ એની સામે છે. ઉઘાડ પણ એની સામે છે, ભાવેન્દ્રિય પણ એની સામે છે ને ભાવેન્દ્રિયમાં એ જણાય છે એટલે જ્ઞેયાકાર જ્ઞાન તો થઈ ગયું. સમજી ગયા! પણ જે એ જ્ઞાનમાં, માનસિક જ્ઞાનમાં, અનુમાન જ્ઞાનમાં એને જાણનારો જે જ્ઞાયક જણાણો એ જ્યાં સ્વરૂપ પ્રકાશનમાં અંદરમાં વહ્યો ગયો, અંતર્મુખ થયું જ્ઞાન અભેદ તે આત્મા જણાણો ઈ ક્યારે કે જાણનારો માટે પોતે કર્તા ને જણાયો, શું જણાયું જ્ઞેય જણાણું, જ્ઞેયાકાર જ્ઞાન જણાણું, જ્ઞાનાકાર જ્ઞાન જણાણું, જ્ઞાનાકાર જ્ઞાન જણાતું નથી. (પોતે જ કર્તા ને પોતે જ કર્મ) આત્મા કર્તા ને જ્ઞાનની પર્યાય કર્મ એમ નથી.

આ જે પુસ્તક છે ને 'જ્ઞાયકભાવ' એ એક લાખ પુસ્તક છપાવવા જેવા છે, એક લાખ. લોકો લાખો રૂપિયા વાપરે છે બીજી જગ્યાએ પણ એમને ધ્યાન નથી આ પુસ્તક ઉપર. અઢારમી વખતનુંય છે છાપેલું આ છઠ્ઠી ગાથા, અને ઓગણીસમી વખતનું આ ઓગણીસમી વખતનું છે છ વ્યાખ્યાન થયા. એક ગાથા ઉપર છ વ્યાખ્યાન ઓગણીસમી વખતમાં થયા. પણ મધ્યસ્થ થઈને, પક્ષ છોડીને પરિણામનો કર્તા નથી અને પરિણામનો જ્ઞાતાય નથી. ઈ જ્ઞેયાકાર જ્ઞાન થયું એનો જ્ઞાતા નથી ને જેમાં આત્મા જણાય છે એવી જ્ઞાનની પર્યાયનોય જ્ઞાતા નથી આહાહા! (એકેય આકારનો જ્ઞાતા નથી) પોતે જણાણો ને પાછું જ્ઞાત તે તો તે જ છે.

જે જાણવામાં આવ્યો છે એવો ને એવો જ જણાણો. એમાં ફેર પડ્યો કાંઈ, એમાં ફેર નથી કાંઈ. એમાં ફેર કાઢવો હોય તો એટલો છે પરોક્ષ અને પ્રત્યક્ષ. ઓમાં આનંદ ન હતો અને સ્વરૂપ પ્રકાશનમાં આનંદ આવ્યો. સમ્યકદર્શન ત્યારે થાય. કર્તા-કર્મનું અનન્યપણું આખું જ્ઞેય થયું. પહેલા પારામાં ધ્યેય હતું એનું ધ્યાન કરવાનું કહ્યું'તું અને બીજા પારામાં જ્ઞેય થઈ ગયું આખું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્ય, ગુણ અને પર્યાય. પર્યાય રહિતનું શ્રદ્ધાન થયું ત્યાં પર્યાય સહિતનું જ્ઞાન થઈ જાય છે. રહિત અને સહિતની જ રમત છે આખી. એમાં બધું જ લખેલું છે આ આપણે એનો જ અર્થ કરીએ છીએ. પોતે લખે છે.

પહેલા જ્ઞેયાકાર અવસ્થાથી શરૂ કર્યું. જ્ઞાયક જણાણો એમાં કર્તા-કર્મનું અનન્યપણું ન થયું. ક્યાંથી થાય? એમાં તો આત્મા સામાન્ય આત્મા નહોતો આવ્યો. સમજી ગયા! એમાં વિશેષમાં રમતું'તું મન, વિશેષમાં મન રમતું'તું ને એના જ વિશેષમાં એટલે એનું સામાન્યનું અવલોકન પરોક્ષપણે થઈ ગયું. રાગમાં નહોતું રમતું એ વખતે સમજાણું? જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાણો ને. એટલે એને રાગ જ્ઞેય ન થયું. એ વખતે જ્ઞાયકભાવ જ્ઞેય થયો. એ જ્ઞાયકભાવ પરોક્ષપણે જ્ઞેય થયો એ પ્રત્યક્ષ થઈ જાય છે.

(સવિકલ્પ સ્વસંવેદનમાં એકલો જ્ઞાયક જ) સવિકલ્પ સ્વસંવેદન અને નિર્વિકલ્પ સ્વસંવેદન. પહેલા બોલમાં સવિકલ્પ સ્વસંવેદન જાણવામાં તો જ્ઞાયક જ આવ્યો. એને દેહ, મન, વાણી કે કર્મ કે કોઈ પરપદાર્થ, છ દ્રવ્ય કે દેવ, ગુરુ, શાસ્ત્ર કાંઈ જાણવામાં ન આવ્યું. રાગ જાણવામાં ન આવ્યો. ઈન્દ્રિયજ્ઞાનમાં આમ થાય છે એ જાણવામાં ન આવ્યું. જાણનાર જાણવામાં આવવા મંડ્યો. ઓહોહો! 'જાણનાર જ જણાય છે' મને તો આ તો ચમત્કારિક વસ્તુ છે એમ એને લાગે છે.

અંદર જાય ત્યારે ગુરુદેવ બતાવે છે કે જ્યાં મિથ્યાત્વ જેને ગળ્યું હોય ને એ જ આ સૂક્ષ્મ બોધ પકડી શકશે. કર્તાબુદ્ધિવાળાને તો આ બીજા પારામાં ચાંચેય ડૂબે નહિ. એ જ્યારે ફિરોઝાબાદમાં ચર્ચા થઈને ત્યારે પ્રેમચંદજી હતા. આહાહા! ધ્યેયપૂર્વક જ્ઞેય હોતા હૈ વો તો મેરી ચોંચેય ડૂબતી નહિ હૈ. ચોંચેય ડૂબતી નહી હૈ. યે ક્યા બાત હૈ એટલે પ્રમોદ અને આશ્ચર્ય થાય થાય. અપૂર્વતા લાગે. આહાહા!

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાનનો એક જ વિષય છે અભેદ સામાન્ય,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશેષનો વિષય એકલો સામાન્ય રહ્યો. જ્ઞાનની પર્યાયનો વિષય એકલો અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ પરમાત્મા રહ્યો. તે વખતે એને કર્મને, નિમિત્ત-નૈમિત્તિક ને રાગ ને ઈન્દ્રિયજ્ઞાન ને ગુણભેદ ને કાંઈ દેખાતું નથી એને છેલ્લે સમ્યક્ સન્મુખ કહેવામાં આવે છે. છેલ્લે, બસ એ છેલ્લો જ પોઈન્ટ.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય છે કે જ્ઞેયાકાર અવસ્થા રાખીને જ્ઞેયને જાણવાનું બંધ થયું ને જ્ઞાયક જણાય છે, જ્ઞેય જણાય છે તે કાળે? કે હા, એ કાળે જ્ઞાયક જણાય છે. એટલે જ્ઞેય તરફનું લક્ષ છૂટતું, છૂટતું છૂટી જાય છે. પ્રોસેસ છે ને આખી.

સોગાનીજી કહે છે કે છઠ્ઠી ગાથા સારભૂત છે. આખા સમયસારમાં દૃષ્ટિનો વિષય આમાં આવી ગયો છે આબેહૂબ. ત્યાં સુધી લખ્યું કે આ આત્મા શુભાશુભરૂપે પરિણમતો નથી અત્યાર સુધી કોઈ દિ', મિથ્યાત્વરૂપે પરિણમ્યો નથી આત્મા એમ કહે છે. પહેલા પારામાં પરિણમે તો જડ થઈ જાય. ત્યાં સુધી શુભાશુભરૂપે પરિણમતો જ નથી. જે નવા પુણ્ય પ્રકૃતિ ને પાપ પ્રકૃતિના કર્મબંધનું નિમિત્ત કારણ છે એ ભાવે આત્મા પરિણમતો જ નથી, થતો જ નથી, થાય તો જડ થઈ જાય, અજીવ થઈ જાય. જીવ, અજીવપણાને પામી જાય. શુભાશુભ ભાવ થાય છે એ વાત સાચી છે પણ આત્મા એ ભાવે પરિણમતો નથી. ત્યાં જો કથંચિત્ લગાવવા જાય તો બાજી હાથમાંથી હારી જાય. ખલાસ!

હવે ચેતન જડરૂપે પરિણમતું નથી એમ લખે છે, ત્યાં કથંચિત્ પરિણમે કે નહિ જડ રૂપે. બોલો હવે શું આ, આ પંડિતાઈનો વિષય નથી. પંડિતાઈનો વિષય નથી. જે આચાર્ય ભગવાન આપણને સમજાવવા માંગતા હોય અહીંયા એ જ આપણે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. આગળ પાછળની વાત નહિ, તો એ ગાથાનું રહસ્ય તમારા જ્ઞાનમાં આવે. અહીંયા શું કહે છે, અહીંયા શું કહે છે બસ ત્યાં એકાગ્ર થવું. એ શબ્દમાં એ અક્ષરમાં, કાનામાત્રામાં બધું ત્યાં ને ત્યાં ઉપયોગ લગાવવો જોઈએ. ત્યાં ને ત્યાં ઉપયોગ લગાવો ને તો ઈ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવભાસન થઈ જાય. (રહસ્ય ખૂલી જાય) ખૂલી જાય, લખનારે જે ભાવથી લખ્યું છે એ ભાવથી આ વાંચે છે ને વિચારે છે ને તો કામ થઈ જાય.

એણે કોઈ નાસ્તિની વાત એમાં કરી જ નથી. આ નથી જણાતું કાંઈ નહિ. વાત જ કરી નહિ. પાછું જ્ઞેયાકાર અવસ્થામાં રાગને જાણવાનો કાળ છે એ કાળમાં રાગ નથી જણાતો પણ જાણનાર જણાય છે. એ જ કાળમાં સમય એક છે. આહાહા! બીજા સમયે તો વ્યય થઈને અનુભવ થઈ જાય. વ્યય અને ઉત્પાદ. દેહને જાણવાના કાળે દેવ, ગુરુ ને શાસ્ત્ર સામે જ્ઞેય છે. એ જ્ઞેયાકાર અવસ્થામાં એ વખતે એની આમ નજર પ્રતિમા ઉપર છે. સમજી ગયા! વિચાર કરે છે કે આ પ્રતિમા જણાય છે મને કે જ્ઞાન જણાય છે, હું પ્રતિમામય છું કે હું જ્ઞાનમય છું. હું તો જ્ઞાનમય છું. જો જ્ઞાનમય છું તો તો જાણનાર જ જણાયને મને. એમ વિચાર ઉપર જો ચડી જાય તો ચિંતનનો વિષય છે આ. બોલો આગળ પતી ગયું ને આ તો થઈ ગયું ને બસ લાવો.

**પ્રશ્ન :-** ગઈકાલે જે ધ્યેયપૂર્વક જ્ઞેયની વાતમાં એક પ્રશ્ન છે કે અજ્ઞાનીને તો કોને ધ્યેય કહેવાય, કોને ધ્યાન કહેવાય અને કોને ધ્યાતા કહેવાય. એની કાંઈ જ ખબર નથી તો વસ્તુને ઓળખવા માટે એનું કોઈ ખાસ લક્ષણ હોય છે, એટલે લક્ષણ દ્વારા વસ્તુને ઓળખી શકે છે તો ધ્યેયનું લક્ષણ શું છે? ધ્યાનનું લક્ષણ શું છે? ધ્યાતાનું લક્ષણ શું છે? ત્રણેયના લક્ષણ ભિન્ન ભિન્ન છે કે એક જ છે?

**ઉત્તર :-** ત્રણેયના લક્ષણ ભિન્ન છે. ધ્યેય તો ધ્રુવ છે. સમજી ગયા! અને ધ્યાતા તો સાધક થઈ ગયો. મોક્ષમાર્ગરૂપે પરિણમે તેને ધ્યાતા કહેવાય. ધ્યાન કરનારો અને પર્યાય ધ્યાનની તો પર્યાય છે અને જ્ઞેય તો આખું દ્રવ્ય, ગુણ ને પર્યાય જ્ઞેય થાય છે. બધાના લક્ષણ જુદા છે. એકનું અપરિણામી લક્ષણ છે. બીજું પરિણામ લક્ષણ છે અને ત્રીજું પરિણામી છે. એ ધ્યાતા છે એ પરિણામી છે. ધ્યાન છે એ પરિણામ છે અને ધ્યેય છે એ અપરિણામી છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપરિણામી, પરિણામ અને પરિણામી એમાં પ્રશ્ન પૂછવો હોય તો પૂછો કાંઈ. બરાબર છે. અપરિણામી ધ્યેય છે, પરિણામ ધ્યાન છે અને પરિણામી એ ધ્યાતા થઈ ગયો. એ વખતે એનો ભેદ નથી રહેતો પછી અનુભવના કાળે અભેદ એકાકાર, આ ધ્યેય ને આ ધ્યાન ને એ કાંઈ નહિ. આનંદમાં મશગૂલ થઈ જાય છે. ભણવાના કાળે બધું હોય, પ્રમાણ, નય, નિક્ષેપ, નિર્ણયનો કાળ હોય ત્યારે બધું હોય વિકલ્પો ઉઠે પણ અનુભવના કાળે કાંઈ નથી હોતું, વિકલ્પ માત્રનો વ્યય થઈ ગયો. ધર્મની શરૂઆત અનુભવથી છે.

ત્યાં સુધી સમયસાર કહે છે કે જેને આત્માનો અનુભવ થયો તેને સકળ જિન શાસન જાણી લીધું, દેખી લીધું. અને જિનશાસનના બે ભેદ દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત. બે ય જાણી લીધું. એક આત્માને જાણ્યો એમાં સકળ જિનશાસન. બોલો! ગણધર ભગવાન તો દ્રવ્યશ્રુત ને ભાવશ્રુત બે ને જાણે પણ દેડકાએ જાણી લીધું. દેડકો, હરણિયું પછી એમાં લખે છે ને કે અનુભવ થયા પછી બાર અંગને ભણવાની અટક રહેતી નથી. પ્રતિબંધ નથી એને કાંઈ. બીજા ભણે તો સમ્યક્દર્શન ટકે. એમ હશે? પણ ભણે તો જ્ઞાન તો વધેને? નહિ. (એ ક્યાં જ્ઞાન છે ઈન્દ્રિયજ્ઞાન છે) રે શાસ્ત્ર! રે લખ્યું.

રે શાસ્ત્ર તે નથી જ્ઞાન, તેથી શાસ્ત્ર કાંઈ જાણે નહિ,
તેથી જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું જિન કહે.

આહાહા! આ નિશ્ચયની વાત જો ન આવી હોત ભાઈ, તો આપણે રખડી પડત હો. પણ આપણો કાળ ચાર લાખ મુમુક્ષુનો કાળ પાક્યો હોય એટલે વાસ્તવિક તત્ત્વ બહાર આવી ગયું.

**પ્રશ્ન :-** સિદ્ધ ભગવાન છે તે પર્યાયમાં કાર્ય પરમાત્મા થઈ ગયા. તો ત્યાં પર્યાયમાં ઉત્પાદ વ્યય તો છે. કેમ કે તે પર્યાયનો સ્વભાવ છે. ત્યાં પર્યાયમાં નવ તત્ત્વની ઉપાધિ તો નીકળી ગઈ છે? તો પર્યાય તેના જેવી નિરપેક્ષ પારિણામિકરૂપ કહેવાય કે નહિ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :-** એ ક્ષાયિક પર્યાય કહેવાય. કર્મના ક્ષયથી પ્રગટ થઈ છે એટલે સાપેક્ષ છે. પણ તમે કર્મના ક્ષયને ગૌણ કરી નાંખો તો એ નિરપેક્ષ પર્યાય છે. બસ. તમે કર્મના સંબંધ વિનાની પર્યાય કહો તો એ પર્યાય નિરપેક્ષ પર્યાય છે. દ્રવ્ય નિરપેક્ષ, ગુણ નિરપેક્ષ, પર્યાય નિરપેક્ષ. (મોક્ષની પર્યાય નિરપેક્ષ) મોક્ષની પર્યાયની વાત કરે છે. સિદ્ધ પર્યાય જે છે મોક્ષની પર્યાય, એ પર્યાયમાં કર્મના અભાવની અપેક્ષા છે એટલે એને ક્ષાયિકભાવ કહેવાય. સમજી ગયા! અને આ સિદ્ધ પર્યાયમાં, સિદ્ધમાં કેટલા ભાવ પાંચમાંથી? તો કહે કે એક પારિણામિકભાવ ને એક ક્ષાયિકભાવ. દ્રવ્યનો પારિણામિકભાવ ને પર્યાયનો ક્ષાયિકભાવ.

**પ્રશ્ન :-** મોક્ષતત્ત્વ સંયોગરૂપે કહેવાય ને કેમ કે સિદ્ધ થઈ ગયા તો મોક્ષ તત્ત્વનો પણ અભાવ થઈ ગયો એમ.

**ઉત્તર :-** મોક્ષનો પણ સ્વાંગ નીકળી ગયો એમ કહે છે ને કે મોક્ષનો પણ સ્વાંગ નીકળી ગયો. એટલે સાપેક્ષપણું ટળી ગયું. નિરપેક્ષપણું રહી ગયું. નિરપેક્ષ રહ્યું કે ન રહ્યું? (નિરપેક્ષ જ રહ્યું) બસ તો પછી સાધ્યની સિદ્ધિ થઈ ગઈ બીજું શું આપણે કામ, હવે એનું નામ ગમે તે હોય, પૂર્ણ આનંદની પ્રાપ્તિ થઈ ગઈ પછી આપણે નામનું કામ છે કે ભાવનું કામ છે. ટપ ટપનું કામ છે કે રોટલાનું કામ છે (બધાં સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધ પ્રગટ થયું છે)

બાકી ગુરુદેવ કહેતા'તાં કે બધું જ શ્રુતજ્ઞાનમાં નથી આવતું. જો બધું આવે તો તો કેવળજ્ઞાનમાં. કાંઈ બાકી ન રહે કેવળજ્ઞાનમાં. એમ ઘણાં વિચારો તો આવ્યા હોય પણ એ વિચારોને સમાજમાં મૂકાય નહિ. સમજી ગયા! કેમ કે આ આખો કેટલાક વિષય કેવળીનો છે. શ્રુતજ્ઞાન ત્યાં સુધી ન પહોંચી શકે. સ્વાંગ નીકળી ગયો એ વાત સાચી છે. કર્મના ક્ષયની વિવક્ષા હતી અપેક્ષા, સાપેક્ષપણું હતું ને ઈ નીકળી ગયું. પર્યાયનો સ્વભાવ જે હતો એ પ્રગટ થઈ ગયો. જેમ જ્ઞાનગુણ પરિપૂર્ણ શક્તિરૂપે છે તો શક્તિની વ્યક્તિ પણ પરિપૂર્ણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ ગઈ બસ. ગુણ પણ પૂર્ણ અને પર્યાય પણ પૂર્ણ. કૃતકૃત્ય થઈ ગયો. સાધ્યની સિદ્ધિ થઈ ગઈ બસ પછી શું કામ છે.

**પ્રશ્ન :-** પદાર્થની સિદ્ધિપૂર્વક પ્રયોજનની સિદ્ધિ થાય કે પ્રયોજનની સિદ્ધિપૂર્વક પદાર્થની સિદ્ધિ થાય છે.

**ઉત્તર :-** પહેલા હંમેશા ભણે ત્યારે પદાર્થનું જ્ઞાન થાય. ભણવાનો કાળ હોય ત્યારે પદાર્થનું જ્ઞાન થાય. દ્રવ્ય, ગુણ, પર્યાય, નિમિત્ત, ઉપાદાન પહેલા પદાર્થનું જ્ઞાન થાય. પદાર્થના જ્ઞાન પછી ભેદજ્ઞાનનો પ્રકાર આવે છે અને ભેદજ્ઞાનમાં પ્રયોજનની સિદ્ધિ થાય. પણ પદાર્થનું જ જ્ઞાન જેને ન હોય એને દ્રવ્ય ને પર્યાયની ખબર ન હોય તો ઈ પ્રયોજન શું કરે? એ અત્યારે કોઈને કાંઈ ખબર નથી ને અન્યમતમાં તો ક્યાં કાંઈ છે દ્રવ્ય, ગુણ, પર્યાય. માટે ભણવા માટે તો પદાર્થને ભણવો જોઈએ. પ્રવેશિકા શીખવી જોઈએ.

**પ્રશ્ન :** ઉપયોગ લક્ષણ કારણ અને તે જ વખતે શુદ્ધોપયોગ થયો તે તેનું કાર્ય. આવું એક જ પર્યાયમાં એક જ સમયે કારણ કાર્યપણું છે?

**ઉત્તર :-** કારણ ને કાર્ય અભેદથી જુઓ. આ કારણ ને આ કાર્ય એમ ન જુઓ. બસ જે કારણ છે તે જ કાર્ય છે, તે જે કાર્ય છે તે જ કારણ છે. તો સમાધાન થઈ જશે. નહિંતર તો પૂર્વ પર્યાય પરિણત દ્રવ્ય કારણ, ઉત્તર પર્યાય પરિણત દ્રવ્ય તે કાર્ય એમ તો ઘણું આવે, ઘણું આવે પર્યાયનું કારણ પર્યાય છે. આહાહા! બસ થઈ ગયું પૂરૂં થઈ ગયું. પર્યાયનું કારણ પર્યાય છે પર્યાયનું કાર્ય પર્યાય છે. બસ, મોક્ષમાર્ગ મોક્ષનું કારણ છે એ પણ વ્યવહાર છે. ભજન લ્યો. ટાઈમ થઈ ગયો.

બોલો પરમ ઉપકારી શ્રી સદ્ગુરુદેવનો જય હો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ.ભાઈશ્રીની તત્ત્વ ચર્ચા
## તારીખ : ૨/૭/૯૪, શનિવાર

શ્રોત :- ઉપયોગનું વિશેષ સ્પષ્ટીકરણ કરવા વિનંતી.

પહેલા તો જીવ નામનો એક પદાર્થ છે. જેમ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, પુદ્ગલ ને કાળ....જેમ ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિ હેતુત્વ છે. અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થિતિ હેતુત્વ છે. કાળ દ્રવ્યનું વર્તના. એમ જેના જે જે લક્ષણો છે એમ જીવ નામનો પણ પદાર્થ છે. જેમ ધર્માસ્તિકાય નામનો પદાર્થ છે એમ જીવ નામનો પણ પદાર્થ છે. એ છ એ પદાર્થ, પદાર્થ તરીકે સરખા છે. હવે છ એ પદાર્થના પણ લક્ષણો હોય છે.

જેમ બીજા પદાર્થના લક્ષણો જુદા જુદા વિચાર્યા, એવી રીતે જીવ નામનો જે પદાર્થ એનું લક્ષણ ઉપયોગ છે. બસ. પછી એ ઉપયોગથી આગળ ન જવું હમણાં. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય શુદ્ધ, અશુદ્ધ કાંઈ નહિ બસ ઉપયોગ લક્ષણ છે. એ પદાર્થની સિદ્ધિ છ એની થઈ ગઈ. બરાબર!

હવે જે ઉપયોગ લક્ષણ છે એ ઉપયોગનું લક્ષણ સ્વ અને પર બેયનો પ્રતિભાસ થાય એવી એનામાં સ્વચ્છતા છે અનાદિની. અને બેના પ્રતિભાસમય એક જ્ઞાનની પર્યાય છે. બેના પ્રતિભાસમય, પ્રતિભાસમય છે ઉપયોગ. બેનો પ્રતિભાસ થાય છે.

હવે બેનો પ્રતિભાસ થાય છે એમાંથી અનાદિકાળથી જીવ એ બેના પ્રતિભાસમાંથી પરના પ્રતિભાસને પકડે છે. એટલે એ જ્ઞાનનું અજ્ઞાન કરી નાંખે છે. ઉપયોગ તો લક્ષણ હતું એ કાંઈ દોષરૂપ ન હતું. કાંઈ ગુણરૂપ ન હતું. ગુણરૂપ તો તેને પદાર્થની સિદ્ધિ કરી. પરથી પાંચ દ્રવ્યથી એણે જુદો પાડ્યો એટલી સિદ્ધિ કરી. પણ એને સ્વપરના પ્રતિભાસમાંથી શું કર્યું?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિકાળથી પર તરફ લક્ષ કર્યું છે અનંતકાળ થયા. એટલે ઉપયોગ જે સામાન્ય લક્ષણ હતું. એનો દુરુપયોગ કરીને જ્ઞાનનું અજ્ઞાન એણે પોતે પ્રગટ કર્યું છે. એમાં કોઈનો વાંક નથી. એમાં પાંચમાં આરાનો વાંક નથી, કર્મના ઉદયની એમાં સ્થિતિ નથી કંઈ લેવાદેવાની. કારણ વગરનો મફતનો પોતે દુઃખી થયો. સમજણ વગર અનાદિકાળથી.

કેમ કે અનાદિકાળથી નિગોદ દશામાં હતો અને નિગોદના સંસ્કારથી પરનું લક્ષ કરીને જ જાણતો હતો અનંતકાળથી. અનંત, અનંત, અનંત એમાં કાળ ગયો. નિત્ય નિગોદપણે રહ્યો. હવે જે સંસ્કાર દૃઢ થઈ ગયા છે, નિત્યનિગોદના સંસ્કાર દૃઢ થઈ ગયા છે. દૃઢતમ થઈ ગયા છે પરનું લક્ષ કરીને. એ જાણે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચારેન્દ્રિય, પંચેન્દ્રિય, અસંજ્ઞી સુધી. સમજી ગયા!

હવે એવા જે દૃઢ સંસ્કાર નિત્ય નિગોદના સંસ્કાર છે આ. હું પરને જાણું છું એ આજકાલની ભૂલ નથી. ભૂલ એક સમયની છે પણ અનાદિથી આ ભૂલ કરતો આવે છે. અનાદિથી કરતો આવે છે પણ નિત્ય નિગોદમાં તો વિચાર કરવાની શક્તિ નથી. ત્યાં બિડાય ગઈ છે સાવ. એટલે એમ કરતાં સંજ્ઞી પંચેન્દ્રિય થાય એમાંય મનુષ્ય થાય, એમાંય મનુષ્ય થઈ એને સાચા દેવ, શાસ્ત્ર, ગુરુનો યોગ મળવો દુર્લભ છે. પહેલા સંજ્ઞી પંચેન્દ્રિય એટલે મનવાળું પ્રાણી. મન સહિત એટલે મનુષ્ય અને એમાં પણ એ જૈનદર્શનમાં આવ્યો, જૈનદર્શનમાં આવ્યા પછી પણ આ પાંચમાં આરામાં એવો કાળ છે કે કેવળીનો વિરહ છે, ગણધર ભગવાન કોઈ રહ્યા નહિ અને સાચા ભાવલિંગી સંતો છેલ્લા થોડાક કાળમાં દુષ્કાળ અગાઉ હતા, દુષ્કાળ છે. સત્ય વાત તો બહાર આવી નહિ. એમાં તત્ત્વાર્થ સૂત્ર લખાણું.

એ તત્ત્વાર્થસૂત્ર પ્રચલિત એટલુ બધું થયું દિગંબર સમાજમાં, સમયસાર તો કૈલાસચંદજી પંડિતે પોતે ભૂલ કબૂલ કરી કે સમયસાર તો અમે વાંચતા જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ. કેમકે મુનિને યોગ્ય એ શાસ્ત્ર છે પણ કાનજીસ્વામીનો ઉદય થયો. અને કાજીસ્વામીએ આ ડંકો વગાડ્યો સમયસારનો. અમને પૂછ્યું પંડિતજી આ ગાથાનો અર્થ શું થાય? અમે તો વાંચ્યું જ નથી ક્યાંથી અર્થ કરીએ. એટલે અમારે બીજા પ્રશ્ન કરે એનું સમાધાન કરવા માટે વાંચવું પડ્યું. વાંચતા જ આંખ ઉઘડી ગઈ અમારી. ઓહોહો! આમાં તો ભેદજ્ઞાનનો મંત્ર ભર્યો છે.

એટલે કહેવાનો મારો આશય એ છે કે જ્ઞાનીનો યોગ થયા પછી પણ જે ઉપયોગ લક્ષણમાં અટકે અને એને પરમ પારિણામિકભાવ નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું. એ લક્ષમાં ન આવે તો તે ભવ હારી જશે. બીજું ઉપયોગ લક્ષણ છે તે જ્ઞેયનું છે, ધ્યેયનું નથી, એક વાત. ઉપયોગ લક્ષણ છે તે પરિણામી પદાર્થનું છે. જીવ સામાન્યનું લક્ષણ નથી. સામાન્ય વિશેષાત્મક આખો આત્મા જે છે એનું એ લક્ષણ છે, પરિણામીનું લક્ષણ છે, જ્ઞેયનું લક્ષણ છે. ધ્યેયનું લક્ષણ નથી. અને ધ્યેય જ્યાં સુધી ન આવે ત્યાં સુધી ધ્યાન કોનું કરે. આનું (જ્ઞેયનું) ધ્યાન કરે તો તો મિથ્યાત્વ દૃઢ થાય છે.

એમ કરતાં કોઈ આપણાં ભાગ્યના જોગે આનો અનુવાદ થયો બસો વર્ષ પહેલાં અને ગુરુદેવ પાક્યા ને એણે આ વાત જાહેર કરી અને ત્યારે ભેદજ્ઞાનનો મંત્ર એણે આપ્યો કે ઉપયોગ સામાન્ય જે છે તે સ્વપરના પ્રતિભાસમય પર્યાય, પર્યાય એક જ છે. પરને પ્રતિભાસ કરનારી પર્યાય જુદી જ્ઞાનની અને સ્વને પ્રતિભાસ કરનારી એમ નહિ. બેયનો પ્રતિભાસ થાય પણ બેયના પ્રતિભાસમય છે એક પર્યાય એમાં બેનો પ્રતિભાસ એક સમયે થાય છે. કોઈનો પ્રતિભાસ તમે કાઢી શકો નહિ એમાંથી એવો જે સામાન્ય ઉપયોગ. એમાં ગુરુદેવ કહે છે કે પરનું લક્ષ, પરને જાણવાનું છોડી દે. પુણ્ય થાય, રાગ ભલે થાય પણ એનું લક્ષ છોડી દે. અને ત્રિકાળી જ્ઞાયકનું લક્ષ કર. એટલે આખી દૃષ્ટિ તારી ફરી જશે.

એટલે જ્ઞાનનું જે અજ્ઞાન કરતો હતો અનંતકાળથી, નિગોદના સંસ્કાર ઊભા થતા હતા અહીંયા આવ્યા પછી પણ, એ સંસ્કાર દૂર થવા મંડ્યા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિગોદના સંસ્કાર દૂર થાય તો મોક્ષના સંસ્કાર આવવા માંડે. કુદરતી છે આ. એમાં આ પુરુષે કહ્યું કે પરનું લક્ષ છોડી દે અને સ્વનું લક્ષ કર. આ ૪૫ વર્ષમાં એણે લક્ષ ફેરવવાનું કહ્યું. જે તારો ઉપયોગ બહાર ભમે છે. એ ઉપયોગને અંદરમાં વાળ ને અંદરમાં વાળીને જો ને. એમ કરતાં કરતાં એક અપૂર્વ વાત એણે બહાર કાઢી.

અરે! અજ્ઞાનીને પણ બાળ-ગોપાળ સૌને ભગવાનઆત્મા અનુભવમાં આવે છે. સમજી ગયા! ધીમે ધીમે જેમ જેમ આપણે સમજતા ગયા અને આપણે પચાવતાં ગયા એમ એમ એ સૂક્ષ્મ આપતા ગયા. અજ્ઞાનીની વાત કરે છે, અજ્ઞાની જીવ છે, મિથ્યાદષ્ટિ છે, એની જ્ઞાનની પર્યાય પણ સ્વપર પ્રતિભાસમય છે જ્ઞાનની પર્યાય એટલે જેમ ભિન્ન દ્રવ્ય એમાં પ્રતિભાસે છે એના જ્ઞાનમાં એમ અભેદ જ્ઞાયક છે એ પણ પ્રતિભાસે છે.

હવે એ ભિન્ન પ્રતિભાસે છે એ તો બહુ દૂર છે એ ભાસે છે અને આ નજીક છે એ ભાસે છે એટલે એમ કહે છે કે તારી જ્ઞાનની પર્યાયમાં ભગવાન આત્માનો અનુભવ થાય છે. એમ કરીને અંદરમાં વાળીને કોઈ કોઈને સમ્યક્દર્શન થઈ જાય છે. આ ઉપયોગનો દુરુપયોગ કર્યો છે. હવે જો દુરુપયોગ જો કરશે અને જો સમ્યક્ ન થયું અને મોક્ષ ન થયો તો ફરીથી નિગોદ છે. મિથ્યાત્વનો દંડ નિગોદ છે. અને સમ્યક્દર્શનનો ગુણ મોક્ષ છે. બેયની દિશા છે એક ઉર્ધ્વગમન સ્વભાવ છે સમ્યક્દર્શનનો અને મિથ્યાદર્શનનો અધોગમન.

ભલે કદાચ બે હજાર સાગર કોઈ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ત્રસની સ્થિતિ આવી જાય એની કોઈ વેલ્યુ નથી. એ મિથ્યાત્વનો કણિયો એને નીચે લઈ જશે. માટે ઉપયોગનો દુરુપયોગ કરવાનું છોડીને ઉપયોગનો સદ્દુપયોગ કરવો.

જાણનાર જણાય છે, જાણનાર જણાય છે, જાણનાર જણાય છે. પર જણાય છે, પર જણાય છે એ તો સંસ્કાર હતા. હવે સંસ્કાર બદલાવાના છે. જાણનારો જણાય છે, જાણનારો જણાય છે મને તો. કેમ કે સમયસાર કહે છે કે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તમને જાણનારો જણાય છે, ગુરુદેવ કહે છે કે તમને બાળ-ગોપાળ સૌને જાણનાર જણાય છે તો એ વાક્ય તો યથાર્થ છે. જાણનારો જણાય છે એ તો સમયસાર કહે છે, ગુરુદેવ કહે છે આપણા પછી એનાથી વધારે કોને પૂછવાનું હોય? તો એને નવા સંસ્કાર ઉપયોગના સદ્ઉપયોગની લાઈન હાથમાં આવી. ઉપયોગનો દુરુપયોગ ઘટવા માંડ્યો અને ઉપયોગનો સદ્ઉપયોગ થવા માંડ્યો. એમાં જો એને અંતર્મુખ થાય જીવ તો તેને અનુભવ થાય. તો એનું નામ સમ્યક્જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ થઈ જાય. જ્ઞાનનું અજ્ઞાનત્વ તો કરી રહ્યો છે વિશેષમાં. હવે આ વિશેષ-વિશેષ વિષયના ભેદથી સામાન્ય તરફ લક્ષ જાય છે, વિશેષનું લક્ષ સામાન્ય તરફ જાય છે ત્યારે સમ્યક્જ્ઞાન પ્રગટ થઈ જાય છે. લ્યો આ ઉપયોગની વ્યાખ્યા. એ પોતાના હાથની વાત છે.

સૂર્યના પ્રકાશમાં સૂર્ય જણાય છે એમ લેવામાં વાંધો શું? મકાન જણાય છે એ થોડીવાર રહેવા દે ને. ભલે મકાન જણાય છે ને તને અત્યાર સુધી એવું લાગતું હતું. હવે, શ્રી ગુરુ મળ્યા. તું એટલો વિચાર કર, કે આ પ્રકાશમાં પ્રકાશ કોનો છે? ઘડાનો પ્રકાશ છે? ઘડામાંથી ઉત્પન્ન થયો છે કે સૂર્યમાંથી? તો જેમાંથી ઉત્પન્ન થાય પ્રકાશ એને જાણે કે જેમાંથી ઉત્પન્ન ન થાય ભિન્ન હોય એમાંથી પ્રકાશ એને પ્રસિદ્ધ કરે.

એ જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર અવસ્થામાં, જ્ઞેયમાંથી જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ થતો નથી. રાગાદિ અને દેહાદિ બેનો પ્રતિભાસ થાય છે જ્ઞેયોનો, પણ આ જે જ્ઞાનની પર્યાય ઉત્પાદ થાય છે, પણ એ ઉત્પાદનો આધાર તો ધ્રુવ છે. આધાર-આધેય સંબંધ તો આત્માની સાથે છે. કર્તા-કર્મ આત્માની સાથે છે. તો એ જેમાંથી ઉત્પન્ન થાય છે ઉત્પાદ એ ધ્રુવને પ્રસિદ્ધ કરે કે ઉત્પાદ પરને પ્રસિદ્ધ કરે. જ્ઞાનની પર્યાય જેની છે એને પ્રસિદ્ધ કરે કે જ્ઞાનની પર્યાય રાગને પ્રસિદ્ધ કરે. (જે જેનું હોય તેને પ્રસિદ્ધ કરે) તો એ તો આત્માની પર્યાય છે તો એ પર્યાય તો આત્માની છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ પણ મને આમાંથી બેઠા છે તેમાંથી કહો કે એ જ્ઞાનની પર્યાય જે ઉત્પન્ન થાય છે, એ રાગમાંથી ઉત્પન્ન થઈ, શરીરમાંથી ઉત્પન્ન થઈ, મને કોઈપણ જવાબ દ્યો. કોઈ કાળે ન બને જડમાંથી ચેતન કેમ ઉપજે. અરે ચેતન ઉપજે એ ચેતનને કેમ ન જાણે? ભાઈ ના પાડે છે. પોતાના ઘરની વાત છે આ. અને આમ બુદ્ધિગમ્ય છે. લોજીક, ન્યાયથી, વિચાર કરતાં થવું જોઈએ. જો વિચાર કરશો ને તો જરૂર વિકાસ થશે. વિચાર કરનારનો વિકાસ થાય છે. જ્ઞાન ઉઘડે છે કે જ્ઞાનની પર્યાય પ્રગટ તો થાય છે. એ કોના આધારે પ્રગટ થાય છે? પરના આધારે તો પ્રગટ થાય નહિ. અને પરમાં ભળે નહિ. વ્યય થાય તોય પરમાં ન ભળે, ઉપજે તોય જ્ઞાનમાંથી ઉપજે અને વ્યય થાય તોય જ્ઞાનમાં સમાય.

દરિયામાં મોટા પહાડ હોય એ પહાડમાંથી મોજું ઊઠે છે કે સમુદ્રમાંથી? સમુદ્રમાંથી મોજું ઊઠે છે. પાછું સમુદ્રમાં વિલય થાય છે. પહાડ સાથે તો કાંઈ લેવા દેવા નથી. કર વિચાર તો પામ. બીજું કાંઈ નહિં. સહેલું છે. જરાક એ ઊંડો ઉતરીને અભ્યાસ કરે તો એને સહેલું લાગે. અત્યારે જરા આ અઘરું લાગે છે, આ અનાદિના સંસ્કારને નિર્મૂળ કરી નાંખવા. આહાહા! સંસ્કાર તો પર્યાયમાં છે. પૂર્વના સંસ્કાર વર્તમાન પર્યાયમાં આવતા નથી. પણ એવો અધ્યાસ થઈ ગયો છે ને! આહાહા!

ગુરુદેવ દાખલો નથી આપતા કે બગીચામાં જાય છે ભમરો અને સુગંધ લ્યે છે. એમાં મિત્ર જાતો તો ખોટે રસ્તે, એને કહ્યું હાલને સુગંધ લેવા, તો ગોળી ચડાવીને ગયો. કેમ આ જ સુગંધ બહુ આવી સરસ, મને કાંઈ ફેર દેખાતો નથી. એમ એ સમયસાર સાંભળે અને કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ રાખીને સમયસાર વાંચશે કે સાંભળશે, કાંઈ નહિ વળે. સમયસાર શું કરે, સમયસાર શું કરે? પોતે ન પલટે તો ગુરુ શું કરે? તીર્થંકર પણ શું કરે? (પેલા ગોળી કાઢી નાંખ તો પરિણમે આ) હું કાંઈ જાણતો નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું આપની પાસે સ્વરૂપ સમજવા માટે આવ્યો છું અને મારે બીજું કાંઈ આઠ કર્મ ને ૧૪૮ કર્મથી પ્રકૃતિ ને કયા ગુણસ્થાને ઉદય ને વિચ્છુતિ ને સંક્રમણ ને છ દ્રવ્યનું સ્વરૂપ કાંઈ મારે જાણવું નથી. મારે આત્માનું સ્વરૂપ શું છે એ સમજાવો ને એનો અનુભવ કેમ થાય આ બે વાત જિજ્ઞાસા લઈને આપની પાસે આવ્યો છું. અને જ્ઞાની બે જ વાત મુખ્યપણે કરે. ભલે બીજી વાતો કરે. સમજી ગયા! પણ વાત કરતા કરતા પાછી આ વાત ઉપર આવી જાય ફટ દઈને. મધુરંજનની વાતો કરે છે.

મેં તો નજરે સાંભળ્યા છે, આપણે બધાએ. વાત ગમે એટલી કરતા હોય, રાગનું લક્ષ છોડીને જ્ઞાયકનું લક્ષ કર ને ઉપયોગને વાળી દેને અંદર. પણ જૂના સંસ્કાર જાય છે તો અંતર્મુહૂર્તમાં એક સમયમાં જાય છે. લાંબો કાળ નથી થતો એને, પણ ઉગ્ર પુરુષાર્થવાળો જલ્દી પામે. ધીમા પુરુષાર્થમાં જરા વાર લાગે. પુરુષાર્થ ચાલુ રાખવો જોઈએ ભેદજ્ઞાનનો.

સ્વપરપ્રકાશકમાંથી સદ્‌ઉપયોગ કરવાનો છે. સ્વપરપ્રકાશક રહી જશે એનો કોઈ દિ' નાશ નહિ થાય. સ્વપરપ્રતિભાસમય જ્ઞાન છે એક સમયની પર્યાયમાં. પર્યાય એક છે ને પ્રતિભાસ બેના થાય છે સમય એક. અંદરમાં જાય તો બેના પ્રતિભાસ, બહારમાં આવે તો ય બેના પ્રતિભાસ, કેવળજ્ઞાન થાય તો ય બેના પ્રતિભાસ, નિગોદમાં રહે તોય બેના પ્રતિભાસ. એટલે અવસર છે સદ્‌ઉપયોગ કરવાનો અવસર છે (સ્વમાં ઢળવાનો) પણ સ્વાધ્યાય જ નથી. વિકથાથી શું ફાયદો છે. બીજા બીજાનું જાણે. કાંઈ ભાગીદારી તો છે નહિ. એ સુખ મોટું છે.

**પ્રશ્ન :-** જીવ તત્ત્વનો સ્વભાવ છે, તે ઉપયોગ પર્યાયથી સર્વથા રહિત જ છે અને જીવ દ્રવ્યનો સ્વભાવ એવો પણ છે કે ઉપયોગ પર્યાયથી સર્વથા સહિત પણ છે આમ લેવામાં આવે તો શું દોષ આવે?

**ઉત્તર :-** પરથી જુદો પાડવા માટે એ સર્વથા ઉપયોગમય છે આત્મા એમ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લેવું, ત્યાં એ પરથી જુદો પડી જશે. પણ પછી એને અનંત ગુણમય ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ કરવી હોય તો, એક સમયની પર્યાય છે એ નાશવાન છે માટે સર્વથા ભિન્ન છે. હવે જ્યાં સર્વથા ભિન્ન કહ્યું ત્યાં ઉપયોગમાં જ આત્મા અનુભવમાં આવ્યો. રાગમાં તો અનુભવમાં નથી આવતો. ઉપયોગમાં જ અનુભવમાં આવે છે. દર્શન તો ઉપયોગમાં થયા.

હવે જે સર્વથા રહિત, રહિત કહેતો હતો એ અનુભવમાંથી બહાર આવીને કહે કથંચિત સહિત છે હો, ભાઈ! હમણાં તમે પાંચ મિનિટ પહેલાં એમ કહેતા હતા કે સર્વથા રહિત છે એમાં અનુભવ થાય. એમાં અનુભવ થયા પછીની તો વાત કરું છું તને. (અનુભવ થવા માટે જ કીધું હતું) કીધું હતું પણ જે અનુભવ થયો, એમાં એમ જણાણું મને કે આ ઉપયોગથી સહિત, આનંદથી સહિત છું હું આત્મા. ધ્યેયનું ધ્યાન કર્યું, ત્યાં ધ્યાતા થઈ ગયો જ્યાં ધ્યાતા થયો ત્યાં આખા દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞેય થઈ ગયું એને, જ્ઞાન થઈ ગયું.

રહિતપૂર્વક સહિત થાય છે. સહિતના પક્ષમાં રહે તો કોઈ કાળે અનુભવ નહિ થાય. રહિતના પક્ષમાં પણ અનુભવ નહિ થાય એ પક્ષ છૂટે ત્યારે અનુભવ થાય તો સહિતના પક્ષમાં તો અનંતકાળથી છે. રાગથી સહિત તો માને છે બધાય. ઉપયોગથી અનન્ય છે. જીવ પદાર્થ ઉપયોગથી અનન્ય છે. એમાં પરથી જુદું પડી જાય છે.

**પ્રશ્ન :-** હવે ઉપયોગને સર્વથા અભિન્ન માનવામાં આવે તો પરમાર્થનો નાશ થાય? કેવી રીતે?

**ઉત્તર :-** નાશ થાય. સર્વથા ભિન્ન માને તો નાશ ન થાય. સર્વથા અભિન્ન માને તો નાશ જ થાય. કેમ કે પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય છે. સર્વથા ભિન્નમાં તો ગુણ પ્રગટ થાય છે અને સર્વથા અભિન્નમાં દ્રવ્યનો નાશ થઈ જાય. કથંચિત્ અભિન્ન કહો બસ. કથંચિત્ અભિન્ન. સર્વથા ભિન્ન પછીનો પાઠ કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન. સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બરાબર છે.

હવે જેમ સર્વથા ભિન્ન કીધું એમ સર્વથા અભિન્નમાં શું વાંધો? મોટો વાંધો. પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય. કેમ કે પર્યાય તો નાશવાન છે. સોનાનો ઘાટ એ ઘાટ સર્વથા અભિન્ન થઈ જાય અને પછી તમે સોની પાસે જાવ અને પછી મારે ઈ હથોડો. તો અભિન્ન હોય તો તો સોનુંય નાશ થાય. પણ સોનાનો નાશ ન થયો પણ ઘાટનો નાશ થયો. માટે સર્વથા અભિન્ન નથી.

થોડુંક મગજ તો કસવું પડે તેવું છે. ઝવેરચંદભાઈ! (જગતમાં બીજે ક્યાં નથી કસવું પડતું? દરેક જગ્યાએ કસવું પડે છે) આમાંય પોતાના હિતની વાત છે. પોતાના હિતની વાત છે. આમાં એક પૈસાનું ખર્ચ નથી. કોઈ ઈન્કમટેક્ષ નહિ, કોઈ સેલ્સટેક્ષ નહિ, કોઈ ભાગીદાર નહિ. હેં! કાંઈ ન થાય. એકલો જન્મે, એકલો મરે, એકલો બંધાય, એકલો મુકાય. બસ.

**પ્રશ્ન :-** સ્વપરપ્રકાશક તેવો ઉપયોગ તેના બે ભાગ છે. એક સામાન્યપણું અને એક વિશેષપણું. પર્યાયાર્થિકનયનો પારિણામિકભાવ તે તેનું સામાન્યપણું છે અને શુદ્ધોપયોગ તે તેનું વિશેષપણું છે. હવે તે જ ઉપયોગને તેના સામાન્ય સ્વભાવથી જુઓ તો તે જ્ઞાયકથી અભિન્ન છે અને તે જ ઉપયોગને તેના વિશેષ સ્વભાવથી જુઓ તો તે જ્ઞાયકથી ભિન્ન છે તેમ લઈ શકાય?

**ઉત્તર :-** હા, લઈ શકાય કથંચિત્. કેમકે અભિન્ન લીધું ને એટલે કથંચિત્ લગાડ્યું. ખબર છે અમને.

**પ્રશ્ન :-** આવા બે ધર્મો એક સાથે એક પર્યાયમાં જોઈ શકાય ખરા?

**ઉત્તર :-** હા, કેમ કે આ સ્યાદ્વાદથી બધું સિદ્ધ છે. કથંચિત્ શબ્દ લગાડ્યો માટે કાંઈ દોષ નથી.

**પ્રશ્ન :-** પણ એક સાથે બેયને જોઈ શકાય કે એકને જ જોઈ શકાય એક સાથે?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :-** અરે અનંતને જોઈ શકાય. પણ પરોક્ષપણે, પ્રત્યક્ષ કેવળજ્ઞાન થાય ત્યારે. અંદરમાં જાય ને ત્યારે પરોક્ષપણે જ્ઞાન અનંત ગુણ, અનંત ગુણની અનંત પર્યાયો, અનંત સાપેક્ષ ધર્મો એક સમમયાં આખું જ્ઞેય થઈ ગયું છે. અનુભવના કાળે તો કેવળી જેવો છે, એમ શાસ્ત્ર લખે છે. આહાહા!

જેને આત્માની અનુભૂતિ થઈ તેણે સકળ જિનશાસન દેખી લીધું. કાંઈ બાકી ન રહ્યું. અને તેમાં દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત બેય જાણ્યું પાછું એમ. દ્રવ્યશ્રુત પૂરું જાણી લીધું. બોલો હરણીયાએ હોં. આહાહા! ગણધર થવાની જરૂર ન પડે એવી તાકાત જ્ઞાનની પડી છે. (અનુભવના કાળે સ્યાદ્વાદ પ્રગટ થઈ ગયો ને?) અનુભવના કાળે જ સ્યાદ્વાદ પ્રગટ થાય છે. એકાંતપૂર્વક અનેકાંત એક જ સમયમાં થાય. એ એનો સ્વભાવ છે જ્ઞાનનો.

આત્મામાં સ્યાદ્વાદનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું થતું નથી. બોલો! આવી કલમ ચલાવી. સ્યાદ્વાદનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું થતું નથી. પણ જ્યાં અનુભવ થયો ત્યાં સ્યાદ્વાદ આવી ગયું. અનુભવ જ્ઞાનમાં સ્યાદ્વાદ છે, અનુભવના વિષયમાં સ્યાદ્વાદ નથી. એ અનુભવના વિષયમાં સ્યાદ્વાદ ભેળવ્યા કરે કથંચિત્, કથંચિત્ કરીને એમાં પંડિત થાય પણ અનુભવ ન થાય. અનુભવ ન થાય એ વાત તો આપણે પહેલી કરી લીધી. કેમ કે વસ્તુની સ્થિતિ છે. (પરંપરાએ એક જ માર્ગ છે) છૂટવાનો માર્ગ એક જ સમ્યક્દર્શન (થાય ત્યાં) છૂટી જાય ખલાસ.

ગુરુદેવે કહ્યું કે શ્રીમદ્જીએ એક વાક્ય લખ્યું છે કે ''અનંતકાળથી જે જ્ઞાન ભવ હેતુ થતું હતું તે જ્ઞાનને સમય માત્રમાં જાત્યાંતર કર્યું તેવા સમ્યક્દર્શનને નમસ્કાર કરું છું.'' સમ્યક્દર્શન થયું તો સિદ્ધ થઈ ગયો. એમાં ભાવિ નૈગમનય આવી જાય છે. કોઈ કોઈને તો કેવળજ્ઞાનના દર્શન થઈ જાય છે સમ્યક્દર્શનમાં. સમયસારમાં ત્રણ ચાર જગ્યાએ છે. કેમકે કેવળજ્ઞાન અંદર પડ્યું છે ને અંતર્મુખ થયો તો અંદરની જે શક્તિઓ, યોગ્યતાઓ છે એનો પણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઈ કોઈને ખ્યાલ આવી જાય છે. ગુરુદેવે અહીંયા સભામાં કહ્યું હતું.

**પ્રશ્ન :-** ઉપયોગ પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. હવે અજ્ઞાની અનુભવ કરવા માટે એમ લઈ શકે કે મારામાં પ્રતિભાસ પણ થતો નથી અને મને દેખાતો પણ નથી. કેમકે પર્યાય જ દેખાતી નથી તેથી તેમાં થતો પ્રતિભાસ તો ક્યાંથી દેખાય? આમ લેવાથી સ્વરૂપનો નિષેધ તો નથી થતો ને? કે આમ લેવાથી સમ્યક્દર્શન - આત્મદર્શન થાય.

**ઉત્તર :-** નિષેધ થઈ ગયો. નિષેધ જ થઈ ગયો. અરે એણે ઉપયોગમાં સ્વપરનાં પ્રતિભાસને ઉડાડ્યો તો પછી સદ્ઉપયોગ કરીને અંદરમાં જાય ક્યાંથી? પ્રતિભાસને ઉડાડ્યો. પ્રતિભાસ છે એટલે તો આ બાળ-ગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવે છે પરોપક્ષણે અને પ્રત્યક્ષ થઈ જાય છે. પ્રતિભાસને ઉડાડે, ઉડી શકતો જ નથી. એક સમયની પર્યાય પ્રતિભાસમય છે. સ્વપરનાં પ્રતિભાસમય છે એમ. એ ઉડે નહિ કાંઈ.

જેમ છે એમ શાસ્ત્રના આધારે સંતો કહે છે, એમ સમજવાનો પ્રયત્ન કરવો પોતાની કલ્પના એમાં કોઈ લગાડે તો એમાં એને નુકસાન થશે. એ તો પછી કલ્પનાએ ચડી જાય કાં આમ હોય, કાં આમ ન હોય, કાં આમ હોય. જ્ઞાનનું અજ્ઞાન કરે છે, એ જ જીવ જ્ઞાનનું જ્ઞાનત્વ કરે છે. એમાં બધું આવી જાય છે.

અને પંચાધ્યાયીની ગાથા છે આખી ૫૫૮મી. ૫૪૧ થી ૫૫૮ ગાથા સુધી વાંચવા જેવી છે. આપણું પુસ્તક બાપુજીનું એના ઉપર બહાર પડ્યું છે ને? કલાક બે કલાક ત્રણ કલાક તો વાંચવાનો સ્વાધ્યાયનો ટાઈમ હોય, કાઢવો જોઈએ. પ્રવૃત્તિવાળાને ભલે ઓછો ટાઈમ હોય, બાકી નિવૃત્તિવાળાએ તો કમાવા જ જાવું નથી. પછી શું? ( આ કમાણી જ થઈ રહી છે) ૫૫૮ માં આખો નિચોડ છે. ઉપયોગનો અને સ્વપરપ્રકાશકનો આખો નિચોડ એમાં છે.

જ્ઞાન અર્થ વિકલ્પાત્મક હોય છે. અર્થાત્ જ્ઞાન સ્વપર પદાર્થને વિષય કરે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. તેથી જ્ઞાન સામાન્યની અપેક્ષાએ જ્ઞાન એક જ છે. કેમકે અર્થ વિકલ્પપણું બધા જ્ઞાનોમાં છે. બધા જ્ઞાનોમાં, અજ્ઞાનીના જ્ઞાનમાંય છે પરંતુ વિશેષ-વિશેષ વિષયોની અપેક્ષાએ તે જ જ્ઞાનના બે ભેદ થઈ જાય છે. એ જ જ્ઞાન, જ્ઞાન બીજું નથી. જ્ઞાનનું જ્ઞાનત્વ કરે તો સમ્યક્જ્ઞાન અને હું કરું છું રાગને, રાગ મારો છે તો અજ્ઞાન થઈ ગયું.

૫૪૧ માં 'અર્થ વિકલ્પ જ્ઞાનં પ્રમાણં' માં નાખ્યું છે. જેમ પ્રમાણનું લક્ષણ કહેવામાં આવે છે કે અર્થ વિકલ્પ જ્ઞાનરૂપ પ્રમાણ હોય છે એ અર્થ નામ જ્ઞાન. જ્ઞાન એટલે સ્વ અને પર, વિકલ્પ નામ જ્ઞાનનું તે આકારરૂપ થવું તે અર્થાત્ સ્વપર જ્ઞાન થવું તે જ પ્રમાણ છે. આ સ્વપરપ્રકાશક પ્રમાણનું વાક્ય છે. તેમાંથી જ નય નીકળે છે. બસ! ખાસ તો ૫૫૮ તેનો નિચોડ એ હતો. વિષય ભેદે ભેદ પડી જાય છે. એક સામાન્યને જુએ છે, બીજો વિશેષને જુએ છે પર્યાયમાં.

**પ્રશ્ન :-** દૃષ્ટિમાં તો અનેકાંત નથી પરંતુ જ્ઞાનમાં તો અનેકાંતરૂપ બે લક્ષણ છે. એક સ્વપ્રકાશકથી આત્મા લક્ષિત થાય છે ને એક સ્વપરપ્રકાશકથી પણ આત્મા લક્ષિત થાય છે, બંને લક્ષણ છે. તો બંનેથી લક્ષિત થાય?

**ઉત્તર :-** સ્વપરપ્રકાશક લક્ષણ બધાં પાસે છે આપણે વાંચ્યું. બધા જ્ઞાનોમાં છે. અભવિના જ્ઞાનમાં પણ સ્વપરપ્રકાશક છે તો પણ તેને અનુભવ થતો નથી અને ભવિના જ્ઞાનમાં પણ સ્વપરપ્રકાશક બધામાં છે તો પણ એને અનુભવ થતો નથી. એ સ્વપરપ્રકાશક જ્ઞાન પ્રમાણજ્ઞાન છે. પ્રમાણજ્ઞાન પૂજ્ય નથી. એમાંથી જો નય કાઢે અને એમાં ને એમાં વિધિ- નિષેધ કરે કે 'જાણનાર જણાય છે ખરેખર મને પર જણાતું નથી.' તો એને એવો એક જ્ઞાનનો પર્યાય પ્રગટ થાય સ્વસન્મુખનો કે સ્વપ્રકાશક જ્ઞાનમાં જ અનુભવ થાય. પછી અનુભવ થયા પછી સ્વપરપ્રકાશકને વ્યવહાર કહેવાય. સ્વપર-પ્રકાશક છે પણ ઈ વ્યવહારમાં જાય છે. તો સ્વપરપ્રકાશકથી અનુભવ થાય તો વ્યવહારથી અનુભવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય એમ આવ્યું. ખ્યાલ આવ્યો.

સ્વપરપ્રકાશકથી અનુભવ થાય તો સ્વપરપ્રકાશક તો વ્યવહારમાં નાખ્યું છે. પ્રમાણજ્ઞાન છે અને એ તો બધાનાં જ્ઞાનમાં છે. વ્યવહાર નિશ્ચય થઈ ગયો ને બધાં અનુભવી થઈ ગયા તો તો. તો ભેદજ્ઞાન ક્યાં રહ્યું. પછી તો જ્ઞાનનું જ્ઞાનત્વ અને જ્ઞાનનું અજ્ઞાનત્વ એ ગાથા ખોટી ઠરે. અરે! તો તો આખો સિદ્ધાંત વહ્યો જાય...વ્યવહારથી નિશ્ચય કોઈ દિ' પ્રગટ થાય?

નિશ્ચયનય વડે તું વ્યવહારનો નિષેધ કર એમ ટોડરમલજીએ કહ્યું છે કે, જેટલાં વ્યવહારના કથનો આવે તેને અભૂતાર્થ માની એનું શ્રદ્ધાન છોડજે. આ વ્યવહારનું કથન છે સ્વપરપ્રકાશક. પ્રમાણનું લક્ષણ કહ્યું. પ્રમાણ કહો કે વ્યવહાર કહો એક જ. બધા જ્ઞાનોમાં છે. અભવિને સ્વપરપ્રકાશક છે.

હવે સ્વપરપ્રકાશક લક્ષણ ને સ્વપ્રકાશક લક્ષણ. સ્વપ્રકાશકમાંય અનુભવ થાય અને સ્વપરપ્રકાશકમાંય અનુભવ થાય તો તો દોષ આવી જાય, એમ નથી. (સમ્યક્ એકાંતપૂર્વક સ્વપ્રકાશકના સ્વીકાર પછી જ સ્વપરપ્રકાશક આવે. વ્યવહાર ઊભો થાય. નિશ્ચય થયા વિના વ્યવહાર ક્યાંથી આવે) અને અનુભવ આપણે ન્યાય આપ્યો કે અનુભવ જો થાય સ્વપરપ્રકાશકમાં તો બધાની પાસે છે જ્ઞાન, તો તો બધાને અનુભવ થવો જોઈએ. બધાય જ્ઞાનોમાં છે એમ. અભવિ કે ભવિ બધામાં કેવળજ્ઞાનમાંય છે ને નિગોદમાંય છે સ્વપરનો પ્રતિભાસ એ મય છે જ્ઞાનની પર્યાય.

પર્યાય એક છે બોલો, હજી આમાંથી પૂછવું હોય તો પૂછજો. આ સ્વપ્રકાશક અને સ્વપરપ્રકાશક બેયમાં અનુભવ થાય કે એકમાં થાય. (સ્વપ્રકાશકથી જ અનુભવ થાય) સ્વપરપ્રકાશકમાં અનુભવ થાય તો બાદ આવે ને, દોષ આવી જાય. ભાઈ! તો તો સ્વપરપ્રકાશક તો બધાની પાસે છે. એ તો અનાદિનું છે ને અનાદિ અનંત રહેવાનું છે સ્વપરપ્રકાશક. (શક્તિ છે ને) હેં, છે સ્વપરપ્રકાશક. બોલો. બેય પડખાથી વાત કરે છે ને એટલે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન સારો છે કે સ્વપ્રકાશક અને સ્વપરપ્રકાશક બેય છે અને બેય જ્ઞાન છે પાછું કોઈ રાગની વાત તો કરતાં નથી જ કોઈ આમાં. જો સ્વપર-પ્રકાશકથીય અનુભવ થાય અને સ્વપ્રકાશકથીય અનુભવ થાય, એ બેયને અનુભવ થાય કે એકને અનુભવ થાય એવો પ્રશ્ન કર્યોને. આપણે કહ્યું સ્વપ્રકાશકમાં અનુભવ થાય. હવે સ્વપરપ્રકાશકમાં કેમ અનુભવ ન થાય? કે જોઈ લે તું તને અનુભવ નથી સમ્યક્‌દર્શન. સ્વપરપ્રકાશક તો છે તારી પાસે. બધાની પાસે છે. બધા જ્ઞાનોમાં છે એમ લખ્યું.

**પ્રશ્ન :-** જ્ઞાનનો વિષય છે પ્રમાણજ્ઞાન છે અને સમ્યક્ એકાંત છે.

**ઉત્તર :-** પ્રમાણજ્ઞાન છે ને એ અનેકાંત છે. સ્વપર બે આવે છે અને સ્વપ્રકાશક સમ્યક્ એકાંત થાય છે. જેમ કે હવે વધારે ચોખવટ કે સ્વપરપ્રકાશકમાં બે તરફનું લક્ષ હોતું નથી. કાં તો પર તરફ લક્ષ હોય તો અજ્ઞાન અને કાં પરનું લક્ષ છૂટી અને સ્વરૂપપ્રકાશકનું લક્ષ થાય તો સ્વપ્રકાશક થઈ ગયું તો અનુભવ થાય. પ્રતિભાસ બેનો ને લક્ષ એકનું. કાં પરનું ને કાં સ્વનું. બસ! પ્રતિભાસ બેનો હો. અનુભવકાળમાં પણ પ્રતિભાસ બેનો. અનુભવ ન હોય તો પણ પ્રતિભાસ બેનો. (પ્રતિભાસ એકનો ન હોય અને લક્ષ બેનું ન હોય) હા. પ્રતિભાસ બેનો ને લક્ષ એકનું કાં પરનું અને કાં સ્વનું. બહુ ન્યાય અને લોજીકથી વાતો છે બધી. જૈનદર્શનમાં કોઈ માની લે એવું નથી. સ્વપરપ્રકાશક બધાની પાસે છે, બધાને અનુભવ થવો જોઈએ. નથી થાતો.

ઠીક ૧૫ મી ગાથામાં સ્વપરપ્રકાશક બેય છે. સ્વપરનો પ્રતિભાસ ત્યાં એને કળા બતાવી કે વિશેષનો તિરોભાવ કર તો સામાન્યનો આવિર્ભાવ થશે. હવે કહ્યું કે નહિ, એને તો એને સ્વપ્રકાશક કહ્યું, નહિ કે સ્વપરપ્રકાશક. બેયમાં અનુભવ થતો હોય તો આવિર્ભાવ-તિરોભાવનો પાઠ જ ન હોય કોઈ દિ'. બરાબર! બીજું ૯-૧૦ ગાથામાં એમ કહ્યું કે, શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માની અભિગચ્છતિ. કેવળ શુદ્ધાત્માની સન્મુખ થઈને જે અનુભવે છે તેને શ્રુતજ્ઞાની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવામાં આવે છે. પરમાર્થ શ્રુતકેવળી. અને પરમાર્થ શ્રુતકેવળી થયા પછી તેને શ્રુતજ્ઞાન તો રહ્યું. એ જે શ્રુતજ્ઞાન છે એ સર્વ શ્રુતજ્ઞાન, સર્વને એ શ્રુતજ્ઞાન જાણે છે, માટે તે વ્યવહાર શ્રુતકેવળી છે.

એમ છે ને કે, નિર્ણય તો પોતાને કરવો પડશે. આમાં નિર્ણય કોઈ કરાવી દે (એવું નથી) વાત તો શાસ્ત્રમાંય આવે ને અનેક પ્રકારની વિદ્વાનો, પંડિતો વાત તો બધી કરે પણ આપણે શું કરવું? (અંદર બેસાડવું) બેસાડવું. આગમથી, યુક્તિથી બેસાડવું. બેસી જાય, બેસી જાય.....૯ મી ગાથાનો આધાર આપ્યો પછી શું? જો સ્વપરપ્રકાશકમાં અનુભવ થતો હોય તો જ્ઞેયાકાર જ્ઞાનનો તું તિરોભાવ કર ને સામાન્યનો આવિર્ભાવ કર એમ ન લખત અનુભવની વિધિ. અનુભવ થયા પછી બેયને જાણે એ પ્રમાણ છે. બસ! એ જુદી વાત છે.

અનુભવ કેમ થાય? ક્યા જ્ઞાનમાં થાય? અનુભવનો વિષય શું અને અનુભવ કઈ પર્યાયમાં થાય. રાગમાં થાય કે ઈન્દ્રિયજ્ઞાનમાં થાય કે સ્વપરપ્રકાશકની પર્યાયમાં થાય. પ્રકાશભાઈનો છોકરો ના પાડે છે કે ન થાય, દીકરો ના પાડે છે. નાની ઉંમર છે ૧૮-૨૦ વરસનો હશે. કેટલાં? (સત્તર). અનાદિ અનંત છે. ક્યાં ઉંમર છે. પર્યાયને ઉંમર છે. થોડોક એનો વિચાર કરી, મનન કરી, ભલે ટાઈમ લાગે પણ નિર્ધાર તો કરવો પડશે વ્યક્તિએ પોતાને. બીજો એમાં કોઈ ઉપાય છે નહિ.

**પ્રશ્ન :-** જ્ઞાનના પ્રદેશ અને આત્માના પ્રદેશ ભિન્ન છે અને દૃષ્ટિના વિષયમાં તો નિર્મળ પર્યાયના પ્રદેશ ભિન્ન અને ત્રિકાળી દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે. તેવી રીતે દૃષ્ટિના વિષયમાં ઉપયોગ લક્ષણના અને ત્રિકાળી દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે ?

**ઉત્તર :-** હા, ભિન્ન છે. અભિન્ન પ્રદેશ હોય તો એક સમયની પર્યાયનો નાશ થતાં આત્માનો નાશ થઈ જાય. એમ નથી. દૃષ્ટિના વિષયમાં તો ભિન્ન જ લ્યો. જ્ઞાનના વિષયની વાત જુદી છે. આ ૪૫ વર્ષ દૃષ્ટિનો વિષય આપ્યો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, એમ નહિં ભૂસાય હો, નહિં ભૂસાય. (પાયો બહુ ઊંડો છે) એમ કોઈ ભૂંસી નહિ શકે. પાયો બહુ ઊંડો છે. પાંચમાં આરાના છેડા સુધી આની વાણી નિમિત્ત થશે. પુસ્તકો કેવા બહાર પડ્યા છે. આ નવનીત કે એનું સ્પષ્ટીકરણ થાય છે ને આબેહૂબ એણે તો સ્પષ્ટીકરણ કર્યું. બીજા પણ સ્પષ્ટીકરણ કરવાવાળા નીકળ્યા, સમજ્યા અને પુસ્તક બહાર પડ્યું.

(તેમાં અવ્યક્તના બોલ પણ છે. આવો યોગ મળે અને એને ન બેસે ભાઈ તો એને એના ભવિપણામાં શંકા ઊભી કરી) આટલી ચોખવટ પછી ન બેસે તો પછી શું? ૧૧ ભાગ બહાર પડી ગયા. ૮૦૦૦ કેસેટ છે. (અપૂર્વ યોગ આ ઊભો થયો છે. ગુરુ ગયા પછી પણ આ યોગ ટક્યો છે. ભવિના ભાગ્ય યોગે ટક્યો છે)

આ વખતનું સ્પષ્ટીકરણ એની ટેઈપો સાચવજો. એવા ખુલાસા આવ્યા છે. પ્રશ્ન પણ એવા આવે છે ને પ્રશ્ન આવે એટલે ખુલાસા આવે. (હા. અમે અમારા સ્પષ્ટીકરણ માટે) હા, એમ જ હોય. પોતાના માટે, પોતાની મૂંઝવણ મટી જાય. આખી વાત ન્યાયથી બેસે.

જો સ્વપરપ્રકાશકમાં અનુભવ થાય તો બધા જ્ઞાનોમાં આપણે વાંચ્યું ને? એકોએક જ્ઞાનમાં ભવિ કે અભવિ નિગોદના જીવમાં પણ સ્વપરપ્રકાશક છે. તો દ્રવ્યલિંગી મુનિ તેને પણ સ્વપરપ્રકાશક તો છે પણ અનુભવ નથી. પણ સ્વપરપ્રકાશકમાં અનુભવ ક્યાંથી થાય? ને વિષય તો રહ્યો નહિ. સ્વપરપ્રકાશકમાં બે વિષય આવ્યા. સ્વને જાણે ને પરને જાણે બે વિષય આવ્યા. એમાં એક વિષય જ્ઞાયક ન આવ્યો એકલો.

**પ્રશ્ન :-** પ્રમાણ છે ને એટલે બેય આવે.

**ઉત્તર :-** બેય આવે ને પ્રમાણમાં અનુભવ થાય નહિ. હા. અનુભવ થયા પછી સ્વપરપ્રકાશક છે તે વ્યવહાર છે. એટલી વાત સાચી છે. એમાં ના નહિ, પણ અનુભવ કેમ થાય એ શીખવા જેવું છે. અનુભવ થયા પછી વ્યવહાર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવશે કે નહિ. એવા પ્રશ્નો આવે ગુરુદેવ પાસે કે સાહેબ પછી તો વ્યવહાર આવશે કે નહિ. પછી વ્યવહાર આવવાની લાયકાત જ ઉત્પન્ન નહિ થાય તારી. જ્યાં સુધી આમ રહેશે લાયકાત જ નહિ ઉત્પન્ન થાય.

**પ્રશ્ન :-** એવું કથન આવે કે જ્ઞેય ફરતું નથી, માટે ધ્યેય પણ ફરતું નથી, માટે ધ્યાન પણ ફરતું નથી. તો ધ્યેય તો અપરિણામી છે અને જ્ઞેય પણ અપરિણામી છે, તો સૌપ્રથમ આવી રીતે લઈએ તો એકાંત તો નહિ થાય ને? કેમ કે અનાદિકાળથી જ્ઞેયના બહાના નીચે પણ લક્ષ તો પરિણામ ઉપર જ ચાલ્યું જાય છે? તો સૌ પ્રથમ કરવું શું?

**ઉત્તર :-** આ ધ્રુવરૂપ અપેક્ષાએ ધ્રુવ પણ જ્ઞેય છે. ધ્યેય પણ છે ધ્રુવ અને જ્ઞેય પણ છે અને એ પણ કથંચિત્. ઓલું જે આપણે કહીએ છીએ ધ્યેયપૂર્વક જ્ઞેય એ તો જુદું અલગ વાત છે. દ્રવ્યગુણ પર્યાય સહિત ઈ જ્ઞેય થયું. (આ તો ઉપાદેયની વાત છે) આ તો ઉપાદેયમાં શ્રદ્ધાનો જે વિષય છે એ જ જ્ઞાનનો વિષય છે.

**પ્રશ્ન :-** શ્રદ્ધાનો વિષય અને જ્ઞાનનો વિષય બંને એક જ છે?

**ઉત્તર :-** હા, એક જ વિષય છે ત્રણેય પર્યાયનો, જ્ઞાન-દર્શન ચારિત્ર ત્રણેય પર્યાયને આત્માનું જ અવલંબન છે. આત્મા જ્ઞાન છે. કેમ કે જ્ઞાનને આત્માનો આશ્રય છે. આત્મા દર્શન છે. કેમકે દર્શનને આત્માનો આશ્રય છે. આત્મા ચારિત્ર છે. કેમ કે ચારિત્રની પર્યાયને આત્માનો આશ્રય છે. આશ્રયની મુખ્યતાવાળો આ પ્રશ્ન હતો. (અનંત શક્તિઓનો આશ્રય એક જ છે) એક જ બધી પર્યાયને અવલંબન તો એક સામાન્યનું જ. વિશેષ અનંત છે, પણ અનંત વિશેષ તેનાં બધાનો વિષય એક દ્રવ્ય સામાન્ય અનંત પર્યાય પ્રગટ થાય છે હો, અનંત એનો વિષય એક સામાન્ય. બધી નદીઓમાં ભલે ઘોડાપૂર આવે પણ જાય ક્યાં? (સમુદ્રમાં). એકાદ પ્રશ્ન છેલ્લો કરી લ્યો બસ.

**પ્રશ્ન :-** આપ ઘણાં વરસોથી બે જ વાત કર્યા કરો છો કે, આત્મા કર્તા નથી

અને આત્મા પરનો જ્ઞાતા નથી. આપશ્રી આ બે વાતો જ કર્યા કરો છો તો શું જાણનારો જણાય છે અને પર નથી જણાતું એમાં નિર્ણય અને અનુભવ શીઘ્ર થાય છે?

**ઉત્તર :-** હા, શીઘ્ર થાય છે, શીઘ્ર થાય છે. કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ બે દોષ છે. પર્યાયનો કર્તા કોણ છે એ જીવને ખબર નથી અને હું કોણ છું એય ખબર નથી અને પર્યાયનો જ્ઞાતા કોણ છે અને હું કોનો જ્ઞાતા છું એય ખબર નથી. આહાહા!

પર્યાયનો કર્તા પર્યાય છે અને પર્યાયનો જાણનાર બુદ્ધિ છે, મન છે, મનનો વિષય છે. કેમ કે પર્યાય પરદ્રવ્ય છે. બુદ્ધિનો વિષય છે. પછી પ્રતિભાસની અપેક્ષાએ જ્ઞાનનો વિષય છે એ જુદો વિષય છે. આ તો કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ ટાળવા માટેની વાત છે. જ્યાં સુધી પર્યાયનો ભેદ છે એ જ્ઞાનનું જ્ઞેય બન્યા કરે છે, ત્યાં સુધી જ્ઞાયક ભગવાનઆત્મા જ્ઞાનમાં નહિં આવે. બાકી ધારણાના વિષયનો કોઈ પાર નથી.

આ બે વાત તો હું વર્ષોથી કહું છું આજની વાત નથી, વર્ષોથી કહું છું. કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ બેય ઝેર છે. જ્ઞાન જેનું છે એ જ્ઞાન એને ન જાણે અને જ્ઞાન જેનું નથી એને જાણે એ અજ્ઞાન થઈ ગયું. બાકી નિમિત્ત દેખીને વ્યવહારના કથનો ઘણાં આવે. કુંભારને દેખીને કુંભાર કરે છે ઘડાને એ વ્યવહાર કથનો પાર વિનાના. આહાહા! નિશ્ચય કાઢે તો કામ આવે.

મુંબઈ ગયો ત્યારે આ બે વાત કરી હતી કર્તાબુદ્ધિ અને જ્ઞાતાબુદ્ધિ, ઝેર. ઘણાં વર્ષ પહેલાં. શીઘ્ર અનુભવ થાય છે. (શીઘ્રતાનો કાળ આવ્યો છે માટે આ મંત્ર જલ્દી ફેલાણો છે. પહેલા કહેતા'તા ને હવે આ મંત્રનું જે રીતે પ્રતિપાદન વધ્યું. કાળ પાક્યો છે)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ. ભાઈશ્રીની તત્ત્વચર્ચા

## તારીખ : ૩/૭/૯૪, રવિવાર, રાત્રે ૮ થી ૯

પ્રથમ નિરપેક્ષપણું શું છે? અને દ્રવ્ય, ગુણ, પર્યાયનું સાપેક્ષપણું શું છે? પર્યાયનું દ્રવ્યસત્, ગુણસત્ અને પર્યાયસત્ ત્રણ સત્ છે. જે સત્ હોય તેને કોઈ હેતુ ન હોય. સત્‌ને કોઈ કારણ ન હોય. સત્ પોતાથી જ છે. અસ્તિ છે. તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેય સત્ અહેતુક છે. એને કોઈ હેતુ નથી. દ્રવ્ય દ્રવ્યથી છે, ગુણ ગુણથી છે. એક ગુણ બીજા ગુણથી નથી ગુણ ગુણથી છે. અતદ્ભાવ છે, સત્ છે. એક એક ગુણ સત્ છે. અનંતગુણ સત્ છે અને ગુણને દ્રવ્યનો આધાર કહેવો એ સાપેક્ષ થઈ ગયું. ગુણનો આધાર કોણ તો કહે દ્રવ્ય. એમ ગુણને સત્ ન જોતાં દ્રવ્યને આધારે ગુણ છે. તો એ સાપેક્ષ કથન છે. ગુણને ગુણનો આધાર છે. ગુણને દ્રવ્યનો આધાર નથી.

એમ પર્યાય, પર્યાય પર્યાયથી છે. જેમ કે ઉપયોગ લઈએ પર્યાય, જ્ઞાનની પર્યાય તે સત્ અહેતુક છે. એ પર્યાયને એમ કહીએ આપણે કે પર્યાય જે પ્રગટ થાય છે તે ચૈતન્ય અનુવિધાયી પરિણામ તેને ઉપયોગ કહેવામાં આવે છે, તો એ સાપેક્ષ થઈ જાય છે. નિરપેક્ષ નથી રહેતું. સાપેક્ષ છે તે વ્યવહાર છે અને નિરપેક્ષ છે તે નિશ્ચય છે.

એક આ સિદ્ધાંત મૂળ છે. પછી સાપેક્ષ છે કે નિરપેક્ષ છે પોતે નક્કી કરવાનું રહે અને સાપેક્ષ વાત જો સત્ય લાગે તો એને વ્યવહારનો પક્ષ છે. સાપેક્ષ વાત એ વ્યવહાર છે, તો ખરેખર વસ્તુ દ્રવ્ય, ગુણ, પર્યાય સાપેક્ષ ન હોય. એ નિરપેક્ષ જ હોય. જેમ નિરપેક્ષ એટલે એનો અર્થ કોઈની અપેક્ષા વિના પોતે પોતાનારૂપ છે એમ.

જો પર્યાય છે જ્ઞાનની એ સામાન્ય જે જ્ઞાન છે ઉપયોગ એ સત્ છે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિરપેક્ષ છે પણ એને ને એને સ્વપરપ્રકાશકથી જોઈએ તો સાપેક્ષ થઈ ગયું. તો એ સાપેક્ષમાં શું થાય કે સ્વ ને પરને બેયને જાણે તો જ્ઞાન, એ સ્વને જાણે તો જ્ઞાન, પરને જાણે તો જ્ઞાન એમ નથી. હવે ઈ અજ્ઞાન ઊભું થયું, એ પણ નિરપેક્ષ છે. પરનું લક્ષ કર્યું માટે અજ્ઞાન થયું એમ નથી. એ તો એમ કહ્યું એને, કે આત્માનું લક્ષ નથી ને પરનું લક્ષ કરે તો એને સંસાર ઊભો થાય. તો એ સાપેક્ષ કથન તે અપેક્ષાએ બરાબર છે. પણ એટલો એણે સંબંધ રાખ્યો.

પર્યાય પરનું અવલંબન લ્યે તો રાગ થાય એવો સંબંધ જોડ્યો. રાગ થાય છે ત્યારે આત્માને આશ્રયે તો થતો નથી. કોને આશ્રયે થાય છે? કે કર્મને આશ્રયે થાય છે તો એ પર્યાય સત્ ન રહી. નિરપેક્ષ ન રહી. તે કર્મના આશ્રયે થાય કે કર્મના આશ્રયે પર્યાય થાય તો પર્યાયના કારણે નવા કર્મ બંધાય. એ બધું કથન સાપેક્ષ હોવાથી વ્યવહાર છે.

શુભાશુભભાવ પરના આશ્રયે નથી થતો તેમ શુભાશુભભાવથી કર્મ બંધાતા નથી તે નિરપેક્ષ કથન છે. એ શુભાશુભભાવ જે છે એ તત્ સમયની એની યોગ્યતાથી થાય છે. જો એને તમે નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી જુઓ તો સાપેક્ષ છે અને એને આત્માની સાથે કર્તા-કર્મ સંબંધ જોડો તોય સાપેક્ષ છે. પરની સાથે કર્તા કર્મ નથી. નિમિત્ત-નૈમિત્તિક નથી. એક સમયનું સત્ છે અને એનો આત્મા કર્તા નથી. સ્વયં ઊભી થઈ છે.

રાગની પર્યાય સ્વયં થાય છે, નિરપેક્ષ જોવા જાવ તો ત્યાં નિર્જરાભાવ દેખાશે, રાગ નહિ દેખાય. પર્યાયને સત્ જોતાં અજ્ઞાન ટળી જાય છે. નિરપેક્ષ છે પર્યાય, પર્યાય, પર્યાયને કારણે છે. પર્યાયનો આધાર પર્યાય છે. પર્યાયને નિમિત્તની અપેક્ષા નથી. ક્ષણિક ઉપાદાનને નિમિત્તની અપેક્ષા નથી. અને ત્રિકાળી ઉપાદાનની અપેક્ષા પણ એને નથી. એનું નામ ક્ષણિક ઉપાદાન, ક્ષણિક ઉપાદાન નિરપેક્ષ છે. નૈમિત્તિક કહો, નિમિત્તના આશ્રયે રાગ થયો તો સાપેક્ષ કથન છે. સમજી ગયા!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે સાપેક્ષ કથનમાં આત્મા એનો કર્તા થઈ ગયો. નિમિત્ત કહો તો એનો કોઈ કર્તા હોય કે નહિ, દ્રવ્યને એનો કર્તા માન્યો. નિમિત્ત નૈમિત્તિક સંબંધ પરની સાથે નથી. એમ પર્યાયને જોતાં આત્માની સાથેનો કર્તા-કર્મ સંબંધની ભ્રાંતિ છૂટી જાય છે. ભ્રાંતિ છૂટતાં એ રાગના સ્થાને વીતરાગભાવ પ્રગટ થઈ જાય છે. આત્મા કરે છે તોય રાગ, કર્મ નિમિત્ત છે તોય રાગ, કર્મના નિમિત્ત વિના થાય છે અને આત્માના નિમિત્ત વિના થાય છે સત્ અહેતુક રાગ હો, તો વીતરાગભાવ પ્રગટ થઈ જાય છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. नास्ति सर्वोऽपि सम्बन्ध: परद्रव्यात्मतत्वयो: । હવે આ તો. આપણે રાગ ને વીતરાગની વાત કરી.

હવે એનાથી સૂક્ષ્મ જઈએ તો જે જ્ઞાનની પર્યાય છે, સામાન્ય જ્ઞાનની પર્યાય તો નિરપેક્ષ છે પણ વિશેષ જે પર્યાય થાય છે પ્રગટ નવી સમ્યક્જ્ઞાનની એ પર્યાયને પણ નિરપેક્ષ જોવો તમે. એ પર્યાયમાં સ્વપર બેય જણાય છે માટે જ્ઞાન છે, સ્વ જણાય છે માટે જ્ઞાન છે, એમ નહિ. એનો જ્ઞાનની પર્યાયનો કોઈ વિષય જ નથી. લોકાલોકેય વિષય નથી. જ્ઞાનની પર્યાયનો વિષય જ્ઞાયકેય નથી. નિર્વિષય છે.

જ્ઞાનની પર્યાય છે તેને સત્ જોતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય છે. ત્યાં વીતરાગતા થઈ જાય છે. એટલે સત્ જોવું એમાં અકર્તાપણું આવે છે. નિરપેક્ષ જોતાં અકર્તાપણું આવે છે એટલે એમાં તો નિરપેક્ષમાં અકર્તાની સિદ્ધિ થઈ જાય છે. ક્રમબદ્ધની સિદ્ધિ થાય છે. પર્યાયના ષટ્કારક પર્યાયથી થાય છે. એનાં સ્વકાળે થાય છે. ઘણાં ન્યાયો એમાંથી ઊભા થાય છે સમ્યક્ ન્યાય.

હવે એક બીજી સૂક્ષ્મ વાત એમાં છે કે પરની સાથે કર્તા-કર્મ સંબંધ નથી ને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. તો ન હો. અને આત્માની સાથે પર્યાયને કર્તા-કર્મ સંબંધ ન હો તો ન હો. અને આત્મા નિમિત્ત છે અને નિર્મળ પર્યાય નૈમિત્તિક છે. કર્તાય નથી ને કારણેય નથી. ન હો તો ન હો, પણ પર્યાયની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે જ્ઞાતા-જ્ઞેય સંબંધ તો જવાનો જ નથી. ક્યાં જશે? કે જ્ઞાતા-જ્ઞેય સંબંધ નથી.

પર્યાય, પર્યાયને જાણે છે. પર્યાય સત્ અહેતુક છે તેને સંબંધ રાખ્યો પરની સાથે કે સ્વની સાથે તો સાપેક્ષ કથન થઈ ગયું. ''પર્યાય મેરા ધ્યાન કરે તો કરો મૈં કિસકા ધ્યાન કરું ?'' એકદમ નિરપેક્ષમાં લઈ જાય છે. સાપેક્ષ એટલે વ્યવહાર, કાંઈ ને કાંઈ સંબંધ, કર્તા-કર્મ, નિમિત્ત-નૈમિત્તિક, જ્ઞાતા-જ્ઞેય ક્યાંય ને ક્યાંય એ નિમિત્તમાં એની બુદ્ધિ જાય છે.

પર્યાય સત્ અહેતુક એને નથી બેસતી એ વાત. આ ૯૩ ગાથાથી ૧૧૪ ગાથા આવશે એમાં ઉત્પાદ ઉત્પાદથી, વ્યય વ્યયથી, ધ્રુવ ધ્રુવથી બધી વાત એમાં આવવાની છે. (બહુ ખોલ્યું છે) એમાં આવશે. ક્ષણિક ઉપાદાન એના સ્વકાળે સ્વથી પ્રગટી ગયું તો એના માટે જગતમાં કોઈ નિમિત્ત જ હોતું નથી. ત્રિકાળી ઉપાદાન નિમિત્ત નહિ ને કર્મનો ઉદય પણ નિમિત્ત નહિ. નિરપેક્ષ. નિમિત્ત નહીં બિલકુલ. અને નિમિત્તનું લક્ષ છૂટ્યું અને ત્રિકાળી ઉપાદાનને કારણપણે ન માન્યું. કેમકે પર્યાય સત્ છે. સત્ છે જ્યાં સત્‌ને જુએ છે ત્યાં સંસાર હોય જ નહિ. બધું સત્ છે. આ જગતમાં કોઈ અસત્ નથી, કોઈ કોઈનાથી નથી.

દ્રવ્ય દ્રવ્યથી, ગુણ ગુણથી, પર્યાય પર્યાયથી. એક પરમાણું સત્, એક ગુણ એનો સત્, એ ગુણની પર્યાય એની સત્, પહેલા સમયે કાળી, બીજા સમયે ધોળી. એક છુટો પરમાણું, એક છૂટા પરમાણુમાં કોઈ નિમિત્ત નથી. સ્કંધમાં તો નિમિત્ત હોય પણ એક છૂટો પરમાણુ લ્યો તો પહેલા સમયે કાળી, અસંખ્યભાગ કાળી અને બીજા સમયે અસંખ્યભાગ ધોળી થઈ જાય. હવે ક્યાં એને નિમિત્ત રહ્યું. ઠીક હવે.

નિમિત્તનું કારણ કાંઈ લેશું. ગુણ તો સદશ છે. કાળી પર્યાય વખતે ને ધોળી પર્યાય વખતે જો ગુણ કારણ હોય તો કાળી, કાળી રહેવી જોઈએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધોળી, ધોળી રહેવી જોઈએ પણ ગુણના કારણે પર્યાય નથી એટલે મારા કારણે કોઈ પર્યાય નથી. એટલે પર્યાયની સામે જોવાનું બંધ થઈ જાય છે અને દ્રવ્ય દૃષ્ટિ થઈ જાય છે. બહુ સારો વિચાર તમને આવ્યો. દ્રવ્યસત્, ગુણ સત્ અને પર્યાયસત્ બહુ સારા વ્યાખ્યાનો આવશે.

એક ગુણને બીજા ગુણનો આધાર નથી. ગુણને દ્રવ્યનો આધાર નથી. ગુણને ગુણનો આધાર છે, નિરપેક્ષ છે એ. સુખ નામનો ગુણ છે એ ત્રિકાળી ગુણ છે. તેમાં પર્યાય નથી અને જ્ઞાનગુણમાં પર્યાય નથી. જ્ઞાનગુણ જ છે. જેમ બે ગુણ પરસ્પર નિરપેક્ષ છે. બે સત્ એક ન થાય. બેયમાં અતદ્‌ભાવ છે. એકમાં બીજાની નાસ્તિ છે તેથી બે ગુણ સિદ્ધ થઈ જાય. જ્ઞાન ગુણમાં સુખ ગુણનો અભાવ છે અને સુખ ગુણમાં જ્ઞાન ગુણનો અભાવ છે બેય ગુણ સત્ છે એ તો બહુ સહેલું છે.

આ પર્યાયની જે વાત કરી એ જરા વિચારવા જેવી છે એટલે વધારે વિસ્તાર પર્યાયનો કર્યો. ડાયરેક્ટ તો કર્તા-કર્મની બુદ્ધિ જીવની છૂટી જાય એવી જાતનું પ્રતિપાદન ગુરુદેવનું આવી ગયું છે. હવે ઈનડાયરેક્ટ ખૂણે ખાચરે ક્યાંય પણ તેને કર્તાબુદ્ધિ રહી જાય છે. કર્તાબુદ્ધિ ગઈ હોય તો જ્ઞાતાબુદ્ધિમાં રહી જાય. એમાંથી નીકળવું બહુ મુશ્કેલ છે.

પંચાધ્યાયી કર્તાએ જ્ઞાનની પર્યાય, જ્ઞાનની પર્યાયની વ્યાખ્યા કરી કે અર્થ વિકલ્પાત્મક જ્ઞાનં પ્રમાણં, જ્ઞાનની પર્યાય એને અર્થ એટલે સ્વ અને પરનાં પદાર્થોનું અવભાસન, તેને જ્ઞાન કહેવામાં આવે છે. એ પ્રમાણ જ્ઞાનની વ્યાખ્યા કર્યા પછી પોતે લખે છે કે એ જ્ઞાનની પર્યાયનું લક્ષણ અસત્ લક્ષણ છે. લક્ષણ અસત્ છે. એ વ્યાખ્યા વધારેમાં વધારે સારી થઈ હોય તો શાંતિભાઈના ઘરે આ વ્યાખ્યા થઈ. પંચાધ્યાયી હાથમાં લઈને. પંકજભાઈ હતા, મધુભાઈ હતા. બધા હતા. કુટુંબ આખું. પર્યાય એ લક્ષણ અસત્ લક્ષણ છે. સ્વ અને પર બેયને જાણે છે એ અસત્ લક્ષણ છે. પરને જાણે ત્યારે એ જ્ઞાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સિદ્ધ થયું ને? કે જ્ઞાન તો જ્ઞાનથી છે અને પરને જાણે તો જ્ઞાન થયું તો એ તો પરાધીન થઈ ગઈ જ્ઞાનની પર્યાય. એમ નથી. સાપેક્ષ થઈ ગયું. વ્યવહાર થઈ ગયો.

ઈનડાયરેક્ટ ક્યાંય ને ક્યાંય જીવ, દ્રવ્યલિંગી મુનિની પણ ભૂલ થઈ જાય છે. બીજું શાંતિભાઈ! સમજાવવા માટે સાપેક્ષ જ કથન આવે. વ્યવહાર વિના પરમાર્થનું કથન હોય શકે નહિ. અનાર્ય જીવને મલેચ્છ ભાષાથી સમજાવે છે. સાપેક્ષ કથન કહો કે વ્યવહાર કથન કહો.

હવે આ કર્મ બંધાય છે, એમાં આત્મા તો નિમિત્ત નથી પણ એમાં અજ્ઞાનીનો અજ્ઞાનભાવ નિમિત્ત છે. સમજી ગયા! એમ શાસ્ત્ર કહે છે એ સાપેક્ષ કથન છે. એ અજ્ઞાનીના રાગના નિમિત્ત વિના કર્મ, કર્મને કારણે બંધાય છે. એનો સ્વકાળ છે, આની અપેક્ષા નથી બિલકુલ. આની અપેક્ષા લ્યો તો કર્મ પરાધીન થઈ જાય. તો ક્યાં જોવાનું રહ્યું. અહીંયાં સિવાય બીજે ક્યાંય જોવાનું છે નહિ.

**પ્રશ્ન :-** ૧૦૦ મી ગાથામાં એમ આવે છે કે અજ્ઞાનીના યોગ અને ઉપયોગ બંધનું કારણ છે. તો એમાં આપણે વિચાર કરીએ કે નિરપેક્ષ છે.

**ઉત્તર :-** તો તમે ક્યો કે શું વિચાર કરવો, વિચાર કરીએ એમ નહિ. તમને શું બેસે છે એ ગાથામાં, જો યોગ અને ઉપયોગ નિમિત્ત કારણ છે તો આત્મા એમાં નિમિત્ત નથી એટલી વાત એમાં છે. હવે એમાં સાપેક્ષ નૈમિત્તિક શું? કર્મબંધ થાય તેમાં તો આ નિમિત્ત છે ને.

(શ્રોતા : સાપેક્ષ એટલે અજ્ઞાનીના યોગ અને ઉપયોગ તે સાપેક્ષ કથન છે. ખરેખર તો નિરપેક્ષ છે) શું નિરપેક્ષ છે? (શ્રોતા : અજ્ઞાનીનો રાગ પણ નિરપેક્ષ છે) આત્મા નિમિત્ત નથી. (શ્રોતા : આપે કહ્યું ને કે નિરપેક્ષ છે) મેં કહ્યું એટલે નહીં પણ તમને શું બેસે છે? અજ્ઞાનીનો યોગ અને ઉપયોગ કર્મબંધમાં નિમિત્ત છે આત્મા નિમિત્ત નથી તે કથન સાપેક્ષ છે કે નિરપેક્ષ? (શ્રોતા-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાપેક્ષ) સાપેક્ષ છે તો એ વાત સાચી છે કે ખોટી છે. (શ્રોતા-સાપેક્ષ ખરી છે) આ સાપેક્ષતા અંદર પડી છે અનાદિકાળથી. તેને નહીં બધાને. (યોગનું પરિણમન સ્વતંત્રપણે તેના સ્વકાળે થઈ રહ્યું છે, ઉપયોગની પર્યાય તેના સ્વતંત્ર સ્વકાળે પરિણમી રહી છે અને કર્મબંધન થઈ રહ્યું છે તે પણ તેનો સ્વકાળ છે સ્વતંત્ર છે) કોઈને કોઈને કારણે બંધ થતો નથી. કોઈ નિમિત્ત નથી જગતમાં.

એકવાર વ્યાખ્યાનમાં એમ કહ્યું હતું, ઘણાં વર્ષ પહેલાની વાત છે, કે આ જગતમાં કોઈ નિમિત્ત નથી. બધાં ઉપાદાન છે. ત્યાં બધા બેઠા હતા. સમજી ગયા! વાંચનકાર ને બધા કોઈ કાંઈ બોલ્યું નહિ. ધડાકો તો કર્યો. મેં કહ્યું કદાચ આપણે કાંકરો નાંખીએ અને પાણી ડહોળાય ને કંઈક નીકળે. કોઈ બોલ્યું નહિ. સમજી ગયા! પછી ફરવા ગયા રવિવારે, બધાય હતા ફરવામાં તો રતિભાઈ ઘીયા, ચંદુભાઈ ડૉક્ટર બધાય ગયા. મોદી સાહેબ હતા. એમાં એક મોદી સાહેબે પ્રશ્ન કર્યો નાસ્તો કરતાં કરતાં કે કર્યા પછી કે આ ભાઈ તમે શું કહો છો? કે જગતમાં કોઈ નિમિત્ત નથી. આજ વ્યાખ્યાનમાં કહ્યું. કીધું હા, કોઈ નિમિત્ત નથી ભાઈ. જ્યાં સુધી કોઈ પણ પદાર્થ નિમિત્ત દેખાશે ત્યાં સુધી સંસાર છે, કોઈ પણ પદાર્થ.

સમ્યક્જ્ઞાનમાં શાસ્ત્ર નિમિત્ત છે સંસાર. સમ્યક્દર્શનમાં દેશનાલબ્ધિ નિમિત્ત છે સંસાર. તો તો આ વ્યવહારનો લોપ થશે, કે વ્યવહારનો જ્યારે લોપ થશે ત્યારે નિશ્ચયનો ઉદય થશે. કથન બધા આવે હો. સાપેક્ષ કથન આવે. વ્યવહાર કથન આવે. હવે વ્યવહારથી આગળ વધીને આપણે અંદર જવું છે. નહિતર પાછું મોડું થઈ જાય. આયુષ્ય પૂરું થઈ જાય એટલા માટે તમે કહ્યું કે ત્વરાએ.

તો શું નિમિત્ત નથી કાંઈ? કેમ કે શાસ્ત્રમાં છે દેશનાલબ્ધિ નિમિત્ત થાય છે. દેશનાલબ્ધિ સમ્યક્દર્શનમાં નિમિ ા થાય છે બધાને. એ બધાં ભાઈ ભૂત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નૈગમનયના કથન છે. વ્યવહારનયના કથન છે. એક પર્યાયને બીજામાં નિમિત્ત કારણ કહેવું એ તો સાપેક્ષ કથન થઈ ગયું. ઊંડે ઊંડે એમાં કર્તા-કર્મની ભ્રાંતિ છે બોલે નિમિત્ત-નૈમિત્તિક બાકી કર્તા-કર્મની ભ્રાંતિ છે. આ હોય તો આ થાય. આ હોય તો આ થાય.

તમને મોદીસાહેબ યાદ છે? આ યાદ છે ને! કે તમે વાંચનમાં આ શું કીધું. જગતમાં કોઈ નિમિત્ત નથી. અરે કોઈ નિમિત્ત નથી. દા.ત. તો આઠકર્મ નિમિત્ત નથી. આઠ કર્મ નિમિત્ત નથી તો નૈમિત્તિક નથી. નૈમિત્તિક નથી તો સ્વભાવપણે પરિણમી જશે આઠકર્મ નિમિત્ત નથી. આઠકર્મ નિમિત્ત તો નથી પણ જ્ઞાનનું જ્ઞેય નથી. કોઈ કહે જ્ઞાનનું જ્ઞેય આઠકર્મ છે તો આત્મા જ્ઞેય ન રહ્યો. આત્મા જ્ઞેય ન થાય તો અનુભવ ન થાય. દ્રવ્યાનુયોગ અતિ સૂક્ષ્મ ને ગંભીર છે.

શ્રીમદ્‌જીએ કહ્યું અને આ દ્રવ્યાનુંયોગ મુખ્યપણે તેના પાત્ર મુનિરાજ છે. ભાવલિંગી સંત. ગૌણપણે બીજા હોય પણ મુખ્યપણે શબ્દ વાપર્યો. એ કર્તા નથી પણ નિમિત્ત માત્ર છે. નિમિત્ત તો નથી, પણ જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ નથી એની સાથે અને જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ અહીંયા ત્રણ ભેદ છે એમાંય અનુભવ ન થાય. આત્મા જ્ઞાતા, આત્મા જ્ઞાન અને આત્મા જ્ઞેય, અહીંયા આવ્યો. બહારથી હટી ગયો તોય અનુભવ ન થાય, તો આ જ્ઞાતા ને રાગ મારું જ્ઞેય? (તો પણ અનુભવ ન થાય) આહાહા!

બહુ પુરુષાર્થ માંગે છે. ફળ બહુ મોટું છે. એક સમયની કમાઈ અનંતકાળ તક ખાયેગા. સમય એક છે. જ્યાં અંતર્મુખ થઈને સ્પર્શ થયો, આનંદનું વેદન આવ્યું. ખલાસ! બુકીંગ થઈ જાય. બહુ વિચાર માંગે છે, મંથન માંગે છે. અનંતા જીવો સિદ્ધદશાને પામ્યા. એમાં શું છે! સમ્યક્‌દર્શન પામે છે જીવ. દર્શનમોહના અભાવથી સમ્યક્‌દર્શન થાય? કહે ના, આત્માના આશ્રયે સમ્યક્‌દર્શન થાય. સત્‌ને આશ્રય બીજાનો હોય? સમ્યક્‌દર્શન સત્‌ છે એને આત્માનો આશ્રય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. (શ્રોતા - પર્યાયને પરાધીનતા નથી ને) કેમકે એ સત્ છે.

૧૯ ની સાલની વાત કરું છું. એ વખતે હું સોનગઢ રહેતો હતો. ત્યારે સોગાનીજી ત્યાં આવ્યા હતા મારે ત્યાં જમવાનું હતું. સાથે જમવા ઘરે જતા હતાં ત્યારે સોગાનીજીએ રસ્તામાં કહ્યું કે લાલચંદભાઈ! જો આત્માકા આશ્રયસે મોક્ષમાર્ગ પ્રગટ હોતા હૈ વો મેરે કો ખટકતા હૈ. પછી મેં કહ્યું ભાઈ આમાં સમયસારમાં તો એમ છે કે નિશ્ચયનયાશ્રિત મુનિવરો પામે નિર્વાણને, વો બાત તો મુજે મંજૂર હૈ, મગર ઐસા નહીં હૈ. પર્યાય સત્ અહેતુક જેને બેસે એને પર્યાય આનો આશ્રય લ્યે ત્યારે પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય (તે ખટકે છે). હા, શુદ્ધતા પ્રગટ થાય ત્યારે એનું લક્ષ ત્યાં હોય છે, એ બરાબર છે. એ બતાવવું છે. બાકી કાંઈ એને આશ્રયે પ્રગટ થાય છે તો પર્યાય પરાધીન થઈ ગઈ. એ સત્ ન રહી.

આ જે પુસ્તક બહાર પડશે ને એ બહુ સારું બહાર પડશે. સત્ કહ્યું પછી ખલાસ કોઈની સામે જોવાનું ન રહ્યું. બધું સત્ છે વિશ્વમાં એટલે કોઈ નિમિત્ત નથી. આઠ કર્મ નિમિત્ત નથી. નિમિત્ત ન હોય તો કાંઈ નહિ પણ જ્ઞાનનું જ્ઞેય તો છે ને, ભ્રાંતિ છે. આઠકર્મને જ્ઞેય કહેવું ભ્રાંતિ છે, વ્યવહાર નથી, ભ્રાંતિ છે.

ગુણ ને દ્રવ્ય તો સત્ છે એનો તો પ્રશ્ન જ ન હોય, એનો તો પ્રશ્ન જ હોય શકે નહિ. સમજી ગયા! પ્રશ્ન થાય એ પર્યાયનો થાય. કેમકે પર્યાયને પરની સાથે સંબંધ થાય છે ને છૂટે છે. એટલે પર્યાયની વાત કરો તો તો બરાબર છે. ગુણ અને દ્રવ્ય તો એને ક્યાં સંબંધ કોઈની સાથે થયો ને છોડે એ તો સત્ અહેતુક છે જ એમાં કોઈ પ્રશ્ન જ નથી. પર્યાય સત્ લાગે એને સંસાર મટી જાય. સંસારમાં રહીને પર્યાય જેને સત્ લાગે છે.

શ્રીમદ્જી એક વાક્ય એમ કહે છે કે આ સંસારની રચના જ એવી છે કે અસત્ની કલ્પના કરાવે અસત્. રચના જ એવી છે અસત્તનું શ્રદ્ધાન થઈ ગયું. સત્તનું શ્રદ્ધાન ન થાય. રચના જ એવી છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી જોનારને સત્ ગાયબ થઈ જાય. એટલે આખા જગતની અંદર તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી દેખાય છે બધું.

થોડી ચર્ચા થાય તો સારું, ત્યાં ચર્ચા નીકળી. નિમિત્ત આ જગતમાં કોઈ છે નહિ. તો તો એમ કહેવું જોઈએ કે જો નિમિત્ત જ ન હોય તો તો પછી સંસાર જ ન હોય, કર્મ ન હોય, કર્મનો ઉદય ન હોય, જોડાતો ન હોય. કોઈ નિમિત્ત જ નથી? ના. કોઈ નિમિત્ત નથી પણ ચર્ચા કરે ને કોઈ નિમિત્ત નથી? એનો સ્વીકાર કરે એ પરમાત્મા થઈ જાય છે. કોઈ જગતમાં નિમિત્ત નથી બધા ઉપાદાન છે. (ક્ષણિક ઉપાદાન છે) બહુ ગંભીર ને ઊંડું તત્ત્વ છે આ. એમ કોઈ સાધારણ વાત નથી આ. ફાયદો મોટો છે.

ઉત્પાદ ઉત્પાદથી છે. ધ્રુવથી નહિ ને વ્યયથી પણ નહિ. પરપદાર્થની તો ત્યાં વાત જ કરી નથી. ઉત્પાદ પરથી થાય છે એ તો વાત જ નથી લીધી. (એક સમયમાં ત્રણ અંશને સ્વતંત્ર બતાવવા છે સર્વજ્ઞ ભગવાનને) એ બતાવવું છે. અદ્ભૂત સત્‌ની પરાકાષ્ઠા છે આ. આહાહા! પ્રમાણજ્ઞાન છે જેમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે, એ જ્ઞાનની પર્યાય એ જીવનું અસત્ત લક્ષણ છે. કોની તાકાત છે આચાર્ય ભગવાન સિવાય.

વિચારતા બેસી જાય. વિચારવું આ વિષય જરાક એવો છે. (દ્રવ્ય, ગુણ, પર્યાય એક વસ્તુ હોવા છતાંય ત્રણેય સત્) ત્રણેય સત્. ઓહો! ત્રણેય સાથે રહે ને નિરપેક્ષ રહે. સાપેક્ષથી જુઓ ને પછી સાપેક્ષને જોવાની આંખ બંધ કરો ને નિરપેક્ષથી જુઓ. (સાપેક્ષ થતું નથી) થાય ક્યાંથી. ઉત્પાદ ધ્રુવરૂપે ને ધ્રુવ ઉત્પાદરૂપે ક્યાંથી થાય. કહેવાય. પદાર્થની સિદ્ધિ હોય ત્યારે પ્રદેશ ભેદ નથી, એક સત્તા છે, એ પદાર્થની સિદ્ધિ છે. પ્રયોજનની સિદ્ધિમાં તો ત્રણ સત્ છે. આ પુસ્તકમાં બહુ ખુલાસા આવશે. એની જન્મક્ષણ છે. આહાહા! પર્યાયની જન્મક્ષણ છે. કોણ જન્માવે? એનો દાતા કોઈ નથી, એનો કર્તા કોઈ નથી. વિશ્વનો નાશ થઈ જાય. જો પર્યાય સત્ ન હોય...અસત્ હોય તો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશ્વ સત્‌થી ટક્યું છે. નિરપેક્ષથી ટક્યું છે. સાપેક્ષથી નથી ટક્યું. ઉત્પાદવ્યયધ્રુવયુક્તમસત્‌ એ તો વિશ્વને ટકાવી રાખે છે. આહાહા! એક એક પરમાણુ સત્‌ એક એક પરમાણુની પર્યાય સત્‌. ઉત્પાદ સત્‌, વ્યય સત્‌ અને એનો જે ગુણ છે એ સત્‌ અથવા દ્રવ્ય છે તે સત્‌ છે. સત્‌ છે પછી આનાથી આ થાય એ ક્યાં રહ્યું? પહેલા બધું સાપેક્ષથી સમજવું. દેશનાલબ્ધિ હોય છે, શાસ્ત્ર વાંચન હોય છે, બધું હોય છે. પણ એમ કરતાં કરતાં કાઢવું. અહીંયા સુધી જવાનું ત્યાં અટકવાનું નથી. જે ત્યાં સુધી ન પહોંચ્યો હોય અને શાસ્ત્ર વાંચવાનું સ્વાધ્યાય બંધ કરી દે ને જ્ઞાનીનો યોગ છોડી દે ને સત્‌ છે બધું એ મરી જશે. સત્‌ સુધી તો પહોંચ્યો નહિ. આહાહા! (એનું એમ થવાનું એ પણ સત્‌ છે) અંદર સત્‌ છે. કે આને કેમ બેસતું નથી? કે એ સત્‌ છે. (એની તત્‌ સમયની યોગ્યતા એવી છે) બસ બધું થવા યોગ્ય થાય છે. સૌ પોતપોતાના ભાવે પરિણમે છે. પરની સામે જોવાનું ક્યાં રહ્યું પછી. (અદ્‌ભૂત સિદ્ધાંત છે સર્વજ્ઞ ભગવાનનો) અદ્‌ભૂત. (અંદર બેસી જાય તો પરિણમી જ જાય. કોઈ ફરક નથી અંદર બેસવું જોઈએ).

નવ કે દસની સાલમાં પૂછ્યું હતું. પંડિતજી પાસે અમે શીખતા હતા. સરણારામ ત્યારે અગાસીમાં બેઠા હતાં. ચંદુભાઈ ડૉક્ટર, હું, ઈશ્વરભાઈ, રતિભાઈ બીજા બે ચાર જણા. અંજવાળી રાત હતી. ઉનાળામાં ઠંડકમાં અગાસીમાં બેઠા હતા. એ ભણાવતા હતા અમે ભણતા હતા. અને શિક્ષક તરીકે ઘણો સારો. એનો ઉપકાર ગણાય આપણા ઉપર. પછી કહ્યું પંડિતજી આત્મા છે તે સાપેક્ષ છે કે નિરપેક્ષ તેમણે મને જવાબ ન આપ્યો.

પછી મેં છંછેડ્યા નહીં, પૂછ્યું નહિ કાંઈ. એય મૌન હુંય મૌન. આત્મામાં પર્યાય નથી, એમ કોઈ તત્ત્વવેદી કહે તો તો એમ થયું કે પર્યાય વિના દ્રવ્ય થયું તો તો પર્યાય વિના તો દ્રવ્ય હોય નહિ, તો તો જૈનદર્શન ન રહ્યું. ભાઈ પર્યાય સત્‌ છે ને દ્રવ્ય સત્‌ છે. તો એને બે ને કયાં જોડીને પરસ્પર સાપેક્ષ કહીને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યની સિદ્ધિ કરવા માંડ્યો.

છેવટે ત્યાં એમ આવે છે કે દ્રવ્ય ને પર્યાય પરસ્પર સાપેક્ષ છે, એવું જોડકું એને દ્રવ્ય કહેવામાં આવે છે. એવું તો ઘણું કથન આવે. નિરપેક્ષનું જ્ઞાન થાય ને ત્યારે જ સાપેક્ષનું જ્ઞાન થયું કહેવાય. નિશ્ચયપૂર્વક વ્યવહારનું જ્ઞાન થાય છે. કથન સાપેક્ષ છે પણ વસ્તુ નિરપેક્ષ છે. કથન સાપેક્ષ પણ વસ્તુ નિરપેક્ષ છે. (પરિણમન નિરપેક્ષ છે) બસ. હવે પ્રશ્ન પૂરો થયો. હવે કાંઈક કાઢો આ પ્રશ્ન પૂરો થયો. આ પ્રશ્ન શાંતિભાઈનો હતો.

**પ્રશ્ન :-** જેને કારણ અનુભવનો ખ્યાલ આવે છે તેને કાર્યમાં અનુભવ થાય છે. કારણ અનુભવ તો સામાન્ય ઉપયોગમાં થાય છે. હવે સાપેક્ષ પર્યાયમાં અનુભવ થાય છે, ત્યારે કારણ અનુભવનું પણ વેદન આવે છે કે એકલા ત્રિકાળી દ્રવ્યનું જ વેદન આવે છે?

**ઉત્તર :-** પ્રશ્નમાં તમે જે ઉપયોગ લીધો એ ન લેવો. ઉપયોગ કારણ નથી. ગુણને કારણ કહો. ત્રિકાળી જે ગુણ છે એ કારણ છે અને પર્યાય જે પ્રગટ થઈ તે કાર્ય છે. જે ઉપયોગ પ્રગટ થાય તે કાર્ય છે અને એનું કારણ તો ગુણનું અવલંબન લીધું તે ગુણ આશ્રિત છે, માટે એ કાર્ય છે બરાબર છે.

હવે જ્યારે એને એમ થાય કે, હું પણ કારણ નથી. પર્યાય સત્ છે અહેતુક. હું તો અકારણ છું. ગુણ અકારણ એમ પરમાત્મા પણ અકારણ છે. સમજી ગયા! એમ અકારણ ઉપર જ્યાં દૃષ્ટિ પડે ત્યાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થઈ જાય છે, તો એ શુદ્ધતા પ્રગટ થાય છે વિશેષમાં, તો ત્યાં એને આનંદ પણ સાથે આવે છે એટલે ભોગવટો હંમેશા વિશેષમાં હોય છે. ગુણમાં ભોગવટો નથી હોતો. ઓલું જે સામાન્ય છે એ ન લેવું. કેમ કે જો તમે એ સામાન્યને વારેઘડીએ લેશો તો ગોટાળો થઈ જશે. સામાન્યને ડીપોઝીટ રાખો. એના બે પ્રકારના વિશેષ થાય છે. સમજી ગયા!

એક પ્રકારનું વિશેષ એ છે કે જ્યારે નિર્મળ પર્યાય પ્રગટ થાય ત્યારે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનું લક્ષ આત્મા ઉપર છે તો આત્માને કારણ કહેવાય એના ગુણને કારણ કહેવાય અને પર્યાયને કાર્ય કહેવાય. સમજી ગયા! પણ એ કથન પણ વ્યવહારનું છે. પછી નિશ્ચયમાં જાવ તમે તો આત્મા અકારણ છે. પર્યાયનું કારણ પર્યાય છે. હવે પર્યાય જે પ્રગટ થઈ નવી, જે અજ્ઞાન હતું તે ગયું. અજ્ઞાનમાં દુઃખનું વેદન હતું અને સમ્યક્‌જ્ઞાન પ્રગટ થયું એમાં સુખનું વેદન છે પણ વેદન પર્યાય પૂરતું જ હોય. વેદન ગુણને ન હોય. દ્રવ્યને વેદન ન હોય કાંઈ. કેમકે જેમાં ક્રિયા હોય એમાં વેદન હોય. ગુણમાં તો ક્રિયા નથી નિષ્ક્રિય છે. એટલે એમાં વેદન ન હોય. જેમાં ક્રિયા હોય તેમાં વેદન હોય.

જેમ નવું સમ્યક્‌જ્ઞાન પ્રગટ થાય તો તેની સાથે આનંદ પણ પ્રગટ થાય. સમજી ગયા! તો એને ત્યાં વેદન આનંદનું હોય છે પણ પર્યાયમાં બસ. પછી ઉપચારથી આનંદને આત્મા વેદે છે એમ કહેવું એ ઉપચાર છે. નિષ્ક્રિયમાં કાંઈ વેદન ન હોય, અવેદક છે. આ ઉપયોગને તો ડીપોઝીટ રાખવો. આ ઉપયોગની તો ચર્ચા બહુ થઈ નથી ગુરુદેવથી. એટલે આપણે એની બહુ ચર્ચા નહિ કરવાની. ડિપોઝીટ રાખવાનું. આપણે કરી લીધી એની ઘણી ચર્ચા. એની ઘણી ચર્ચા કરી. (હા!જી! ખૂબ ખુલાસા થયા) ઘણાં ખુલાસા થયા.

કાં જ્ઞાનનું જ્ઞાનત્વ થાય ને કાં જ્ઞાનનું અજ્ઞાનત્વ થાય. આ વિશેષમાં બે ભેદ પડે છે. બસ. કાં શું થાય કે ઉપયોગ પછી સામાન્ય રહે અને એનું વિશેષ પર્યાય થાય. આ સામાન્ય ઉપયોગ છે અને એનું પાછું વિશેષ એમ નથી. એ સામાન્ય છે એ જ કન્વર્ટ થઈને વિશેષ થઈ જાય છે. સામાન્ય એમ ને એમ રહે છે અને એક અંશ અહીંથી નીકળ્યો બહાર, એવું નથી. (એ યથાર્થપણે બેસાડવું જરા કઠિન છે) કઠિન તો છે, કઠિન તો છે પણ જરા વિચાર કરે તો બેસી જાય.

ગુણ એમ ને એમ રહે છે એ વાત સાચી છે. પર્યાયનો પલટો થાય છે. એ ઉપયોગ છે સામાન્ય એને દ્રવ્યનો આશ્રય નથી. એ તો ઉપયોગ છે પણ વિશેષને તો દ્રવ્યનું અવલંબન છે. એટલે વિશેષમાં શુદ્ધતા, અશુદ્ધતા બે ભેદ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશેષમાં પડે છે. બંધ મોક્ષ વિશેષમાં હોય. સામાન્યમાં કાંઈ ન હોય.

(પ્રશ્ન એમ હતો કે અનુભવનાં કાળે દ્રવ્યનું તો વેદન આવે છે પર્યાયમાં) પર્યાયમાં દ્રવ્ય જણાય છે, વેદન નહિ, વેદન તો પર્યાયનું પર્યાયમાં આવે છે. આનંદ આવ્યો પણ આનંદમૂર્તિ જ આખી છે નિષ્ક્રિય. એમાં વેદન નહિ, એનું વેદન નહિ. પર્યાયને પોતાનું પર્યાયનું વેદન છે. એમ દ્રવ્ય વેદાય નહિ. જો દ્રવ્ય વેદાય તો તો બીજા સમયે વેદવું ન રહે. બાકી એવા શબ્દો ઘણાં આવે કે આનંદને વેદે છે આત્મા. એમ એવા શબ્દો તો ઘણાં આવે. પણ જે નિષ્ક્રિય હોય એમાં વેદન ન હોય.

બીજું અવેદકનો નાશ થઈ જાય, જો એ વેદે તો. અવેદક કાયમ રહે છે ને પર્યાયમાં સુખ દુઃખ વેદાય છે. અજ્ઞાનીને દુઃખ વેદાય છે. જ્ઞાનીને સુખ વેદાય છે. એ પર્યાય એક જ લેવી. દ્રવ્ય, પર્યાય ઓલાને ડીપોઝીટ રાખવું. એ એમ ને એમ રાખવું. એ વેદન નથી એમાં. ઉપયોગમાં ક્રિયા છે એમાં. (પણ એનું વેદન સાપેક્ષ પર્યાય એનું જ્ઞાન અનુભવના કાળે થયું ને? જેમ અનુભવના કાળે દ્રવ્યનું જ્ઞાન થયું) દ્રવ્યનું જ્ઞાન થયું બસ. હા, (દ્રવ્યનું જ્ઞાન થયું એમ ઉપયોગનું પણ જ્ઞાન થયું ને ?) ઉપયોગનું પણ જ્ઞાન થઈને પછી આમ થઈ ગયું વિશેષ. એટલે શુદ્ધોપયોગ થઈ ગયો. સમજી ગયા!

એટલે એને પહેલાં તો લઈ લીધું'તું ઉપયોગનું જ્ઞાન. ઉપયોગનું જ્ઞાન લઈને ઉપયોગનું લક્ષ છોડ્યું હતું. ઉપયોગનું લક્ષ છોડ્યું ને દ્રવ્યનું લક્ષ કર્યું ત્યાં વિશેષ થઈ ગયું. પછી સામાન્ય ક્યાં રહ્યું! હા, કન્વર્ટ થઈ ગયું આખું. પછી તમે સમ્યક્જ્ઞાન થયું ને એક અંશમાં સમ્યક્જ્ઞાન થયું ને આ પણ રહી ગયું ને આ થઈ ગયું એવું નથી. ગુરુદેવ કહે છે બેય દ્રવ્ય ને પર્યાય. એકવાર સોનગઢમાં ઘણાં વરસ પહેલાની વાત છે. મોદી સાહેબને ઘેર ચર્ચા ચાલતી હતી. પછી સાંજે ટ્રેઈનમાં મારે જવાનું હતું. તે વખતે બા જીવતા હતા. મેં કહ્યું દ્રવ્ય-પર્યાય બેનું ભેદજ્ઞાન કરવાનું છે. આમ બતાવ્યું (બે આંગળીથી) બાને. મને કહે મને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ગમ્યું. આમ બતાવે. આ દ્રવ્ય ને પર્યાય ભિન્ન. પછી ગયા સ્ટેશને. મુકવા આવ્યા હતા બા ને એ ઘણાં આવ્યા હતા. પછી એક બાજુ ઊભા હતા. હું ડબ્બામાં બેઠો હતો ત્યાં માજીની સામે જોયું. આમ કર્યું. ઈશારાથી સોનગઢથી રાજકોટ આવતા હતા. ઘણાં વરસ પહેલાની વાત છે. દ્રવ્યમાં પર્યાય નથી. દ્રવ્ય ને પર્યાય ભિન્ન ભિન્ન છે. વ્યવહારના પક્ષવાળાને પર્યાયની ભિન્નતા બેસતી નથી. ન બેસે.

એ અહીંયા પરસ્પર નિરપેક્ષ ને સત્‌ની વાત કેવી જોરદાર ચાલી હમણાં. પરસ્પર સાપેક્ષ કહેવું એ વ્યવહાર છે. વ્યવહાર તરીકે કોણ ના પાડે છે પણ વ્યવહારમાં હવે ઊભું રહેવું છે કે નિશ્ચયમાં આવવું છે. ઓલો ઉપયોગ છે ને એમાં વેદન નથી. ઉપયોગ જ રહ્યો નહિ. (શુદ્ધોપયોગ જ થઈ ગયો) હા, કન્વર્ટ થઈ ગયો આખો. એ ઉપયોગ રહે છે ને એનો આ અંશ છે ને એક તો ગુણ છે ને એક ઉપયોગ છે ને એની આ પર્યાય છે એમ નથી.

**પ્રશ્ન :-** અનુભવના કાળે બે પક્ષાતિક્રાંત થાય છે. એક લક્ષ પ્રધાન પક્ષાતિક્રાંત અને બીજું જ્ઞાનપ્રધાન પક્ષાતિક્રાંત. તો બે પક્ષાતિક્રાંત કેવી રીતે થાય છે?

**ઉત્તર :-** પક્ષાતિક્રાંત એક જ છે. પક્ષાતિક્રાંતમાં શું થયું કે નયોના જે વિકલ્પ હતા. નયોના વિકલ્પની અંદરમાં બે પ્રકારના વિકલ્પ ઉઠતા હતા. એક નિષેધનો વિકલ્પ અને એક વિધિનો વિકલ્પ. અને બીજું જ્ઞાનની પર્યાયમાં એમ પણ ઉઠતું હતું કે ત્રિકાળી દ્રવ્ય છે તે આશ્રય કરવા યોગ્ય છે. પણ એનો આશ્રય કરતાં દ્રવ્ય, ગુણ ને પર્યાય અભેદ જ્ઞાનમાં જ્ઞેય મને થઈ જશે. એવો પણ વિચાર એને આવે. સમજી ગયા! તો એ જે પડખું હતું તે પક્ષાતિક્રાંત થયું અને આ પર્યાયથી રહિત થઈ ગયું. પક્ષાતિક્રાંત એટલે એક સમયમાં ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. એમાં પક્ષાતિક્રાંત એક જ લેવું. એકમાં બે આવી જાય. એકમાં બે આવી જાય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન :-** શ્રદ્ધાનું પક્ષાતિક્રાંત થાય તો તે જ્ઞાનનું પક્ષાતિક્રાંત થઈ ગયું?

**ઉત્તર :-** હા એક સાથે એક સમયમાં. જ્ઞાનનો દોષ ન રહે અને શ્રદ્ધાનો દોષ પણ ન રહે. પક્ષ છે એ દોષ છે. પક્ષ છે એ દોષ છે. હવે શ્રદ્ધાએ એમ કહ્યું કે મારામાં પર્યાય જ નથી. સમજી ગયા! તો જ્ઞાને પણ એમ કહ્યું કે મારામાં પર્યાય નથી. હું તો જ્ઞાયક છું. કે બેયે હાથ મીલાવ્યા કે નહિ. હાથ મીલાવ્યા બેયે, એક સમયમાં હાથ મીલાવ્યા એટલે અનુભવ થાય. શ્રદ્ધા એમ કહે કે પર્યાય મારામાં નથી અને જ્ઞાન એમ કહે કે પર્યાય મારામાં છે કથંચિત્, તો અનુભવ ન થાય.

કાલે વાત કરી હતી કે બધી પર્યાયનો આશ્રય એક સામાન્ય દ્રવ્ય છે.(જે સમયે શ્રદ્ધાએ સ્વીકાર કર્યો તે જ સમયે જ્ઞાને સ્વીકાર કર્યો?) જે સમયે જ્ઞાને સ્વીકાર કર્યો એ જ સમયે શ્રદ્ધાએ સ્વીકાર કર્યો. સમય એક જ છે. એમાં શ્રદ્ધાય નથી ને એમાં જ્ઞાનેય નથી. આહાહા! એક આત્મા છે. (બહુ સરસ આવ્યું. અદ્ભૂત ભેદજ્ઞાનનો પાયો) ભેદજ્ઞાનથી બધા સિદ્ધ થયા છે. સમયસારને વળગી રહો. ભેદજ્ઞાન. બસ! ક્યાંય ચર્ચા થતી હોય તો ભેદજ્ઞાનની વાત જો તમે સમજતા હો તો મને સમજાવો. મારે ભેદજ્ઞાન સમજવું છે. સમજતો હોય તો ય પૂછવું મને ભેદજ્ઞાન સમજાવો ને, તમે વિદ્વાન છો ને. ભેદજ્ઞાન સમજાવે ત્યાં પર્યાય સહિત છે એ ક્યાંથી કહે? એ તો કહે જ નહિ કે રાગ સહિત આત્મા છે એમ કહી શકે? હવે સવિકલ્પ ભેદજ્ઞાનના ઠેકાણા નથી. નિર્વિકલ્પ તો ક્યાંથી?

**પ્રશ્ન :-** સાપેક્ષનયના અતિક્રાંતની તેમજ નિરપેક્ષનયના અતિક્રાંતની વિધિ અલગ અલગ છે?

**ઉત્તર :-** નહિ. એક જ સમયે પક્ષાતિક્રાંત. પક્ષ એટલે શું કે દૃષ્ટિના વિષયની મુખ્યતાથી એમ કહે કે પર્યાય મારામાં નથી. જ્ઞાન એમ કહે કે કથંચિત્ પર્યાય મારામાં છે. એ વ્યવહાર ને નિશ્ચયના બેયના દ્વન્દ્વ ચાલતા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય બે ય, પણ જ્યારે અંદરમાં જાય છે ત્યારે કોઈપણ પ્રકારનો વિકલ્પ ઉત્પન્ન થતો નથી. વિકલ્પનો વ્યય થઈને નિર્વિકલ્પ ધ્યાન આવે ત્યારે એમાં કયા પક્ષનો અભાવ થયો એવું કાંઈ નથી, વિકલ્પ માત્ર સમાપ્ત થઈ જાય છે અને નિર્વિકલ્પનો ઉદય થાય છે, એમાં ધ્યાનમાં અનુભવ થાય છે. કોઈપણ પ્રકારનો વિકલ્પ નથી જ્ઞાન સંબંધી, શ્રદ્ધા સંબંધી, ચારિત્ર સબંધી કાંઈ વિકલ્પ નથી. વિકલ્પ માત્રનો વ્યય. કેમકે વિકલ્પના વિષયનો તેણે ત્યાગ કર્યો. નિર્વિકલ્પના વિષય તરફ જોતાં નિર્વિકલ્પ થઈ જાય છે. નિર્વિકલ્પના વિષય તરફ જાય તો નિર્વિકલ્પ થઈ જાય અને વિકલ્પના વિષયનો તો ત્યાગ કર્યો છે.

અદ્ભૂત છે સમયસાર. 'સમયસાર લગે હમકો પ્યારા.' ઘણાં જીવો આ બે હજાર વરસમાં સમયસારથી પામ્યા. ભૂતકાળમાં નજર કરીએ તો દેખાય છે દીપચંદજી, મોક્ષમાર્ગ પ્રકાશકના કર્તા ટોડરમલજી, દોલતરામજી ઘણાય સમયસારથી પામ્યા. ચારેય અનુયોગ નિમિત્ત તરીકે છે. પણ આ આમાં વિશિષ્ટ પ્રકાર દેખાય છે. હથેળીમાં ચાંદ. રુચિની આંખ ઉઘાડ તો દર્શન થઈ જશે.

આહાહા! વિકલ્પનો વિષય જ આત્મા નથી. જ્યાં આત્મા તરફ જાય છે ત્યાં બધા વિકલ્પ શાંત થઈ જાય છે. વસ્તુ નિર્વિકલ્પ છે તો પર્યાયમાં નિર્વિકલ્પ થઈ જાય છે. વસ્તુ નિર્વિકલ્પ છે અભેદ સામાન્ય-નિયમસારમાં એને નિર્વિકલ્પ કહીને સંબોધે છે એટલે ભેદ નહિ. ત્યાં રાગ નહિ પણ ભેદનો નિષેધ છે. અભેદ સામાન્ય.

જાણનાર જણાય છે મહામંત્ર છે. બધા સારનો સાર એ છે જાણનાર જણાય છે. જણાય રહ્યો છે. સ્વીકાર કરે એટલી વાર. જણાય રહ્યો છે. દર્શન દઈ રહ્યો છે. આ લેતો નથી. બીજાના દર્શન કરવા જાય છે. પરમાત્માના દર્શન કરવાનું ભૂલી ગયો ને બીજાના દર્શન કરવા જાય છે. જ્યાં ત્યાં માથા નમાવે છે. માથું ફૂટે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યોગસારમાં તો ત્યાં સુધી કહ્યું છે કે દેહ મંદિરમાં દેવ છે તેને છોડીને જીવો બહાર ભટકે છે.

તન મંદિરમાં દેવજિન, જન દેરે દેખંત
હાસ્ય મને દેખાય આ, પ્રભુ ભિક્ષાર્થે ભમંત.

એકદમ મસ્તી ચડી ગઈ. બહુ તીખી એમાં વાત છે. અરે જ્યાં નિશ્ચયની વાત કહે ત્યાં કહે તમે વ્યવહારને ઊડાડો છો. વ્યવહાર વ્યવહારના સ્થાને છે. વ્યવહારનું લક્ષ છોડી દે. વ્યવહારની ક્યાં ના છે. પ્રતિમા પ્રતિમાના સ્થાને છે લક્ષ છૂટી જાય છે. આ ચૈતન્ય પ્રતિમા તરફ લક્ષ આવે છે. મુનિરાજ તો ક્ષણે ને પળે જીવના દર્શન કરવા જાય છે. કોઈ જંગલમાં હોય ને તો દેવ-ગુરુ-શાસ્ત્રના દર્શન કરતા નથી. કેવી રીતે તેનું મુનિપણું ટકશે?

સમયસારે કહ્યું કે દ્રવ્યલિંગના આધારે ધર્મ નથી. એવી તીખી વાત તેમણે કરી છે કે, દ્રવ્યલિંગને આધારે ધર્મ નથી. બહુ સરસ ગાથા છે. પણ એ વાત એવી છે કે જાજી ચોળાય નહીં. સમજી ગયા! નહિંતર મંદિરે જતો અટકી જાય. સમ્યક્ત્વ તો થયું ન હોય. સમજી ગયા! અને તે જાતની લાયકાત પણ ન હોય. તીખાશ ન હોય. પ્રમાદી તો છે. તો એના કરતાં દુકાને જાય તો વકરો વધારે થાય. ક્યાં નીચે ઉતરી ગયો તું. અનાદિનું આવું છે. તેને એટલું જ જોઈતું હતું. આધાર મળી ગયો. ઊંધો પડ્યો.

અરે! એ તો ઉપકારી છે આપણાં. એણે જ માર્ગ બતાવ્યો આપણને. પ્રભુ ! હું કાંઈ જાણતો નથી હો. આહાહા! જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ! બાકી દ્રવ્યલિંગીને એવા ફટકાર્યા છે છેલ્લી ગાથાઓમાં. અરિહંત પણ દ્રવ્યલિંગને છોડીને પરમાત્મા થયા છે. અરિહંતનો દાખલો આપવો પડ્યો છે. દ્રવ્યલિંગ એટલે આ બહારમાં શુભ વિકલ્પ તે દ્રવ્યલિંગ છે તેના આધારે મોક્ષમાર્ગ છે? જે બંધનું કારણ છે. એ મોક્ષનું કારણ થાય. (વસ્તુનો સ્વભાવ તે ધર્મ તે તો પહેલું સૂત્ર છે) કોઈ દિ' મંદિરે દર્શન કરવા ન જાય મુનિરાજ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને દર્શન રોજ કરે. રોજ દર્શન કરે. એની સ્થિતિમાં તફાવત છે. ગૃહસ્થને તો દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, આદર, સત્કાર, દર્શન, પૂજા, ભક્તિ એના સ્થાને હોય. ત્યાં અટકી ગયો હોય અને સર્વથા એને જ સાધન માનતો હોય તો એના માટે થઈને યોગ્યતા. નીચે ઉતરવાની વાત જ નહીં. ઉપર ઉપર જવાની વાત છે.

બોલો પરમ ઉપકારી શ્રી ગુરુદેવનો જય હો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ.ભાઈશ્રીની તત્ત્વ ચર્ચા
## ગાથા - ૩૮ શુદ્ધભાવ અધિકાર
## તારીખ : ૪/૭/૯૪, સોમવાર, રાત્રે ૮ થી ૯

આ શ્રી નિયમસારજી શાસ્ત્ર છે. કુંદકુંદઆચાર્ય ભગવાનની મૂળ ગાથા છે. તેના ઉપરની ટીકા પદ્મપ્રભમલધારીદેવે રચી છે. નિયમથી કરવા યોગ્ય કાર્ય.

ગાથા-૩૮ ઉપરનું મથાળું. હવે શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે. શુદ્ધોપયોગ એ પર્યાય છે અને શુદ્ધભાવ એ ત્રિકાળી દ્રવ્ય છે. એ ત્રિકાળી દ્રવ્યનો અધિકાર છે અને ત્રિકાળી દ્રવ્યમાં પર્યાયો નથી. એમ ખુલાસાથી આગળ કહેશે

''છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે
જે કર્મથી ઉત્પન્ન ગુણ-પર્યાયથી વ્યતિરિક્ત છે''

**અન્વયાર્થ :-** જીવાદિ બાહ્ય તત્ત્વ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એ બધા બાહ્ય તત્ત્વ છે. અહીંયા જીવ એટલે દસ પ્રકારના પ્રાણથી જીવે તેને જીવ કહેવામાં આવે છે. એવું જીવત્વ છે એ એમાં છૂપાયેલો છે. સાત તત્ત્વમાં એ આત્મજ્યોતિ છુપાયેલી છે. પણ જે હેય તત્ત્વ છે તેમાં તો માત્ર એના પરિણામ જ આવે. જીવના પરિણામ જ આવે.

જીવાદિ બાહ્ય તત્ત્વ કહ્યું. અંતઃતત્ત્વ નથી. બાહ્ય તત્ત્વ એટલે સંયોગીભાવો છે. હેય છે એટલે કે એનું લક્ષ કરવાયોગ્ય નથી. એમાં હુંપણું સ્થાપવા જેવું નથી. કર્મ ઉપાધિ જનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત નામ રહિત છે. કર્મની ઉપાધિ જેમાં આવે તેવા ગુણ પર્યાયોથી વ્યતિરિક્ત આત્મા, આત્માને ઉપાદેય છે. આત્મા, આત્માને ઉપાદેય છે. આત્મા પરિણામને ઉપાદેય છે એમ ન લખતા આત્મા આત્માને ઉપાદેય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલો આત્મા ત્રિકાળી દ્રવ્ય છે. આત્માને એટલે સાધક આત્માને આવો આત્મા ઉપાદેય છે. સાધકને જે ઉપાદેય છે તો મિથ્યાદષ્ટિને પણ એ ચીજ ઉપાદેય હોય. બીજી કોઈ ચીજ ઉપાદેય હોય નહિ.

**ટીકા :-** આ હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. જીવાદિ સાત તત્ત્વનો જે સમૂહ છે એ પરદ્રવ્ય હોવાને લીધે અનાદિ અનંત કહે છે કે એ જે સાતતત્ત્વનો સમૂહ અનાદિ અનંત છે. કોઈ કાળ એવો ન આવે કે જ્યારે સાત તત્ત્વ ન હોય જગતમાં. સાત તત્ત્વ અનાદિ અનંત છે બાહ્ય તત્ત્વ અને આત્મા પણ અનાદિ અનંત છે. જીવાદિ સાતતત્ત્વનો જે સમૂહ છે એ હેય છે એ વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયનો વિષય જ હેય હોય. શુદ્ધનયનો જે વિષય છે એ તો ઉપાદેય હોય, હેય ન હોય.

જીવાદિ સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે, પરદ્રવ્ય થવાને લીધે નહિ પણ અનાદિ અનંત એ જીવાદિ જે પર્યાયો છે એ બધી હંમેશા પરદ્રવ્ય છે. સીધી વાત જ કડક કરી. એ પરદ્રવ્ય જ છે. એક સ્વદ્રવ્ય આત્મા. સ્વદ્રવ્ય ત્રિકાળી અને નવતત્ત્વની જે પર્યાયો છે એ પરદ્રવ્ય છે.

હવે બાકી છ દ્રવ્ય છે એ તો જ્ઞેય છે હેય નથી. દ્રવ્યો છ છે બીજા એ જ્ઞેય છે પણ હેય નથી. પણ એ છ દ્રવ્યો તો આત્માથી તદ્દન પૃથક-ભિન્ન, અત્યંત ભિન્ન છે. અને આ જે પરિણામ છે એ તો જીવની પર્યાય છે. આ વ્યવહાર જીવ છે, સાતેય તત્ત્વ છે એ વ્યવહાર જીવ છે. નાશવાન છે. સાપેક્ષ છે. એ ત્રણેકાળે પરિણમે છે.

સમ્યક્દર્શનની પર્યાય પ્રગટ થાય એ પરદ્રવ્ય છે તો પછી રાગ, દ્વેષ, મોહ એ સ્વદ્રવ્ય ક્યાંથી હોય શકે? નિશ્ચય મોક્ષનો માર્ગ પરદ્રવ્ય છે તેથી હેય છે. વ્યવહાર રત્નત્રયના પરિણામ એ તો બંધનું કારણ છે એ તો હેય છે જ પણ નિશ્ચય મોક્ષનો માર્ગ જે મોક્ષનું કારણ છે એ પ્રગટ કરવા યોગ્ય છે.

એણે નિયમસાર લખ્યું છે ત્યારે લખ્યું છે કે હું આ નિયમસાર મારી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવનાને અર્થે લખું છું. નિયમ એટલે કરવા યોગ્ય, કરવા યોગ્ય શું? કે નિશ્ચય રત્નત્રયના પરિણામ એ કરવા યોગ્ય છે. કરવા યોગ્ય એટલે કર્તાબુદ્ધિ નહિ પણ આત્માને આશ્રયે ક્રિયા થાય છે એટલે પ્રગટ કરવા યોગ્ય હોય તો તે એ છે. વ્યવહાર રત્નત્રયના પરિણામ પ્રગટ કરવા યોગ્ય પણ નથી ત્યાંથી વાત કરી.

અહીંયા કહે છે પરદ્રવ્ય હોવાને લીધે અનાદિ અનંત ઋષભદેવ ભગવાનને પૂછ્યું ત્યારે પણ તેની વાણીમાં આ આવ્યું કે સાતતત્ત્વનો સમૂહ પરદ્રવ્ય છે. નેમિનાથ ભગવાનને પણ કૃષ્ણ મહારાજે પૂછ્યું તો કહે આ પરદ્રવ્ય છે. ભગવાન મહાવીરને પૂછ્યું ગણધરે તો કહે સાતતત્ત્વનો સમૂહ હેય છે કે સાહેબ, અધર્મ તો હેય છે પણ ધર્મ હેય છે. કે ધર્મ હેય છે. ધર્મ હેય છે અને ધર્મી ઉપાદેય છે. આ બધા ધર્મો છે પર્યાયનાં ધર્મો, જીવાદિ સાતતત્ત્વનો સમૂહ એ બધા પર્યાય અપેક્ષિત ધર્મો છે. દ્રવ્ય અપેક્ષિત ધર્મ તો પરમ-પારિણામિકભાવ છે. એ સાતતત્ત્વોનો જે સમૂહ છે એ પરદ્રવ્ય છે.

હવે આત્મા પરદ્રવ્ય હોય તો એને શી રીતે કરી શકે. લોકો તો હજી રાગની કર્તાબુદ્ધિ છોડવા તૈયાર નથી. અહીંયા તો કહે છે કે ધર્મના જે પરિણામ થાય જે સુખરૂપ છે આત્માને પર્યાય અપેક્ષાએ, તો પણ એ હેય છે. આશ્રય કરવા યોગ્ય નથી એમાં અહમ્ કરવા યોગ્ય નથી. ઉપાદેય નથી માટે એનો કર્તા નથી કોઈ કાળે. એથી નક્કી થાય છે કે સાતેય તત્ત્વ જો પરદ્રવ્યરૂપ હોય તો તેનો આત્મા કર્તા ન હોય. બરાબર! અને જો એ પરદ્રવ્ય હોય તો પરદ્રવ્યને જાણવા રોકાય તો સ્વદ્રવ્ય ન જણાય. એટલે કર્તાનું કર્મ પણ નથી અને જ્ઞાતાનું જ્ઞેય પણ નથી. આહાહા!

શુદ્ધભાવ અધિકાર ઘણો ઊંચો છે. ઘણો એટલે, ઘણાથી બીજો શબ્દ પણ મારી પાસે નથી એટલો ઊંચો છે. નિયમસારમાં 'શુદ્ધભાવ અધિકાર' ઊંચો અને સમયસારમાં 'અજીવ અધિકાર' ઊંચો, જીવ કરતાં હોં. એમાં બધાને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજીવમાં નાખી દીધા. અહીંયા પરદ્રવ્યમાં નાખ્યા. ત્યાં કહે છે અજીવનો વિસ્તાર છે આ અહીંયા કહે છે પરદ્રવ્યનો વિસ્તાર છે. પરદ્રવ્યનો કર્તા ય નથી આત્મા અને પરદ્રવ્યને જાણવા રોકાય તો સ્વદ્રવ્ય ન જણાય.

હવે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો પ્રતિભાસ છે એ પ્રતિભાસમય છે જ્ઞાન, જ્ઞાનની પર્યાયમાં બેનો પ્રતિભાસ થાય છે પણ પરદ્રવ્યનો જે પ્રતિભાસ થાય છે એનો અનુભવ ન હોય આત્માને. પણ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે એનો તો નિરંતર અનુભવ હોય. પરદ્રવ્યનો અનુભવ ન હોય. પરદ્રવ્યનો અનુભવ ન હોય એટલે એ પર્યાય આત્માપણે અનુભવમાં આવતી નથી. ખ્યાલ આવ્યો. એ પર્યાયો જે છે એ આત્મા છે, એમ નથી આવતું. જો આત્મા હોય તો એ અનુભવ યોગ્ય કહેવાય. પણ પરદ્રવ્ય છે માટે અનુભવ યોગ્ય નથી. અનુભવી શકાતું જ નથી પર્યાયને.

આ જે શુદ્ધભાવ અધિકાર, એક ધ્યાન રાખવું કે કયો અધિકાર છે. અધિકાર ઉપર જ આખો આધાર છે. નહિંતર તો ગોટાળો થઈ જાય, નહિંતર તો આવે પર્યાયમાં જ વેદન છે, દ્રવ્ય વેદાય નહિ. સમજી ગયા! ઘણુંય આવે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા યોગ્ય છે એમ આવે. ઘણું આવે. કહે છે પ્રગટ કરવા યોગ્ય છે. એને જ કહે છે કે હેય છે. હેયનું કારણ પરદ્રવ્ય છે. ઓલા છ દ્રવ્ય હેય નથી ને ઉપાદેય પણ નથી. એને તો જુદા કાઢી નાંખ્યા. પણ આ પરિણામ જે પ્રગટ થાય છે એ પરિણામ પ્રગટ થતાં પરિણામ પ્રગટ થાય છે માટે મને એ પરદ્રવ્ય છે. સમયસારમાં ૧૮૫ કળશમાં લીધું છે.

સમયસાર છે ને એ નેપાળાનો (રેચ) આપે ને જ્યારે, ત્યારે પેટ સાફ થાય. એ સિવાય કામ ન થાય. (શ્રોતા - ઘણાં વખતનું જામ થયેલું છે ને!) હા. જામ થયેલ છે મળ જામ્યો છે ને મિથ્યાત્વનો. મિથ્યાત્વ તે મળ છે. ક્યાંય ને ક્યાંય વ્યવહારનો પક્ષ રહી જાય તો ભવ હારી જાય. જેને કાળ પાક્યો છે ને એને સમયસારની સાથે નિયમસાર પણ હાથમાં આવી જાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમાં મૂળમાં પરદ્રવ્ય કહ્યું છે અને આવા ટીકાકાર છે સમયસારના. એમાં ૧૮૫ કળશ, ઘણે ભાગ્યે છે. ઘણે ભાગ્યે જો આમાં છે, જેમનાં ચિત્તનું ચરિત્ર ઉદાત્ત, ઉદાત્ત, ઉચ્ચ, ઉજ્જવળ છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે, એક સિદ્ધાંત આનું સેવન કરો કે 'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ સદાય છું.' શુદ્ધ ચૈતન્યમય અને 'આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી' આ સાત તત્ત્વો છે તે પ્રગટ થાય છે તે હું નથી. છે, છે, છે તે હું છું. પ્રગટ થાય તે હું નહિ. એટલે એને પણ, કારણ કે તે બધાંય મને પરદ્રવ્ય છે. પ્રગટ થાય છે તે મને પરદ્રવ્ય છે. અહીંયા પણ પરદ્રવ્ય કહ્યું. સમજી ગયા! પરદ્રવ્ય જ છે. (શ્રોતા :- મોક્ષની પર્યાય પરદ્રવ્ય છે) કેવળજ્ઞાનની પર્યાય પરદ્રવ્ય છે એનો તો એટલો મહિમા આવે. આહાહા! ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં જણાય. આહાહા! કેવળજ્ઞાન બહુ સરસ.

દ્રવ્યાનુયોગ સૂક્ષ્મ અને ગંભીર, એનાં મુખ્ય પાત્ર તો મુનિરાજ મુખ્ય. ગૌણપણે બીજા. જીવાદિ સાતતત્ત્વોનો સમૂહ, બધું લઈ લીધું. બધી પર્યાયો પરદ્રવ્ય અનાદિ અનંત. જ્યારે પૂછો ત્યારે એની તીર્થંકરની વાણીમાં આવે કે એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી. ખરેખર ઉપાદેય નથી.

સ્વભાવની સામે તું જો તો તે એક સ્વભાવ જ ઉપાદેય છે અને આ ઉપાદેય નથી. સહજ, વૈરાગ્યરૂપી આ આત્મા, આત્માને ઉપાદેય છે તેવા આત્માને શુદ્ધાત્મા ઉપાદેય છે. કેવા આત્માને? કે સાધક આત્માની વાત કરી અને મુનિરાજ પોતે પોતાથી વાત કરે છે. વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણી છે. પરદ્રવ્યથી જે પરાન્મુખ છે. જુઓ શું કહ્યું? કે પરદ્રવ્ય હોવાને કારણે એ હેય છે એમ કહ્યું એટલે પરદ્રવ્ય છે એટલે એની સાથે કર્તા-કર્મ સંબંધ ન હોય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેવી રીતે હાથની સાથે કર્તા-કર્મ સંબંધ નથી, આઠ કર્મ જડ છે એની સાથે કર્તા-કર્મ સંબંધ નથી, તેવી જ રીતે સેઈમ આ પરદ્રવ્ય છે માટે તેની સાથે કર્તા-કર્મ સંબંધ નથી. આવશે ઘણી જગ્યાએ કે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી. આહાહા! પણ આને ટંકોત્કીર્ણ રાખશે તો મુંઝાશે નહિ તો સમજાશે. નહિંતર નહીં સમજાય. કર્તાબુદ્ધિ થઈ જાશે.

હવે કહે છે કે પરદ્રવ્ય છે માટે કર્તા નથી આત્મા, માટે હેય છે. પરદ્રવ્ય છે માટે હેય છે કહ્યું ને, હવે એ જે સાતતત્ત્વોનો જે સમૂહ છે એનો કર્તા તો નથી પણ એનો જ્ઞાતા તો છે કે નહિ? એ પ્રશ્ન હવે લઈ લીધો અહીં. કર્તા બુદ્ધિય જાય ને જ્ઞાતાબુદ્ધિ પણ જાય, પરિણામની હો. પરિણામ જ્ઞેય નથી. ભલે જાણેલો પ્રયોજનવાન કહ્યો ૧૨ મી ગાથામાં કાંઈ વાંધો નથી. સમજી ગયા! એ વિવિક્ષા જુદી છે. પરિણામ, લોકાલોક તો જ્ઞેય નથી. છ દ્રવ્ય તો જ્ઞેય નથી પણ પોતામાં ઉત્પન્ન થતાં પરિણામ જે છે એ પરદ્રવ્ય છે. એનાથી સાધકનું જ્ઞાન પરાન્મુખ છે અને દ્રવ્યની સન્મુખ છે.

આ છે ને આ એક બે વખત થયા ઘણાં એવા વિચાર આવે છે કે આ બધું જંગલમાં જઈને વાંચવા જેવું લાગે છે, એમ મને વિચાર આવે છે. એકાંત.... નિર્જન કોઈ ન હોય. કોઈ મુમુક્ષુ ન આવે તો બહુ રાજી. ત્યારે આ વાંચી શકાય એવી સ્થિતિ છે. પરદ્રવ્યથી પરાન્મુખ! પરદ્રવ્ય કોને કહ્યું, દેવ-ગુરુ-શાસ્ત્રથી પરાન્મુખની વાત નથી. એ તો ભિન્ન છે સાવ. એ તો એની સત્તામાંય નથી. એની પર્યાયમાંય નથી. આ તો પર્યાય જે થાય છે પ્રગટ, એનાથી જ્ઞાન પરાન્મુખ છે. છઠ્ઠે ગુણસ્થાને પરાન્મુખ છે. સાતમા ગુણસ્થાનની વાત જ નથી અહીંયા અત્યારે. સાતમે ગુણસ્થાને તો પરાન્મુખ હોય જ.

એ જ્ઞેયાકાર વખતે જ્ઞાયક જણાય છે, એમ આ સાત તત્ત્વથી પરાન્મુખ થઈ જ્ઞાયક જણાય છે. અદ્ભૂત, ચમત્કારિક. પરદ્રવ્યથી જે પરાન્મુખ છે. પરાન્મુખ થાય છે એમ નહિ, છે. અમે સાધક એને જ કહીએ છીએ કે જે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયથી પરાન્મુખ હોય. પર્યાયની સન્મુખ એની દૃષ્ટિ જાતી જ નથી. આહાહા! પરદ્રવ્યથી પરાન્મુખ એમાં કર્તાબુદ્ધિ ગઈ પહેલી. પરદ્રવ્ય છે માટે હેય છે. એમાં કર્તાબુદ્ધિ કાઢી. આમાં એ જ્ઞાનનું જ્ઞેય નથી. કર્તાનું કર્મ તો નથી પર્યાય. સમ્યગ્દર્શનની પર્યાય હોં, કર્તાનું કર્મ નથી પણ જ્ઞાનનું જ્ઞેય નથી એમ કહે છે. બાકી જ્ઞાનનું જ્ઞેય આવે ઘણી જગ્યાએ. કર્તાનું કર્મ નથી માટે જ્ઞેય છે એમ બધું ઘણું આવે. પણ અત્યારે પ્રકરણ જુદા પ્રકારનું છે. એને મસ્તી ચડી ગઈ છે અત્યારે એને આપી દેવું છે બધું.

પરદ્રવ્યથી જે પરાન્મુખ છે. આહાહા! એની સન્મુખ નથી જ્ઞાન અને જે સાત તત્ત્વની સન્મુખ થાય છે અને સાતતત્ત્વના ભેદને જાણે છે જ્ઞાન એ આત્માનું જ્ઞાન નથી. એ સાધકનું જ્ઞાન નથી. એ બુદ્ધિનો વિષય છે. ભાવેન્દ્રિયનો વિષય છે, મારો વિષય નથી. હું એને જાણતો નથી. આહાહા! સાતતત્ત્વને જાણતા નથી. પ્રચુર આનંદ આવે છે. એનાથી અમે પરાન્મુખ છીએ. એને ભોક્તા તો નથી એમ પણ એનાથી અમે જાણતાંય નથી. જ્ઞેયાકાર અવસ્થા છે આ. છે જ્ઞેયાકાર અવસ્થા પર્યાયનો પ્રતિભાસ થાય છે.

ભાઈ! આ ગાથા લ્યો તેમ કીધું. હું તો ખુશ થઈ ગયો. ભાવતું'તું ને વૈદે બતાવ્યું. મારું ઘૂંટાશે. આહાહા! પરદ્રવ્યથી પરાન્મુખ છીએ. ચોથા ગુણસ્થાને શ્રુતકેવળી છે, ગુરુદેવ કહે છે ચોથા ગુણસ્થાને શ્રુતકેવળી છે. પરદ્રવ્યથી જે પરાન્મુખ છે. હવે શેની સન્મુખ છે એ હવે આવશે. પાંચ ઈન્દ્રિયના ફેલાવથી રહિત, ભાવઈન્દ્રિયના ફેલાવથી રહિત છે. ભાવઈન્દ્રિય તો ભિન્ન કરી નાંખી છે એને, એ તો મારી ચીજ જ નથી. એક દેહમાત્ર જેને પરિગ્રહ છે સંયોગ મુનિરાજ કહે છે અમને દેહનો સંયોગ રહી ગયો છે હજી.

જે પરમજિન યોગીશ્વર છે. આહાહા! યોગીશ્વર નહિ પરમજિન યોગીશ્વર. સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે. પરથી પરાન્મુખ છે અને સ્વની સન્મુખ છે. પાછી તીક્ષ્ણ, ખસતી નથી ત્યાંથી પરિણતિ અમારી. સવિકલ્પદશામાં જ્ઞાયક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જણાય છે. નિર્વિકલ્પ ધ્યાનમાં પણ જ્ઞાયક જણાય છે. ભેદ જણાતો નથી ભેદને પરદ્રવ્ય કીધું.

પછી જ્યારે પ્રસંગ આવે ત્યારે કહેવું પડે કે દ્રવ્યને જાણતાં પર્યાયને જાણે એ સ્વપરપ્રકાશક અંદરનું. પણ ભાઈ એ વાત જુદી અને આ તો અલૌકિક અપૂર્વ વાત છે શુદ્ધભાવ અધિકારની. આ મુંબઈમાં શુદ્ધભાવ અધિકાર લીધો હતો. જ્યારે વિદાય હતી ને અહીંયા આવ્યો ને ત્યારે અને પંકજે ઉતારી લીધી છે ટેપ ને તિજોરીમાં રાખી છે. તે કહે કે હીરાના પડીકા બીજાને બતાવું પણ આ કોઈને ન બતાવું. બહુ જિજ્ઞાસુ હોય તો એને કોપી કરાવી દઉં. બાકી ટેપ તો આપું જ નહિ. કોઈને ન આપું. એ વખતે બહુ સારી રીતે ખુલાસાથી આવ્યું હતું.

પરદ્રવ્યથી પરાન્મુખ અને સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણી છે. પરદ્રવ્યનો કર્તાય નથી અને પરદ્રવ્યનો જ્ઞાતાય નથી. પરદ્રવ્ય કયું? અરૂણભાઈ? (શ્રોતા :- નવતત્ત્વરૂપ પરદ્રવ્ય) હા. નવતત્ત્વરૂપ જે પરદ્રવ્ય એનાથી પરાન્મુખ છે. એનું અસ્તિત્વ હો તો હો, પણ મારા જ્ઞાનનું જ્ઞેય નથી. ભેદ મારું જ્ઞેય નહિ, અભેદ જ મારું જ્ઞેય છે. અભેદ એક વખત જ્ઞેય થયું એ સાદિ અનંતકાળ અભેદ જ જ્ઞેય રહે છે સાધકને. ઓલી વાત બધી વ્યવહારે ભેદને જાણે તે સમજવા જેવી! આહાહા!

સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એવા આત્માને, એવા સાધક આત્માને ભાવલિંગી સંતને આત્મા જ ખરેખર ઉપાદેય છે. પછી આત્માની વ્યાખ્યા હવે કરશે. આત્માને આત્મા ઉપાદેય છે. આવા સાધક આત્માને, ભાવલિંગી સંતને આવો શુદ્ધાત્મા છે તે એક જ ઉપાદેય છે, બાકી કોઈ ઉપાદેય નથી. સાતતત્ત્વોનો સમૂહ તો હેય છે અને જ્ઞેય પણ નથી. કર્તાનું કર્મ પણ નથી અને જ્ઞાનનું જ્ઞેય પણ નથી.

હવે એ આત્મા ઉપાદેય છે એ આત્મા કેવો છે? ખરેખરો આત્મા કેવો છે? આત્મા, ખરેખર આત્મા જ ઉપાદેય છે. ખરેખર કહીને બીજું કાંઈ ઉપાદેય



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. પ્રગટ કરવા માટે તો ઉપાદેય ખરીને સંવર-નિર્જરા. ઢીલી વાત કરમાં. આ જુદી વાત છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે સંવર-નિર્જરા પ્રગટ કરવા માટે ઉપાદેય છે. અમને માન્ય છે.પણ તને આ માન્ય છે કે નહિ, તું મને જવાબ દે.

બદામનો મગજ પીરસાય છે ત્યારે તું રોટલો ને છાશ માંગશ. ખરેખર દિગંબર સંતો એની મસ્તી એનો અનુભવ, એની કલમ જુદા જ પ્રકારની. વાંચ્યું બહુ છે ને એટલે એને કેટલીક વાતો નડે છે. આત્મા ઉપાદેય ન થયો હોય તો તો નડે જ ને! (શ્રોતા - એકને મુખ્ય રાખીને ન વાંચ્યું હોય તો નડે) નડે. પછી બીજું વાચે તો બીજું કોઈ દિ' મુખ્ય ન થાય. આ એક જ મુખ્ય રહ્યા કરે અને વાંચ્યા કરે. મોટો ફરક! આ એવી ચીજ છે આત્મા ખરેખર ઉપાદેય છે.

હવે જે ભગવાન આત્મા ઉપાદેય છે એ ક્યા ભાવથી રહિત છે એ બતાવે છે. ઔદયિક આદિ ચાર ભાવાંતરોને એટલે નીચે છે. અન્ય ભાવો-ઔદયિક, ઔપશમિક, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચાર ભાવો પરમ-પારિણામિકભાવથી અન્ય જુદા ભિન્ન હોવાને લીધે તેને એમાંય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યા, અનેરા ભાવો. પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ એવો કારણ પરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે.

એ કેવો છે? આ ભાવાંતરોને અગોચર હોવાથી એટલે એના લક્ષે આત્મા જણાતો નથી. ગમ્ય નથી. કારણ પરમાત્મા દ્રવ્યકર્મ આઠ પ્રકારના કર્મ, ભાવકર્મ એના બે પ્રકાર એક ઈન્દ્રિયજ્ઞાન અને એક રાગ બે ય ભાવકર્મમાં જાય. અને નોકર્મ શરીરાદિ એ ઉપાધિથી જનિત એના સંબંધથી ઉપાધિથી જનિત જન્મેલા, વિભાવગુણ પર્યાય વિનાનો છે. વિભાવ એટલે એકલા વિકાર નહિ, વિશેષભાવ. સામાન્ય ચીજ ઉપાદેય છે ને વિશેષ ઉપાદેય નથી. તો એ વિશેષ છે એ વિશેષથી સામાન્ય રહિત છે, સામાન્યમાં વિશેષની નાસ્તિ છે એવી સામાન્યની અસ્તિ છે સમજી ગયા!



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ સામાન્યમાં કારણ શુદ્ધ પર્યાય આવી ગઈ. જુદી ન પાડવી. કારણ શુદ્ધ પર્યાય અંદર ગર્ભિત છે. કારણ પરમાત્મામાં કારણ શુદ્ધ પર્યાય ગર્ભિત છે. અહીંયા ઉપાદેય તત્ત્વની વાત ચાલે છે. કારણ શુદ્ધ પર્યાયમાં ઉપાદેય લખ્યું નથી. આમાં ઉપાદેય લખ્યું છે. ત્યાં તો એમ જ લખ્યું છે કે પૂજિત પંચમભાવની પરિણતિ છે તે જ કારણ શુદ્ધ પર્યાય છે, બસ એટલું જ.

આ તો કારણ પરમાત્માની વાત છે. વિભાવ ગુણ પર્યાયોથી રહિત છે. વિશેષભાવ એમાં છે જ નહિ. પર્યાયના વિશેષભાવ. તથા અનાદિ અનંત. આત્મા અનાદિ અનંત છે. શુદ્ધાત્મા અમૂર્ત, મૂર્તિક નથી. અતીન્દ્રિય સ્વભાવવાળો. ઈન્દ્રિયજ્ઞાન એમાં નથી નાસ્તિ છે. શુદ્ધ, સહજ, પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે આત્માનો, જે ઉપાદેય તત્ત્વ છે એનો સ્વભાવ આવો છે. સહજ, શુદ્ધ સહજ પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે, એવો કારણ પરમાત્મા તે ખરેખર આત્મા છે. બાકી બધું અનાત્મામાં જાય છે, પરદ્રવ્યમાં જાય છે, હેયમાં જાય છે. જે શબ્દ હોય તે.

અતિ આસન્નભવ્ય જીવોને, આસન્નભવ્ય જીવો કરતાં આ તો અતિ આસન્નભવ્ય જીવો, આ તો એકાદ ભવમાં મોક્ષ જનારા બધાં સંતો, સ્વર્ગમાં જઈ નીકળીને મોક્ષમાં જનારા કુંદકુંદઆચાર્ય ભગવાન! અમૃતચંદ્રઆચાર્ય ભગવાન! એ પણ એકાવતારી આસન્ન ભવ્ય છે. આ તીર્થંકર છે એટલે કદાચ એ જુદી વાત છે. એ જુદી વાત છે તીર્થંકર કર્મની પ્રકૃતિ ત્રીજા ભવે બંધાયને એ અપેક્ષા.

અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. આહાહા! ધર્મના પરિણામ ઉપાદેય નથી. અધર્મ તો હેય છે પણ ધર્મના પરિણામ....(શ્રોતા - ઉપાદેય નથી) એટલે હેય છે. એણે કહ્યું'તું ને આપણે હેય. સાત તત્ત્વનો સમૂહ હેય છે એને કહ્યું છે ને એમાં ધર્મના પરિણામ આવી ગયા ને સંવર, નિર્જરા ને મોક્ષ. આહાહા! કાચો પારો છે. જો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હજમ થઈ જાય તો કામ થઈ જાય એવી વાત છે. લ્યો થઈ ગયું.

અહીંયા ઘરમાં તો ટૂંકું જ હોય ને! ઘરમાં વિસ્તાર કરીને શું કામ છે. ઔદયિકભાવ કોને કહેવાય, ઉપશમ કોને કહેવાય એ બધી વાત સાધારણ છે. પરદ્રવ્યમાં બહુ વિસ્તાર નહીં. પરદ્રવ્યમાં ચિકાસ નહિ. હવે પરદ્રવ્ય કહે છે પછી શું? પરદ્રવ્ય ઓછું જણાય કે વધુ જણાય. અરે! તને વિપરીત જણાય તો વાંધો નથી જા. આ અવિપરીતતાની વાત છે.

પરદ્રવ્ય છે માટે કર્તા નથી અને પરદ્રવ્યથી પરાન્મુખ છે માટે એનો જ્ઞાતા નથી. છે ને. કર્તા ને કર્મમાં ભેદ પાડ્યો જ્ઞાનના ભેદને જાણતો નથી. પરાન્મુખ છે. એને હું જાણતો નથી. જાણનારને જાણું છું, પરનેય જાણતો નથી. હું જાણનારને જાણું છું,

‘‘હું જાણનાર છું, હું કરનાર નથી.

જાણનાર જ જણાય છે ખરેખર પર જણાતું નથી.’’

એ આ પર જણાતું નથી એમાં લખેલું છે એ આ. (શ્રોતા :- એક પ્રશ્ન મૂક્યો આવીને કાલે આપણે જે પર્યાયની વાત થઈને નિયમસારની. ખરેખર તો પર્યાય જ પર્યાયને જાણે છે. એવું જે પર્યાયની દૃષ્ટિએ વાત થઈ. અહીંયા આવીને પ્રશ્ન મૂક્યો અહીંયા કે ‘જાણનારો જણાય છે. ખરેખર પર જણાતું નથી’ એ મંત્ર છે. તો આ જાણનારો જણાય છે એમાં પર્યાયની વિવિક્ષા જરાક આપણે વિચારીએ.)

હા, વિચારીએ એમાં શું વાંધો છે? વિચારવામાં કાંઈ વાંધો નથી. જાણનારો એટલે જ્ઞાયક એ જ જણાય છે બીજું કાંઈ જણાતું નથી. જાણનારો છે એ તો ત્રિકાળી દ્રવ્ય છે. જાણનારો જણાય છે એ તો પરિણામમાં જણાય છે, પણ એટલો ભેદ કરીને સમજાવે છે. બાકી એમાં ભેદ નથી. એમાં જરાય ભેદ નથી હોં! જાણનારો અને જણાય છે એ બે અંશ એમાં નથી. જાણનારોય પોતે અને જણાયો પણ પોતે. જાણનારો આત્મા અને જણાયો પણ આત્મા. જાણનારો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુદો અને જણાયો જુદો એમ નથી, જાણનારો જણાય છે. બરાબર !

ગુરુદેવમાંય આવે છે. જાણનારો જ જણાય છે. સાધકને જાણનારો જ જણાય છે. એમ 'જ' આવે છે. જાણનારો એટલે જ્ઞાયક. જ્ઞાતઃ એટલે કે જ્ઞાયકપણે જે જણાયો. જણાયો ખરો પણ શું જણાયો? જ્ઞાયકપણે જણાયો. શેમાં જણાયો? પોતાની વર્તમાન પર્યાયમાં ભેદથી. અભેદથી તો પોતે જ જાણનાર છે અને પોતે જ જણાય છે. કર્તા પોતે અને કર્મ પોતે.

શ્રોતા :- જાણનારી પર્યાય એમ કહેતી નથી કે હું પર્યાય છું. જ્ઞાયકરૂપ થઈને અભેદ થઈને જાણી લે છે.

**ઉત્તર** :- અભેદ થઈને જ જણાય. ભેદમાં તો જણાય જ નહિ. ભેદથી તો જીવોને સમજાવવા માટે છે. ભેદ તો સમજાવવા માટે છે. ભેદ ગ્રહણ કરવા યોગ્ય નથી. અભેદ ગ્રહણ કરવા યોગ્ય છે. એ વાત મોક્ષ અધિકારમાં છ બોલથી ભેદથી કહ્યું છે. નથી જાણતો, નથી જાણતા વડે. જાણતો નથી જાણતા માટે જાણતો નથી, નથી. નથી. નથી. કહ્યું...પહેલાં કહે જાણનારાને જાણે છે પછી કહે જાણનારાને જાણતો નથી.

મુંબઈમાં જ્યારે આ લીધું ને ત્યારે, નથી કહીને ભેદનો નિષેધ છે, જાણવાનો નિષેધ નથી. પહેલી વાત એને ખોટી ઠરાવવી છે, ન બને કોઈ દિ'. એક જ ગાથામાં પાછી. એનો મર્મ સમજવો જોઈએ. ભેદનો નિષેધ છે. કારકના ભેદનો નિષેધ છે. ભેદથી સમજાવે છે, બીજો ઉપાય નથી. મને પર જણાય છે ને રાગ જણાય છે એમાં અટક્યો હતો એને ભેદથી સમજાવે છે. પછી કહે ભેદ જ નથી એમાં કારકના ભેદ નથી.

(શ્રોતા :- સમજાવનાર ભેદથી સમજાવે તો પણ સમજનારે તો અભેદથી લેવું) હં! સમજનારે તો અભેદથી સમજવું તો એને ફાયદો થાય એમ જ છે. બીજો ઉપાય નથી. સમજાવવા વખતે તો ભેદ આવ્યા વિના રહે નહિ. એમાં કળશ ટીકામાં લખે છે પાંચમાં કળશમાં, ગમે એવો સાધક બુદ્ધિમાન હોય,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગણધર ભગવાન પણ હોય તો પણ બીજાને સમજાવવા માટે ભેદ આવે છે.

અભેદમાં ભેદ કલ્પના કરીને સમજાવે છે. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા. પછી લખે છે જયસેન આચાર્ય ભગવાન કે બીજાને સમજાવવાના કાળે તું ભેદથી સમજાવ તો ઠીક, પણ અન્ય કાળે નહિ. અન્ય કાળે તો ભેદ પાડીશમાં. આહાહા! એને સમજાવવાના કાળે. પછી જ્યારે ગયો સમજનાર જીવ ત્યારે ભેદ નહિ. સહેજે બંધ થઈ જાય. ભેદથી પરાન્મુખ છે. અતીન્દ્રિય આનંદની પર્યાય જે પ્રગટ થઈ એનાથી પરાન્મુખ છે. આ વાત...કેવી રીતે સમજાવવું. આ છે શાસ્ત્રમાં છે. પરાન્મુખ કહે છે. ભેદની સન્મુખ નથી. ભેદની સન્મુખ એટલે પરદ્રવ્યની સન્મુખ એમ કહે છે અને પરદ્રવ્યની સન્મુખ થાય એને અનુભવ ન થાય. આહાહા!

ઘણો અધિકાર ઊંચો છે અને આ ૩૮ ગાથા છે એ પાયાની છે અને એનો જ વિસ્તાર છે. બધો એનો જ વિસ્તાર છે અને એક ૫૦ ગાથા સારી છે અને બાકી તો ક્યાંય નયનો પ્રયોગ નથી કર્યો શુદ્ધભાવ અધિકારમાં કે નિશ્ચયનયે ભિન્ન છે આત્મા. આ બધા ઉદય સ્થાનો, ક્ષયોપશમભાવના સ્થાનો ને ક્ષાયિકભાવના સ્થાનો જીવમાં નથી, જીવમાં નથી, જીવમાં નથી, કઈ નયે નથી? જો નય લગાડીશ તો પ્રતિપક્ષ નય આવીને ઊભી રહેશે.

એક નાનું પુસ્તક બહાર પડ્યું છે એ દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ એમાં સ્વભાવથી જ વાત કરી છે. કઈ નયે ભિન્ન છે આ ચારેય ભાવો? પણ સ્વભાવમાં નથી પછી સ્વભાવ સિદ્ધ કરવા માટે નયની શું જરૂર છે ? ઉષ્ણતા કઈ નયે અગ્નિ ઉષ્ણ છે કહે નિશ્ચયનયે અગ્નિ ઉષ્ણ છે પછી વ્યવહારનયે શીતળ છે આવી જશે કહ્યા વગર આવી જશે હો.

(શ્રોતા :- આવવું પડશે!) એને આવવું પડશે. નય સાપેક્ષ છે અને સ્વભાવ નિરપેક્ષ છે. બધુંય એમાં લીધું છે. (શ્રોતા - જે સ્વભાવ અનંત અપેક્ષાઓને દૂર કરે એ સ્વભાવમાં જ નય લગાવી દીધી) બાકી નયાતિક્રાંત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. સ્વભાવમાં નય નથી. બોલો કાઢો ટાઈમ છે આપણે. (પ્રશ્ન છે પણ આપે બહુ અદ્‌ભૂત લીધું એટલે એ જ ચલાવો વિષય) જામનગર ગયા હતા ત્યાંથી આવતા આવતા ચર્ચા ચાલી.

સાતતત્ત્વનો સમૂહ જે પરદ્રવ્ય છે એનાથી જ્ઞાન પરાન્મુખ છે. એની સન્મુખ જ્ઞાન થાય તો જ્ઞાન રહેતું નથી. ઈન્દ્રિયજ્ઞાન થઈ જાય છે. બહુ ખુશી થયા'તા. ભેદને જ્ઞાન જાણે છે તેમાં સાધકને બે પ્રકાર પડે છે. સાધક થયા પછી એક પ્રતિભાસ છે માટે જાણે છે એવો ઉપચાર આવે છે અને બીજું બુદ્ધિ એને જાણે છે માટે ઉપચારથી આત્મા એને જાણે છે એવો પ્રકાર છે, બુદ્ધિનો વિષય છે. બે પ્રકાર. પ્રતિભાસની અપેક્ષાએ એને ઉપચારથી જાણે છે એમ કહેવાય અને બીજી વાત એ છે કે મનનો વિષય છે ભાવમન છે ને મન જાણે છે એને. મનનો વિષય રૂપી, અરૂપી બેય છે, સૂક્ષ્મ વાતો છે. (શ્રોતા - ઘણો ઉપકાર છે) ગુરુદેવનો ઘણો ઉપકાર છે. આ શુદ્ધભાવ અધિકાર ભાવનગરથી બહાર પડશે ને એમાં આવશે બધું. નિયમસારની ગાથા એ પ્રવચનો બહાર પડશે એમાં આવશે. દેવલાલીથી બહાર પડશે તેમાંય આવશે કન્ટીન્યુઝમાં પ્રવચન રત્ન ચિંતામણીમાં...

આહાહા! પરદ્રવ્યથી પરાન્મુખ છે. પણ પરદ્રવ્યથી જ્ઞાન પરાન્મુખ જ હોય. જ્ઞાન પરદ્રવ્યની સન્મુખ કોઈ દિ' થાય જ નહિ અને જેની સન્મુખ થાય એ જ જણાય. શું કીધું? જ્ઞાન જેની સન્મુખ થાય એ જ જણાય બીજું ન જણાય. બિલકુલ ન જણાય. આહાહા! જ્ઞાન જ્ઞાયકની સન્મુખ થાય છે માટે જ્ઞાનમાં જ્ઞાયક જ જણાય છે. આ રાગાદિ દુઃખ એ જ્ઞાનનું જ્ઞેય નથી. ઈન્દ્રિયજ્ઞાનને એની સાથે સંબંધ છે. ભાવેન્દ્રિયના વિષયો છે બધા. એ દસ ગાથામાં માલ ઘણો ભર્યો છે.

કુંદકુંદ ભગવાન એમ કહે છે. આજ સુધી આત્મા પોતાના સ્વભાવને છોડીને પરને જાણવા ગયો જ નથી. કોઈ કાળે જશે નહિ. તું ફીફા ખાંડશ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલા જાણવા ગયો હતો, પાછો હવે અંદરમાં આવ્યો એમ છે જ નહિ. પહેલા જાણવા ગયો હતો ને હવે અંદરમાં આવે એ અપેક્ષાનું કથન છે. એ ઈન્દ્રિયજ્ઞાન બહાર ગયું હતું હવે એ રોકાય ગયું અને નવું અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું એણે આત્માને જાણ્યો.

અને આત્મા પણ એને જાણવા જતો નથી. કર્ણગોચર શબ્દ છે એ જ્ઞાનગોચર નથી. જ્ઞાનગોચર હોય તો તો વાત ખોટી ઠરે. પોતાના સ્થાનને છોડીને. દૃષ્ટાંત આપે છે ટીકાકાર. કે સોઈ છે એ તો પોતાના સ્થાનને છોડીને લોહચુંબકની સન્મુખ થાય છે. એવી રીતે આ આત્માનું જ્ઞાન અનાદિથી આજસુધી હો, નિગોદમાં હોય કે સિદ્ધમાં હોય. આત્માનું જ્ઞાન કદી પરાન્મુખ થઈ શકે જ નહીં. પોતાને જાણવાનું છોડીને પરને જાણવા જતું જ નથી.

જ્યારે પરને જાણવા જાય છે એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે, ઈન્દ્રિય-જ્ઞાન છે. ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞેયમાં નાંખ્યું છે જ્ઞાનમાં નથી નાંખ્યું. ૩૧ ગાથામાં પરજ્ઞેયમાં નાંખ્યું છે અને એ તો આત્માથી અત્યંત ભિન્ન છે, સર્વથા ભિન્ન. શું કહ્યું? માલ છે. કર્ણગોચર શબ્દ છે જ્ઞાનગોચર નથી. જ્ઞાનગોચર હોય તો એનો નિષેધ ન હોય. બાકી પ્રતિભાસ દેખીને પરને જાણે છે એવા વચનો તો આવ્યા જ કરશે.

મૂળ આ તો હાથમાં ન હોય તો, જ્ઞાન સ્વને પણ જાણે છે ને પરને પણ જાણે છે. પરનો પ્રતિભાસ થાય છે. પરનું લક્ષ કરીને જાણે છે એ જ્ઞાનનો સ્વભાવ નથી. પોતાને જાણવાનું છોડીને પરને જણવા જાય છે એ જ્ઞાન નથી, અજ્ઞાન છે-ઈન્દ્રિયજ્ઞાન છે. ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે એ બરાબર છે ઈન્દ્રિયજ્ઞાન પરને જાણે છે કે મેં પરને જાણ્યું એટલે મારાપણું ઈન્દ્રિયજ્ઞાનમાં થયું. જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ થઈ ગયો એ મિથ્યાત્વ થઈ ગયું એમ.

ભાઈ! મૂળમાં ઘા મારવા જેવું છે. પાંદડા તોડ્યા. ક્યાં સુધી તોડવા. ઘણાં તોડ્યા. પાંદડા તોડતા, તોડતા મૂળ સાજુ રહી ગયું. પાછા પાંદડા પાંગરી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગયા ટાઈમ આવ્યે. આહાહા! મૂળમાં ઘા વિના કામ નહિ થાય. પરદ્રવ્યથી પરાન્મુખ છે. છઠ્ઠે ગુણસ્થાને જ્યારે તાલપત્ર લખે છે ત્યારે છઠ્ઠું ગુણસ્થાન છે. સવિકલ્પદશા છે ત્યારે લખે છે કે આ પરદ્રવ્યથી અમે પરાન્મુખ છીએ. આહાહા!

આહારની, પાણીની સન્મુખ અમે નથી. આહાર પાણી તો દૂર રહો પણ નિશ્ચય મોક્ષમાર્ગ અમને પ્રગટ થઈ ગયો છે, એનાથી અમે પરાન્મુખ છીએ. એ અમને જણાતા જ નથી. પરિણામના ભેદો અમને જણાતા જ નથી. આહાહા! સાહેબ! એ વ્યવહારે તો એને જાણે છે કે નહિ. જોઈ લેજો. હવે અત્યારે ભાઈ! રામ બોલો ભાઈ રામ, અત્યારે રહેવા દે. (શ્રોતા :- શરણાઈ વાગી રહી છે તેમાં રામ બોલો ભાઈ રામ ન શોભે)

પરદ્રવ્યથી પરાન્મુખ છીએ. પોતાના જે ભેદો છે નવતત્ત્વનાં તેને પરદ્રવ્ય તો કહ્યું આગળ પછી પરદ્રવ્યથી પરાન્મુખ કહ્યું. પરદ્રવ્ય, પરસ્વભાવ, હેય છે. પછી હેય છે તો જ્ઞેય છે કે નહિ. મોદીસાહેબ! હેય છે. આ તો બરાબર છે. પણ જ્ઞાનનું જ્ઞેય તો છે ને? હેય છે એટલે કે જાણવાલાયક પણ નથી. કરવાલાયક તો નથી પણ જાણવાલાયક નથી. હેયનો આ અર્થ છે. અંદરમાં જાણવા લાયક હોય તો પોતાનો પરમાત્મા છે એને જાણ તું.

અર્થ ને તત્ત્વથી જાણીને અર્થમાં ઠરશે. સાતતત્ત્વમાં ઠરવાનું નહિ. કેમકે એ તો પરદ્રવ્ય છે, કાલે કહ્યું હતું ને મેં ૪૧૫મી ગાથામાં આશીર્વાદ આપે છે. અર્થ ને તત્ત્વથી જાણીને અર્થમાં ઠરશે તે પરમ સુખને પ્રાપ્ત થશે. તત્ત્વ રાખ્યું, તત્ત્વ તો રાખ્યું. અર્થ ને તત્ત્વ પણ ઠરવાનું તો અર્થમાં છે. પરદ્રવ્યમાં ઠરવાનું ન હોય. સ્વદ્રવ્યમાં ઠરવાનું હોય. એ સ્વરૂપ અને પરદ્રવ્ય બે ભાગ કરી નાખ્યા. તત્ત્વ તો પરદ્રવ્ય છે ને આવ્યું ને! એમાં આપણે ક્યાં ઘરની વાત છે. ચોખ્ખું છે. આહાહા!

વીર્યવાનનું કામ છે. વીર્યહીનનું કામ નથી આમાં. કામ છે વીરાના. વીરાના કામ છે નહિ કાયરનું કામ જો ને. એવું છે. તમારી સામે શાસ્ત્રો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સંતો લખી ગયા છે. એનો જ અર્થ છે આ કોઈને શાસ્ત્રની શ્રદ્ધા હોય - કોઈને ગુરુની શ્રદ્ધા હોય. કોઈ પરદ્રવ્ય પોતે જ લખે છે. આમાંય પરદ્રવ્ય છે ને ઓમાંય પરદ્રવ્ય લખ્યું ૫૦ માં. પરદ્રવ્ય પરસ્વભાવ ને હેય છે. નવેય તત્ત્વ. (છે એમ કીધું. પરદ્રવ્ય છે કહીને હેય છે એમ કીધું અને પછી અમે કેમ વર્તી રહ્યા છીએ, એ આ પરાન્મુખમાં કીધું સાધક તરીકે. તમને કીધું આ નવતત્ત્વ છે તે પરદ્રવ્ય છે, હેય છે. અમે કેવી રીતે વર્તી રહ્યા છીએ. અમે આ લખીએ છીએ એની સન્મુખ નથી અમે તો પરાન્મુખ છીએ) તો એમાં સ્વપરપ્રકાશક રહ્યું કે એકલું સ્વપ્રકાશક રહી ગયું. સ્વપ્રકાશક રહી ગયું. (શ્રોતા - સ્વપ્રકાશક જ છે) કાયરના કામ નથી. ખરેખર કુંદકુંદ ભગવાન ન મળ્યા હોત અને એનું સ્પષ્ટીકરણ કરનાર આ ગુરુ ન મળ્યા હોત તો આપણે વિચારવું પડત કે કયું પરદ્રવ્ય કહે છે?

ધર્મના પરિણામને પરદ્રવ્ય? સંવર, નિર્જરા ને મોક્ષ. મોદી સાહેબ! ધર્મ એ કોઈ દિ' હેય હોય. અધર્મ હેય હોય. પણ ભાઈ અહિંયા વિવિક્ષા જુદી છે. અહીંયા આશ્રય કરાવવો છે. એને અહં કરાવવું છે ત્રિકાળી દ્રવ્યમાં, એ વિવિક્ષાથી એને હેય કહ્યું છે. એમ અપેક્ષા સમજવી જોઈએ. આત્મા, આત્માને ઉપાદેય છે. ઉપાદેય તત્ત્વ દેવું હોય ત્યારે તો પર્યાય હેય જ કહે ને બીજું શું કહે. અપેક્ષા સમજવી જાઈએ એને.

આમાં ગુજરાતીમાં લખેલું છે. ગુજરાતીમાં અનુવાદ છે પછી બીજું શું એમાં, એનો જ અર્થ છે ને આ લખેલું છે એનો જ અર્થ છે. લે ભાઈ, તું અર્થ કર. લે ભાઈ શાસ્ત્ર. (એકેય ભાષા સમજાતી નથી એને ગુજરાતી હોય કે હિન્દી હોય. હોનહાર એની ન હોય તો શું થાય) નજર ન પડે. બાકી તો કમાવાની સીઝન છે, મૌસમ છે. તક છે તક. ફરી અવસર આવો નહિ મળે. બહાર આવી ગયું ઘણું. કેટલા સાહિત્ય બહાર પડી ગયા. ૯૦૦૦ તો ટેઈપ. થઈ ગયો ટાઈમ. બોલો પરમકૃપાળુ શ્રી સદ્ગુરુ દેવનો જય હો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ. ભાઈશ્રીની તત્ત્વ ચર્ચા

## તારીખ : ૫/૭/૯૪, બુધવાર, ૩૦ મિનિટ

*(આ પ્રવચનમાં કેસેટમાં અવાજ હોવાથી અમુક અંશ છપાયેલ નથી.)*

તમારા બધા પ્રશ્નો થઈ ગયા પછી આજે મારે એક પ્રશ્ન મૂકવો છે. નવ વાગ્યે લગભગ પૂરું થાય ત્યારે અને એનો જવાબ મારે આજે જોઈતો નથી. આવતીકાલે જવાબ આપવો બધાયે. એક સાથે કોઈએ બોલવું નહિ. હું એક એક કરીને પૂછીશ, કે મેં કાલે પ્રશ્ન કર્યો હતો એનો જ તમે જવાબ આપો. નામ લઈને, જેનું નામ લઉં એને જ જવાબ દેવાનો. બીજાએ આડો-અવળો જવાબ નહિં દેવાનો. એવો એક પ્રશ્ન કરીશ નવ વાગ્યે.

આજે મારે એક પ્રશ્ન પૂછવો છે. એનો જવાબ આજે નહિ આવતીકાલે આપવો. પણ આવતીકાલે હું નામ લઈને પૂછું કે ઝવેરચંદભાઈ બોલો, ગઈકાલનો શું પ્રશ્ન ને જવાબ તમારો છે તો એ જ બોલે. બીજું કોઈ નહિં બોલે. એક એક ને મારે પ્રશ્ન પૂછવો છે.

**પ્રશ્ન :-** સ્વપરપ્રકાશકમાંથી એકાંત પર પ્રકાશક માનવાથી તો ઈન્દ્રિય-જ્ઞાન ઉત્પન્ન થાય છે તેવી રીતે એકાંત સ્વપ્રકાશક માનવાથી ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન ન થાય? કેમ કે સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય તો અખંડ છે?

**ઉત્તર :-** હા. ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન ન થાય. ઈન્દ્રિયજ્ઞાનના આધારે સ્વપરપ્રકાશક છે? જો ઈન્દ્રિયજ્ઞાનના આધારે સ્વપરપ્રકાશક હોય તો તો કેવળીને ઈન્દ્રિયજ્ઞાન તો નથી છતાં સ્વપરપ્રકાશક તો છે ને? તો ઈન્દ્રિયજ્ઞાનને આધારે સ્વપરપ્રકાશક નથી. તમારા પ્રશ્નનો ઉત્તર. ઉત્તર ફરીથી. ફરીથી પ્રશ્ન કરો.

**પ્રશ્ન :-** સ્વપરપ્રકાશકમાંથી એકાંત પર પ્રકાશક માનવાથી ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :-** એમ માને કે પરપ્રકાશક જ્ઞાનમાં તો ઈન્દ્રિયજ્ઞાનની ઉત્પત્તિ થાય છે એ વાત તો સાચી છે. પ્રશ્નકાર એમ કહે છે કે એટલી વાત તો સાચી છે, મને બેસે છે પણ મારો બીજો એક પ્રશ્ન છે એમાં કે એકાંત સ્વપ્રકાશક જે થાય ત્યારે શું?

**પ્રશ્ન :-** ત્યારે ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન ન થાય?

**ઉત્તર :-** ત્યારે ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન ન થાય. જ્યારે સ્વપ્રકાશક થાય ત્યારે ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન ન થાય.

**પ્રશ્ન :-** કેમ કે સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય તો અખંડ છે?

**ઉત્તર :-** કેમકે એ વખતે ઈન્દ્રિયજ્ઞાન જો ઉત્પન્ન ન થાય તો પ્રશ્નકાર એમ કહે છે કે મોટો દોષ આવી જાય. સમજી ગયા! કેમકે જ્ઞાનની પર્યાય તો અખંડ છે. જ્ઞાનની પર્યાયના બે ભાગ તો છે નહિ. એક જ જ્ઞાનની પર્યાયમાં એક જ સમયે સ્વપરપ્રકાશક છે, તો એકાંત સ્વપ્રકાશક લેતાં, ઈન્દ્રિયજ્ઞાન તો ઊભું થતું નથી તો પછી સ્વપરપ્રકાશક રહેતું નથી. જ્ઞાન તો સ્વપ્રકાશક છે તો સ્વપરપ્રકાશકનો નાશ થઈ જશે.

એને પ્રશ્નકારે એમ પ્રશ્ન કર્યો છે કે એને શલ્ય છે કે ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન થાય તો સ્વપરપ્રકાશક રહે એનો મેં જવાબ આપ્યો કે ઈન્દ્રિયજ્ઞાનના આધારે સ્વપરપ્રકાશક હોય તો કેવળી ભગવાનને ઈન્દ્રિયજ્ઞાન નથી, છતાં સ્વપરપ્રકાશક છે. છે ને તો ઈન્દ્રિયજ્ઞાનને આધારે નથી. પહેલો જવાબ મળી ગયો, બરાબર છે. હવે શું છે પછી.

**પ્રશ્ન :-** તેવી રીતે સ્વપરપ્રકાશકમાં એકાંતે સ્વપ્રકાશક માનવાથી ઈન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન ન થાય?

**ઉત્તર :-** ઈન્દ્રિયજ્ઞાન ન થાય તે વખતે ઉત્પન્ન, જ્યારે સ્વસન્મુખ થાય છે આત્મા. પોતાના આત્માને જાણે છે ત્યારે ઈન્દ્રિયજ્ઞાન રોકાઈ જાય છે. પ્રતિભાસ રહી જાય છે ને ઈન્દ્રિયજ્ઞાન રોકાય જાય છે, એટલું છે એમાં.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઈન્દ્રિયજ્ઞાન લબ્ધરૂપ રહે છે. ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ નથી થતો અનુભવના કાળમાં સાધકને કાઢો એમાંથી કાઢો.

**પ્રશ્ન :-** કેમ કે જ્ઞેયાકાર તો ખંડિત થઈ ગયું.

**ઉત્તર :-** ના. જ્ઞેયાકાર ક્યાં ખંડિત થયું. પ્રતિભાસ લોકાલોકનો રહ્યો એમાં. પરનું લક્ષ છૂટી ગયું. પરનું લક્ષ છૂટ્યું એટલે ઈન્દ્રિયજ્ઞાન રોકાય ગયું અને લોકાલોકનો પ્રતિભાસ તો રહી ગયો. કેમકે સ્વપરપ્રકાશક તો એનો સ્વભાવ છે. સ્વભાવનો કોઈ દિ' ઘાત ન થાય. ઈન્દ્રિયજ્ઞાનના આધારે નથી. તેમ પરસન્મુખ થાય ત્યારે પર પ્રતિભાસ હોય એમ નથી. સ્વપ્રતિભાસ વખતે પણ અનુભવ વખતે પણ પરનો પ્રતિભાસ તો રહી જાય છે. એમાં કાંઈ દોષ નથી. પ્રતિભાસ તો એનો સ્વભાવ છે પણ લક્ષ કરવું એ દોષ છે બસ.

પરનું લક્ષ કરે તો તો ઈન્દ્રિયજ્ઞાન આવ્યું જ. સ્વનું લક્ષ કરે ત્યારે ઈન્દ્રિયજ્ઞાન રોકાય જાય છે. અને સ્વપરપ્રકાશક રહી જાય છે અને ઈન્દ્રિયજ્ઞાનનો ઉપયોગ બંધ થઈ જાય છે અને ઈન્દ્રિયજ્ઞાન લબ્ધરૂપે રહી જાય છે, ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ થતો નથી. ઈન્દ્રિયજ્ઞાનનો ક્ષય થતો નથી. ક્ષય તો બારમા (ગુણસ્થાન) ને અંતે થાય. રહે, ભલે રહે, ઈન્દ્રિયજ્ઞાન ક્યાં નડે છે. સ્વભાવમાં જવા માટે સંયોગ નડતો નથી. સ્વભાવમાં જવા માટે પર્યાયનો કોઈ પણ સંયોગ હોય એ કાંઈ નડતો નથી. સમજી ગયા!

સાધકને રાગનો સંયોગ છે પણ અંતર્મુખ થઈને અનુભવ નિર્વિકલ્પ ધ્યાનમાં વહ્યાં જાય છે. પાંચ મહાવ્રત છે છઠ્ઠે તો પણ એ કાંઈ નડતા નથી, અંદર વહ્યા જાય છે. એમ ચોથા ગુણસ્થાને ત્રણ કષાય છે હજી સંયોગમાં તો પણ અંદરમાં જઈ શકાય છે. સંયોગ સંયોગમાં છે, સ્વભાવ સ્વભાવમાં છે. અંદર જવામાં ઈન્દ્રિયજ્ઞાન કાંઈ નડતું નથી અને રાગેય નડતો નથી. નડે છે શું કે રાગ મારો ને હું રાગને જાણું છું. બસ એ અંદર જવા દેતું નથી. નહિ જઈ શકે. આ સ્વપરપ્રકાશકની ચર્ચાઓ થાય. છે તે સારું છે. સ્પષ્ટ થાય છે. અને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લોકો પણ એ જાતનો અભ્યાસ કરતા થાય. સારી વાત છે. હું તો રાજી થયો. ખૂબ ચર્ચવી જોઈએ સ્વપરપ્રકાશકની વાત.

(શ્રોતા :- ખૂબ ચર્ચાણું આ ઘણું સ્પષ્ટીકરણ આવ્યું બહાર) (શ્રોતા :- આ પ્રશ્ન બહુ સારો છે. એકાંતે પરપ્રકાશકપણું એમાં ઈન્દ્રિયજ્ઞાન થઈ જાય અને એકાંતે સ્વપરપ્રકાશકપણામાં ઈન્દ્રિયજ્ઞાન થોડું થાય?) પ્રશ્ન એમ છે કે એકાંત સ્વપ્રકાશકમાં રહે તો ઈન્દ્રિયજ્ઞાન તો રોકાય જાય છે. તો ઈન્દ્રિય-જ્ઞાનનાં આધારે સ્વપરનો પ્રતિભાસ એને ધાર્યો હતો. તો ઈન્દ્રિયજ્ઞાન ન હોય તો પણ સ્વપરપ્રકાશક તો છે એમ જવાબ આપ્યો'તો.

**પ્રશ્ન :-** કેમ કે એ પર્યાયનો સ્વભાવ છે.

**ઉત્તર :-** પર્યાયનો સ્વભાવ છે લોકાલોક એમાં જણાય છે. નિગોદમાંય જણાય છે પછી ક્યાં સવાલ છે. પ્રતિભાસનો નિષેધ નથી ભાઈ, લક્ષનો નિષેધ છે.

ગુરુદેવ કહે કે પુણ્ય-પાપનું લક્ષ છોડી દે, ને આત્માનું લક્ષ કર બસ. મોટે ભાગે તો અમારી હયાતીમાં જ આ બધા ખુલાસા બહાર આવી જશે. ખૂબ આવી જવાના છે. અત્યારે કાળ પાક્યો છે. કદાચ ન આવે તો આ બધી ટેઈપો છે ને એના આધારે ખુલાસા ભવિષ્યમાં ઘણાંને લાભ થશે.

આ મહત્ત્વનો પ્રશ્ન છે કે સ્વપરપ્રકાશક છે, એ મહત્ત્વનો પ્રશ્ન છે. એમ દૃષ્ટિનો વિષય પણ મહત્ત્વનો, બેય મહત્ત્વની વાત છે. દૃષ્ટિનો વિષય પણ મહત્ત્વની વાત છે અને એનો અનુભવ સ્વપરપ્રકાશકમાં થાય કે સ્વપ્રકાશક ઉપયોગમાં થાય. કેમ કે ઉપયોગ તો ઈન્દ્રિયજ્ઞાનનો છે બહાર, છતાંય સ્વપરનો પ્રતિભાસ તો થાય છે અને અંદરમાં જાય તો ઈન્દ્રિયજ્ઞાન તો રોકાય જાય છે અને ઈન્દ્રિયજ્ઞાન રોકાય તો સ્વપર ન રહ્યું, એકલું સ્વ થઈ ગયું એકાંત એમ કહે છે પ્રશ્નકાર! કહે નહિ, ઈન્દ્રિયજ્ઞાન રોકાય જાય છે તો પણ સ્વપરનો પ્રતિભાસ તો નિર્વિકલ્પ ધ્યાનમાં રહે છે, કેવળીને રહે છે, શ્રેણીમાંય રહે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજાણો આ પ્રશ્ન?

કેમ કે ઈન્દ્રિયજ્ઞાન જો રોકાય જાય છે તો એકાંત સ્વપ્રકાશક થઈ જાય છે. તો અમારું સ્વપરનું પ્રતિભાસ જે તમે કહો છો એ રહેતું નથી, એવો પ્રશ્ન છે. વાત સાચી છે કે જ્યારે અંદર જાય ત્યારે ઈન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર હોતો નથી. બિલકુલ રહેતો નથી. વિકલ્પ માત્રનો અભાવ થઈ જાય છે. કોઈ વિકલ્પ રહે છે? કહે કે કોઈ વિકલ્પ રહેતો નથી. એવો પ્રશ્ન થયો કે કોઈ વિકલ્પ રહેતો નથી. ગુણ-ગુણીના ભેદનોય વિકલ્પ રહેતો નથી.

હવે ઈન્દ્રિયજ્ઞાન રોકાય ગયું તો એકલું સ્વપ્રકાશક થઈ ગયું. તો પછી સ્વપરનો પ્રતિભાસ જે શાસ્ત્ર કહે છે એનો ઘાત થઈ જશે એવો પ્રશ્ન છે. પ્રશ્નકારનો પ્રશ્ન સારો છે. ઈન્દ્રિયજ્ઞાનને આધારે સ્વપરનો પ્રતિભાસ નથી એવો જવાબ મેં આપ્યો. ઈન્દ્રિયજ્ઞાનને આધારે સ્વપરપ્રતિભાસ નથી પણ પર્યાયનો સ્વભાવ છે. સ્વભાવ નિરપેક્ષ હોય એને ઈન્દ્રિયજ્ઞાનની જરૂર નથી. ઈન્દ્રિયજ્ઞાનનો સદ્‌ભાવ હો કે ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ હો. તો પણ પર્યાયમાં સ્વપરનો પ્રતિભાસ છે, છે ને છે.

પ્રશ્નકારને પ્રશ્ન થાય કે અંદરમાં જાય તો તો એકલું સ્વપ્રકાશક રહ્યું. ઈન્દ્રિયજ્ઞાન નથી તો પછી સ્વપરપ્રકાશક નહિ રહે. એમ કહે છે. ઈન્દ્રિયજ્ઞાનના આધારે નથી. ઈન્દ્રિયજ્ઞાનના આધારે સ્વપરનો પ્રતિભાસ નથી. એમ કે ઈન્દ્રિયજ્ઞાન નથી સિદ્ધ પરમાત્માને, તો સ્વપરનો પ્રતિભાસ તો છે (ઈન્દ્રિયજ્ઞાનના આધારે નથી એ મૂળ વાત છે) હા. મૂળ વાત છે એ. એટલે પ્રશ્નકારનો પ્રશ્ન એમ હતો કે ઈન્દ્રિયજ્ઞાન જો નથી તો પછી સ્વપરપ્રકાશક રહેશે નહિ તો પછી તમારી જે એકાંત સ્વપ્રકાશકની વાત છે એ ખોટી ઠરી જશે, એમ એની પાછળ ઘણું રહસ્ય છે. એમ એની પાછળ ઘણું રહસ્ય છે. જ્ઞાન અખંડ છે ને એટલે એકાંત સ્વપ્રકાશક થયું. તો તમે ને તમે કહો છો કે સ્વપરનો પ્રતિભાસ તો અનાદિ અનંત છે તો ઈન્દ્રિયજ્ઞાન ગયું તો પરપ્રકાશક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયું તો એકલું સ્વપ્રકાશક રહ્યું. એમ એ જરા માથું ફેરવીને તો ખબર પડે એવું છે. સ્વપર પ્રતિભાસ તો કાયમ છે.

હવે જો એ પ્રશ્નકારનો પ્રશ્ન છે કે જો સ્વપર પ્રતિભાસ અનાદિ અનંત છે એમ આગમ પોકાર કરે છે. લાલુભાઈ કહે છે કબૂલ કરે છે, બરાબર છે. હવે અમારો એમ પ્રશ્ન છે કે એકાંત સ્વપ્રકાશકમાં જો અનુભવ થતો હોય, સ્વપરપ્રકાશકમાં અનુભવ થાય એમ તો અમે માનીએ છીએ, પ્રશ્નકાર કહે છે. પણ તમે સમજ્યા કે નહિ? (પ્રશ્નકાર એમ કહે છે) સ્વપરપ્રકાશકમાં અનુભવ થાય એમ કેટલાક માને છે. જગત આખું. કેટલાક વિદ્વાનો બધાં તો મેં કહ્યું કે સ્વપરપ્રકાશકનો પ્રતિભાસ તો રહી જાય છે પણ અનુભવ સ્વપરપ્રકાશકના ઉપયોગમાં થતો નથી. જ્યારે ઉપયોગ અભિમુખ થાય છે ત્યારે સ્વપરપ્રકાશક રહી જાય છે. સ્વપરનો પ્રતિભાસ રહી જાય છે પણ લક્ષ પર ઉપરથી છૂટી જાય છે. અને લક્ષ જ્ઞાયક ઉપર આવતા અનુભવ થાય છે. અનુભવના કાળે પણ સ્વપરનો પ્રતિભાસ તો રહી જાય છે. અને એ આ સ્થિતિ છે (આમાં લક્ષ અને પ્રતિભાસની જ રમત છે) હા. રમત છે લક્ષ અને પ્રતિભાસની. પ્રતિભાસ બેનો અને લક્ષ એકનું. લક્ષ બેનું ન હોય.

હું તમને કહું પ્રશ્ન ફરીથી. તમને પ્રશ્ન પકડાણો નથી. આ ચોખવટ માટે સારો પ્રશ્ન છે. પ્રશ્ન એમ છે કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ શું છે? સ્વપરનો પ્રતિભાસ છે, પ્રતિભાસ કહો કે પ્રકાશક કહો એમાં કાંઈ વાંધો નહિ. તો પછી પ્રશ્નકાર એમ કહે છે કે જો એકાંત પર પ્રકાશક હોય તો તો ઈન્દ્રિયજ્ઞાન થઈ ગયું એ તો અમને (મંજૂર છે) એમ કહે છે કે જો એકાંત પર પ્રકાશક હોય તો તો ઈન્દ્રિયજ્ઞાન થઈ ગયું એ તો અમને મંજૂર છે.

પ્રશ્નકાર કહે છે કે એ તો ઈન્દ્રિયજ્ઞાન થઈ ગયું. પરપ્રકાશકમાં એ તો એકાંતમાં જાય. હવે બીજું એક એકાંત થયું અંદરમાં બીજા એકાંતનો પ્રશ્ન આવ્યો સ્વપ્રકાશકમાં. પહેલું તો પ્રશ્નકારનેય મંજૂર છે. એ તો ઈન્દ્રિયજ્ઞાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઊભું થઈ ગયું. એમાં સાધ્યની સિદ્ધિ નહિ થાય પણ એ કહીને મારે બીજું કહેવું છે. એ કાંઈ મારે પ્રશ્ન નહોતો પૂછવો. પણ એના માટે મારે પ્રશ્ન બીજો પૂછવો હતો એ તરત જ ખ્યાલ આવી જાય. સમજી ગયા!

એ બીજો પ્રશ્ન એવો છે કે ઓલા એકાંતમાં તો ઈન્દ્રિયજ્ઞાન ઊભું થાય ને સંસાર ઊભો થાય એ તો બરાબર છે. હવે સ્વપરપ્રકાશકમાંથી કોઈ એમ કહે કે સ્વપરપ્રકાશકમાં અનુભવ ન થાય પણ એકલાં સ્વના લક્ષમાં જાય, જ્ઞાન ઉપયોગ અંદરમાં આવે ત્યારે એકાંત થઈ ગયું ને! એકાંત થઈ ગયું. એકાંતનો એ અર્થ ઘટાવ્યો એણે અનેકાંત ન રહ્યું. જો અંદરમાં જાય ને ઈન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર ચાલું હોય તો તો અનેકાંત અમારું રહે ને સ્વપરપ્રકાશક રહે પણ એકાંત સ્વપ્રકાશકમાં અનુભવ થાય તો ઈન્દ્રિયજ્ઞાન તો નથી. ઈન્દ્રિયજ્ઞાન નથી તો એકાંત થઈ ગયું. સ્વપ્રકાશક થઈ ગયું. મેં કહ્યું કે ઈન્દ્રિયજ્ઞાનના આધારે સ્વપરનો પ્રતિભાસ નથી. પહેલો જવાબ એ આપ્યો.

બીજો જવાબ મારો એમ હતો કે ઉપયોગ અંદરમાં જાય છે ત્યારે સ્વપરનો પ્રતિભાસ રહી જાય છે. નિર્વિકલ્પ ધ્યાનમાં પણ કેવળીને રહી જાય છે. હવે સમજાણો આ પ્રશ્ન ને ઉત્તર. સ્વપરનો પ્રતિભાસ રહી જાય છે એના બે ટુકડા થતાં નથી. એક ટુકડો પરને જાણે છે ને એક ટુકડો સ્વને જાણે છે એમ નથી. એક જ પર્યાય, સમય એક, પર્યાય એક, અને એમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે. દર્પણની પર્યાયમાં જેમ થાય છે એમ. બીજો પ્રશ્ન એના જેવો જ છે થોડો સરળ છે.

**પ્રશ્ન :-** હું પરને જાણતો નથી તે સમ્યક્ એકાંત થયું ને પરને જાણું છું તે મિથ્યા એકાંત છે

**ઉત્તર :-** સ્વને જાણતાં, જાણતાં ઈન્દ્રિયજ્ઞાન ને પરને જાણે તો વ્યવહાર કહેવાય એમ. સ્વને જાણતાં જાણતાં સાધક એમ કહે કે, પરને જાણવું એ વ્યવહાર છે. એ યથાર્થ છે. એ વ્યવહાર છે પણ નિશ્ચયપૂર્વકનો વ્યવહાર છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ એમાંય મર્મ છે, કાલે આવ્યું હતું. એ પર્યાયના ભેદને જાણવું એ વ્યવહાર છે. એમ જે પ્રચલિત વાત છે. એ વાત પ્રચલિત છે પણ આચાર્ય ભગવાન તો એમ કહે છે કે સાત તત્ત્વનો જે સમૂહ છે એનાથી પરાન્મુખ અમારું જ્ઞાન છે. એની સન્મુખ થઈને અમે જાણતા જ નથી.

પર્યાયનો ભેદ છે ને એની સન્મુખ થઈને અમે જાણતાં નથી. ત્યારે વાત એમ આવે કે પર્યાયના ભેદને વ્યવહારનયે જાણે છે. વ્યવહારનયે જાણે છે એના બે પ્રકાર. કેમ કે એ બુદ્ધિનો વિષય છે માટે વ્યવહાર છે નિશ્ચય નથી અને બીજો એનો પ્રતિભાસ થાય છે એટલે ઉપચાર કર્યો કે એને જાણે છે. જાણે છે તો પોતાની જ્ઞાનની પર્યાયને.

ઘણું ગંભીર ઊંડાણ છે. એ બુદ્ધિનો વિષય છે, એ મૂળ કુંદકુંદ-ભગવાનની દસ ગાથામાં છે કે ગુણને જાણે જ્ઞાન, ગુણને, ગુણ એટલે વીતરાગભાવની પર્યાય હોય કે રાગની પર્યાય હોય એ ગુણ કહેવાય. દ્રવ્ય ન કહેવાય. અહીંયા ગુણનો અર્થ દોષ કે ગુણ એમ નહિ. દ્રવ્ય અને ગુણ એમ બે પર્યાયને ગુણ કહેવાય અને દ્રવ્યને દ્રવ્ય કહેવાય. હવે પર્યાયનાં ભેદને કોઈ જાણે, જાણે તો એ કોણ જાણે છે, અતીન્દ્રિયજ્ઞાન જાણે છે કે ઈન્દ્રિયજ્ઞાન જાણે છે કે અતિન્દ્રિયજ્ઞાન એને જાણતું જ નથી. તો કોણ જાણે છે કે બુદ્ધિ પાંચ ઈન્દ્રિય નહિ. પાંચ ઈન્દ્રિયનો વિષય નથી. રાગને જાણવું એ બુદ્ધિનો વિષય છે એટલે મનનો વિષય છે. સમજી ગયા!

એ પછી આગળ ચાલીને કહ્યું કે દ્રવ્યને જાણે છે એ કોણ? કહે દ્રવ્ય છ દ્રવ્ય, ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યને જાણે છે એ બુદ્ધિનો વિષય છે, એ જ્ઞાનનો વિષય નથી. જ્ઞાન એને જાણતું નથી. આ કોણે કહ્યું છે કહું, કુંદકુંદ ભગવાને કહ્યું છે. છ દ્રવ્યને જ્ઞાન જાણતું નથી એમ કુંદકુંદ ભગવાન કહે છે. ઠીક છ દ્રવ્ય છે એને જાણનારોય છે. હા, બુદ્ધિનો વિષય છે. તારો વિષય નથી.

આ વ્યવહારનયને આગળ કરશે તો નહિ સમજાય. વ્યવહારે પરને જાણે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એ વાત તો ઠીક છે પણ અત્યારે વ્યવહારના પક્ષને છોડીને નિશ્ચયમાં આવીને પક્ષાતિક્રાંત થઈને અનુભવ કેમ થાય એની મુખ્યતાથી વાત ચાલે છે. આ દસ ગાથા જામનગરમાં અમે લીધી'તી એનો ઘણો ખુલાસો કર્યો હતો. બોલો બીજો પ્રશ્ન.

**પ્રશ્ન :-** સ્વપરપ્રકાશક જ્ઞેયાકાર પર્યાય અખંડિત છે. હવે સ્વપરપ્રકાશક-માંથી એકલું પરપ્રકાશક લીધું તો જ્ઞેયાકાર ધર્મને ખંડિત કર્યો. તેમ તેમાંથી એકલો સ્વપ્રકાશકને લે તો પણ તેમાંથી જ્ઞેયાકાર ધર્મને ખંડિત કર્યો. માટે સિદ્ધ થાય છે કે સ્વપરપ્રકાશક લક્ષણથી જ આત્મા લક્ષિત થાય છે.

**ઉત્તર :-** આ પદાર્થ આમાં જણાય છે બધાને જ્ઞાનની પર્યાયમાં, એ જ્ઞેયાકાર જ્ઞાન. હવે જ્ઞેયાકાર જ્ઞાન છે એ અખંડ છે. કેમકે જ્ઞેયાકાર જ્ઞાન અખંડ કેમ છે કે આ જ એકલું ન જણાય. પોતાનો આત્મા પણ જણાય છે માટે એને અખંડ કહેવાય. જો એકલું આ જ જણાય ને આત્માનો પ્રતિભાસ ન થતો હોત તો ખંડ કહેવાય પણ એમ નથી. પર્યાય અખંડ છે. તેમાં સ્વપરનો પ્રતિભાસ થાય છે.

**પ્રશ્ન :-** હવે સ્વપરપ્રકાશકમાંથી એકલું પરપ્રકાશક લીધું તો જ્ઞેયાકાર ધર્મને ખંડિત કર્યો અને સ્વપરપ્રકાશકમાંથી એકલું સ્વપ્રકાશક લીધું તો પણ જ્ઞેયાકાર ધર્મને ખંડિત કર્યો. માટે સિદ્ધ થાય છે કે સ્વપરપ્રકાશક લક્ષણથી જ આત્મા લક્ષિત થાય છે.

**ઉત્તર :-** સમજાણું હવે. આ પરપ્રકાશક માનો તો તો ખંડિત થઈ ગયું. એ તો સાધારણ વાત છે. પણ એમ પ્રશ્નકારનો પ્રશ્ન છે કે જ્યારે જ્ઞાન ઉપયોગમાં એકલો અભેદ આત્મા જણાય છે ત્યારે રાગાદિ દેહાદિ લોકાલોક કાંઈ જણાતા નથી. તો પછી એ ય ખંડિત થઈ ગયું જ્ઞાન, એમ પ્રશ્નકારનો પ્રશ્ન છે. કહ્યું ના. ખંડિત નથી એ. અમે તને કહ્યું છે એ વાત તું ધ્યાનમાં રાખ, કે ઉપયોગ આત્માનો સ્વભાવ ઉપયોગ અને ઉપયોગનું લક્ષણ સ્વપરનો પ્રતિભાસ એ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિ અનંત છે. એ જ્યારે સવિકલ્પમાં હોય ત્યારેય સ્વપરનો પ્રતિભાસ, અંદરમાં જાય ત્યારે પણ સ્વપરનો પ્રતિભાસ. કેવળજ્ઞાન થાય ત્યારે પણ સ્વપરનો પ્રતિભાસ તો એમાં તું સમજ્યો નહિ કે એમાં ખંડિત ક્યાં થયું.

સ્વ જણાય જ્ઞેયાકાર કે જ્ઞાનાકાર. હર સમયે જ્ઞાનની પર્યાય સ્વચ્છ છે. સ્વપરનો પ્રતિભાસ થયા કરે છે માટે ખંડિત જ્ઞાન થતું નથી. આમાં પ્રતિભાસની મુખ્યતા નથી. આમાં લક્ષની મુખ્યતા છે. જ્યારે ઉપયોગ અંદરમાં આવે છે ત્યારે પરનું જાણવું બંધ થઈ જાય છે. છતાં પ્રતિભાસ રહી જાય છે. એટલે ખંડિત થતું નથી પણ લક્ષ અંદરમાં જાય છે ઉપયોગનું અનુભવમાં, નિર્વિકલ્પ ધ્યાનમાં. એટલે પ્રતિભાસ અને લક્ષને જુદું પાડે જરા તો સમજાય એવું છે. શું કહ્યું?

**પ્રશ્ન :-** પ્રતિભાસને અને લક્ષને અલગ પાડે તો સ્વપરપ્રકાશક નહિ માત્ર પ્રતિભાસ રહી જાય.

**ઉત્તર :-** રહી જાય છે. બરાબર! કાંઈ વાંધો નહિ. જ્ઞાનની પર્યાય ખંડિત થતી નથી, ખંડિત થતી નથી એટલે એકલો આત્મા જણાય છે અને પર જણાતું નથી તો ખંડિત થઈ ગયું તો સ્વપરપ્રકાશકપણું રહ્યું નહિ, એમ પ્રશ્નકારનો પ્રશ્ન છે. એકલું સ્વપરપ્રકાશક રહી ગયું ને અનુભવ થઈ ગયો. એમ છે. સ્વપરનો પ્રતિભાસ લોકાલોકનો પ્રતિભાસ થાય છે જીવમાત્રમાં. ઉપયોગનો સ્વભાવ સ્વપરનો પ્રતિભાસ થાય છે અને પ્રતિભાસમય ઉપયોગ છે. સ્વ પ્રતિભાસમય એકાંતે નહિ, પર પ્રતિભાસમય એકાંતે નહિ. સ્વપર પ્રતિભાસમય, મય તેમાં ભેદ ન પાડવો. મય છે એવો ઉપયોગ અને એ ઉપયોગ આત્મામાં નથી. તે દૃષ્ટિનો વિષય છે.

એટલે સ્વપરપ્રકાશક આખું ગૌણ થઈ જાય છે કે મારામાં નથી. જો સ્વપરપ્રકાશકની પર્યાય છે એ સ્વદ્રવ્યમાં જાય કે પરદ્રવ્યમાં? પરદ્રવ્યમાં કાલે કહ્યું હતું તમે નહોતા. નિયમસારની ૩૮મી ગાથા સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાથી હેય છે. એટલે આત્માને કર્તા ન માને. પછી કહે છે તાલપત્ર પર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યારે લખે છે ત્યારે કહે છે આ સાત તત્ત્વનો સમૂહ જે છે ને તેનાથી અમારું જ્ઞાન પરાન્મુખ છે, તેની સન્મુખ નથી. એટલે કે પ્રતિભાસ છે પણ પ્રતિભાસની સન્મુખ (નથી). પ્રતિભાસ રહી ગયો, પરાન્મુખ કીધું ને.

સવિકલ્પદશામાં ઈન્દ્રિયજ્ઞાન ભેદને જાણે છે એમ આચાર્ય ભગવાન કહે છે. ભેદને જાણે છે. જે આનંદ આવ્યો છે ને આનંદ, આનંદ આવે છે. સવિકલ્પદશામાં. હા, નિર્વિકલ્પ ધ્યાનમાં તો માને, જે આનંદ સમ્યક્દર્શન, જે પ્રતીતિપૂર્વક નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થયો તે પર્યાયથી અમે પરાન્મુખ છીએ. આહાહા! અને દ્રવ્યમાં અમારી દૃષ્ટિ તીક્ષ્ણ દૃષ્ટિ જામી ગઈ છે અમને દ્રવ્ય દેખાય છે, પર્યાય દેખાતી નથી. આહાહા! પ્રતિભાસ હોવા છતાં ન દેખાય. પ્રતિભાસ તરફ લક્ષ નથી.

સવિકલ્પદશામાં પરદ્રવ્યથી પરાન્મુખ છે. સંવર, નિર્જરાની સન્મુખ નથી અમારું જ્ઞાન, અમારું જ્ઞાન આત્માની સન્મુખ છે એટલે તો સંવર, નિર્જરા જીવે છે. જો સંવર, નિર્જરાની સન્મુખ થાય તો સંવર, નિર્જરા ન રહે ને મિથ્યાત્વનો દોષ આવે. ગજબની વાત છે. આચાર્ય ભગવાન કહે છે એનાથી અમે પરાન્મુખ છીએ. પ્રતિભાસ છે. એની સન્મુખ નથી મારું જ્ઞાન, એને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. આત્મજ્ઞાન છૂટીને એને જાણવા જતું નથી, ભેદ છે. પરાન્મુખ કહ્યું ને. અતીન્દ્રિયજ્ઞાન સ્વસન્મુખ રહેતું કોઈ કાળે પરસન્મુખ થાય જ નહિ. હવે જો પરસન્મુખ થાય તો એનું નામ ઈન્દ્રિયજ્ઞાન કહેવાય. ઈન્દ્રિયજ્ઞાન તો અમારું જ્ઞાન જ નથી. ઈન્દ્રિયજ્ઞાન એને જાણે તો જાણે અમે ક્યાં રોકીએ છીએ. હું નથી જાણતો હું તો જાણનારને જાણું છું. નિરંતર, આઠેય પહોર.....થોડાક પામે છે હો. થોડાક પામે છે. બહુ વિરલા, વિરલા પામે છે.

સ્વપરપ્રકાશક તો પર્યાયનો સ્વભાવ છે એ કાંઈ વિભાવ નથી પણ એ વ્યવહારનયનો વિષય છે કે નિશ્ચયનયનો વિષય છે? એ તમે નક્કી કરો. કેમકે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ નિશ્ચયનયનો વિષય નથી એ વ્યવહારનયનો વિષય છે.

**પ્રશ્ન :-** સ્વપરપ્રકાશકનો ભય ન રાખવો તેમ જ સ્વપ્રકાશકનો લોભ પણ ન રાખવો આમ સ્વરૂપ સમજવાથી જ્ઞાન મધ્યસ્થ થઈને અનુભવ થાય?

**ઉત્તર :-** હા, થાય, થાય. પહેલા વિચાર આવે, પહેલા વિચાર આવે કે સ્વપરપ્રકાશક છે કે જ્ઞાન સ્વપ્રકાશક છે. સ્વપરપ્રકાશક તો બધાને ખબર છે. સમજી ગયા! મારે તો મારા આત્માના દર્શન કરવા છે. તો જો હું ઉપયોગમાં આત્માને જાણું, કેવળ આત્માને જાણે ત્યારે શ્રુતકેવળી કહેવાય. કેવળ શુદ્ધાત્માને માત્ર જાણે. ઉપયોગ આત્માની સન્મુખ થઈને આત્માને જાણે છે ત્યારે અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય.

જ્યારે અનુભવ થાય છે તે વખતે સ્વપરપ્રકાશકનો પ્રતિભાસ જણાતો જ નથી. જાણનારો જણાય છે, જાણનારો જણાય છે એટલો ભેદ પણ નીકળી જાય છે. સમજાવવા માટે ભેદ કર્યો. જાણનારો જણાય છે પણ જાણનારો પોતે અને જણાય છેય પોતે. આત્માના બે નામ, જ્ઞાન પણ એ અને જ્ઞેય પણ એ. જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય એવા ભેદ કરે તો છે. બાકી એક આત્મા જ છે.

**પ્રશ્ન :-** જ્ઞાયકભાવ અનાદિઅનંત બે ભાવે છે. એક ધ્યેયરૂપ જ્ઞાયક, એક જ્ઞેયરૂપ જ્ઞાયક બંને રૂપ જ્ઞાયકના જ છે તો તેમાં વિધિ-નિષેધ શા માટે?

**ઉત્તર :-** એક ધ્યેયરૂપ જ્ઞાયક, એક જ્ઞેયરૂપ જ્ઞાયક તોપણ તેમાં વિધિ નિષેધ શા માટે કરવા? ધ્યેયરૂપ છે તે ઉપાદેય છે ને જ્ઞેયરૂપ નિષેધ કરો તો પણ જ્ઞાયક રહે જ છે. ધ્યેયરૂપ તો એક જ્ઞાયક ઉપાદેય છે. સમજાણું કાંઈ આમાં?

હા તમે જ્યારે પ્રશ્ન બરાબર સમજો અને પછી શ્રદ્ધાન કરો. શ્રીમદ્જીએ કહ્યું છે કે જૈનધર્મને સર્વજ્ઞપણે હું તર્કથી ખોટું પાડી શકું છું. પોતે જ્ઞાની. સમજી ગયા! તર્ક વાળાની કોઈ દિ' પડખે ન ચડાય. એ કદાચ જ્ઞાની હોય ને તો એ પણ મચક ખાઈ જાય, એવા તર્ક કરે.

ધ્યેયરૂપે પણ આત્મા ને જ્ઞેયરૂપે પણ આત્મા છે. તેમાં તો તમે ના નહિં પાડી શકો, કેમ કે એક જ્ઞાયકના બે રૂપ છે. એમ કરીને હવે કહે છે. ધ્યેય એટલે અપરિણામી અને જ્ઞેય એટલે પરિણામી. ધ્યેય અને જ્ઞેય, અપરિણામી અને પરિણામી બે થઈને એક જ્ઞાયક છે.

ઈન્દ્રિયજ્ઞાનમાં આત્મબુદ્ધિ કોઈ દિ' ન થાય. શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન જ નથી. પરાશ્રિત છે. પરસત્તાવલંબનશીલ છે, બંધનું કારણ છે ઈન્દ્રિયજ્ઞાન, ઈન્દ્રિયજ્ઞાન આત્માનું કર્મ જ નથી. જ્ઞેય કહેવું એ વ્યવહાર છે. આત્માનું કર્મ નથી એ. (શ્રોતા - સવિકલ્પદશામાં જે રાગને જાણનારું જ્ઞાન જે ઈન્દ્રિયજ્ઞાન આપ કહો છો એ ઈન્દ્રિયજ્ઞાનને જાણે) એ ઈન્દ્રિયજ્ઞાન ને એનો વિષય છે રાગ એ બેયને ભિન્નપણે જાણે છે. કોણ જાણે છે? અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું તે. બેયનો પ્રતિભાસ તો છે.

**પ્રશ્ન :-** કર્મધારા અને જ્ઞાનધારા વિશે કહો.

**ઉત્તર :-** બેય જુદી ચીજ છે. કર્મધારામાં, ઈન્દ્રિયજ્ઞાન અને રાગ કર્મધારામાં. જ્ઞાનધારામાં એકલું જ્ઞાન આત્મસન્મુખ થયેલું અતીન્દ્રિયજ્ઞાન સાથે શ્રદ્ધા, ચારિત્ર લઈ લેવું.

**પ્રશ્ન :-** એક જ પર્યાયમાં છે કે ભિન્ન ભિન્ન પર્યાયમાં?

**ઉત્તર :-** પર્યાય તો ભિન્ન ભિન્ન જ છે. ગુણ ભિન્ન તો પર્યાય તો ભિન્ન જ છે ને શ્રદ્ધાની, ચારિત્રની, જ્ઞાનની.

**પ્રશ્ન :-** કર્મધારા અને જ્ઞાનધારા ચાલુ છે તે એક જ જ્ઞાનની પર્યાયમાં છે?

**ઉત્તર :-** એ જ્ઞાનની, એક જ જ્ઞાનની પર્યાયમાં બે ભેદ પડી જાય છે. જેટલું ઈન્દ્રિયજ્ઞાન છે સાધકને તે કર્મધારા ગણવી તે બંધનું કારણ. આત્મસન્મુખ જે અતીન્દ્રિયજ્ઞાન તે જ્ઞાનધારા. બે ધારા ચાલુ છે અનુભવ પછી.

**પ્રશ્ન :-** સમજવા માટે ભેદ પાડવાનું તાત્પર્ય છે કે તે સમયે ખરેખર બે ધારા છે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તર :-** ના. એ વાસ્તવિક છે. એનું કારણ છે કે એને સંવર, નિર્જરા છે. મોક્ષદશા નથી. સંવર, નિર્જરા છે. તો થોડો આસ્રવપૂર્વક બંધ હોય. થોડો રોગ રહી જાય છે કમજોરીનો. નહીંતર તો કેવળજ્ઞાન થઈ જાય છે. સાધક છે માટે બાધક તત્ત્વ હોય. થોડા ટાઈમ માટે હોય.

**પ્રશ્ન :-** પણ ફરીને પાછો શુદ્ધોપયોગ થાય સાધકને તો ઈ જે ઈન્દ્રિયજ્ઞાન પરસન્મુખ થયું હતું એ પર્યાય રોકાઈ ગઈ અને બીજી પર્યાય ઉત્પન્ન થાય છે એ શુદ્ધોપયોગ થઈને આત્મસન્મુખ થાય?

**ઉત્તર :-** હા. થાય રોકાય જાય છે. જેટલીવાર અંદર જાય એટલી વાર ઈન્દ્રિયજ્ઞાન રોકાય જાય છે.

**પ્રશ્ન :-** અને એ ઈન્દ્રિયજ્ઞાન ઓછું થતું થતું આ તરફ આત્મસન્મુખ જ્ઞાન વધતું જાય ને ઓલી પર્યાય ઓછી થતી જાય?

**ઉત્તર :-** હવે એમાંય પણ નિયમ નથી. સમજી ગયા! અતીન્દ્રિયજ્ઞાન વધે ત્યારે ઈન્દ્રિયજ્ઞાન ઘટે એમ પણ નથી. સમજી ગયા! એ વિભાગ જ આખો જુદો છે. એ પરદ્રવ્યનાં પરિણામ ઘટે કે વધે એ તો એના આધારે છે. મારા આધારે ક્યાં છે? એવો નિયમ નથી. કદાચ હારે, હારે બનતું હોય તો તો શુદ્ધોપયોગની ધારા વધતી જાય અને જ્ઞાનનો ઉઘાડેય વધે એમ પણ બને અને ઘણીવાર એવું બને કે અહીંયા આ (શુદ્ધોપયોગ) વધે અને ઉઘાડ ન વધે ઈન્દ્રિયજ્ઞાનનો. સમજી ગયા!

કેમ કે એની હારે આને સંબંધ નથી કાંઈ. એની હારે સંબંધ ક્યાં છે? ઈન્દ્રિયજ્ઞાન પરદ્રવ્ય છે ભાઈ. આહાહા! ઊંડે ઊંડે પણ હજી જ્ઞાન ભાસે છે એ જ્ઞાન જ નથી. હવે એ વધે કે ઘટે એની હારે મોક્ષમાર્ગને કાંઈ સબંધ નથી. મા તુષ ને મા રુષ હેં! કેવળજ્ઞાન લઈ લીધું. કાંઈ ઈન્દ્રિયજ્ઞાન નહોતું ઉઘાડ અને દ્રવ્યલિંગી મુનિને ૧૧ અંગનો ઉઘાડ અને કોરો.

ઈન્દ્રિયજ્ઞાન જુદી ચીજ છે. પૈસો થાવો જુદી ચીજ છે અને જ્ઞાનની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપલબ્ધિ થવી એ જુદી ચીજ છે. કેમ? પૈસો તો થઈ જાય. ને આત્મજ્ઞાનેય થઈ જાય અને આત્મજ્ઞાન થયા પછી પૈસો ઘટી પણ જાય તો શું અહીંયા અતીન્દ્રિયજ્ઞાન ઘટી જાય. સમ્યક્‌દર્શન વહ્યું જાય પૈસો વહ્યો જાય તો કોઈ દિવાળું કાઢે. અરે! દિવાળું કાઢે એ બીજો અને હું બીજો.

અશાતાના ઉદયથી કોઈકને એવું બની જાય. પૂર્વના ઉદય એવા હોય. પૈસો વહ્યો જાય એમેય બને પણ જ્ઞાન રહી જાય. અરે જ્ઞાનને અને એને આધાર-આધેય સંબંધ ક્યાં છે. એક જડ ને એક ચેતન. ભાઈ! ક્યાં તમે...આહાહા!

**પ્રશ્ન :-** ઈન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાનનો ભેદ, આપે એ રીતે આપ્યો ને કે ઈન્દ્રિયજ્ઞાન જડ છે ને આ ચેતન છે.

**ઉત્તર :-** જડ અને ચેતન, કાંઈ સંબધ નથી. કાંઈ લેવા-દેવા નથી. ખરેખર તો એ જ્ઞાનનું જ્ઞેય પણ નથી. જ્ઞાનનું જ્ઞેય તો આત્મા જ છે. ભાઈ! બાકી તો સમજાવવા માટે આવે. ચેતનભાઈની સાથે વાત થઈ મોટરમાં કે કાર્ય તો થાય છે, કે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે જ્ઞાનીઓ કહે છે, પણ નિમિત્તથી થાય છે એમ છે નહિ. પછી એ બોલ્યા કે આપણે નિમિત્તની સામે જોવાનું જ શું કામ છે? એટલે તો દુઃખી થયા. આનું આ નિમિત્ત છે, એમ શા માટે આપણે એની સામે જોવું? નિમિત્તની સામે જોવાનું જ બંધ કરી દેવું. બહુ સરસ!

(શ્રોતા :- ત્યાં તો અહીંયા નૈમિત્તિકેય બંધ થઈ ગયું) બસ. ઉપાદાનમાં આવી ગયો. નિમિત્તનું લક્ષ છૂટ્યું ત્યારે ઉપાદાનમાં આવે. આત્મા છે ને બધાય એમાં શું? કોઈ વહેલો-મોડો નથી, એમાં કાંઈ મોડો આવ્યો હોય એ વહેલો નીકળી જાય અને પહેલા આવ્યા હોય એ છેલ્લા ક્લાસમાં રહી જાય. એમાં મારે એની તલવાર છે. બોલો હવે થઈ ગયો ટાઈમ આપણો.

હવે એક મારો પ્રશ્ન છે. આવતીકાલે બધાએ જવાબ આપવાનો છે. પણ હું કાલે જેનું નામ લઉં એને જ જવાબ આપવો. બીજાએ કોઈએ જવાબ નહિ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપવો. સમજી ગયા! જવાબ તૈયાર તમારે સ્વતંત્રપણે કરી લેવો. સમજી ગયા! એક બીજા મસલત કરીને કાંઈ કરતા નહિ, મસલત નહિં કરવાની. ઝવેરચંદભાઈએ શોભનાને પૂછવાનું નહીં. શોભનાએ એને નહીં પૂછવાનું. આ તો દાખલો. સ્વતંત્રપણે તમે બધા વિચાર કરો. વિચાર કરવા માટે છે. એમાં કાંઈ શાસ્ત્રની જરૂર નથી. તમે વિચાર કરશો તો અંદરથી ઉદભવશે તમને સાચો જવાબ. અંદરથી આવશે.

પ્રશ્ન મારો એવો છે કે ''પરને જાણવાનું ચાલુ રાખીને આત્માનો અનુભવ થાય કે પરને જાણવું બંધ કરીને આત્માને અનુભવ થાય?'' આ એક જ મારો પ્રશ્ન છે એ કાલે જવાબ આપજો. આ બધાં પ્રશ્નોના જવાબ એમાં છે. સમજાણું? પ્રશ્ન ફરીથી પ્રકાશભાઈ લખવા માંડ્યા. પ્રશ્ન લખી લેવો કે પરનું જાણવું ચાલું રાખીને આત્માનો અનુભવ થાય કે ન થાય? એમ કે પરને જાણવાનું બંધ કરીને આત્માનો અનુભવ થાય. આ પ્રશ્ન છે મારો. કાલે જવાબ દેજો. અત્યારે કાંઈ નહીં.

એક એકનું નામ લઈને પૂછીશ. સાધારણ નહિ માનતા આ પ્રશ્ન સાધારણ નથી. અસાધારણ વાત છે. બધાને પાકું થાય અને ઉકેલ આવી જાય. અંદર કોઈ મુંઝાતા હોય તો કાલે જવાબ દેજો. કોઈએ કોઈને પૂછવાનું નહીં. એમાં ને એમાં પાછો પોતાને જવાબ આવે. અસાધારણ વાત છે અને એમાં ને એમાં કહ્યું કે આમાં એકાંત તો નથી થતું ને!

આમાં સ્વપરપ્રકાશકનો છેદ તો થતો નથી ને આમાં રહી જાય છે કે નહિ. આમાં ઘણાં પ્રશ્નો અત્યારે થઈ ગયા છે. છણાવટ થઈ છે એને એપ્લાય કરીને પાછું આત્માને પૂછવું. જવાબ આવે પછી હો. એમ નેમ નહિ મૂકતાં, આમ કરીએ તો એકાંત થઈ જાય. આમ કરીએ તો અનેકાંત એ બધું અંદર અંદર પૂછવું ઘણાં પ્રશ્નો છે આમાં. એ આવી ગયા છે. ઘણાં વખતથી ચાલે છે અહીંયા. આજે જરા સૂક્ષ્મ આવ્યું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! સ્વપરનો પ્રતિભાસ એ તો અનાદિ-અનંત નિગોદમાંય છે, કેવળજ્ઞાનમાંય છે, સાધકમાંય છે. આખો લક્ષ ઉપર આધાર છે. ૧૭ મી ૧૮ મી ગાથામાં એ જ આવે છે બાળ ગોપાળ સૌને જણાય રહ્યો છે. આ આજના પ્રશ્નમાં બધું આવી જશે. જવાબ તમારો સાચો હશે ને તો ય હું ક્રોસ કરીશ.

બોલો પરમ ઉપકારી શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પૂ.ભાઈશ્રીની તત્ત્વ ચર્ચા

## તારીખ : ૬/૭/૯૪, બુધવાર રાત્રે ૮ થી ૯

(કાલે આપે પ્રશ્ન પૂછ્યો હતો) હા. એનો જવાબ આજે આપવાનો હતો. હા, એ શું પ્રશ્ન પૂછ્યો હતો? પ્રશ્ન શું હતો? એ કોઈને યાદ છે ? (પરને જાણવું ચાલું રાખે તો અનુભવ થાય કે પરનું જાણવાનું બંધ કરે તો અનુભવ થાય) હા. એ પ્રશ્ન હતો. ગઈકાલે એ પ્રશ્ન હતો, કે પરને જાણવાનું જીવ ચાલુ રાખે, અનાદિ મિથ્યાદૃષ્ટિની વાત છે હો. અનાદિથી મિથ્યાદૃષ્ટિ જીવ છે ને જેને સમ્યક્દર્શન થયું નથી. સમ્યક્દર્શન પ્રાપ્ત કરવું છે એને. તો એવા જીવને પરને જાણવાનું ચાલુ રાખીને આત્માનો અનુભવ થાય કે પરને જાણવાનું બંધ કરીને આત્માનો અનુભવ થાય? એવો પ્રશ્ન હતો હવે બોલો. ચીમનભાઈ! તમે શું જવાબ તૈયાર કર્યો.

(શ્રોતા :- મારી દૃષ્ટિએ તો આપે જે મહામંત્ર આપી દીધો કે આત્મા ખરેખર પરને જાણતો જ નથી. એ પ્રથમ તો જવાબ એનો એ જ છે. પછી અજ્ઞાની પરને જાણે છે એમ માને છે એટલે અજ્ઞાનીને અનુભવ થતો નથી. અને જ્ઞાની તો પરને જાણતા જ નથી. એની દૃષ્ટિ તો સ્વ ઉપર જ છે. પર જણાય છે પણ પરને જાણતા નથી. બરાબર!

બોલો ઝવેરચંદભાઈ તમારો શું જવાબ છે. (શ્રોતા :- જેમ તરતા શીખવું હોય તો પાણીને ઓળખવું પડે છે. ઓળખ્યા પછી એનો અભ્યાસ કરવો પડે ને પછી એમાં ઝંપલાવે તો તરવાનું શીખાય. પણ પાણી પાસે જઈને જો અટકી જ જાય અને એમ કહે કે મારે આ પાણીને અડવું જ નથી ને તરવાનું શીખવું છે તો એ શક્ય નથી. એમ જેમ પાણીમાં અનંત બિંદુઓની એક જળરાશિ છે. એમ આત્માની અંદર અનંત એવા ધર્મો છે ને એવી શક્તિ છે. એવા આત્માની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદર એના સ્વભાવ તરફ પ્રયાસ કરે, એના તરફ જો ઝૂકે તો એ અનંત ધર્મોનો સ્વીકાર કરે, તો અનુભવમાં આવે એવી વાત છે. અને અનાદિકાળથી પર તરફ તો ઝૂકેલો હતો એક સમયની પર્યાયમાં અને પોતાના આત્મા સિવાય અનંત વિભાવોમાં અને અનંત બાહ્ય પદાર્થોમાં પોતાપણું કરવામાં મથ્યો છે પણ પોતાપણું થયું નથી અને પોતાને પર સ્વરૂપે દુઃખ જ અનુભવ્યું છે. હવે પરને જાણતા, જાણતા આત્માનો અનુભવ થાય કે આત્માનો અનુભવ ન થાય? (ન થાય) બોલો હવે તમે શું કહો છો. મોદી સાહેબ. (ન જ થાય ને) પરને જાણતાં જાણતાં અનુભવ. (શ્રોતા :- બિલકુલ ન થાય) ન થાય તો પછી મારો એક પ્રશ્ન થાય છે મને કે પરને જાણવાનું બંધ કરે તો અનુભવ થાય એમ બધાનાં પ્રશ્નનો ઉત્તર આવ્યો ને! કે પરને જાણતાં, જાણતાં અનુભવ ન થાય. હું પરને જાણવાનું બંધ કરું તો આત્માનો અનુભવ થાય તો મારો પ્રશ્ન છે કે એમાં સ્વપ્રકાશકપણું રહેશે કે સ્વપરપ્રકાશકપણું ઊડી જશે કે સ્વપરપ્રકાશકપણું એમાં એનો ઘાત થઈ જશે. એનો શું છે જવાબ તમારો?

(શ્રોતા :- કેમ કે એનો પ્રતિભાસ છે) બરાબર જવાબ આવી ગયો. પ્રતિભાસનો ઘાત થતો નથી. એના તરફનું લક્ષ આ બાજુ લક્ષ થઈ જાય છે. બસ પર્યાયનું એટલે હવે આ પ્રશ્ન પૂરા થઈ ગયા. હવે ચોખવટ થઈ ગઈ એટલે કોઈને પૂછીએ તો તે જ જવાબ દયે. પેપર બહાર પડી ગયું. બોલો આજે પ્રશ્ન કાઢો.

**પ્રશ્ન :-** સવિકલ્પદશામાં જ્ઞાન ભેદને જાણતું નથી આનું વિશેષ સ્પષ્ટીકરણ કરવા વિનંતી.

**ઉત્તર :-** હા, સાધકની સવિકલ્પદશાને નિર્વિકલ્પદશા એમ બે પ્રકાર આવે. કાં તો છઠ્ઠા સાતમા ગુણસ્થાનની વાત લઈએ તો છઠ્ઠે સવિકલ્પદશા છે. સાતમે તો નિર્વિકલ્પ ધ્યાન છે એટલે એનો તો પ્રશ્ન નથી રહેતો. છઠ્ઠે સવિકલ્પદશામાં પાંચમે સવિકલ્પદશા હોય ચોથે સવિકલ્પદશા હોય ત્યારે એ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભેદને જાણતો નથી. એમ આવ્યું ને?

તો આત્મા તો જ્ઞાનમય છે ને! કેવો છે આત્મા (જ્ઞાનમય) જ્ઞાનમય છે અને એ જ્ઞાન તો જ્ઞાયકથી અભેદ થઈને જાણે છે, જ્ઞાયકને અભેદ થઈને. હવે એ નિર્વિકલ્પ ધ્યાન છૂટી ગયું ને સવિકલ્પદશા આવી તો એની દશામાં પર્યાયના ભેદો છે. પર્યાયના ભેદો દેખાય છે, તો એ જે ભેદ છે એ ભેદની સન્મુખ થવું એ જ્ઞાનનો સ્વભાવ જ નથી. શું કહ્યું? કે ભેદની સન્મુખ થઈને ભેદને જાણવું એ જ્ઞાનનો સ્વભાવ નથી પણ એ ભાવેન્દ્રિયનો સ્વભાવ છે.

એટલે એમ આવ્યું ને નિયમસારમાં એના ઉપરથી આવ્યું ને કે જ્ઞાની ધર્માત્મા તાલપત્ર લખે છે જ્યારે, ત્યારે તો સવિકલ્પદશા છે. ત્યારે એમણે ફરમાવ્યું કે તાલપત્ર ઉપર લખતાં લખતાં કે જે આ સાત તત્ત્વનો સમૂહ છે એ પરદ્રવ્ય છે. એમ તો કહી દીધું. હવે અમારી બુદ્ધિ પરદ્રવ્યથી પરાન્મુખ છે. અમારું જ્ઞાન પરદ્રવ્યથી પરાન્મુખ છે. પરદ્રવ્ય ભેદ છે એ પરદ્રવ્ય છે. એમ લેવું કે પરદ્રવ્યથી પરાન્મુખ છે એટલે કે એની સન્મુખ થઈ અને અમારું જ્ઞાન જાણે એ અમારું જ્ઞાન જ નથી. એની સન્મુખ થઈને જાણે એ અજ્ઞાન છે અથવા ઈન્દ્રિયજ્ઞાન છે અથવા માનસિક જ્ઞાન છે, બુદ્ધિનો વિષય છે, મારા જ્ઞાનનો વિષય નથી. આત્માનું જ્ઞાન તો આત્માને જ જાણે છે એટલે ખરેખર તો એ આત્માને જાણે છે ભેદને જાણતું નથી.

હવે એમાં એક બીજું રહસ્ય છે, કે ભેદનો પ્રતિભાસ થાય છે એના જ્ઞાનમાં. એના જ્ઞાનમાં પ્રગટ થયેલો વીતરાગભાવ પ્રગટ થયેલો રાગ એ બધું છે પર્યાયમાં. એનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય છે પણ એના તરફ એનું લક્ષ નથી એટલે એને જાણતો નથી. પ્રતિભાસ છે પણ પ્રતિભાસ તરફ એનો ઉપયોગ નથી એટલે ખરેખર એને જાણતો નથી. એનાથી પરાન્મુખ છે અને દ્રવ્યમાં તીક્ષ્ણ દૃષ્ટિ એની પડી છે અંદર એટલે સામાન્યને અવલોકતો અને વિશેષને નહિ અવલોકતો એવી સિદ્ધિ નિશ્ચયનયથી કાયમ રહેલી છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતિભાસની અપેક્ષાએ એને જાણે છે એમ કહેવાય પણ એ વ્યવહાર છે. અહીંયા તો અનાદિકાળથી જીવને ભ્રાંતિ છે કે પરસન્મુખ થઈને જ પરને જાણી શકાય. પરસન્મુખ થયા વિના પર જાણી ન શકાય. એવી રીતે અહીંયા બધાં બેઠા છો ને પ્રતિમાના દર્શન કરવા છે બધાંને તો મંદિરમાં જવું જોઈએ. મંદિરની પ્રતિમાની સન્મુખ થઈે ત્યારે આપણે પ્રતિમાને જાણી શકાય. સમજી ગયા! એમ છે ને. જનરલ વ્યવહાર પણ એ જ છે.

એની સન્મુખ થઈને જે જાણે છે એ જ્ઞાન જ નથી. એ ભાવેન્દ્રિય છે, ભાવેન્દ્રિયનો વિષય છે. જ્ઞાનનો વિષય નથી. જ્ઞાનનો વિષય તો આત્માની સન્મુખ થઈને આત્માને જાણ્યા જ કરવું એવો સ્વભાવ છે. હવે સાધકનો તો એવો સ્વભાવ છે. એને તો પ્રગટ થઈ ચૂક્યો છે.

હવે આપણે અજ્ઞાનીની વાત લઈએ કે અજ્ઞાનીનું જ્ઞાન પણ એ જ્ઞાન જ્ઞેયનું છે કે જ્ઞાયકનું જ્ઞાન છે. જે પ્રગટ થાય છે જ્ઞાન બધાની પાસે છે. સ્વપરનાં પ્રતિભાસરૂપ એ જ્ઞાન તો જ્ઞેયનું છે કે જ્ઞાયકનું છે. જ્ઞાયકનું છે. બરાબર છે. તો જ્ઞાયકને પ્રસિદ્ધ ન કરે તો પોતાથી ભિન્ન છે એને પ્રસિદ્ધ કરે કે અભિન્નને પ્રસિદ્ધ કરે. (શ્રોતા :- અભિન્નને પ્રસિદ્ધ કરે)

અભિન્નને પ્રસિદ્ધ કરે એટલે આબાળ-ગોપાળ સૌને ભગવાન આત્મા બધાને અનુભવમાં આવે છે નો અર્થ એ છે કે જ્ઞાનનો ઉત્પાદ છે, એ ધ્રુવને પ્રસિદ્ધ કરતો જ વ્યય થાય. ધ્રુવને પ્રસિદ્ધ કર્યા વિના વ્યય પણ ન થાય અને પરને પ્રસિદ્ધ કરે નહિ અને સ્વને પ્રસિદ્ધ કર્યા વિના એ ગળે નહિ. પછી ટળે. સમજી ગયા! એવી જ્ઞાનની સ્થિતિ છે.

જ્ઞાન અને ઈન્દ્રિયજ્ઞાન બંનેને જ્યારે જુદા જાણશે ત્યારે એનું રહસ્ય ખ્યાલમાં આવશે. બાકી ઈન્દ્રિયજ્ઞાનને જ જ્ઞાન માને તો આ રહસ્ય ખ્યાલમાં નહિ આવે.

**પ્રશ્ન :-** ભાઈ આપણે વાત આવી હતી કે ૨૪ કલાક ભેદજ્ઞાન કર્યા કરવું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી સવિકલ્પ ભેદજ્ઞાનને નિર્વિકલ્પ ભેદજ્ઞાનને તો એનો પ્રયોગ ૨૪ કલાક કઈ રીતે નિરંતર કરવો.

**ઉત્તર :-** ૨૪ કલાકમાં એક તો ઉપયોગરૂપ પ્રવૃત્તિ છે. એ બેઠો હોય નિરાંતે ત્યારે એને ઉપયોગમાં આવે કે જે જાણનાર છે તે હું છું અને જણાય છે તે ચીજ મારી નથી. 'હું તો જ્ઞાનમય છું ને રાગમય નથી.' 'હું તો જ્ઞાનમય છું ને દેહમય નથી.'દેહ મારો નથી એમ એને વારંવાર, વારંવાર, વારંવાર ભેદજ્ઞાન ઉપયોગમાં આવીને જો દૃઢતા થઈ જાય તો પછી એવા એક સંસ્કાર દૃઢ થાય, બીજા કામમાં પરોવાયેલો હોય તો પણ ઓલું એનું કામ ચાલું રહે છે. એવી સ્થિતિ થઈ જાય છે. એ હાયર સ્ટેજ છે થોડું.

અનુભવ થાય તો ભેદજ્ઞાનથી જ થાય છે. બીજી કોઈ ક્રિયા નથી અને ભેદજ્ઞાનનો વિચાર એ પણ વ્યવહાર છે, નિશ્ચય નથી. હવે એ વ્યવહાર છે એ વ્યવહાર નિશ્ચયને અનુકૂળ છે. બાકીના કોઈપણ વ્યવહાર નિશ્ચયને અનુકૂળ નથી. તમે વ્રત કરો, તપ કરો, દાન કરો, શિયળ પાળો, ઉપવાસ કરો, જાત્રાએ જાવ કે મંદિર બંધાવો કે પાંચ, પચ્ચીસ લાખ રૂપિયા ખર્ચી નાંખો દેવલાલીમાં. સમજી ગયા! તો એ જે વ્યવહાર છે એ નિશ્ચયથી પ્રતિકૂળ છે.

કેમ કે એમાં ભેદજ્ઞાન બિડાય જાય છે. એ વખતે ખ્યાલ નથી રહેતો, કે આ જે રાગ આવે છે એ રાગથી મારો આત્મા ભિન્ન છે એવું ભાન ભૂલાય જાય છે. કારણ કે એકત્વબુદ્ધિ બહુ છે. સમજી ગયા! એટલે એ તો જો બહુ સંસ્કાર પાડ્યા કરે તો એની જાગૃત અવસ્થા આવે ભેદજ્ઞાનમાં. અને ભેદજ્ઞાનમાં જો જાગૃત અવસ્થા આવે તો તેને ગર્ભિત શુદ્ધતા થઈ અને ગર્ભિત શુદ્ધતા જેને પ્રગટ થાય છે એને ગ્રંથિભેદ થાય. પણ થાય જ એવો નિયમ નહિ, પણ થાય તો એને થાય. બીજી કોઈ ક્રિયાકાંડ એને અનુકૂળ નથી વ્યવહાર. આત્માના અનુભવનો જે વ્યવહાર છે પૂર્વભૂમિકાનો, એ આ વ્યવહાર છે ભેદજ્ઞાનનો વિચાર.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ભેદજ્ઞાનના વિચારમાં શું ફાયદો મોટો છે કે મિથ્યાત્વું જે મહાપાપ છે એ ગળે છે અને સાથે જ ભેદજ્ઞાનના વિચાર કરતા એને શુભભાવ થાય છે. અશુભભાવ એને તે વખતે ન હોય. અને એ શુભભાવ જે આવે છે એમાં કર્તાબુદ્ધિ થયા વિના શુભભાવ આવે છે. કેમ કે એ ભેદજ્ઞાનમાં તો એને નક્કી કર્યું છે કે હું તો અકારક છું. હું રાગનો કર્તા હું નથી. એવા વિચારમાં મિથ્યાત્વનો રસ ઘટે છે અને સાથે શુભભાવ પણ થાય છે. એટલે આખી ભેદજ્ઞાનની જ આખા સમયસારમાં વાત કરી છે. એટલે એનું નામ સવિકલ્પ ભેદજ્ઞાન કહેવાય અને એ ભેદજ્ઞાન પછી અભેદનો અનુભવ પણ થાય.

તો લખે છે કે એ ભેદજ્ઞાન છે તો વિનાશીક, નાશવાન છે, વિચાર કોટિનું તો પણ ઉપાદેય છે. ઉપાદેય એ એટલા માટે છે કે એ ઓને અનુકૂળ વ્યવહાર છે, છે વ્યવહાર, નિશ્ચય નથી. તેમ એનાથી થાય એમ પણ નહિ. જો હોય વ્યવહાર તો આ વ્યવહાર હોય, હવે આ અંદરના વ્યવહારની તો કોઈને ખબર જ ન પડે. બેઠો બેઠો કરતો હોય ભેદજ્ઞાન.

ઓલું બહારમાં ઈન્દ્ર મહારાજ થાય ને વગેરે વગેરે. પંકજ થયો હતો ને એ તો બધાને ખબર પડે. આહાહા! કેવું સરસ કરે છે આ. એમાં એ કાંઈ એનો વ્યવહાર નથી. એને એક અપેક્ષાએ એકતાબુદ્ધિ વધે છે. શું કહ્યું એ. એક વખતની વાત છે શ્રી ગુરુના શબ્દો છે અને જેને કાનોકાન વાત સાંભળી છે એ વ્યક્તિ અત્યારે હયાત છે. એટલે સાક્ષી જોઈતી હોય તો આપણને મળે એવી છે.

આ પુરુષની વાત જે છે ને એ કોઈ અલૌકિક વાત છે લૌકિક વાત નથી. અલૌકિક વાત છે. રોજ પોતે બેસે ભક્તિમાં. વાંચન પૂરું થાય એટલે અડધો કલાક ભક્તિ બહેનો કરાવે. પોતે બેઠા હોય પછી એકવાર ભક્તિ પૂરી થઈ ગઈ. ઊભા થયા. ભગવાનની સામે પોતે ઊભા થઈને પછી પોતે બોલ્યા કે, આ ભક્તિનો જે રાગ છે ને એમાં એકતાબુદ્ધિ વધે છે. કારણ કે ત્યાં ભેદજ્ઞાનનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો વિચાર જ નથી આવતો. ભક્તિમાં લવલીન છે. એકરસ થઈ જાય છે. આ વાત પરમાર્થ વચનિકામાં છે, ભેદજ્ઞાનથી એમકે ગ્રંથિભેદ થાય છે. ગર્ભિત શુદ્ધતા અને ગ્રંથિભેદ બે ય શબ્દો એનાં છે. પરમાર્થ વચનિકામાં છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે ને તેના પછી પરમાર્થ વચનિકા છે.

નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય પછી એ ય વિકલ્પ તૂટી જાય. ભેદજ્ઞાનનો વિચાર એનો નાશ થઈ જાય. સમજી ગયા! પછી સવિકલ્પદશામાં આવે. તો ફરીથી ભેદજ્ઞાનનો વિચાર કરે. એ ટુ ઝેડ પહેલેથી છેલ્લે સુધી ભેદજ્ઞાન જ છે, સમ્યગ્દર્શન માટે ભેદજ્ઞાન, ચારિત્ર માટે ભેદજ્ઞાન, શ્રેણી માટે ભેદજ્ઞાન અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ માટે પણ ભેદજ્ઞાન.

નવકાર મંત્ર છે એ ભક્તિનો, સ્તુતિનો, પંચપરમેષ્ઠીની સ્તુતિનો ભક્તિભાવ છે. એમાં પુણ્ય બંધાય છે પણ ભેદજ્ઞાનમાં પુણ્ય અને પાપની એકતાબુદ્ધિ ઓછી થાય છે, પુણ્ય-પાપના પરિણામથી મારો આત્મા ભિન્ન છે. ત્રિકાળી ભિન્ન છે. રાગથી સહિત આત્મા છે જ નહિ, માને છે. દેહથી સહિત માને પણ દેહથી સહિત ક્યાંથી હોય તો તો જડ થઈ જાય. દેહ આત્માનો ક્યાંથી હોય? હવે જો દેહ ને રાગ આત્માના નથી તો પછી આ બેંકમાં પૈસા છે ને તિજોરીમાં હીરા છે એ મધુભાઈના ક્યાંથી હોય? આહાહા!

(શ્રોતા :- નજીક આવે એટલે મારાપણું લાગે) અને અમેરિકામાં દિકરો બેઠો છે એ તો તમારાથી દૂર છે, એ તમારો છે ને. એને નજીક દૂરની હારે કાંઈ સંબંધ નથી. એક પરમાણુમાં મારાપણું એટલે ખલાસ. આ ફલેટ મારો છે એટલે અમેરિકામાં જેટલા ફલેટ, રશિયામાં જેટલા ફલેટ છે એ મારા છે એમ આવી ગયું. આખું લોકાલોકને ગ્રહણ કરી લે મિથ્યાત્વ. કોઈને છોડે નહિ. આ મારું અને આ તારું એવા વિભાગ કરવાની તાકાત મિથ્યાત્વમાં નથી. ભેદજ્ઞાનનાં વિચારમાં છે. અને અનુભવની વાત તો અપૂર્વ છે. થઈ ગયો પ્રશ્ન પૂરો. છે કોઈનો પ્રશ્ન નહિંતર બીજો પ્રશ્ન ચાલે. પ્રશ્ન પૂછવાની છૂટ છે બધાને.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન :-** મિથ્યાત્વમાં મારું ને તારું કરવાની શક્તિ નથી.

**ઉત્તર :-** નહિ એ ભેદ પાડી શકે નહિ, બધું મારું. બધું મારું, આખી દુનિયા મારી. લોકાલોક મારું. આત્મા મારો અને આ પારકી ચીજ મારી નહિ એમેય નહિ. બધું ય મારું. આહાહા! આખું અજ્ઞાન કોળિયો કરી જાય છે બધાયને. કોઈને છોડે નહિ. આહાહા! એ મિથ્યાત્વનો સ્વભાવ છે.

એકત્વ એકની સાથે તો અનંત સાથે એકત્વ. એક પરમાણુમાં સ્વામીપણું તો આખા લોકાલોકનો સ્વામી થઈને બેઠો છે. સ્વામી થતો નથી પણ સ્વામીપણું માને છે કે આ મારા છે બધાંય. આખું સમયસાર ભેદજ્ઞાનથી ભર્યું છે. જેટલાં સિદ્ધ પરમાત્મા થયા તે બધાં ભેદજ્ઞાનથી થયા છે. અરે એક પાંચ મિનિટ, એક મિનિટ ભેદજ્ઞાનનો વિચાર કોઈ કરે અને કોઈ એક કરોડ રૂપિયા ખર્ચે તો એમાં પુણ્ય કેમાં વધે? પુણ્યની વાત છે. ધર્મની વાત નથી. (ભેદજ્ઞાન કરે એમાં) કેમ કે આત્માને ઉર્ધ્વ રાખીને એ વિચાર આવે છે એને, ઓમાં તો આત્મા જ ભૂલાય જાય છે એને. (શ્રોતા - એ પુણ્ય બંધાય એ કોઈ જુદી જાતનું ઓના કરતાં) જુદી જાતનું. એને ભેદજ્ઞાનની વાર્તા કહેનારા જ મળે ભવિષ્યમાં. ઉપદેશ આપનારા જ મળે. આ ભેદ વિજ્ઞાન ક્યાં સુધી ભાવવું કે પૂર્ણ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી. વચ્ચે બીજી કાંઈ ક્રિયા નહિ. બીજી કોઈ ક્રિયા જ નથી. ભેદજ્ઞાનના વિચારમાં જ્ઞાયક ઉર્ધ્વ થઈ જાય છે. બીજી કોઈ ક્રિયામાં જ્ઞાયક યાદ નથી આવતો.

ભેદજ્ઞાન બે વચ્ચે હોય ને. શુદ્ધાત્મા તે હું છું. અશુદ્ધતા તે મારી નથી. જ્ઞાનનો ઉઘાડ એટલે કે ઈન્દ્રિયજ્ઞાનનો એ મારો નથી તો પછી ઈન્દ્રિયજ્ઞાનના વિષય તો મારા ક્યાંથી હોય. (શ્રોતા :- બેનશ્રીની તત્ત્વચર્ચા હતી એકવાર બપોરે એક વાગ્યે ત્યારે આવી રીતે વાત કરેલી કે પહેલેથી તે ૧૩ માં સુધી ભેદજ્ઞાન જ છે) બરાબર. બધાં જ્ઞાનીઓ એક જ ઉપદેશ આપે છે ભેદજ્ઞાનનો. ગુરુદેવે પણ એ જ ઉપદેશ આપ્યો ભેદજ્ઞાનનો કે રાગથી ભિન્ન તારા આત્માનું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષ કર. પુણ્ય-પાપથી લક્ષ છોડી તું આત્માનું લક્ષ કર. તે ભેદજ્ઞાન છે.

**પ્રશ્ન :** ઉપયોગ લક્ષણનું સ્વપ્રદેશોથી સ્વવ્યાપક તેવું સ્વરૂપ તેનું નામ સ્વપ્રકાશક અને જાણવું સર્વનું તેવું સ્વરૂપ તે સર્વ વ્યાપક તો આવી રીતે સ્વપ્રકાશક તેમજ આવી રીતે સ્વપરપ્રકાશકની વ્યાખ્યા લઈ શકાય?

**ઉત્તર :-** પરપ્રકાશકમાં શું લીધું જોયું. (શ્રોતા :- જાણવું સર્વને તેવું સ્વરૂપ)

હવે સર્વને જ્ઞાન જાણે છે કે જ્ઞાનમાં એ બધું પ્રતિભાસે છે. અને ઉપચારથી એને જાણે છે એમ કહેવાય. હવે જાણવાની બુદ્ધિ તો છે તો એનું એ રહ્યું. કાંઈ ખસ્યો તો નહિ આગળ. (શ્રોતા :- એટલે પ્રતિભાસને ઉપચારથી જાણવું એમ કીધું.) પ્રતિભાસ થાય છે તેને ઉપચારથી જાણવું શું કામ? આત્માને જાણવું લ્યો ને એમ કહું છું. એ પડખાંને શું કામ આગળ કરો છો. હવે વ્યવહારને એમાં શું ફાયદો છે આપણને. એ પ્રતિભાસ થાય તો થાય પણ મને તો જાણનાર જણાય છે બસ. એમ લઈ લ્યો ને. જેમાં ત્વરાએ કામ થાય ઢીલ કે વાર ન લાગે. ઓહોહો!

કાંઈને કાંઈ કોઈ અપેક્ષાએ પર જણાય છે. એ ગંધ જાતી નથી. ગંધ. સર્વને જાણવું. (શ્રોતા :- એમ થાય ને કે જ્ઞાનની પર્યાયમાં પ્રતિભાસ પણ જ્ઞાન પર્યાયમાં જણાય છે ને!) હા, હા, જણાય. બરાબર જણાય. લોકાલોક જણાય એમ. એક પદાર્થ જણાય એમ નહિ. લોકાલોક એક સમયમાં, એક પર્યાયમાં પ્રતિભાસ થાય છે.

દર્પણની સામે એક લાખ વસ્તુ હોય, તો એનો પ્રતિભાસ થાય છે. બરાબર! હવે દર્પણની સામે તમે જોઈને હું તમને પૂછું કે આમાં કેટલા પદાર્થ જણાય છે. એ જણાય છે કે નહિ એમ  ન પૂછ્યું મેં. એમાં કેટલા પદાર્થ જણાય છે. ઓહોહો! એમા તો અસંખ્ય પદાર્થ જણાય છે. તો તમારું લક્ષ ક્યાં ગયું, ખબર છે ને! નિમિત્ત ઉપર ગયું. પછી કહું જરાક વિચાર તો કરો કે, એ જણાય છે અસંખ્ય પદાર્થ, એમાં જણાય છે કે કાંઈક બીજું તમને એમાં જણાય છે. તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે કે એની સ્વચ્છતા પણ જણાય અને પર પદાર્થો છે એ પણ જણાય. એટલે સ્વપરપ્રકાશક તો સાચું થઈ ગયું ને? એ તો બરાબર ને! એમાં પર્યાયમાં, પર્યાયમાં દળેય જણાય છે અરીસાનું અને આ અસંખ્ય પદાર્થેય જણાય છે. બે જણાય છે. એક કરતાં બે જણાય તો બળવાન થાય ને.

હવે પછી ત્રીજી વાત આવે. શ્રી ગુરુ કહે કે એમ નથી. એનો પ્રતિભાસ થાય છે એટલી વાત સાચી છે. અસંખ્ય પદાર્થનો એમાં પ્રતિભાસ થાય છે સ્વચ્છતામાં. એની ના નથી. પણ તને જણાય છે શું? એ પદાર્થો જણાય છે, એનો પ્રતિભાસ જણાય છે, કે પ્રતિભાસને જાણનારી પર્યાય જણાય છે કે દળને જાણનારી પર્યાય જણાય છે કે દળ જણાય છે, ત્યાં સુધી તારે જવું પડશે.

અને બસ બીજે દિવસે એ શિષ્ય એવો, કે દળ સુધી પહોંચી ગયો. દળ સુધી પહોંચી ગયો. સાહેબ! જ્યારે દળને જાણવા મારો ઉપયોગ ગયો ત્યારે એમાં ગુણભેદ જણાતો નથી. એ અરીસાની પર્યાય એમાં જણાતી નથી. જેમાં સ્વપ્રકાશક છે અને પરનો પ્રતિભાસ થાય છે એવી અરીસાની પર્યાય જણાતી નથી તો પર તો મને ક્યાંથી જણાય? એકલું દળ જણાય છે મને. શાબાશ જા! એમ એકલો જ્ઞાયક જણાય છે. લોકાલોકનો પ્રતિભાસ થાય છે. લોકાલોક ઉપર લક્ષ નથી એનું. જ્ઞાન સ્વભાવી આત્મા છે એ અનાદિ અનંત પોતાને જાણવાનું છોડી અને પરને જાણવા જતો જ નથી. અને પરને જાણવાનું જે થાય છે એ આત્માની ક્રિયા નથી. એ જડની ક્રિયા છે. ઈન્દ્રિયજ્ઞાન કહો કે જડ જ્ઞાન કહો એક જ છે. ઈન્દ્રિયજ્ઞાન બંધનું કારણ છે. પર સતાવલંબનશીલ જ્ઞાન બંધનું કારણ છે. એમ કહ્યું છે ને ગુરુદેવે. આહાહાહા!

કોઈને કોઈ અપેક્ષાએ પણ પરનું જાણવું ચાલુ રાખવું છે નિમિત્તનું, નિમિત્તનું જાણવું ચાલું રાખવું છે. પણ નિમિત્તના સદ્ભાવમાં ઉપાદાન જણાય છે. આહાહાહા! નિમિત્તના સદ્ભાવમાં જ્યાં ઉપાદાન જણાય છે એમ આવ્યું ત્યાં નિમિત્તનું લક્ષ છૂટી ગયું ને ઉપાદાનમાં આવી જશે. નિમિત્તના સદ્ભાવમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે નિમિત્તના અભાવમાં ઉપાદાન જ જણાય છે.

**પ્રશ્ન :-** જ્ઞેય હો કે ન હો એને ક્યાં અપેક્ષા છે.

**ઉત્તર :-** પણ હું એને જાણતો જ નથી તો મારે એની શું ચર્ચા કરવી. એને જરૂર જ નથી પરને જાણવાની. બધાનું જ્ઞાન આત્માને જાણે છે. અત્યારે બધાનું જ્ઞાન ઉત્પન્ન થતું જ્ઞાન જ્ઞાયકનું હોવાથી જ્ઞાયકને જાણીને જ પ્રસિદ્ધિ થાય છે ને વ્યય થાય છે. જ્ઞાયકની પ્રસિદ્ધિ કરે છે અને ઈન્દ્રિયજ્ઞાન પરની પ્રસિદ્ધિ કરે છે.

જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે એવું અનુમાન પણ છે. અનુભવ તો પ્રત્યક્ષ છે. બોલો! જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે. પરને જાણે છે એમ ન લીધું. સ્વપરને જાણે છે એમ ન લીધું. ચેતના લક્ષણથી જીવવસ્તુ જીવને જાણે છે. કેમ કે ચેતના લક્ષણ તો જીવનું છે તો જીવને જ જાણે ને.

આ દીવાનો પ્રકાશ દીવાને પ્રસિદ્ધ કરે છે. ઘટ-પટને નહિ. આહાહા! ''ઘટ-પટ આદિને જાણતું તેથી તેને માન, એના અસ્તિત્વને માનશ પણ જાણનારને માન નહિ કેવું કહીએ જ્ઞાન.'' આહાહા! કેવળજ્ઞાન વિશે બહુ સારો એવો ઉલ્લેખ કર્યો છે શ્રીમદ્જીએ. કેવળ નિજ સ્વભાવનું કેવળ ઓન્સી, માત્ર, ફક્ત કેવળ નિજ સ્વભાવનું હોં. સ્વપર નહિ. નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન. કહીએ કેવળજ્ઞાન તે દેહ છતાં નિર્વાણ.

કેવળીનું જ્ઞાન, આત્માને જાણે છે પરને નહિ. એમ નિયમસારમાં એક ગાથા આવી, કે કોઈ તત્ત્વવેદી એમ કહે કે, કેવળી ભગવાન પરને જાણતા નથી તો કહો તેમાં શું દોષ છે. આચાર્ય ભગવાને કહ્યું કે એમાં કાંઈ દોષ નથી. એ નિશ્ચયનયનું કથન છે એમ. એ વાત વ્યાજબી છે.

હવે કેવળીમાં ઉતાર્યું કે કેવળજ્ઞાન પોતાના સિવાય પરને જાણતું જ નથી. અને આ કહે છે કે હું પરને જાણું છું. કેમકે સ્વપરપ્રકાશક સ્વભાવ છે. સ્વપરપ્રકાશક સ્વભાવ છે માટે પરને જાણું તો તો કેવળી પાસે પણ સ્વપરપ્રકાશક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ છે. એ તો પરને જાણે અને સાધક પણ પરને જાણે. સાધક એમ કહે છે કે પરસંબંધી પોતાના જ્ઞાનને જાણે છે એટલે જ્ઞાનનું જ્ઞાન થાય છે જ્ઞેયનું નહિ.

સાધક એમ કહે છે કે પર જેમાં ઝલકે છે એવું જે અમારું જ્ઞાન એ જ્ઞાન જ્ઞાનને જાણે છે. ઝલકે છે એ વસ્તુને નથી જાણતું અમારું જ્ઞાન, તો તો એની સન્મુખ થવું પડે. એનાથી વિમુખ રહીને સ્વભાવની સન્મુખ થઈને પર પદાર્થો જે ઝલકે છે એવી જે જ્ઞાનની પર્યાયમાં મને જ્ઞાનનું જ્ઞાન થાય છે. ભેદથી પર્યાય જણાય છે અભેદથી તો જ્ઞાયક અભેદ આત્મા જણાય છે.

જ્ઞાનીઓ સ્વભાવની સમીપે લઈ જાય છે. એના વ્યાખ્યાનમાં પણ ખ્યાલ આવી જાય કે આની પરિણતિ સ્વભાવ તરફ દોડે છે કે વિભાવ તરફ કે પર તરફ ઘસારો છે એનો અને જાણવાના વિષય તરફ ચડી જાય છે કે ઉપાદેય તરફ જાય છે એ ખબર પડી જાય. પરીક્ષા થાય.

**પ્રશ્ન :-** પછી પ્રવચનસારમાં તો એમ આવે છે કે જે સર્વને જાણે તે એકને જાણે તો ત્યાં કેવી રીતે લેવું?

**ઉત્તર :-** સર્વને જાણે છે એ જ્ઞાનનો પર્યાય એમાં સર્વ જણાય છે, કોઈ બાકી નથી એટલે પ્રતિભાસની અપેક્ષાએ છે. એની સન્મુખ થઈને જાણે છે, એનું લક્ષ કરીને જાણે છે એમ કેવળજ્ઞાનમાં હોય નહિ. (શ્રોતા- સ્વચ્છત્વની પ્રસિદ્ધિ છે. ખરેખર એ સ્વચ્છત્વની પ્રસિદ્ધિ છે) હા. પ્રસિદ્ધિ છે.

અજ્ઞાનીનો આત્મા રાગનો કર્તા છે, એમ કુંદકુંદ ભગવાને લખ્યું. અજ્ઞાનીનો આત્મા રાગનો કર્તા થાય છે. જ્યારે ટીકાકારે એમ કહ્યું કે અજ્ઞાનીનો આત્મા પણ એને હું રાગને કરું છું એમ એને પ્રતિભાસે છે. કરતો તો નથી. જો એક સમય રાગને કરે તો સૌ સમય (કરે) એક સમય પણ પરમાત્મા, આ પરમાત્મા એક સમય રાગને કરે તો સૌ સમય રાગનો કર્તા થઈ જાય. પણ એક સમય પણ કરતો નથી પણ સામાન્ય અપેક્ષાએ અકર્તા રહીને વિશેષ અપેક્ષાએ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એની ભૂલ થાય છે. વિશેષમાં થાય છે રાગ. સમજી ગયા!

અને આ રાગને હું કરું છું તો દષ્ટિ ત્યાં છે રાગ ઉપર, કે આ રાગને હું કરું છું એમ એને ભાસે છે પણ ખરેખર જે ત્રિકાળી દ્રવ્ય છે એ કર્તા થતો નથી. (શ્રોતા :- આમાં પ્રતિભાસે છે ત્યાં ભ્રમણા થાય છે એમાં એટલું જ) બસ એટલું જ. પણ ઓલો અકર્તા છોડીને કર્તા બની ગયો રાગનો. અજ્ઞાનીનો આત્મા પણ ત્રિકાળી દ્રવ્ય રાગનો કર્તા થતો નથી ભાઈ . મિથ્યાત્વનો કર્તા નથી થયો અત્યાર સુધી કોઈ આત્મા. એ બધી વિશેષમાં ગોલમાલ થાય છે. સામાન્ય તો અવસ્થિત એમ ને એમ છે. એને કર્તા પ્રતિભાસે છે એ આ પ્રતિભાસ શબ્દનો ઉપયોગ બહુ કરે છે. પ્રતિભાસ અવભાસન.

**પ્રશ્ન :-** જેવું સામાન્ય એવું વિશેષ તો સામાન્ય અકર્તા છે તો વિશેષ અકર્તા કહેવું કે નહિ?

**ઉત્તર :-** જેને સામાન્ય સ્વભાવ દૃષ્ટિમાં આવે અકર્તા તે વિશેષમાં પણ અકર્તા જ છે. પણ જેને સામાન્ય સ્વભાવ અકર્તા દૃષ્ટિમાં નથી અને કહે કે વિશેષમાં હું કર્તા નથી તો ખોટો છે. જેવું સામાન્ય એવું વિશેષ. અહીંયા અકર્તા તો ઓલો અકર્તા. મિથ્યાત્વ થાય તો એને હું કર્તા નથી એ ભૂલ છે. ભૂલ છે એ એમ ન ચાલે. ચાલે નહિ એમ. જેની દૃષ્ટિ સામાન્ય ઉપર ગઈ અકર્તા અને પછી વિશેષ જુઓ.

પહેલા સામાન્ય ઉપર દૃષ્ટિ ન હતી. ત્યાં સુધી કર્તા છું એમ ભાસતું હતું. દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ, જ્ઞાયક ઉપર તો કહે છે અને પછી જુએ છે પર્યાયને, રાગ ક્યાં ગયો? છે જ નહિ રાગ. તો અકર્તા ભાસે છે. અકર્તા થયો એમ પણ નહિ. જો અકર્તા થયો તો પૂર્વે કર્તા હતો એમ થઈ જશે. હા. અકર્તા નથી થયો, અકર્તા ભાસે છે. હવે મને હું અકર્તા છું રાગનો એમ ભાસે છે.

**પ્રશ્ન :-** પહેલા કર્તા ભાસતો તો કર્તા હતો નહિ હવે અકર્તા ભાસે છે.

**ઉત્તર :-** ભાસે છે બસ. એક ગાથા એવી છે કે, સમ્યક્દૃષ્ટિ અને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાદૃષ્ટિને પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે. પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે એવી પંચાધ્યાયીમાં ગાથા છે. સમ્યક્દૃષ્ટિ ને મિથ્યાદૃષ્ટિને પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે. પદાર્થ એટલે સ્ફટીકમણી એના પ્રતિભાસમાં તફાવત છે. એક કહે છે લાલ લાગે છે, બીજો કહે છે સફેદ છે. પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે.

(શ્રોતા :- 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માંય છે) એમાંય છે ને આમાં પંચાધ્યાયીમાંય છે. એટલે પંડિતો પૂર્વના કહે છે કે આ પંચાધ્યાયી અમૃતચંદ્ર આચાર્યનું જ લાગે છે, એમ ઘણાંના મત છે. બનવા જોગ છે. કેમ કે ભાષાની ગોઠવણી એના જેવી છે એના ઉપરથી કહે છે. હજી તો દોઢ અધ્યાય પૂરો થયો. પાંચ અધ્યાય બનાવવાના છે જેમ મોક્ષમાર્ગ પ્રકાશક પૂર્ણ ન થયું. એમ આ પણ. (શ્રોતા :- વારંવાર કહેતા જાય છે કે આનો હજી વધારે આગળ ખુલાસો કરશું આમાં) આપણી યોગ્યતા પ્રમાણે નિમિત્ત હોય. ઓછું અધિક કે વિપરીત નિમિત્ત ન હોય એવો નિયમ છે. (શ્રોતા :- તો ય ઘણું મળ્યું આપણને સમયસાર વિગેરે...) ઘણું છે અરે તૃપ્ત! તૃપ્ત છે. અરે સાક્ષાત્ તીર્થંકર મળી ગયા આપણને તો ભાઈ! આહાહા! આપણા માટે તો તીર્થંકર જ છે. (શ્રોતા :- આપણા માટે તો ચોથો કાળ છે) ચોથો કાળ બસ. બરાબર!

**પ્રશ્ન :-** અમારે તો આત્માનો અનુભવ જોઈએ પછી જ્ઞાન સ્વપ્રકાશક હોય કે સ્વપરપ્રકાશક હોય. ગમે તે હોય! તો જ્ઞાનનો તો એવો કયો ધર્મ છે કે જેના વડે ધર્મી ઉપાદેયપણે તત્ક્ષણ જણાય ?

**ઉત્તર :-** તમારે જો એમ જ જોઈએ કે મારે તો આત્મદર્શન કરવા છે, સ્વપ્રકાશક હોય કે પરપ્રકાશક હોય કે સ્વપરપ્રકાશક હોય. મારું પ્રયોજન તો આત્મદર્શનનું છે તો થઈ જશે. કાંઈ એની જરૂર નથી. તમારી ભાવના તો આત્મદર્શનની જ છે તો એનો અર્થ શું થયો કે મારે પરના દર્શન હવે કરવા નથી. નિષેધ આવ્યો કે નહિ! (શ્રોતા - એટલે સ્વપ્રકાશક થયું.) આવી ગયું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓટોમેટીક. કહેવાની જરૂર ન રહી. એવી ચીજ છે અલૌકિક.

**પ્રશ્ન :-** ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચાર ભાવ તો કર્મનાં સદ્‌ભાવ કે અભાવની અપેક્ષાવાળા સાપેક્ષભાવ છે અને પારિણામિકભાવ તો કર્મથી નિરપેક્ષ ભાવ છે. તો તે પારિણામિકભાવ એકલા દ્રવ્યરૂપ છે કે એકલા પર્યાયરૂપ છે કે એકલા દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપ છે?

**ઉત્તર :-** એ જે પારિણામિકભાવ છે. એક દ્રવ્યાર્થિકનયનો પારિણામિકભાવ અને પર્યાયાર્થિકનયનો પણ પારિણામિકભાવ છે. સમજી ગયા! દા.ત. અગુરુલઘુગુણની પર્યાય છે એને ચાર ભાવમાંથી કોઈ ભાવ લાગુ પડે નહિ. પર્યાય તો છે પ્રગટ અગુરુલઘુગુણની, અસ્તિતવ ગુણની છે કે નહિ, તો એ પર્યાયાર્થિકનયનો પારિણામિક કહેવાય. કે જેને કર્મના સદ્‌ભાવ કે અભાવની અપેક્ષા લાગુ પડતી નથી. એટલે પર્યાયાર્થિકનયનો પારિણામિક કહેવાય અને દ્રવ્યને દ્રવ્યાર્થિકનયનો પારિણામિક કહેવાય અને ગુણ તો તેમાં ગર્ભિત છે. આવી ગયા. એને જુદા પાડવાની જરૂર નથી.

પર્યાયાર્થિકનયના પારિણામિકભાવમાં એમ લીધું કે આત્મામાં અનંત ગુણો છે. તેમાં બહુ થોડા ગુણો કર્મના સંબંધમાં આવે છે અને પછી સંબંધ છૂટે છે, એવા જે સાપેક્ષભાવો છે એ પારિણામિકભાવો નથી. એ કર્મની ઉપાધિવાળા ભાવો છે. બાકીના અનંતગુણની અનંત પર્યાયો જે પ્રગટ થાય છે એ બધી પર્યાયાર્થિકનયનો પારિણામિક ભાવ છે.

**પ્રશ્ન :-** નિરપેક્ષ પર્યાયો છે.

**ઉત્તર :-** નિરપેક્ષ પર્યાયો છે. કર્મની અપેક્ષા નથી એમાં એમ. હવે અનંતગુણ છે તો અનંતગુણની પર્યાયો તો પ્રગટ થાય ને. એ પારિણામિક ભાવ છે પણ એ પારિણામિકભાવ છે એ ઉપાદેય નથી. એ વ્યવહારનયનો વિષય છે. દ્રવ્ય સામાન્ય, અનંત ગુણનો પિંડ ભગવાનઆત્મા પરમાત્મા તત્ત્વ તે હું છું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સકલ નિરાવરણ, અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધ પારિણામિક લક્ષણ જેનું છે એવું નિજ પરમાત્મ દ્રવ્ય તે હું છું. ખંડ જ્ઞાન તે હું નથી. ખંડ જ્ઞાન એટલે અતીન્દ્રિયજ્ઞાન જે પ્રગટ થઈ ગયું છે સાધકને તે ખંડ જ્ઞાન હું નથી. પછી ઈન્દ્રિયજ્ઞાન હું નથી એ કહેવાની કાંઈ જરૂર નથી. સૌ સૌની સાધના સૌ કરે જ છે. બાકી ભેદજ્ઞાન છોડવા જેવું નથી. ભેદજ્ઞાન ભાવવા જેવું છે. એકતાબુદ્ધિ એમાં ગળે છે ભલે અનુભવ ન થયો હોય પણ આ પુત્ર, પુત્રીઓ મારા નથી. મકાન ધન-ધાન્ય મારા નથી. મારો તો એક શુદ્ધાત્મા છે કે જે ત્રણે કાળ મારી સાથે રહે છે અને એ એક જ સુખનો આપનાર છે, મને બહારથી સુખ કાંઈ આવવાનું નથી.

**પ્રશ્ન :-** આત્માનો નિર્વિભાગ મહિમા છે, તે અખંડ છે. તેમાં આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે તેમ લેતાં તો તે વિભાજિત થઈ જાય છે. તો તેને એક જ્ઞાન કહેતા પૂરા દ્રવ્યને કવર કરી લે છે. બધાને પોતાનામાં સમાવી લે છે. તો આવી વસ્તુમાં ભેદ કરતાં જ્ઞેયાકાર, જ્ઞાનાકાર પર્યાય વગેરેના તો ખંડ ખંડ નથી થઈ જતું?

**ઉત્તર :-** દ્રવ્ય અને પર્યાય તે સામાન્ય અને વિશેષ બે વસ્તુ થઈને આખો એક પદાર્થ થાય છે. પદાર્થ ઉપાદેય નથી એટલે એમાં ભેદ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે એવો દ્રવ્ય સામાન્ય હું છું વિશેષ હું નથી. એવું જ્યારે સામાન્ય તરફ એનું વલણ જાય ત્યારે પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ થઈ જાય છે અને દ્રવ્યાર્થિક ચક્ષુ ઉઘડીને એને આત્માનો અનુભવ થાય છે.

માટે આ દ્રવ્ય, ગુણ, પર્યાયથી અભેદ છે. હા. એ અભેદ છે, એ છે, પણ અભેદ થાય છે. નવું અભેદ થાય છે એ અભેદ સાચું. જુનું અભેદ તો મિથ્યાત્વ સહિત છે. એમાં તો મિથ્યાત્વ ભેગું આવી જાય. અભેદ... અભેદ છે એ ખરી વાત પદાર્થની અપેક્ષાએ ઉત્પાદવ્યયધ્રુવયુક્તંસત સાચી વાત છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુણ-પર્યાયવત્ દ્રવ્યમ્ સાચી વાત છે. પણ એ પદાર્થ છે. પદાર્થમાં પ્રયોજનની સિદ્ધિ નથી. પ્રયોજનની સિદ્ધિ કરવા માટે એને પર્યાય તે હું નથી ને દ્રવ્ય તે હું છું, એમ જ્યાં ઢળી જાય દ્રવ્યમાં તો પાછી પર્યાય ત્યાં અભેદ થઈ જાય છે.

જે પર્યાયને ભિન્ન કહી સર્વથા ભિન્ન, સર્વથા ભિન્ન તે અનુભવની પર્યાય કથંચિત્ અભિન્ન થાશે. ઓલી તો સર્વથા ભિન્ન, આ સર્વથા ભિન્ન નહિ. કથંચિત્ અભિન્ન. એકવાર વાત થઈ'તી કે આત્મા પર્યાયથી સર્વથા ભિન્ન, સર્વથા ભિન્ન એમ બહુ આવે છે શાસ્ત્રમાં ને ગુરુદેવ બહુ કહે છે કે પર્યાય સર્વથા ભિન્ન છે તે કથંચિત્ ભિન્ન કે સર્વથા ભિન્ન? સમજી ગયા! ખટકે! પછી એની સાથે વાત મેં કરી કે સર્વથા અભિન્ન માને છે માટે તેની સામે સર્વથા ભિન્નનો પાઠ આપ્યો એ બરાબર છે. સર્વથા અભિન્ન માને છે.

ભારતીબેન! દ્રવ્ય-ગુણ ને પર્યાય અભેદ જ છે. ના. અભેદ નથી. પર્યાય તો સર્વથા ભિન્ન છે. ગુણથી અભેદ છે. સમજી ગયા! અને એવા ગુણી ઉપર દૃષ્ટિ જતાં નિર્મળ પર્યાય પ્રગટ થાય, આત્માને આશ્રયે એ કથંચિત્ અભેદ થાય એટલી વાત સાચી છે. એ પણ સર્વથા અભિન્ન નહિ. સર્વથા ભિન્ન અને કથંચિત્ ભિન્ન-અભિન્ન. સર્વથા ભિન્ન અને પછી કથંચિત્ ભિન્ન-અભિન્ન.

શ્રોતા :- સર્વથા ભિન્ન રાખીને પછી કથંચિત્ ભિન્ન-અભિન્ન છે.

**ઉત્તર :-** ત્યારે પછી સર્વથા અભિન્ન માની બેઠો છે. રાગથી અનન્ય છે રાગ ટાણે. શુભ વખતે શુભથી અનન્ય છે. શુદ્ધ વખતે શુદ્ધથી અનન્ય છે. ગુરુદેવ લીધું છે આમાં બહુ કે તે સાવ ખોટી વાત છે. તેની સામે ૧૧૪ ગાથામાં જ છે. જેમ ઉપયોગથી અનન્ય છે એમ જો તું ક્રોધથી અનન્ય માનીશ તો જડ થઈ જઈશ તું. ત્યાં પ્રવચનસારમાં એમ કહે કે શુભાશુભથી અનન્ય. આ કહે કે શુભાશુભથી અનન્ય માનીશ તો આત્મા જડ થઈ જશે.

હવે એક વાંચે છે ને બીજું વાંચતો નથી. આહાહા! એ દૃષ્ટિનો દોષ છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ, દૃષ્ટિનો દોષ જાવો મુશ્કેલ છે. સાધારણ નથી વાત.

**પ્રશ્ન :-** કારણ શુદ્ધ પર્યાય જાણવાથી સ્વભાવની શુદ્ધતા વધે?

**ઉત્તર :-** અભેદને જાણે તો એમાં કારણ શુદ્ધ પર્યાય આવી જાય કે એમાં બાદ રહે. (આવી જાય) બસ. કારણ શુદ્ધ પર્યાયનો વિષય ઠીક છે. જેટલો જણાય એટલો જાણવાની કોશિષ કરવી. બીજો કોઈ ઉપાય નથી. બાકી સર્વથા આખા આત્માનું વીર્ય એને જિંદગી આખી જાણવામાં રોકાય જવા જેવું નથી. કારણ કે એ તો ભેદ છે. એ સામાન્યમાં ગર્ભિત છે. કારણ શુદ્ધ પર્યાય એને જુદું પાડીને ભેદ પાડીને સાધક સમજાવે છે. છે વાત સાચી પણ કદાચ માનો કે એમાં પૂરું આપણને સમાધાન ન થાય અને ખટક રહ્યા કરે અને અહીંયા કોતરાતું હોય હૃદય તો એ વાત ગૌણ કરી દેવી. ગૌણ કરી દેવી. એ ચર્ચા જ બંધ કરી દેવી. સમજાય તો કોશિષ કરો. પૂરેપૂરું ન સમજાય અને અંદરમાં ખટક રહ્યા કરે અને આત્માને કોતરી ખાતો હોય વિકલ્પ. સમજી ગયા! તો ચર્ચા બંધ કરી દેવી. ગંભીર વિષય છે. ઘણો ગંભીર વિષય છે.

(શ્રોતા :- એની બહુ ચોખવટ નહિ થાય તોય કામ નહિ અટકે) ના નહિ અટકે અનુભવ થશે. (શ્રોતા :- સમજાય તો સારી વાત છે) સારી વાત છે કોશિષ કરવી. પછી એને સમજવામાં જ જિંદગી આખી કાઢી નાખે તો સામાન્ય તત્ત્વ જેમાં એ ગર્ભિત છે એ વસ્તુ તો રહી ગઈ. એ તો ચાર ગુણોમાં તમે અટક્યા. એ ગુણો છે ચાર અંતઃતત્ત્વ. અનંત ચતુષ્ટય ત્રિકાળી ગુણો અને એમાં જે પરમ પારિણામિકભાવની પરિણતિ તન્મય છે અને એ જ કારણ શુદ્ધ પર્યાય છે, એ જે પંચમભાવની પરિણતિ ગુણમાં તન્મય છે એ જ કારણ શુદ્ધ પર્યાય છે. ગુણને કારણ શુદ્ધ પર્યાય ન કહ્યું પણ પરમ પારિણામિકભાવની પરિણતિ એમાં તન્મય છે તે જ કારણ શુદ્ધ પર્યાય છે.

કેમ કે પંચમભાવ જે છે ને એ પણ અખંડ અભેદ છે. એમાંથી એક એક ગુણમાં તન્મય એમ લીધું ને તો એ પર્યાય થઈ ગઈ. પર્યાય (એટલે) ઉત્પાદ-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યયવાળી નહિ. ભેદ, ભેદ. જ્યારે કારણ શુદ્ધ પર્યાયનો વિષય ચાલતો હોય ત્યારે ગુરુદેવ કારણ શુદ્ધ પર્યાયની ચર્ચા કરે. પછી જ્યારે એ વિષય પૂરો થાય. પંદરમી ગાથા પછી યાદેય ન કરે. પછી આખું જે સમયસારની પદ્ધતિ છે, સમયસાર જ વાંચે. પછી કહેતાં જાય કારણ શુદ્ધ પર્યાય વિષય સારો છે પણ સૂક્ષ્મ છે. બહુ ચાલે નહિં. બીજા શાસ્ત્રમાં એ વાત નથી. આત્માનું લક્ષ કરો એમાં કારણ શુદ્ધ પર્યાય આવી જાય. શુદ્ધાત્માનું લક્ષ કરો ને તમે, કે હું જાણનાર છું એ જણાય છે. એમાં કારણ શુદ્ધ પર્યાય આવી જાય છે જાવ. એમાં નથી બહુ મજા. સમજી ગયા! એમાં બેન! તમારી ચાંચ બહુ નહિ ડૂબે. એટલા માટે કહું છું અને છતાં પણ એ પંદરમી ગાથાના ૩૦ થી ૩૨ પાના છે એ વાંચી લેજો. એ દેવલાલીથી બહાર પડ્યું છે ને પુસ્તક એ તમારી પાસે છે કે નહિ. નહિંતર મંગાવી લેજો. (પ્રવચન રત્ન ચિંતામણિ) એ વાંચી લેજો.

બહુ કારણ શુદ્ધ પર્યાય ઉપર હું, મેં જેટલું મારાથી બન્યું એટલો ખુલાસો તો મેં કરી નાખ્યો. હવે વિચાર થાય છે કે એમાં માથું ચડી જાય છે નકામું. કેમ કે જીવો બહુ સમજી શકે નહિ ને મને મહેનત પડે. એના કરતાં વાંચી લેવું પુસ્તક. એમાં ખૂબ ખુલાસો છે. કારણ શુદ્ધ પર્યાય વિશે ખૂબ સારો ખુલાસો છે. ત્રીસ પાના છે બેન. સમજાય નહિ ને ગોટે ચડે એવું છે પછી મૂંઝાયા કરે. જેણે આત્મા જાણ્યો એણે સર્વ જાણ્યું બસ.

**પ્રશ્ન :-** સ્વસંવેદનની અપેક્ષાએ જ્ઞાન સ્વપ્રકાશક છે અને જાણવું બધાનું હોય તેથી તે જ જ્ઞાન સ્વપરપ્રકાશક છે?

**ઉત્તર :-** હા, સ્વપરપ્રકાશક કહેવાય એ જ્ઞાનની સ્વસંવેદનની પર્યાય થઈ ને આત્મસન્મુખની જેમાં આત્માનો અનુભવ થયો એ અનુભવની પર્યાયમાં પણ સ્વપરનો પ્રતિભાસ છે એટલે સ્વપરપ્રકાશક કહેવાય. કાંઈ વાંધો નહિ.

અજ્ઞાનીની પર્યાયમાં પણ સ્વપરનો પ્રતિભાસ છે. સ્વપરપ્રકાશક છે. સ્વપરપ્રકાશક બધા જ્ઞાનોમાં છે. પણ એમ છે સ્વપરપ્રકાશક એ જે શબ્દ છે ને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ શબ્દ એનો જો પક્ષ હોય તો એમાંથી જે ભેદજ્ઞાન કરવાની બુદ્ધિ ઉત્પન્ન નહિ થાય. એ પ્રમાણનું વાક્ય છે. વ્યવહારનયનું વાક્ય છે સ્વપરપ્રકાશક એટલે સ્વપરપ્રકાશકનો પક્ષ પણ જીવને મારે છે અને એ સ્વપરપ્રકાશક પર્યાય જે છે એ શુદ્ધાત્મામાં નથી પાછી. શુદ્ધાત્મામાં હોય તો બરાબર છે. એમાં નથી. એટલે સ્વપરપ્રકાશકની વાત તો સાચી છે પણ એમાંથી એનો મર્મ કાઢીને આત્મ સન્મુખ થઈ જવું એ એમાંથી કાઢવા જેવું છે. એ પ્રયોજન છે.

હવે એ અંદર જઈ શકતો નથી એનું કારણ શું? ખબર છે? સ્વપરપ્રકાશક, સ્વપરપ્રકાશક, સ્વપરપ્રકાશક, સ્વપરપ્રકાશક તો સ્વભાવ છે તો પરને જાણવાનો નિષેધ કેવી રીતે થઈ શકે. બોલો સ્વપરપ્રકાશક ન હોય તો બરાબર છે. એકલું સ્વપ્રકાશક હોય તો તો અમારો પ્રશ્ન નથી. પણ સ્વપરપ્રકાશક તમે કહો અને પરને જાણતો નથી એમ કહો એનો વિરોધ વાત લાગે, સ્વભાવ છે. હા. સ્વભાવ છે.

(શ્રોતા :- પાછું આટલું સાંભળીને પરનું લક્ષ ભલે નથી કરતો પણ પરનો પ્રતિભાસ તો છે કે નહિં એમ કહીને પણ સ્વપરપ્રકાશક ઊભું રાખવું છે) ત્યાં જ, ત્યાં જ ઊભો છે એ વ્યવહારમાં ઊભો છે અનાદિકાળથી. પ્રમાણમાંથી બહાર નીકળતો નથી. પ્રમાણની બહાર જવું નહિ ને પ્રમાણમાં અટકવું નહિ. આ પ્રમાણમાં અટકે છે બધાં. કાં દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુ આખી અભેદ દ્રવ્ય-ગુણ-પર્યાય કાં એમાં અટકે. સમજી ગયા! અને કાં સ્વપર-પ્રકાશકમાં. આહાહા!

**પ્રશ્ન :-** ઉપયોગને પર્યાય કહેવાય!

**ઉત્તર :-** હા, પર્યાય કહેવાય. ઉપયોગને પર્યાય કહેવાય અને કારણ શુદ્ધ પર્યાયને પર્યાય ન કહેવાય, એને ગુણ કહેવાય. ધ્રુવ કહેવાય. સમજી ગયા! અને ઉપયોગમાં તો ઉત્પાદ-વ્યય છે ક્રિયા છે જાણવાની. અને એ ઉપયોગમાં તો આત્મા અનુભવમાં આવે છે. જણાય છે.

હવે ઉપયોગ લક્ષણ છે એ પદાર્થનું છે એ જીવનું નથી. એ ઉપયોગ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લક્ષણ છે ને એ પદાર્થનું છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય આખો પદાર્થ છે ને બેન! હેં! એ પદાર્થનું લક્ષણ છે અને પરમપારિણામિક-ભાવ છે તે જીવનું લક્ષણ છે. ઓલું વ્યવહાર જીવનું લક્ષણ છે પરિણામીનું અને આ અપરિણામીનું લક્ષણ છે. ઉપાદેય તત્ત્વનું લક્ષણ છે. પરમ-પારિણામિકભાવ જેનું લક્ષણ એ પરમાત્મ દ્રવ્ય તે જ ઉપાદેય છે. ઉપયોગ લક્ષણવાળો આત્મા ઉપાદેય નથી. ઉપયોગ લક્ષણ છે વાત સાચી સો ટકા હોં, એમાં કાંઈ ફેર નહિ, પણ પદાર્થનું લક્ષણ છે. વ્યવહાર જીવનું લક્ષણ છે. પરિણામી દ્રવ્યનું લક્ષણ છે. (પદાર્થની સિદ્ધિ માટે ઉપયોગી છે) બરાબર છે. પદાર્થની સિદ્ધિ માટે બરાબર છે.

ઉપયોગ લક્ષણથી પરદ્રવ્યથી જુદો પડી જાય અને રાગથી પણ જુદો પડી જાય. પણ ઉપયોગ લક્ષણથી પર્યાયથી જુદો પડીને દ્રવ્ય હાથમાં નહિ આવે. દૃષ્ટિ, દ્રવ્યની દૃષ્ટિ નહિ થાય. પરથી જુદું પાડવા માટે ઉપયોગ લક્ષણ બરાબર છે. પછી પર્યાયથી જુદું પાડવા માટે ઉપયોગ લક્ષણ નહિ લેવાનું. પરમપારિણામિકભાવ લક્ષણ લ્યો અથવા બે ગુણ લેવા. જ્ઞાન દર્શન જે ત્રિકાળી ગુણ છે એને પણ લક્ષણ કહ્યું છે.

**अेगो मे सासदो अप्पा णाणदंसणलखणो ।**
**सेसा मे बाहिराभावा सव्वे संजोग लकखणा ।**

એટલે જ્ઞાન ને દર્શન જે ત્રિકાળી ગુણ છે એ પણ લક્ષણ છે અને પરમપારિણામિકભાવ પણ લક્ષણ છે. પાંચ ભાવોની વ્યાખ્યા કરતાં પરમ-પારિણામિકભાવ લક્ષણ કહ્યું. સમજી ગયા! અને ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ જે ધ્રુવ છે ગુણ એ બે લક્ષણ કહ્યા. જ્ઞાન અને દર્શન. સામાન્ય ને વિશેષ.

સામાન્ય અવલોકનનું સ્વરૂપ દર્શન ઉપયોગ. ઉપયોગ એટલે ગુણ અને જ્ઞાનગુણ એ બે લક્ષણ છે એ પારિણામિકભાવે છે એ પણ. (શ્રોતા - દૃષ્ટિનાં વિષયમાં પરમપારિણામિકભાવ લઈ શકાય) હા. પરમ-પારિણામિકભાવ લ્યો દૃષ્ટિના વિષયમાં અથવા જ્ઞાન ને દર્શન ગુણ લ્યો. અભેદ, અભેદ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(શ્રોતા - પરમપારિણામિકભાવમાં તો બધાં જ ગુણો આવી ગયા ને ભાઈ) બધાં ગુણો આવી જાય. (શ્રોતા :- તો પછી જ્ઞાન અને દર્શન ને જુદા કેમ પાડ્યા!) જ્ઞાન અને દર્શન એ એના વિશેષ અસાધારણ ગુણો છે. આસાધારણ ગુણો એટલે એ એમાં લીધા એટલે એ બરાબર છે. કારણ કે જાણવા ને દેખવાની ક્રિયા આ બે ગુણમાં જ થાય છે. સામાન્ય અવલોકન અને વિશેષ અવલોકન એ અપેક્ષાએ બે ગુણ લીધા.

કુંદકુંદ ભગવાનની ગાથા નિયમસારમાં છે. જ્ઞાનદર્શન લક્ષણ બે છે. અને શાસ્ત્રમાં સમયસારમાં ઘણી જગ્યાએ જ્ઞાન દર્શન લક્ષણ છે. ઠીક છે.

તો એ પ્રશ્ન સારો કર્યો કે ઓમાં તો જ્ઞાનદર્શન બે ગુણ આવ્યા અને પારિણામિક-ભાવમાં તો અનંતગુણ આવી જાય છે. એ તર્ક સારો છે (શ્રોતા - ચૈતન્ય ગુણમાં પણ બધા ગુણ આવી જાય ને?) હા આવી જાય. આખું દળ ચૈતન્યમય છે. થઈ ગયો ટાઈમ.

બોલો પરમ ઉપકારીશ્રી સદ્‌ગુરુદેવનો જય હો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ૐ

## નમઃ સિદ્ધેભ્યઃ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com